આવી દશા હોય મતાર્થીની! સદ્‌ગુરુને માને નહીં અને અસદ્‌ગુરુમાં પડેલા મમત્વને છોડે નહીં! અસદ્‌ગુરુને સેવતાં હિત થાય છે કે અહિત, તેનો વિચાર એ કરી જ ન શકે! પણ પોતામાં રહેલ અહંનું પોષણ થાય માટે અસદ્‌ગુરુમાં દૃઢ વિશ્વાસ ધરાવે. તેમના પ્રત્યેની પ્રીતિ વધુ ને વધુ મજબૂત કરતો જાય. કારણ કે ત્યાં માન મળે છે, સમાજે માનેલી જૂઠી પ્રતિષ્ઠા મળે છે. એવા ગુરુ તો તેની વાહ વાહ કરે, અને તેમાંય જો ધન ખર્ચી જાણતો હોય તો પછી પૂછવું જ શું? ભાઈ – ભાઈ થતો હોય, પાંચમાં પૂછાતો હોય!

ખ્યાલ કરજો બંધુઓ! આવા ઢોંગી ગુરુઓને આવા શિષ્યો મળી જ રહે, તેને આત્મ-આરાધનાના નામે કંઈ લેવા-દેવા નહીં અને વ્રત, પ્રત્યાખ્યાન આદિમાં પણ રસ નહીં. માત્ર વાહ-વાહ થાય. માન-પ્રતિષ્ઠા મળે. બસ! એવો ધર્મ જોઈએ અને એવા ધર્મગુરુ જોઈએ! જે ભક્તોને ચાવી દીધેલા રમકડાની જેમ રમાડતા હોય. આ કાળમાં આવા અંધશ્રદ્ધાળુ માનવો સંખ્યાબંધ મળે અને ધુતારા કુ-ગુરુઓ એવા લોકોને ભક્તો બનાવી પોતાના સ્વાર્થનું પોષણ કરે. પોતાનું અહમ્ પણ પોષાય અને ભક્તના અહંને પણ પોષણ મળે. બસ, અન્યોન્ય આવા ભાવો હોય. આમાં કોઈનુંય હિત સધાય ક્યાંથી?

આવા જીવો અનાદિકાળથી ભ્રમમાં જ પડ્યા છે. તેની દૃષ્ટિ અવળી જ છે. સવળી દૃષ્ટિ થઈ નથી અને તે કરવા માગતો પણ નથી. સત્‌નો આદર જ નથી. અરે! સત્ શું છે તેની પણ જાણ નથી. તેથી સત્‌નો અનાદર કરતો રહે અને અવળી દૃષ્ટિ હોવાના કારણે અસત્‌નો આદર કરે. આ જીવો કરુણાને પાત્ર છે. લોકોત્તર માર્ગ મળ્યા પછી પણ એ માર્ગે ડગ માંડી શકે નહીં, જીવની આ કમનસીબી નહીં તો બીજું શું? બંધુઓ! આપણે આપણા અંતરને તપાસી લઈએ કે વીતરાગની વાણી અને સંતોનો સંગ પામ્યા પછી પણ જો આત્મા માટે, સત્ માટે આદર ન જાગતો હોય તો શું સમજવું? ક્યાં છીએ આપણે? મતાર્થીનાં લક્ષણોને સાંભળીને આપણે પણ તેની કક્ષામાં મુકાઈએ એવા તો નથી ને? એ ખાસ વિચારવું જરૂરી છે.

મતાર્થી જીવની ભૂલ ભરેલી માન્યતાઓ હજુ શું શું છે તે અવસરે કહેવાશે.

# .... જે સમજે શ્રુતજ્ઞાન!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, યથાર્થ રીતે થાય તો જ તે ફળીભૂત થાય. અન્યથા કરેલો પુરુષાર્થ નિષ્ફળતામાં પરિણમે. વ્યાવહારિક કામોમાં જેમ યથાર્થતાનો આગ્રહ રહે છે, તેમ આરાધના માર્ગે એટલો જ, બલ્કે એથી વધુ ખ્યાલ રહેવો જરૂરી છે.

પ્રાયઃ એવું બનતું જોવામાં આવે છે કે લોકરૂઢિથી થતા ધર્મનાં ક્રિયા-આચારો, લાંબા સમય કરાયા પછી પણ મનનું માનેલું ફળ ના મળે, તેથી માણસની શ્રદ્ધા તૂટી જાય છે. અમુક ઉપવાસ, આયંબિલ કરું તો આવેલ આપત્તિ દૂર થઈ જાય, આવા વિશ્વાસથી કરાતાં અનુષ્ઠાનો જ્યારે સંકટને નષ્ટ ન કરી શકે ત્યારે માનવ કહે છે "ધર્મ ખોટો છે. મેં આટઆટલું કર્યું છતાં મને ફળ ના મળ્યું." અને તે અનુષ્ઠાનોને આચરવાનું છોડી દે છે.

આ દૃષ્ટિ વિચારણા માગી લે છે. શું આ રીતે થતાં વ્રત-પ્રત્યાખ્યાનો સાંસારિક દુઃખો દૂર કરી દે ખરાં? અને ન કરે તો ખોટાં? જો આ અનુષ્ઠાનો જ સંકટનું સમાધાન હોત, તો માનવને બીજો કોઈ પ્રયત્ન કરવાનું જ ન રહેત. ગમે તેમ કરીને અનુષ્ઠાનો કરી લેત, પણ એમ નથી. ધર્મ સંકટ સમયે સહાય કરે છે તે વાત સાચી, પણ કઈ રીતે સહાયક થાય?

દુઃખ સમયે ધર્મદૃષ્ટિ એમ કહે છે કે આવેલ દુઃખ તારાં કરેલાં કર્મોનું ફળ છે માટે સમતા રાખ, વિષમતા ન લાવ. કોઈ પર આરોપ ન નાખ. કોઈના કારણે તને દુઃખ નથી આવ્યું, પણ તારા પોતાના જ ગુપ્ત કારણે આવ્યું છે માટે સમતાથી સહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો આમ સમજી સમતા રાખે, મહા-ભયંકર વેદનામાં પણ

વિષમતા ન આણે તો ભવો-ભવનું દુઃખ ટળી જાય. ગજસુકુમાર અને મુનિ મેતારજે એવી સમતા રાખી કે એક ભવનું નહીં, પણ અનેક ભવોનાં દુઃખોને દૂર કરી નાખ્યાં. તેઓ દેહભાવથી પર થઈ ગયા. 'જે થાય છે તે દેહને થાય છે. હું તો આત્મા છું. દેહથી ભિન્ન છું. મારે મારામાં જ રહેવું ઘટે. દેહમાં જાઉં તો દેહની વેદનાનો અનુભવ થાય. પણ દેહથી હું પર છું. દેહમાં રહેવા છતાં દેહથી અલગ રહેવું તે મારો ધર્મ છે. દેહભાવે દેહનું પરિણમન અને આત્મભાવે આત્માનું પરિણમન.' આવી ભેદદૃષ્ટિ જેને લાધી ગઈ તેને દુઃખ શું તેની ખબર જ નથી. હા, તો ધર્મ આ શીખવે છે અને આ જ યથાર્થ આરાધના છે. આવી આરાધના જ ફળ આપે. અન્યથા સમજણ વગરની કરેલી ઘણી મહેનત પણ નિષ્ફળ જ જાય છે. માત્ર વ્યાવહારિક રૂઢિ પરંપરાથી ચાલતી ક્રિયાઓ કરી લેવાથી ફળ મળતું નથી. જેવો હેતુ તેવું ફળ. અલૌકિક ભાવથી અલૌકિક ફળ અને લૌકિક ભાવથી લૌકિક ફળ મળે. બંધુઓ! લૌકિક હેતુથી કરાતો ધર્મ ક્ષણિક દુઃખમુક્તિ અથવા થોડું સુખ આપી પણ દે પણ અંતે તો દુઃખરૂપ જ છે, કારણ ધર્મનું સર્જન માત્ર એક અલૌકિક હેતુથી જ થયું છે. અલૌકિક હેતુથી કરાતો ધર્મ જ સ્થાયી આનંદ અર્પી શકે તે ભૂલવું ન જોઈએ. નાટક સમયસારમાં બનારસીદાસજી કહે છે —

**લીન ભયૌ વિવહારમૈં, ઉક્તિ ન ઉપજૈ કોઈ,**
**દીન ભયૌ પ્રભુ પદ જપે, મુક્તિ કહા સૌ હોઈ....**

જે કેવળ વ્યવહારમાં લીન છે, અંતર વિષે ભેદજ્ઞાન નથી, જે દીનતાપૂર્વક પ્રભુને ભજ્યા કરે છે તેની મુક્તિ ક્યાંથી થાય? ન જ થાય. આવા યથાર્થ આરાધનાને નહીં સમજનારા જીવ મતાર્થી છે. અહીં મતાર્થીનાં લક્ષણોનું વિવેચન ચાલી રહ્યું છે. શ્રીમદ્જી કહે છે –

**દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;**
**માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન...૨૭...**

જ્ઞાનની આરાધના શ્રુતજ્ઞાનથી શરૂ થાય છે અને કેવળજ્ઞાનમાં સંપૂર્ણતા પામે છે. શ્રુતજ્ઞાન શું છે? દરેક સાધકે આ આરાધના તો કરવાની જ છે, તો કઈ રીતે? સર્વજ્ઞનાં પ્રરૂપેલાં શાસ્ત્રોને લક્ષ્યમાં રાખી, આગમના અવલંબને આગળ વધવાનું છે. આગમો શું કહે છે?



તેમાં શું બતાવ્યું છે? અને તેનો હેતુ શું છે? એ સમજ્યા વગર સ્થૂળ બાબતોને પકડી, પોતે જ્ઞાની થઈ ગયાનો ભ્રમ સેવે તો તે મતાર્થી.

શાસ્ત્રોમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક આવી ચાર ગતિઓ બતાવી, તેના અનેક ભંગ બતાવ્યા. ભેદાનુભેદ બતાવ્યા. દેવના ૧૯૮ ભેદ, મનુષ્યના ૩૦૩ ભેદ, તિર્યંચના ૪૮ ભેદ અને નારકીના ૧૪ ભેદ, આમ જીવના ૫૬૩ ભેદ બતાવ્યા. શા માટે? અરે! એટલું જ નહીં, આ બધા જ જીવોના કર્મ સાથેના સંબંધ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું વિવેચન, અને તેમાં પણ ઝીણામાં ઝીણી વિગતો બતાવવામાં આવી છે. કેટલાક માણસો આ બધું ગોખી લે છે. ખૂબ ગોખે છે. એક એક વ્યક્તિને ૫૦૦-૭૦૦ થોકડા કંઠસ્થ હોય અને નાનામાં નાની બાબતોનું પિષ્ટપેષણ કર્યા જ કરતો હોય. કોઈ સાથે ચર્ચામાં ઊતરે તો પણ આ જ વાત. કયા જીવમાં કેટલા દંડક, કેટલી અવઘેણા, કેટલાં શરીર, વગેરે વગેરે પ્રશ્નો કર્યા જ કરે. વારંવાર આ બધા પ્રશ્નોનું પુનરાવર્તન પણ કર્યા કરે પણ આગમોમાં આ વર્ણન શું કામ કરવામાં આવ્યું છે, તેનો પરમાર્થ શું છે તે જાણે નહીં.

ગતિઓનાં વર્ણન સાંભળી, દેવગતિને ઊંચી માની, ત્યાં જવાનાં સ્વપ્ન સેવે. સદેહે તો જઈ શકતો નથી પણ મરીને દેવ થાઉં તો સારું એમ ચિંતવતો હોય, તેને પૂછીએ ભાઈ! દેવલોકમાં જવાનું કેમ વિચારે છે? તો કહેશે, જુઓ! મરીને ક્યાંક જવું તો પડશે જ. અહીં અમર રહેવાના નથી અને મોક્ષ તો હજુ ઘણો દૂર છે. તેથી જ્યાં અખૂટ સંપત્તિ છે ત્યાં જઈએ તો ભોગવાય ને? કારણ અહીં તો સંપત્તિ મળી નહીં અને મળી હોય તો આ નાના આયુષ્યમાં એટલી ભોગવાય એમ નથી, મૂકીને ચાલ્યા જઈશું. ગમે તેટલાં લાંબા આયુષ્ય હોય તો પણ સર્વ સંપત્તિનો ભોગવટો તો થાય તેમ નથી. પણ દેવનું તો આયુષ્ય મોટું અને સંપત્તિ પણ ઘણી, તેથી મનની લાલસા પૂરી કરવાની તક ત્યાં છે, માટે જો ત્યાં જઈએ તો સારું.

બંધુઓ! દેવાદિ ગતિનાં વર્ણનોનું જ્ઞાન કરીને ભોગની લાલસા વધારી! શું આ માટે જ શાસ્ત્રોમાં આ વાતો કહી છે? નહીં, તેનો પરમાર્થ સમજવાનો છે. દેવાદિ ગતિઓનું વર્ણન તો એટલા માટે કર્યું છે કે જીવ એ-એ પ્રકારનાં કાર્યો કરે તો તેને એ-એ ગતિઓમાં જન્મ

ધારણ કરવા પડે છે. ત્યાં મળેલી વિપરીત પરિસ્થિતિઓથી રાગ-દ્વેષ થશે અને તે વળી નવાં કર્મ બંધાવે. આમ ચક્ર ચાલ્યા કરે. પણ જો જીવનું સ્વરૂપ અકષાયી છે એ સમજી કષાય-વિજય કરવાનો પ્રયાસ થાય તો કર્મ-બંધ અટકે, અને કર્મ-બંધ અટકે તો ગતિઓનું પરિભ્રમણ અટકે. જીવનું ચરમ લક્ષ્ય તો પંચમ ગતિરૂપ મોક્ષ છે, અને તે પામવા માટે તો હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો છું? આ સમજે તો તે શ્રુતજ્ઞાન છે. પણ આ ન સમજતાં ભ્રમજાળમાં અટવાયા કરે, તો તેથી કંઈ કલ્યાણ થાય નહીં, માટે તે શ્રુતજ્ઞાન નથી. છતાં તેને જ શ્રુતજ્ઞાન માનવાવાળાને શ્રીમદ્જીએ મતાર્થી કહ્યો.

આવો મતાર્થી જીવ સદ્ગુરુ પાસે જઈને શાસ્ત્રવાર્તા કરે તો પણ કેવા પ્રકારની કરે તે બતાવતાં શ્રીમદ્જી 'ઉપદેશ છાયા'માં કહે છે —

**''ગુરુ પાસે રોજ જઈ એકેન્દ્રિયાદિ જીવોના સંબંધમાં અનેક પ્રકારની શંકાઓ અને કલ્પનાઓ કરી પૂછ્યા કરે, રોજ જાય અને એનું એ જ પૂછે, પણ કોઈ દિવસ એમ પૂછતો નથી કે એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિયને જાણવાનો પરમાર્થ શો? એકેન્દ્રિયાદિ જીવો સંબંધી કલ્પનાઓથી કાંઈ મિથ્યાત્વગ્રંથિ છેદાય નહિ. વાસ્તવિક રીતે તો સમકિત પ્રાપ્ત કરવાનું છે.''**

**''જગતનું વર્ણન કરતાં, અજ્ઞાનથી અનંતીવાર જીવ ત્યાં જન્મી આવ્યો, તે અજ્ઞાન મૂકવા માટે જ્ઞાનીઓએ વાણી કહી છે, પણ જગતના વર્ણનમાં જ બાઝી પડે એનું કલ્યાણ કેવી રીતે થાય? એ તો અજાણપણું જ કહેવાય. જે જાણીને અજ્ઞાનને મૂકવાનો ઉપાય કરે, તે જાણપણું, પરમાર્થના કામમાં આવે તો જાણપણું, મોક્ષના કામમાં જે જ્ઞાન ન આવે તે અજ્ઞાન.''**

વળી ચારે ગતિવાળા જીવો આત્મ-આરાધનાના માર્ગે ક્યાં સુધી પહોંચી શકે છે એ જાણવું જરૂરી છે. સમ્યગ્દર્શન તો ચારે ગતિના જીવોને હોઈ શકે છે. તિર્યંચ શ્રાવક પણ થઈ શકે અને માનવ સાધુ બનીને સાધના કરતાં, મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ પણ કરી શકે. આમ આત્મ આરાધનાની દૃષ્ટિએ મનુષ્યગતિ જ ઉત્તમ છે, તે સમજે અને અત્યારે મળેલો મનુષ્યનો જન્મ વારંવાર નથી મળતો માટે તેની દરેક પળને સાર્થક કરી લઉં, આવું જ્ઞાન અંદરમાં જાગે તો તે શ્રુતજ્ઞાન. પણ



માત્ર ભંગો ગણ્યા કરે, ચર્ચા કરે, અને પોતે જ્ઞાની થઈ ગયો છે એમ અભિમાન સેવ્યા કરે તો તે મતાર્થી.

બીજા પદમાં કહ્યું. મતાર્થી જીવ પોતે માનેલા મત, પંથના આગ્રહમાં જ પડ્યો હોય અને અમુક જાતિ કે વેષ હોય તો જ મોક્ષ થાય, અન્યથા ન થાય તેવી મૂઢ માન્યતા ધરાવતો હોય.

આજે ઘણા લોકો એમ માનતા હોય છે કે જૈન ધર્મને માને તેનો જ મોક્ષ થાય. પણ મોક્ષ એ શું છે? રાગ-દ્વેષથી સંપૂર્ણ છુટકારો તે મોક્ષ. આ પરિણતિ, ગમે તે ધર્મને માનતો હોય, તો પણ થઈ શકે. જૈન ધર્મનો ઠેકો નથી કે તેનો અનુયાયી હોય તે જ મોક્ષનો અધિકારી, અન્ય નહીં! જૈન પરંપરાએ માનેલ અનુષ્ઠાનો કરતો હોય પણ જો અંદરથી રાગ-દ્વેષ ક્ષય ન થાય તો ગમે તેટલા ભવો સુધી કર્યા કરે તો પણ મોક્ષ ન થાય અને અન્ય પરંપરાથી ચાલ્યા આવતા આચારોને પાળતાં પણ રાગ-દ્વેષનો નાશ થાય તો મોક્ષ નિશ્ચિત જ છે.

આપણે ત્યાં પંદર ભેદે સિદ્ધ કહ્યા તેમાં એક ગૃહસ્થલિંગ સિદ્ધા એટલે કે વેષ ગૃહસ્થીનો હોય પણ સર્વ કર્મનો ક્ષય થાય તો તેઓ મોક્ષ પામી શકે, એ જ રીતે અન્યલિંગ સિદ્ધા કહ્યું. વેષ અન્ય મત સંપ્રદાયનો હોય, સંન્યાસી હોય, જટાધારી ભગવાં વસ્ત્ર, રૂદ્રાક્ષની માળા, બેરખા, પગમાં ચાખડી, વગેરે-વગેરે અર્થાત્ તેમના સંપ્રદાયને માન્ય વેષ તથા સમાચારી હોય, પણ આત્માની ભાવ પરિણતિ વિશુદ્ધ થતી જાય અને કર્મોનો ક્ષય થતો જાય તો કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. આ છે જૈનમતની માન્યતાથી ભિન્ન અન્ય મતાવલંબી. પણ રાગ-દ્વેષને ત્યજ્યા, તેથી મોક્ષ પામ્યા. આવા જીવ સિદ્ધ થાય તેને અન્યલિંગ સિદ્ધા કહેવાય.

એકવાર આ વિષયમાં એક ભાઈ સાથે ચર્ચા થઈ. તેઓ આગમના જાણકાર હતા. અમે પૂછ્યું: તમારી શું માન્યતા છે? તેઓ કહે છે મારી તો દૃઢ માન્યતા છે કે અન્ય વેષે કેવળજ્ઞાન તો થાય પણ મોક્ષ ન થાય. એને જેવું કેવળજ્ઞાન થાય કે તરત જ સત્ય સમજાતાં સંન્યાસીનો વેષ ઉતારી નાખે અને જૈન પરંપરાને માન્ય મુનિનો વેષ ધારણ કરી લે. સાંભળીને હસવું આવ્યું. કેવી બાલિશતા! કેવી ઊંધી માન્યતા! કેવળજ્ઞાન થયા પછી માત્ર આત્માનંદમાં રમતા વીતરાગને એ લક્ષ્ય પણ નથી કે એમણે વસ્ત્ર પહેર્યાં છે કે નહીં? તો ત્યાં આ કે તે

વેષ પહેરવાની વાત જ ક્યાં ઊભી રહે છે? એ તો આત્માના અખંડ જ્ઞાનસ્વરૂપની અનુભૂતિમાં એકાકાર થઈ ગયા હોય!

વળી મોક્ષને વેષ સાથે શું સંબંધ છે? મોક્ષ વેષથી કે વેષનો નથી થતો. વિશુદ્ધ આત્માનો થાય છે. અરે! જૈન સંપ્રદાયોમાં પણ દિગમ્બરો એમ કહે છે કે શરીર પર વસ્ત્ર હોય ત્યાં સુધી મોક્ષ ન થાય. વસ્ત્ર પરિગ્રહ છે. પરિગ્રહ છે ત્યાં મોક્ષ નથી. પણ ભાઈ! અમે તો કહીએ છીએ કે શરીર હોય ત્યાં સુધી પણ મોક્ષ નથી. શરીર છોડશો તો જ મોક્ષ છે. પછી શરીરને લઈને કેમ ફરો છો? કારણ કે આસક્તિ જ મોક્ષનું અવરોધક કારણ છે. પછી તે શરીરની હોય, વસ્ત્રની હોય કે બીજા કોઈ પ્રકારની હોય. બંધુઓ! તર્ક-વિતર્ક ઘણા કરી શકાય! પણ એ ન કરતાં અહીં માત્ર એટલું સમજવું છે કે મોક્ષ આત્માનો છે. શરીર વસ્ત્ર કે વેષનો નથી.

મતાર્થી જીવ આવો દીર્ઘ વિચાર કરવા ઊભો જ રહેતો નથી. એ તો પોતાના હઠાગ્રહમાં જ હોય, હું કહું તે જ સાચું, આવું જ માનતો હોય પછી ત્યાં અન્યની સાચી વાતને સાંભળવા જેટલી ધીરજ ક્યાંથી હોય?

આવા મિથ્યાત્વી જીવ કેવા હોય, તેની માન્યતા શું હોય તે બનારસીદાસજી નાટક સમયસારમાં કહે છે:

**ધરમ ન જાનત બખાનત ભરમ રૂપ,**
**ઠૌર ઠૌર ઠાનત લરાઈ પચ્છાપાતકી!**
**ભૂલ્યૌ અભિમાન મૈં ન પાઉં ધરૈ ધરની મૈં**
**હિરદૈમૈ કરની વિચારૈ ઉતપાતકી।।**
**ફિર ડાંવાડોલ સૌ કરમ કે કલોલિનિમૈં,**
**વ્હૈ રહી અવસ્થાસુ બધૂલે કૈસે પાતકી।**
**જાકી છાતી તાતી કારી કુટિલ કુવાતી ભારી**
**એસૌ બ્રહ્મઘાતી હૈ મિથ્યાતી મહાપાતકી।।**

ધર્મના સ્વરૂપને જાણે નહીં અને ભ્રમને જ ધર્મ માની તેની પ્રશંસા કરે. જ્યાં-ત્યાં પોતાના મતનો પક્ષપાત કરી બડાઈ કરે. અભિમાનથી



ઉન્મત્ત બની ધરતી પર પગ ન મૂકે, ઉત્પાત મચાવવાના ઉધામા કરે, એવા મિથ્યાત્વી જીવની દશા કર્મરૂપ નદીમાં ભયંકર ડોલતી નાવ જેવી હોય છે. એવો પાપી સુબોધને કેમ પામી શકે? જેના અંતરમાં કલુષિતતા તથા કુતર્કોની કુટિલતા ભરી છે એવો નિજ સ્વરૂપની ઘાત કરનારો મિથ્યાત્વી મહાપાપી છે.

મતાર્થી જીવ પોતે માનેલા મત-વેષનો આગ્રહ સેવતો હોય, પણ જ્યાં આગ્રહ છે ત્યાં જ એકાંત માન્યતા છે. એકાંતમાં મોક્ષ નથી, અનેકાન્તમાં મોક્ષ છે, માટે આગ્રહ ન જોઈએ. બંધુઓ! જીવનના કોઈ પણ ક્ષેત્રમાં કદાગ્રહ તો સંઘર્ષ પેદા કરે. આપણા ઈતિહાસમાં જેટલાં યુદ્ધો થયાં, પછી તે સાંસારિક કે ધાર્મિક, પણ તે બધાંની પાછળ મોટું કારણ તે કદાગ્રહ જ, જ્યાં કદાગ્રહ છે ત્યાં શાંતિ નથી, સમતા નથી, આનંદ નથી. 'હું કહું તે જ સાચું અને અન્ય સર્વ ખોટા' આ કદાગ્રહ તો પરસ્પર વૈમનસ્ય ઊભું કરી દે. જીવનને બગાડી નાંખે. વિચારો તો ખરા! જીવનના નાના એવા Fieldમાં પણ કદાગ્રહ દુ:ખકર હોય તો, અધ્યાત્મ માર્ગે, આત્મવિશુદ્ધિના રાહે કદાગ્રહી માનવ કેવી રીતે આગળ વધી શકે? મોક્ષની વાત તો તેના માટે દૂર રહી, પણ સમ્યગ્દર્શનનો સ્પર્શ પણ તે ના કરી શકે. માટે આત્માને પામવો હોય તો આગ્રહનો સર્વથા ત્યાગ થવો જોઈએ, પણ મતાર્થી જીવ આ સમજે નહીં અને પોતાની જ પકડને પકડીને તેમાં જ રાચ્યો રહે. માટે જ આરાધનાનો માર્ગ તેના માટે નથી જ.

હવે પછી મતાર્થીનાં વધુ લક્ષણો અવસરે....

# ...લેવા લૌકિક માન!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એટલે જ આત્માની આરાધના. જેનો આત્માર્થ જાગ્યો તેની આરાધના શરૂ થઈ ચૂકી, પણ મૂઢ મતાર્થીને, સાધનાનો પ્રારંભ જ થતો નથી.

અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મતાર્થીનાં લક્ષણો બતાવતાં, તેની શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને માન્યતામાં ક્યાં ક્યાં ભૂલ છે તે કહ્યું. હવે ચારિત્રમાં પણ તેની ભૂલ છે. ચારિત્ર શું તે સમજ્યો જ નથી. તેથી કરતો હોય ઘણું, પણ સમજ્યા વગરનું અહેતુક.

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન...૨૮....**

મતાર્થી જીવ વ્રત-પ્રત્યાખ્યાન કરતો હોય છે. સામાન્યતઃ એવું જોવા મળે કે કોઈ પણ જીવ પહેલાં દ્રવ્ય-ચારિત્ર રૂપ વ્રત-પ્રત્યાખ્યાનથી જ ધરમની શરૂઆત કરતો હોય છે. તેને બહુ ખબર ન હોય કે શા માટે વ્રતો કરવાં? તેની શું ઉપયોગિતા છે? પણ તેને ધર્મ પ્રત્યે કંઈક રુચી જાગી છે. 'મારે ધર્મ કરવો છે, કરવો જોઈએ' આવું માત્ર સમજ્યો છે, એટલે વ્રતો નિયમો કરવા માંડે છે. કેટલાકનું તો જીવન જ તપ-ત્યાગમય થઈ ગયું હોય. બારે મહિના ચાલતું જ હોય.

આવા જીવોની સમજણ માત્ર અહીં સુધી જ સીમિત હોય કે 'હું જૈન છું, મહાવીરનો અનુયાયી છું. મારા મહાવીરે સાડાબાર વર્ષ સુધી તપ કર્યું તો મારે પણ કરવું જ જોઈએ ને?' અને એથી થોડા આગળ વધી કેટલાક એમ સમજે, કે તપ કરીએ તો કર્મની નિર્જરા થાય. આ શ્રદ્ધા સાથે આકરામાં આકરી તપશ્ચર્યા કરે અને સાથે એમ માની પણ લે કે આપણાં તો કોટિ કર્મ ખપી ગયાં!



પણ બંધુઓ! હું તમને પૂછું કે 'તમે અઠ્ઠમ કર્યો, એ ત્રણ દિવસના તપમાં તમારાં કર્મોની નિર્જરા કેટલી થઈ?' તમે શું કહેશો? 'મહાસતીજી! એ કેવી રીતે ખબર પડે? તેને કેમ માપી શકાય? પણ બધા કહે છે કે તપ કરવાથી નિર્જરા થાય. અને મેં અઠ્ઠમ કર્યો તેથી નિર્જરા થઈ હશે!'

આ 'હશે' જ ખતરનાક છે જે ધર્મના મર્મને સમજવા દેતો નથી. જુઓ ભાઈઓ! બીજે તો આવો હિસાબ રાખતા નથી. જેટલું કામ તેટલો લાભ. આ સ્પષ્ટ ગણિત છે. તમે પાંચ રૂપિયા ખર્ચો ને બદલામાં એટલો માલ ન મળે તો ચલાવી લ્યો? અરે! તમારા નોકરને સો રૂપિયા દઈ વસ્તુ લેવા મોકલ્યો હોય અને તે આવે એટલે પહેલાં ચેક કરી લ્યો ને કે જરા પણ માલ ઓછો નથી ને? ઓછો આવ્યો હોય તો પાછો મોકલો, પણ રૂપિયા ૧૦૦ આપો માટે માલ એટલો મળવો જ જોઈએ. ઓછો ચલાવી ન લેવાય.

બંધુઓ! અઠ્ઠમ કરો કે માસખમણ કરો! આટલા તપનું વળતર પણ એવું જ હોવું જોઈએ ને? જુઓ! હું ભૌતિક વળતરની વાત નથી કરતી. તપ-ત્યાગનું ભૌતિક વળતર હોઈ શકે નહીં! હું તો એવા વળતરની વાત કરું છું કે જે મળે જ અને તે છે કર્મની નિર્જરા! મારાં તપસ્વી ભાઈ-બહેનોને પૂછું કે માસખમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી ક્યારેય વિચાર્યું છે કે મેં આટલી મોટી તપશ્ચર્યા તો કરી પણ મારાં કર્મોની નિર્જરા કેટલી થઈ? હા! ત્યાં તો મનને મનાવી લઈએ છીએ કે થઈ જ હોય ને નિર્જરા! આટલા દિવસ ભૂખ્યા રહ્યાં ને નિર્જરા ન થાય? થઈ જ હશે. પણ ના, થઈ હશે એમ નહીં, થઈ હોય તેનો અનુભવ થાય. અંદરમાંથી અનુભૂતિ થાય કે મારા તપની શક્તિ વડે આટલી નિર્જરા થઈ!

નિર્જરા એટલે શું? નાટક સમયસારમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે છે:

**જો પૂરવ સત્તા કરમ, કરિ થિતિ પૂરન આઉ,**
**ખિરબેકૌં ઉદ્યત ભયૌ, સો નિર્જરા લખાઉ....**

આત્મા સાથે સત્તામાં પડેલાં કર્મો, પોતાની સ્થિતિ પૂર્ણ કરી ક્ષય સન્મુખ થાય તે નિર્જરા. તપશ્ચર્યા કરવાથી, કર્મોની સ્થિતિ જલદી પૂરી થાય છે અને તે આત્મા પરથી ખરી પડે છે.

અહીં પ્રશ્ન એ છે કે તપ કરવાથી કેટલાં કર્મની નિર્જરા થઈ તે કેમ ખબર પડે? કર્મ કંઈ જોખેલાં માપેલાં તો નથી કે જેથી માપીને કહી શકીએ કે

આટલાં ઓછાં થયાં! કર્મો તો અનંતાનંત છે. તેમાંથી ઓછાં થાય તે કેમ સમજાય? સાગરમાંથી થોડું પાણી લઈ લીધું, તો સાગરમાંથી કેટલું પાણી ઓછું થયું તેની ખબર ક્યાંથી પડે? અફાટ સમુદ્રના અમાપ પાણીને કેમ માપીએ? આવું જ કર્મોનું છે. અનંત કર્મોમાંથી થોડાં ઓછાં થાય તો પણ અનંત જ રહે. ત્યાં કેટલાં કર્મોની નિર્જરા થઈ તે કઈ રીતે સમજવું?

આ રહસ્યને સમજાવવા માટે જ શ્રીમદ્જીએ ગાથામાં એક માર્મિક શબ્દ મૂક્યો 'વૃત્તિ'. તેઓ કહે છે – **લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું.** વૃત્તિને ઓળખવાની છે. કર્મ સહિત આત્મામાં, બે પ્રકારની વૃત્તિઓ વહી રહી હોય. એક સ્વાભાવિક વૃત્તિ અને બીજી વૈભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો તથા ક્ષમા, સત્ય, સરળતા, નિર્લોભતા, વિનમ્રતા, નિર્ભયતા, શ્રદ્ધા, સમતા, વિવેક આદિ ગુણોનું પરિણામધારામાં પ્રગટ થવું તે છે સ્વાભાવિક વૃત્તિ અને ક્રોધાદિ કષાયો, રાગ, દ્વેષ, વિષય, વિકાર આદિ દુર્ગુણો રૂપ આત્માનું પરિણમી જવું અને પછી તે રૂપે પ્રગટ થવું તે છે વૈભાવિક વૃત્તિ.

આ બન્ને વૃત્તિઓના સ્વરૂપને જાણી, વૈભાવિક વૃત્તિઓ દૂર કરવા અને સ્વાભાવિક વૃત્તિઓને પ્રગટ કરવા માટે જ આખીયે ધર્મ આરાધના છે, તેમાં તપનો સમાવેશ પણ થઈ જાય.

હવે જેને વૃત્તિનું ભાન છે અને તે માટે જ વ્રત કરે છે, તેને એક ઉપવાસ પણ કરવો હોય તો આગલે દિવસે ૧૫ મિનિટ એક બાજુ બેસી વિચારે કે, 'વૃત્તિને તોડે તે વ્રત. મારે એવું જ વ્રત કરવું છે. તો મારા અંદરમાં રહેલી કઈ વૃત્તિ મને હેરાન કરે છે?' માની લો કે, અંતરમાં વિકાર છે. વિકારી વૃત્તિ બીજા માટે હાનિકર્તા તો છે પણ પોતા માટે એ વધુ પીડાકારી છે. 'મારી વિકારી વૃત્તિ મને બહુ મૂંઝવે છે. મારા વિચારોને મલિન કરે છે. મારી વાણીને હલકી કરી નાખે છે. મારી પાસે ન કરવા યોગ્ય કાર્ય કરાવે છે. રૂપ જોઉં છું ને અંજાઈ જાઉં છું. વિકારી શબ્દો સાંભળું કે વિકારી દૃશ્ય જોઉં કે અંતર ઉછાળા મારવા માંડે છે. મને બહુ સતાવે છે. આ વૃત્તિ હવે મારે નથી જોઈતી. કાલે ઉપવાસ કરી ખરેખર આત્માની નજીક વાસ કરી, મારા અવિકારી સ્વરૂપમાં વાસ કરી મારે મારી વૃત્તિને અંતરથી નિહાળવી છે, તેની સાથે આત્મિક યુદ્ધ કરવું છે. તેને હરાવવી છે. નિરાધાર કરી નાખવી છે. આધાર મળે છે એટલે જ ટકી રહી છે. નબળી પાડી નાખવી છે.' આમ વિચારી, ઉપવાસના



દિવસે જો દિનભર આ જ નિરીક્ષણ, આ જ સંઘર્ષ અંદર ચાલ્યા કરે તો જરૂર વૃત્તિ નબળી પડે, અને એ નબળી પડેલી વૃત્તિ કેટલા અંશે નિર્બળ બની તે પણ અનુભવાય.

બંધુઓ! આ છે નિર્જરા! કર્મના ઉદયે કરીને જ આવી કુ-વૃત્તિઓ અંદર જાગતી હોય છે. પણ તેને લડત અપાય તો તે નબળી પડે અને નષ્ટ પણ થાય. એ જ રીતે ક્રોધાદિ કષાયોની વૃત્તિઓ પણ આપણામાં પડી છે. બીજા કોઈ જાણે કે ન જાણે પણ આપણને ખબર છે કે કયા નિમિત્તે કેટલો ક્રોધ આવે છે. ક્યાં અને ક્યારે ક્ષમા રાખી શકાય છે? કેટલું અભિમાન છે, તેને કેવાં નિમિત્તો જોઈએ છે, ક્યારે તે ઉછળે છે, અને ક્યારે નમ્ર પણ બની રહેવાય છે. એ જ રીતે માયા-પ્રપંચની ભાવના, તથા લોભ-અસંતોષની ભાવના ક્યારે ઊઠે છે? સામે સરળતા અને સંતોષ ક્યારે ધારણ કરી શકાય છે? આ બધી જ શુભ-અશુભ વૃત્તિઓ આપણામાં પડી છે અને તેનો પૂરેપૂરો ખ્યાલ આપણને રહેતો હોય છે.

જ્યારે તપ-ત્યાગ કરીએ ત્યારે પહેલું લક્ષ્ય આ બધી જ વૃત્તિઓને મંદ કરવા માટેનું હોવું જોઈએ. એ માટે હંમેશાં વૃત્તિને તપાસતા રહેવું જોઈએ. તપ કર્યા પછી કઈ વૃત્તિ કેટલી મંદ થઈ, પહેલાં જે નિમિત્તે ક્રોધ થતો હતો, જેટલો થતો હતો, પોતાનાથી નિમિત્ત આવતાં હવે સમતા રાખી શકાય છે ખરી કે એટલો જ ક્રોધ આવે છે? એ જ રીતે બીજા કષાયો અને વિષય-વિકારો માટે પણ વિચારીએ, નિરીક્ષણ કરીએ.

જો તપ-ત્યાગ કર્યા પહેલાંની પરિસ્થિતિ અને પછીની પરિસ્થિતિમાં સુધારો થતો હોય, વિભાવનાં નિમિત્તો આવે છતાં જીવ વિભાવ રૂપે પરિણત ન થતો હોય અથવા ઓછો થતો હોય તો સમજી લેવું કે તપ કરવાથી કર્મોની નિર્જરા થઈ છે. અને જો એ જ સ્થિતિ હોય, પહેલાં હતા તેવા ને તેવા, તો નિર્જરા નથી થઈ. આ જ નિર્જરાનો માપદંડ છે. થઈ હશે એમ કહેવાપણું જ ન રહે. આપણે પોતે આપણામાં પ્રત્યક્ષ પરિણામ અનુભવી શકીએ.

જેણે વૃત્તિનું સ્વરૂપ જાણ્યું છે તે સાધક જ વ્રતના મૂલ્યને સમજી શકે. અન્યથા **ગ્રહ્યું વ્રત અભિમાન.** વૃત્તિને ન જાણનાર મતાર્થી માટે વ્રત વિભાવનું પોષક બને. જેનાથી કષાયો મંદ કરવાના હતા તેનાથી કષાયો ઉગ્ર બને. તપશ્ચર્યા કરનારો વધુ ક્રોધી હોય એવું જોયું છે. આનું કારણ છે હેતુને સમજ્યા વગર જ વ્રતો કર્યાં, અને તે પણ અમાપ.

અરે! કેટલાક જીવો તો તપ-ત્યાગ પણ પોતાના અભિમાનને પોષવા માટે જ કરતા હોય! તેઓ કહેતા હોય કે હું મહિનામાં આટલા ઉપવાસ કરૂં, આયંબિલ કરું, એકાસણાં કરું. હું પર્વ-તિથિએ લીલોતરીનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, એટલું જ નહીં આટલી સામાયિક કરું, ભક્તિ કરું, રોજનો નિત્યક્રમ તો સાચો જ. ગમે તેમ થાય મારું આ બધું હું ચૂકું નહીં. આ બધું જ્યાં જાય ત્યાં ગણાવ્યા જ કરતા હોય.

એટલું જ નહીં! એનું Comparison માંડે. જુઓ હું આટલું કરું છું પણ મારા અમુક સંબંધી કે મારા પાડોશી કશું જ કરતા નથી. જન્મ ધર્યો છે તો ધર્મ કરવો જ જોઈએ ને! બંધુઓ! આ કઈ વૃત્તિ બોલે છે? આટલું કરે છે તે લોકોને બતાવવા અને અભિમાન વધારવા. ત્યાગ કરીને શું કર્યું? અભિમાનને પોષ્યું. ચાલ્યો ને ઊલટો? પછી તે મતાર્થી નહી તો બીજો કોણ?

કેટલાક માણસો પોતે કરેલા તપ આદિનો સરવાળો માંડતા હોય. આટલી અઠ્ઠાઈ-નવાઈ કરી લીધી, આટલા જાપ કરી લીધા, આટલી માળા કરી લીધી, રોજ આટલા કલાક સ્વાધ્યાય કરી લીધો. વગેરે – વગેરે. હવે આગળ કશું જ કરવાનું બાકી રહેતું નથી. બંધુઓ! એને પૂછીશ કે તેં આ બધું તો ગણાવ્યું પણ જિંદગી ધરીને પાપ કેટલાં કર્યાં તે તો ન ગણાવ્યાં! તે ગણાવને? એમ કહે ને કે મેં ખૂબ પાપો કરી લીધાં! બાકી નથી રાખ્યાં કાંઈ, માટે હવે પાપ નથી કરવાં! એની તો ગણતરી નથી. જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી પાપ તો કરીશ! પણ જીવીશ ત્યાં સુધી તપ-ત્યાગ કરીશ એમ ન કહે.

આવો ત્યાગ કરવાવાળા કહેતા હોય, મારે બધો જ ત્યાગ છે! હવે શાનો ત્યાગ કરવો? ખાવા-પીવાનો ત્યાગ તો કર્યો! મોજ-શોખનો થોડો ત્યાગ કર્યો! પણ પાપનો ત્યાગ કર્યો? ક્યારેય અંતરને કહ્યું કે હવે પાપની વૃત્તિ જ મારે નહીં જોઈએ! એ પાપવૃત્તિ ઝેર જ છે. એ થોડું હોય કે વધુ પણ આત્મભાવને મારનાર છે. હે આત્મન્! તું વૈભાવિક પરિણતિએ પરિણમ્યા કરે છે તેથી મુક્ત થઈ સ્વભાવદશામાં સ્થિર થા! જ્યાં સુધી પાપે પરિણમ્યા કરીશ ત્યાં સુધી સ્વભાવનો, શાંતિનો અનુભવ નહીં થાય! પણ આવો ભાવ જાગે તો આત્માર્થી થઈ જવાય ને? પેલાને તો મતાર્થી રહેવું છે ને વ્રતોનું અભિમાન કર્યા કરવું છે. પરિણામ એ આવે કે આવા લૌકિક માનમાં પડેલો જીવ **'ગ્રહે નહીં પરમાર્થને'** પરમાર્થને પામી શકે નહીં.



પરમાર્થ એટલે શું? પરમ-અર્થ, સર્વોચ્ચ ધ્યેય માટે કશું કરવું તે પરમાર્થ. જીવનું પરમ ધ્યેય તો મોક્ષ, માટે મોક્ષસાધક જેટલાં સાધનો તે પરમાર્થ. સદ્‌ગુરુનાં મોક્ષસાધક વચનો તે પણ પરમાર્થ.

પરમાર્થનો વ્યાવહારિક અર્થ કરીએ છીએ લોકોપયોગી કાર્ય. દીન-દુ:ખી માટે, જરૂરિયાતવાળા માનવો માટે કે પશુઓ માટે તન-મન-ધનથી કાંઈ કરતા હોઈએ તે પરમાર્થ. પણ તેમાંય માણસોને લૌકિક માનની સ્પૃહા પડી હોય છે. માણસ કરતો હોય અને ચારે બાજુ કહેતો પણ હોય કે અમે આટલું કામ કરીએ છીએ. ગરીબોને વસ્ત્ર આપીએ, મકાન આપીએ, અનાજ આપીએ. વરસે આટલા લાખનું કામ થાય છે. લોકોને ઘણી મદદ થાય છે. બંધુઓ! દયા-અનુકંપાથી પ્રેરાઈને કાર્ય કરો છો, બહુ સારું છે. કરવા જેવું છે. પણ તેમાં માન-પ્રતિષ્ઠાની ભૂખ જાગી કે બધું ધોવાઈ જાય. બંધુઓ! માફ કરજો, પણ કેટલાક એવા લોકો જોયા છે કે આવાં કામ તો કરતા હોય પણ જેના માટે આ બધું કરે તેને પોતાના હાથ નીચે દબાવીને રાખે! આમાં કઈ વૃત્તિ કામ કરતી હોય? દુ:ખી પ્રત્યે કરૂણા, પ્રેમ, લાગણી કે અહંને પોષવાની વૃત્તિ? તમને પૂછીશ તો કહેશોઃ ના, એક માત્ર કરુણા! પણ નહીં, જરા બીજી બાજુથી વિચારીએ. તમે જે Fieldમાં કામ કરો છો, જેને તમે મદદરૂપ થયા છો ત્યાં ઓચિંતા જઈ ચઢ્યા અને એ લોકોએ તમને માન ન આપ્યું, તમે આવ્યા છો એની નોંધ પણ ના લીધી તો તમને મનમાં શું થશે? કેટલો અહં ઘવાશે? આ લોકો માટે આટલું કર્યું, છે કંઈ કિંમત? આવાં લોકો માટે કંઈ કરવું જ ન જોઈએ. ક્યાં ગઈ કરુણા? દીન-દુ:ખી પ્રત્યેની લાગણી?

બંધુઓ! પરમાર્થના વ્યાવહારિક માર્ગે પણ માન ત્યાજ્ય છે, આદરણીય નથી. તો આધ્યાત્મિક માર્ગે તો ત્યાજ્ય હોય જ, પણ મતાર્થી જીવને લૌકિક માન જોઈતું હોય, જૂઠી પ્રતિષ્ઠા પામવી હોય એટલે તેને પરમાર્થ રૂચે જ નહીં. સદ્‌ગુરુ જે બોધે તે ગ્રહણ કરવું જ ન હોય!

આપણી રૂઢિ-પરંપરાનો થોડો વિચાર કરીએ. વ્રત પ્રત્યાખ્યાન, તપશ્ચર્યા આદિ જે થાય છે તેને આપણે કેટલાં લૌકિક બનાવી દીધાં છે! લોકોત્તર માર્ગના ધર્મને લૌકિક દૃષ્ટિએ મૂલવીએ તો તેમાંથી મળે શું? મળે તો કાંઈ નહીં પણ ગુમાવવાનું જ રહે!

બંધુઓ! સામાજિક પ્રતિષ્ઠા તો તમને સંસાર-વ્યવહારની કુશળતાના

કારણે પણ મળી જશે, ધન ખર્ચી નાખો તો પણ મળશે, પણ એ મેળવવા માટે વ્રત-નિયમોને શા માટે સાધન બનાવો છો? માણસ તપ-ત્યાગ, સ્તુતિ-ભક્તિ, મંદિર-પૂજા, આ બધું એટલા માટે કરતો હોય છે કે સમાજમાં તેની વાહ વાહ થાય, લોકો માન આપે, ખમ્મા ખમ્મા કરે, પાંચમાં પૂછાય, પોતે ધર્મી છે એવો બિલ્લો લાગે, આ બધી પ્રતિષ્ઠા તેનું સામાજિક મૂલ્ય વધારી દે તેથી વ્યાવહારિક કાર્યોમાં સરળતા થાય. આખર ધર્મનાં સાધનોને ખેંચીને લઈ ગયાને વ્યવહારિકતામાં? બંધુઓ! આ વૃત્તિ પરમાર્થને પામવા ન દે. આત્માર્થને જાગવા ન દે.

આ હેતુને લક્ષ્યમાં રાખી શાસ્ત્રોમાં અનેક પ્રકારે તપશ્ચર્યા કહી. તેમ ઉગ્ર તપસ્વી, દીર્ઘ તપસ્વી વગેરે તો કહ્યું પણ એક ગુપ્ત તપસ્વી પણ બતાવ્યા. અર્થાત્ ગમે તેટલી તપશ્ચર્યા કરે પણ કોઈ જાણે નહીં. માત્ર કરનારો પોતે જ જાણતો હોય. શા માટે? છુપાવવાની વૃત્તિ કેમ? એ સારી છે? ના, અહીં છુપાવવાની કપટવૃત્તિ નથી, પણ એ વિચારે કે હું જે તપ કરું છું તે માત્ર નિર્જરાના હેતુથી જ કરું છું, મારે લૌકિક માન જોઈતું નથી. શાસ્ત્રમાં પણ ઈહલૌકિક કે પારલૌકિક હેતુ માટે અથવા માન-પ્રતિષ્ઠાના હેતુથી તપ-વ્રત-પ્રત્યાખ્યાન કરવાનો નિષેધ છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યું:

**नो इहलोगट्ठयाए तवमहिट्ठेज्जा, नो परलोगदयाए तवमहिट्ठेज्जा,**
**नो कित्ति-वन्न - सद्द - सिलोगट्ठयाए तवमहिट्ठेज्जा, नन्नत्थ**
**निज्जरट्ठयाए तवमहिट्ठेजा।**

જો હું તપ કરું તે કોઈ જાણે અને મને માન આપે તો મારું અભિમાન વધે, મારી પ્રશંસા કે કીર્તિ ગવાય તો પણ અભિમાન વધે. વળી મારું તપ કોઈ જાણે અને મારી સેવા-શુશ્રૂષા ન કરે તો મને ક્રોધ થાય. મેં તો ક્રોધ, માન, વગેરે કષાયોને જીતવા તપ કર્યું છે. પણ તેના બદલે આ તો વધે. માટે, હું જે તપ કરું તે ગુપ્ત તપ કરું જેથી કષાયોને જાગવાનો અવકાશ જ ન રહે.

બંધુઓ! કદાચ ગુપ્ત તપ ન કરી શકતા હો પણ તપ કર્યા પછી માન-પ્રતિષ્ઠાની કામના તો ન જ કરતા.

બીજી વાત, આપણા સમાજમાં ઊધઈની જેમ જે કીડો લાગ્યો છે તે છે તપશ્ચર્યા નિમિત્તે કંઈક લેવા-દેવાનો રિવાજ. જે તપશ્ચર્યા કરે તે સમાજને સગાં-સંબંધીને સાંજી, લ્હાણી, પ્રભાવના, જમણના રૂપે આપે



અને સમાજ તપસ્વીને ભેટરૂપે આપે. શા માટે? તપશ્ચર્યાની ખુશાલી કે તપસ્વીના બહુમાનનો હેતુ તેની પાછળ કદાચ હશે. પણ આજે તો આ હેતુ વિસરાઈ ગયો છે. માત્ર વ્યાવહારિક દૃષ્ટિકોણ થઈ ગયો છે. આમ ન કરે તો સમાજમાં નિંદા થાય. અરે! તપશ્ચર્યા કરનાર, સમાજને સાંજી વગેરે કાંઈ ન આપે તો તેના ઉપવાસ લાંઘણ કહેવાય! કેવો ન્યાય? આ વ્યાખ્યા કોણે બાંધી? કોઈ તપશ્ચર્યા કરે તેમાં સમાજ કયા અધિકારે તેની પાસે માંગે? અને માગે ને મળે, તો એમાં સમાજનું શું વળે?

બંધુઓ! આ રિવાજ બહુ જ વિચાર માગી લે છે. માણસોએ તપશ્ચર્યાનું ફળ જ આ માની લીધું છે. શું લોકોત્તર ધર્મ-અનુષ્ઠાનોનું આટલું જ મૂલ્ય? શા માટે આવા રિવાજ? કંઈક આપવું જ જોઈએ એમ શા માટે? હા, તપશ્ચર્યા કરનારને, તેનાં સ્વજનોને હોંશ આવે તો ભલે જરૂરિયાતવાળાને આપે – તે સમાજ હોય, સંસ્થા હોય કે પરિવાર હોય! પણ પાંચ-પંદર રૂપિયાનું એક વાસણ તમારા ઘરમાં આવ્યું કે ન આવ્યું તેથી શું ફરક પડ્યો?

માફ કરજો બંધુઓ! પણ ધર્મી કહેવાતા લોકો પણ આવા રિવાજોને પ્રોત્સાહન આપે. પહેલેથી જ List out થઈ જાય કે પાખીના અઠ્ઠમ કરશે તેને અમુક વ્યક્તિ તરફથી અમુક ચીજ મળશે! વગેરે. બસ, અઠ્ઠમની કિંમત આટલી જ? શા માટે અનુષ્ઠાનોને વેચો છો? આમાં સાચો ધર્મ માણસને સમજાય ક્યાંથી? જેમ દીકરીનાં લગ્ન કરે તો તેને કરિયાવર દેવો જ પડે, ન દઈએ તો દીકરી દુઃખી થાય એમ તપશ્ચર્યા કરે તેને આટલું ધન ખરચવું જોઈએ, નહીં તો તેની તપશ્ચર્યા તપશ્ચર્યા ન ગણાય! વળી તેણે તપશ્ચર્યા કરી તેના બદલામાં પણ તેને કંઈક મળવું જ જોઈએ. ધન-સોનું-રૂપું વગેરે!

આવું કરનાર અને કરાવનાર સહુ મતાર્થીની કેટેગરીમાં. એ સિવાય એનો બીજો કોઈ ક્લાસ નહીં! આ વ્યવહારો કષાયમારક નહીં પણ કષાયપોષક છે, જે સંસાર જ વધારે, આત્મલક્ષ થાય જ નહીં, ને મતાર્થ જાય નહીં.

મતાર્થી આવા તો કેટકેટલા વિકૃત ભાવોથી પીડાતો હોય તે ભાવો આગળ કહેવાશે.

AT-BOOK-1

# લહ્યું સ્વરૂપ ના વૃત્તિનું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્મામાં પડેલી સર્વ વૃત્તિઓનું દર્શન કરાવે છે. આરાધનાના વિકાસની સાથે સ્વાભાવિક વૃત્તિઓની વૃદ્ધિ થતી જાય અને વૈભાવિક વૃત્તિઓનો નાશ થતો જાય છે.

આરાધનાનો હેતુ સ્વભાવને વધુ ને વધુ સ્પષ્ટ કરવાનો છે. આપણે સ્વભાવને ભૂલી, વિભાવને જ સ્વભાવ સમજી, તેમાં જ નિમગ્ન છીએ. ત્રણે યોગોની પ્રવૃત્તિઓ, આદતો, ટેવો વગેરેને આપણે સ્વભાવ માનીએ છીએ. પણ ખરેખર એ સ્વભાવ નથી, સ્વભાવની વિકૃતિ છે. આત્માના મૌલિક સ્વરૂપ પર લાગેલા મોહનીય કર્મે સર્જેલી વિકૃતિ છે. અન્ય કર્મો આત્મિક શક્તિ પર આવરણ નાખી દે પણ વિકૃતિ પેદા કરતાં નથી. મોહનીયકર્મ તો આત્માના નિજ સ્વભાવને દાબી દઈ, એક નવી વિકૃતિ ઊભી કરે છે. દર્શનમોહનીય કર્મ સમ્યક્ત્વને દાબી દઈ મિથ્યાત્વ રૂપ વિકાર તથા ચારિત્રમોહનીય કર્મ આત્માની સ્વરૂપરમણતા રૂપ ચારિત્રની શક્તિને દાબી દઈ, ક્રોધાદિ કષાય રૂપ રાગ-દ્વેષની વિકૃતિ પેદા કરે છે. આ વિકૃતિઓ નાના મોટા બધા જ જીવોમાં ઓછે-વત્તે અંશે હોય જ, અને આખોય જીવન-વ્યવહાર આ વિકારોની સાથે જ ચાલતો હોય, એટલે આપણે તેને સ્વભાવ માની લીધો.

જન્મથી સાથે જ લઈને આવેલ આ વિકારો બાલ્યકાળની પ્રવૃત્તિમાં પણ દેખા દે છે. છ-આઠ મહિનાના નાના બાળકમાં જોયો છે ક્રોધ? એના ક્રોધની એની માને જ ખબર હોય. એ કહેતી હોય, 'આવડો છે, પણ બહુ ગુસ્સો છે!' બાળકના અંતરમાં રહેલી લાગણીઓની અભિવ્યક્તિ



આવા વિકારોથી થતી હોય છે. પોતાની કે પોતાની માની કોઈ ચીજને અડવા ન દે. તેમાં તેની લોભ-તૃષ્ણાની વૃત્તિ દેખાય છે. આ વિકાર છે. માત્ર કામભોગની વૃત્તિ એ જ વાસના કે વિકાર નથી પણ આત્માના સ્વભાવથી પર જઈ પળે પળે પ્રવર્તતી બધી જ વૃત્તિઓ વિકારી છે. માણસ જીવનની શરૂઆત, બીજાને સમજાવવાની કે બીજાને સમજવાની શરૂઆત પણ આ વિકૃતિઓથી જ કરે છે. નાનો બાળક પણ પોતાના ભાવો ક્રોધ, લોભ, જીદ, હઠ દ્વારા અભિવ્યક્ત કરતો હોય છે. ઉંમરના વધવા સાથે તે વધુ વિકસે છે. અને આ વિકૃતિઓ જ જાણે સ્વભાવ હોય તેમ આપણી માન્યતા સાથે વણાઈ ગઈ છે.

આ ભ્રમને તોડવો પડશે. એને તોડવા માટે જ જ્ઞાનીઓએ વ્રતોનું આયોજન કર્યું છે.

અહીં એક વાત ખાસ સમજવા જેવી છે. આપણા તીર્થંકર, તીર્થંકર ક્યારે કહેવાય? જન્મથી ત્રણ જ્ઞાન હોય, દીક્ષા લે, અને ચોથું મન:પર્યવ જ્ઞાન થાય. તે પછી ધ્યાન-સાધના ચાલે અને કેવળજ્ઞાન પ્રગટ થાય. આટલે સુધી પહોંચે. આત્મવિશુદ્ધિની દૃષ્ટિથી તો સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધું, પણ તે છતાં હજુ તીર્થંકર ન થયા! એ કેવળજ્ઞાની પરમાત્મા સાધુ-ધર્મ અને શ્રાવક-ધર્મ સમજાવે. સહુ સાંભળી લે. પણ જો કોઈ વ્રત ગ્રહણ ન કરે તો પણ તેઓ તીર્થંકર નહીં! કોઈ સાધુનાં વ્રતો અને કોઈ શ્રાવકનાં વ્રતો ગ્રહણ કરે ત્યારે જ તીર્થનું પ્રવર્તન થાય અને તેઓ તીર્થંકર કહેવાય. તો તીર્થંકર થવામાં તીર્થંકર નામકર્મ રૂપ પુણ્યપ્રકૃતિનો ઉદય તો ખરો જ, પણ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા ચારેય વ્રતો ગ્રહણ કરી દેશવિરતિ અને સર્વ-વિરતિના ભાવોમાં આવે તે નિમિત્ત પણ ખરું!

બંધુઓ! આના પરથી વિચારો કે વ્રત ગ્રહણનો મહિમા શું છે? પ્રભુ મોક્ષનો માર્ગ પ્રરૂપે છે. મોક્ષમાર્ગમાં જો કોઈ મોટામાં મોટો અવરોધ હોય તો તે જીવની વૃત્તિઓ જ છે, અને એ વૃત્તિઓ વ્રતની લગામથી જ કાબૂમાં આવે છે. માટે જ વ્રત ગ્રહણની વિશેષતા છે.

કેટલીક વૃત્તિઓ આપણા રોજિંદા જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગઈ છે. પળ પળની પ્રવૃત્તિઓ વિભાવમય થઈ ગઈ છે. એ

વિભાવને ફગાવી દેવો છે અને સ્વભાવને સંભાળી લેવો છે. માટે જ શ્રીમદ્જીએ આ ગાથા કથી છે.

બંધુઓ! આત્મસિદ્ધિ શાસ્ત્રની ૧૪૨ ગાથાઓ, બધી જ ગાથાઓ બહુ સુંદર છે. ભાવપૂર્ણ છે. પમ તેમાંની કેટલીક ગાથાઓ તો ખૂબ જ અંતરસ્પર્શી છે. એમાંની આ એક ગાથા છે. તો તેનું રટણ જીવને જો વારંવાર થતું રહે તો તે પોતાનું અંતર તપાસતો થઈ જાય. સાધારણ રીતે એમ થતું નથી. બીજું બધું જ તપાસીએ છીએ. ઘરમાં, ઓફિસમાં, સમાજમાં, સંસ્થામાં, જ્યાં-જ્યાં તમારું મમત્વ જોડાયું છે, ત્યાં-ત્યાંની એક એક ચીજ અને એક-એક પ્રવૃત્તિની તપાસ રાખો છો, ઊંડા ઊતરી ઝીણી-ઝીણી વિગતો જાણી લો છો. પણ આ તો અહં અને મમનું કારણ છે. આ જ કરતા રહ્યા તો અહીં જ ફરી ફરીને જન્મ-મરણ કરવાં પડશે. મમત્વ કોઈ પણ દૃષ્ટિએ હિતકર નથી. પછી મોહભાવે સ્વાર્થભાવે, કે અહં માટે હોય પણ અનર્થકારક છે. માટે જગતની તપાસ બંધ કરી, સ્વની તપાસમાં ઊતરી જાઓ.

જગત જગતના ભાવે ચાલ્યું જશે. જે સમયે તેનું જેમ પરિણમન થવાનું હશે તેમ થયા કરશે. તું તારું સંભાળી લે. હા, માત્ર નિ:સ્વાર્થભાવે જો તારી ફરજો તને સૂઝતી હોય તો બજાવી લે. પણ જ્યાં, જરા પણ સ્વાર્થ આવે, કે અહંને પોષવાની વૃત્તિ જાગે, તો બધું મૂકી દેજે પડતું. સાચી સમજણ તે આનું નામ છે. બુદ્ધિમત્તા પણ એ જ છે. વિચારી લેજે. 'જ્યાં મારો આત્મા કલુષિત થતો હોય, અહંભાવ વધુ ને વધુ ઉછાળા મારતો હોય, ત્યાં હું રસ નહીં લઉં. જગતને તપાસવાનું છોડી દઈશ. હું મને તપાસીશ.'

એ તપાસવાની વાત આ ગાથામાં બહુ સુંદર રીતે કરી છે. એટલે આત્મસિદ્ધિની કેટલીક ગાથાઓમાં, મને આ ગાથા બહુ પ્રિય છે. બંધુઓ! વારંવાર આનું રટણ કરજો.

**લહ્યું સ્વરૂપ ના વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન...૨૮...**

કેટલા સુંદર ભાવો ભર્યા છે આ ગાથામાં! પોતે પોતાને જ ન



ઓળખી શક્યો! પોતાને કોણ વિકૃત કરી રહ્યું છે એ ન જાણી શક્યો. ગઈ કાલે પણ આપણે આ ગાથાનું વિવેચન કર્યું હતું. અંતરમાં પડેલી વૈભાવિક વૃત્તિનું લક્ષ્ય કર્યા વિના, માત્ર અભિમાનને પોષવા માટે વ્રતો ધારણ કરી લીધાં, પણ વળ્યું નહીં કાંઈ! વિભાવને તોડવામાં વ્રતો બહુ સમર્થ છે, વ્રતોમાં શક્તિ છે. પણ આપણે વ્રતોને પાંગળાં બનાવી દીધાં. વ્રતોનું પાલન કેવી રીતે થવું જોઈએ તે વીસરી ગયા.

સંતો પાસે જઈ સાધુ કે શ્રાવકના વ્રતોનાં પ્રત્યાખ્યાન લઈ લીધાં એટલા માત્રથી વ્રત થઈ જતાં નથી. વ્રત એ તો આંતર પરિણતિ છે, અને પ્રત્યાખ્યાન તેની વાડ છે. ખેતરોની ચારે બાજુ વાડ હોય છે, શા માટે? પાકના રક્ષણ માટે! કોઈ પશુ આવી પાકને નુકસાન ન પહોંચાડે, વાડથી પશુને આવતાં અટકાવાય. પણ આકાશમાં ઊડતાં પંખી પાકેલા ખેતરને જુએ એટલે તેઓનું મન લલચાય અને ટોળાંબંધ ખેતરમાં ઊતરી પડે. તેને કેમ રોકાય? ખેડૂતો તેના માટે ખેતરમાં ચાડિયો ઊભો કરે. પણ પક્ષીઓમાં બુદ્ધિ હોય, ચાડિયાને ઓળખી જાય, તેને ન ગણકારે. અરે! ચાડિયાના માથે આવીને બેસે, તો ચાડિયો પણ પક્ષીઓથી પાકને ન બચાવી શકે. એટલે પછી રખોપું રાખવું પડે, કાં તો ઘરનો માણસ હોય, કાં કોઈ પગારદાર માણસ. પણ તેનું કામ એક જ. આખો દિવસ પક્ષીઓને ઉડાડવાનું. તેને બહુ સજાગ રહેવું પડે. ગપ્પાં મારવા બેસી જાય તો ન ચાલે.

બંધુઓ! વ્રતોના પાલન માટે પ્રતિજ્ઞા લીધી એટલે વાડ બંધાઈ ગઈ કે કોઈ પણ જાતનાં પ્રલોભનો અંતરમાં ઘૂસી ન શકે. જેમ કે ઉપવાસ હોય અને ખાવાનો ગમે તેવો મિષ્ટ પદાર્થ સામે આવે તો, પ્રતિજ્ઞાવાળો માણસ કહી શકે, 'મારે ઉપવાસ છે, નહીં ખાઉં.' જો પ્રતિજ્ઞા ન હોય તો તરત મન લલચાઈ જાય અને ખાઈ લે. હવે પ્રતિજ્ઞા હોય એટલે ખાય તો નહીં પણ મન કદાચ તેમાં ચાલ્યું જાય. તો ત્યાં વિવેક જાગ્રત હોય. રસવૃત્તિ રૂપ પક્ષી અંદરમાં પેસી જઈ ભાવોને ભરખી ન જાય માટે વિવેક કહે કે રસાસ્વાદને જીતવા તો ઉપવાસ કર્યો છે, માટે એ વૃત્તિને નહીં આવવા દઉં, આમ ઉપવાસ સિવાય પણ બીજાં જે-જે વ્રતો કરીએ તેમાં વિવેકરૂપ રખોપું સદાય

જાગ્રત જોઈએ કે જે વૃત્તિને વકરતી રોકે.

આમાં સતત સાવધાની, સતત જાગૃતિ, પોતે પોતા પ્રત્યે પળે-પળે જાગ્રત હોય. અંતરમાં ચાલતી ભાવધારાને જોયા કરતો હોય, કે મને ક્યારે શું થઈ રહ્યું છે? મારૂં મન, મારા વિચારો, મારી લાગણીઓ ક્યાં દોડી રહી છે? પહેલાં વાડ બાંધે અને પછી રખોપું કરે અને એય પોતે જ પોતાનો રખોપિયો થાય. કારણ આપણા ભાવજગતની રક્ષા કરવાનું કામ કોઈનુંય નથી. ખુદ તીર્થંકર પરમાત્મા આપણા ભાવને જાણી લે. કહે કે તને આ સમયે આવા ભાવો આવ્યા. સારા છે કે બૂરા તે કહે, પણ તેને અટકાવવાનું કામ તો આપણું જ. એટલે જાગૃતિ તો આપણા પોતાની જ જોઈએ.

માટે જ વ્રતોની સફળતા ત્યારે જ કે જ્યારે આપણે આપણી વૃત્તિઓને જાણી હોય. અન્યથા શ્રાવક કે સાધુનાં વ્રતો-નિયમો લઈ લે પણ મારી આંતરિક વૃત્તિ જ મને ભમાવનાર છે, મારે તેને દૂર કરવી જ જોઈએ, આ ભાન ન હોય ત્યાં સુધી જીવનો આરાધનાના માર્ગે વિકાસ થઈ શકે નહીં. માટે વ્રતો તો એ જ સ્વીકાર્ય બને કે જે વૃત્તિઓને સ્વરૂપાકાર બનાવે. અન્યથા વ્રત ન જોઈએ. વ્રતોનો આગ્રહ નહીં પણ સ્વાભાવિક વૃત્તિનો આગ્રહ થાય તે થોડાં વ્રતો પણ વૃત્તિને સ્વાભાવિક દશા અર્પે.

ગઈ કાલે આ ગાથાના ત્રીજા ચરણમાં કહેલા પરમાર્થની વાતો પણ થોડી કરી હતી, અહીં તેને વિશેષ વિચારીએ. શ્રમીદ્જીએ કહ્યું – જે વ્યક્તિ પોતાની વૃત્તિને જાણતો નથી તે પરમાર્થને પામતો નથી. જેથી આત્માનો અર્થ સધાય એવો ઉપદેશ સદ્ગુરુના યોગે મળી જાય તો પણ તે અંતરમાં ન ઉતરે. સદ્ગુરુ પ્રત્યે વર્તતી વિમુખતા આ વચનોથી તેને દૂર રાખે. વળી લૌકિક માન, પ્રતિષ્ઠાની ભાવના પણ તેને સદ્ગુરુની સન્મુખ થવા ન દે.

બંધુઓ! આજ-કાલ મળતી પ્રતિષ્ઠાનું મૂલ્ય શું છે? શેનાથી પ્રતિષ્ઠા પામો છો? માફ કરજો મારા ભાઈઓ! પણ કહેવું પડે છે કે અંદર ગમે તેવી ગંદી વૃત્તિઓ પડી હોય, અંદરથી ભયંકર સડેલો હોય, કુ-વૃત્તિઓ અને વાસનાઓ અંદરથી ઊછળતી હોય છતાં જો પાંચ પૈસા



થઈ ગયા કે તમે પ્રતિષ્ઠિત. તમે જ વખાણ કરો કે આ અમારા સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ! શું વ્યાખ્યા છે પ્રતિષ્ઠાની! તે આટલી સંસ્થાઓમાં જોડાયેલા છે અને વરસે બે-પાંચ લાખનું દાન કરે છે. પણ અંદરથી તો પ્રતિષ્ઠા પામેલ વ્યક્તિ અને સમાજ બન્ને જાણતા હોય કે કેટલા પોકળ છે. નીતિ અને સદાચારના નામે મીંડુ હોય. કંઈક પાપોનાં બાંધી પૈસો કમાણા હોય અને દાન કરતા હોય. આ પ્રતિષ્ઠા શું કામની? કેમ ગમે છે તમને પ્રતિષ્ઠા? શા માટે લોલે-લોલ ચલાવ્યો રાખો છો? શા માટે જૂઠી પ્રતિષ્ઠાના અંચળા ઓઢી ફરો છો? સમાજ પાસે માન મેળવવા?.... નહીં?

પણ શ્રીમદ્જી તો અહીં એવી વ્યક્તિને જે કહેવાનું છે તે ખુલ્લા શબ્દોમાં કહી દે છે. એ એમ નથી કહેતા કે ભલે તારામાં આવાં લક્ષણો પડ્યાં હોય પણ તારી પાસે સંપત્તિ છે? તો તું આત્માર્થી! તારી પાસે સત્તા છે? તો તું આત્માર્થી! ના, એમ નહીં, તારી પાસે સત્તા-સંપત્તિ ગમે તેટલાં હોય તો પણ એ જૂઠી માન-પ્રતિષ્ઠામાં ફસાયો હોય, વૃત્તિને દૂર કરવાના પ્રયાસમાં ન હોય તો તું મતાર્થી! અહીં જૂઠી પ્રતિષ્ઠા નથી મળતી. અહીં મળે તો સાચી જ મળે. આત્માર્થીનાં લક્ષણ હોય તો જ આત્માર્થીનો બિલ્લો મળે, નહીં તો નહીં.

થોડા સમય પહેલાં પ્રજામતની કૉલમમાં એક વ્યક્તિનો પત્ર વાંચ્યો હતો. તેઓનો પ્રશ્ન એ હતો કે હાલમાં મુરારીબાપુનું નામ ભારત અને ભારત બહાર ખૂબ ગુંજ્યું છે. તેઓ અદ્ભુત શૈલીથી રામાયણ વાંચે છે. શ્રોતાઓ મનોમુગ્ધ થઈ સાંભળવામાં એકતાર થઈ જાય. હજારોની નહીં લાખોની મેદની તેમને સાંભળવા ભેગી થાય. કામધંધા વગેરે બધું જ છોડીને લોકો દોડે. આ બધું હોવા પછી પણ સાંભળનારામાંથી કેટલા માણસોનાં જીવન સુધર્યા? બાપુની કેટલી મહેનત? રોજના છ-છ કલાક એકધારા બોલે. તેઓ જે રસમાં શ્રોતાઓને લઈ જાય તે રસમાં સહુ વહી જાય. હાસ્યરસ, કરુણરસ, વીરરસ, વૈરાગ્યરસ, બધા જ રસથી સહુને ભીંજવી નાંખે. અરે! અંતરના એક એક અવગુણોને વીણી-વીણી હાથમાં આપે છતાં કેમ લોકો સુધરતા નથી? આ પ્રશ્નનો જવાબ તેઓને શું મળ્યો તે મને

ખબર નથી. પણ શ્રીમદ્જી તેનું કારણ બતાવે છે —

**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ....**

કેમ સુધરતો નથી? અહમ્ પડ્યો છે માણસ કહેતો હોય છે, – 'તમે કહો છો, તે સાચું છે, મેં સ્વીકાર્યું. મારી વૃત્તિનાં દર્શન કરાવ્યાં તે પણ સ્વીકારી લીધું. હું એવો છું એ કબૂલ છે. પણ એમ તમારા કહેવાથી જો મારામાં હું પરિવર્તન કરું તો નિર્માલ્ય ન ગણાઉં? તમે કહો તો મને મારી માનેલી માન્યતાના પોષણમાં કેટલી કામ આવે છે! મારો અહમ્ જ મને પાંચ વ્યક્તિઓની વચ્ચે માન અપાવે છે તે કેમ છોડું? હા, અહંને છોડું તો બીજી વૃત્તિઓ પણ છૂટે પણ તો પછી મારી કિંમત શું? એ તો સાપની દાઢમાંથી ઝેર કાઢી લીધા પછી જેટલી સાપની કિંમત એટલી જ મારી કિંમત! સાપની દાઢમાંથી ઝેર કાઢી લો એટલે એ માત્ર ઈયળ જેવો એથી વિશેષ કશુંયે નહીં. તો મારે એવું બનવું નથી. ભલે અહમ્ ઝેર હોય પણ એ તો સાચવીને રાખીશ.'

બંધુઓ! આ છે જવાબ! અહમ્ મૂકે નહીં તેથી સ્વધર્મને ઓળખે નહીં અને જડના ધર્મો, મનના ધર્મો, ઈન્દ્રિયના ધર્મો, દેહના ધર્મોથી નિવૃત્ત થાય નહીં. કષાયાદિ વિભાવને સ્વભાવ માની એમાં જ રચ્યો-પચ્યો રહેતો હોય તે મતાર્થી.

માટે જ વ્રતરૂપ વાડ બાંધો અને ઉપરનાં પક્ષીઓને ઉડાડવાની રીત જાણી લ્યો. તે માટે વૃત્તિઓને તપાસતાં શીખો. બંધુઓ! વૃત્તિઓને તપાસવાનું સાધન એટલે આપણું પ્રતિક્રમણ! આપણા સમાજના મોટા ભાગના માણસો પ્રતિક્રમણને સમજ્યા નથી. તેથી તેઓ માનતા હોય છે કે પ્રતિક્રમણ કરવાથી શું? અરે! પર્યુષણના દિવસોમાં અથવા એક સંવત્સરીનું પ્રતિક્રમણ પણ કરવાનું મન થતું નથી.

મને યાદ છે ઘણાં વર્ષો પહેલાં એક યુવાન ભાઈની જિજ્ઞાસાના કારણે તેઓને પ્રતિક્રમણ શું છે તે સમજાવ્યું તો તેઓની આંખમાં પાણી આવી ગયાં. તેઓ કહે 'મહાસતીજી! માફ કરજો. અમે તો પ્રતિક્રમણને આ રીતે સમજ્યા જ નથી. તેથી પ્રતિક્રમણની તથા પ્રતિક્રમણ કરનારની



અશાતના અમે ખૂબ કરી છે,' તેઓ કહે 'સંવત્સરીનું પ્રતિક્રમણ કરવા જવું તો ન હોય પણ પરાણે ઘરમાંથી ધકેલે એટલે જવું પડે. થોડું અંધારું થાય એટલે જઈએ. અને ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ બધા કરે ત્યારે સાથે લઈ ગયેલાં બે-ત્રણ કિલો ભજિયામાંથી બધાના હાથમાં એક-એક ભજિયું મૂકી આવીએ અને રફુચક્કર થઈ જઈએ. પછી લોકો બૂમાબૂમ કરે. કોણે મૂક્યાં? કોણે મૂક્યાં? કોણ જવાબ દે?'

બંધુઓ! વિચારો! કઈ પરિસ્થિતિ છે? કેવી મનોવૃત્તિ છે? કેવી મશ્કરી? ધર્મની કેવી અવહેલના? આ બધું શા માટે? સમજણનો અભાવ. પણ પ્રતિક્રમણ એ શું છે? ક્યારેય વિચાર્યું છે? તેમાં બીજું કશું જ નથી. માનવમનની સહજ વૃત્તિઓનું દર્શન તથા એ વૃત્તિઓને કારણે થતી પ્રવૃત્તિઓનું દિગ્દર્શન! જે પ્રવૃત્તિઓને અતિચારોનું નામ દઈ વર્ણવી છે. વળી આ પ્રતિક્રમણ કરવાની જે પ્રક્રિયા છે તે પણ કેટલી સાર્થક છે! શરૂઆતમાં થતો પહેલો કાયોત્સર્ગ શા માટે કરવામાં આવે છે તે બતાવતાં કહ્યું છે **''અતિચાર ચિંતવનાર્થ કરેમિ કાઉસગ્ગં''**

મનમાં જે વૃત્તિઓ, આખા દિવસમાં જાગી હોય, તે માનસિક વિચારધારા રૂપે રહી હોય, વાણી રૂપે બહાર પ્રગટ થઈ હોય કે કાર્ય રૂપે પ્રવૃત્ત થઈ હોય, તે બધી જ વૃત્તિઓને યાદ કરી જવા માટે, ચિંતન કરવા માટે, કાઉસ્સગ્ગ છે. અતિચારો એક-એક બોલતા જાય અને એવી વૃત્તિ આખા દિવસમાં જાગી હોય તો યાદ કરી લેવાની. આમ ૯૯ અતિચારોના કાઉસ્સગ્ગમાં ૯૯ પ્રકારના દોષો બતાવ્યા. તેમાંથી કેટલાકનું સેવન થયું હોય.... કેટલાકનું ન પણ થયું હોય, બધા જ માણસો બધા જ દોષો સેવતા હોય એવું નથી. પણ એક યા બીજો દોષ તો લાગે જ છે માટે પહેલાં યાદ કરી જવાનો.

અને પછી ચોથા આવશ્યકમાં પ્રગટ રૂપે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના ૯૯ અતિચારો બોલાય. ત્યારે પહેલાં યાદ કરેલા દોષોનો-વૃત્તિઓનો પશ્ચાતાપ કરી લેવાનું છે. આ કરવાથી રોજ-રોજ આપણી બધી જ વૃત્તિઓને આપણે જોતાં-તપાસતાં શીખીએ છીએ. અને તપાસતા રહીએ તો ક્યારેક દોષોનો એકરાર કરતાં શીખીશું, દોષોનો એકરાર કરવો બહુ જરૂરી છે, પણ જેટલો જરૂરી છે એટલો જ મુશ્કેલ છે. નથી

થતું એ! કારણ અનાદિકાળના અભ્યાસના કારણે 'રીઢા ગુનેગાર' થઈ ગયા છીએ. થોડો કડવો છે આ શબ્દ. પણ બંધુઓ! એ સિવાય બીજો કોઈ શબ્દ આપણને લાગુ પડી શકતો નથી.

પણ અહીં એકરાર કરવો સહેલો છે, કારણ પ્રતિક્રમણ કરતાં થતો એકરાર આપણે કોઈને કહેવા જવો પડતો નથી. આપણી અંદર જ કરવાનો છે. જો કે તેમાંય અહમ્ ઘવાય. છતાં થઈ શકે.

બંધુઓ! અહંનો કાંટો એટલો ઊંડો છે કે અંત:કરણમાંથી કાઢવો મુશ્કેલ થઈ જાય છે. પગમાં કાંટો વાગ્યો હોય વળી જો ઊંડો ન ઊતર્યો હોય તો સહેલાઈથી નીકળી શકે, પણ જો ઊંડો ઊતરી ગયો હોય તો સોય વડે કેટલું ખોદવું પડે, લોહી નીકળે, ભયંકર વેદના થાય, અરે! મુખમાંથી ચીસ પણ નીકળી જાય, ત્યારે એ નીકળે, આટલું સહેવાની તૈયારી હોય તો જ ઊંડો કાંટો નીકળી શકે. તેમ આત્મામાં પડેલા અહંને કાઢવા માટે પણ ખૂબ સહન કરવું પડશે. અને તો જ પોતાની વૃત્તિઓનો-ભૂલોનો એકરાર થશે. ત્યારે જ સાચા અર્થમાં પ્રતિક્રમણ થશે.

બંધુઓ! હું તો કહીશ કે જેને ખરેખર મતાર્થી મટી આત્માર્થી બનવું છે, મુમુક્ષતા જગાડી સાચા મુમુક્ષુની કોટિમાં મૂકાવું છે તેને પ્રતિક્રમણ ના એકે-એક ભાવને સાંગોપાંગ સમજવા પડશે. એ સમજીને નિત્ય શ્રદ્ધા અને જાગૃતિ સાથે પોતાનાં પાપોનું પ્રતિક્રમણ કરવું પડશે. તો જ તેના અંદરની વૃત્તિઓને એ સમજી શકશે, વૃત્તિના સ્વરૂપને યથાર્થ રૂપે જાણી તેને દૂર કરવાનો પ્રયાસ કરી શકશે. પ્રતિક્રમણના ભાવોને સમજ્યા પછી પણ તેના પ્રત્યે ઉપેક્ષા રાખી વર્ત્યા જાય અને આત્માર્થની મોટી-મોટી વાતો કરે, તેથી કાંઈ વળે નહીં, ઉદ્ધાર ન થાય.

બસ, આપણે સહુ આપણી વૃત્તિને સમજીએ, વિચારીએ, દૂર કરવા પ્રયાસ કરીએ. બાકી અવસરે....

e

## લોપે સદ્વ્યવહારને...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિરત્નની આરાધના કરનાર જીવની સ્વાભાવિક વૃત્તિઓ જાગ્રત થાય છે. જો કે આ વૃત્તિઓ આત્મામાં પડેલી જ છે પણ વિરાધક ભાવો એ વૃત્તિઓને અનુભવમાં આવવા દેતા નથી. આગમના આધારે, શાસ્ત્રના સ્વાધ્યાયે એ વૃત્તિઓની બૌદ્ધિક ઓળખાણ થાય છે અને એ પછી શ્રદ્ધાના સહારે સ્વાભાવિકતા જાગ્રત થાય છે.

આરાધના કરનાર જીવ, આરાધના કરતાં-કરતાં યથાર્થતાને સમજવામાં જો ગોથું ખાઈ જાય તો ભ્રમણામાં અટવાઈ પડે છે. શ્રીમદ્જી એવા જીવની દશા અહીં બતાવે છે –

**અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;**
**લોપે સદ્ વ્યવહારને, સાધન રહિત થાય...૨૯...**

પ્રથમ તો નિશ્ચયનય અને વ્યવહારનયને સમજીએ. જૈનદર્શનમાં તત્ત્વને સમજવા માટે જે શૈલી છે તે સ્યાદ્વાદ શૈલી છે, જેને અનેકાન્ત વાદ પણ કહીએ. બીજા શબ્દોમાં એ સાપેક્ષવાદ પણ છે અને Relativity પણ છે.

સ્યાદ્વાદ એટલે કોઈ પણ એક પદાર્થને સમજવા માટે ભિન્ન-ભિન્ન દૃષ્ટિથી વિચાર કરવો. જેમાં પરસ્પર વિરોધી દૃષ્ટિ પણ હોય. તે છતાં વિરોધ ઊભો ન થાય. પદાર્થને જુદા-જુદા અનેક પાસાથી સર્વાંશે સમજવો હોય તો આ શૈલીની અનન્ય ઉપયોગિતા છે. આ દૃષ્ટિને તર્કની ભાષામાં નય કહેવાય છે. જૈનદર્શન શાસ્ત્રોમાં, નય વિષે અનેક ગ્રન્થો છે. આચાર્ય સિદ્ધસેન દિવાકર, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આચાર્ય હરિભદ્રસૂરિ, આચાર્ય સમન્તભદ્રજી આદિ વિદ્વાન મનીષીઓએ આ વિષયને ખૂબ ખેડ્યો છે. આપણે અત્યારે તેના ઊંડાણમાં નથી જવું.

મુખ્યતાએ નયના બે પ્રકાર (૧) નિશ્ચયનય (૨) વ્યવહારનય. દ્રવ્યના મૂળભૂત સ્વરૂપને જે દૃષ્ટિ વર્ણન કરે તે નિશ્ચયનય અને એ જ દ્રવ્યની વ્યવહારમાં સમયે-સમયે પ્રગટતી વિભિન્ન દશાઓનું વર્ણન જે દૃષ્ટિ કરે તે વ્યવહારનય.

જેમ કે આત્મા. નિશ્ચયનય કહે છે આત્મા એ એક શુદ્ધ, બુદ્ધ, અખંડ ત્રિકાળી દ્રવ્ય છે. અજન્મા અને અમર છે. તે માત્ર શુદ્ધ ચિદ્રુપ દ્રવ્ય છે પણ દેવ, માનવ, પશુ કે નારક નથી. તો વ્યવહારનય કહેશે કે તમે મનુષ્ય છો. અર્થાત્ આત્માની વિભાવ દશાની પરિણતિના કારણે તેણે મનુષ્ય અવસ્થા રૂપ પર્યાય ધારણ કરી છે. આમ દેવ, નારક આદિ, પર્યાય એ પણ આત્માની વ્યવહારિક દશા છે. એ જ રીતે જાતિ, ઈન્દ્રિય આદિની જે ઓળખાણો છે તે પણ વ્યવહારનયથી જ છે. આરાધના માર્ગે નિશ્ચયનય ભાવને લક્ષ્યમાં રાખી વર્ણન કરે છે અને વ્યવહારનય દ્રવ્યની મુખ્યતાને ઉપદેશે છે.

જૈન અધ્યાત્મ ગ્રન્થોમાં બન્ને દૃષ્ટિએ આરાધના પ્રરૂપી છે. સમયસાર, નિયમસાર, યોગસાર જેવા ગ્રન્થોમાં આત્મા આદિ ષડ્દ્રવ્યોનું વર્ણન શુદ્ધ નિશ્ચયનય, પરમ શુદ્ધ નિશ્ચયનયથી કરવાની સાથે વ્યવહારનયથી પણ કરવામાં આવ્યું છે.

આત્માનું વર્ણન કરતાં નિશ્ચયનય કહે છે કે 'તે અખંડ, શુદ્ધ, ચિદ્રુપ, ત્રિકાળી દ્રવ્ય છે. રાગ-દ્વેષરહિત છે. નિર્વિકાર છે. નિર્લેપ છે.' સિદ્ધ સ્વરૂપ જેવું છે તેવા જ ગુણો આ આત્મામાં છે એ બતાવે. અહીં આપણે તેમાંના એક ગુણને લઈ સમાલોચના કરીએ.

આત્મા નિર્લેપ છે. તેને કંઈ જ લેપ લાગે નહીં. આત્માની આ નિર્લેપતા વિષે, કર્મબંધની દૃષ્ટિએ જોઈએ. આત્મા અને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે. બન્ને દૂધ-પાણી તથા લોહ-અગ્નિની જેમ એકમેક થઈ ગયા છે. તેમજ આ કર્મનો ભાર જેટલો વધુ એટલો એ આત્મા આત્મ-પતનની દિશામાં વધુ ને વધુ ગબડતો જાય છે. ઉપર ઊઠી શકતો નથી. પણ જેમ જેમ કર્મ ઓછા થાય અને એ હળુકર્મી બને તેમ તેની દશાનો વિકાસ થતો જાય છે. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે. જેમ એક તુંબડા પર માટીનો લેપ કરવામાં આવ્યો હોય અને પાણીમાં નાખો તો તુંબડાનો સ્વભાવ તરવાનો હોવા છતાં માટીના ભારથી એ



પાણીમાં નીચે બેસી જાય. પાણીમાં પલળવાને કારણે જેમ-જેમ માટીનો લેપ ઊખડતો જાય, તેમ તેમ તુંબડું ઉપર આવતું જાય અને જ્યારે સંપૂર્ણ માટી ધોવાઈ જાય ત્યારે તુંબડું એકદમ પાણીની ઉપર તરવા માંડે.

કર્મ અને આત્માનો સંબંધ પણ આવો જ છે. જેમ જેમ કર્મનો લેપ ઓછો થતો જાય તેમ તેમ આત્મા ઊંચો આવતો જાય અને અંતે સિદ્ધિને પામે છે. આ છે વ્યવહારનયની દૃષ્ટિ.

હવે એક દૃષ્ટિ આત્માને નિર્લેપ કહે છે અને બીજી દૃષ્ટિ કર્મના લેપના કારણે જ આત્માની સંસારી દશા કહે છે. આ બંને પરસ્પર વિરોધી દૃષ્ટિને કઈ રીતે સમજવી? આ જ છે જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલી.

નિશ્ચય દૃષ્ટિથી આત્મા નિર્લેપ છે એ જેટલું સાચું છે, વ્યવહાર દૃષ્ટિથી આત્માને કર્મનો લેપ છે એ પણ એટલું જ સાચું છે, પણ સમજવાની કળા જોઈએ. આપણે વિચારીએ આત્મા ચેતન, કર્મ જડ, આ બન્નેનો બંધ કેવી રીતે સમજવો? જડ પરમાણુઓ પરસ્પર બંધાઈ શકે પણ ચેતન અને જડનું બંધન થઈ શકે નહીં. આત્મા કર્મથી બંધાય છે, તેમ કહ્યું તે ઉપચારથી, વાસ્તવિકતાએ તો જૂનાં કર્મો સાથે નવાં કર્મોનો બંધ થાય છે. પણ તેમાં આત્માના વિભાવનું નિમિત્ત હોય છે. તેથી આત્મા ને કર્મનો બંધ કહેવામાં આવે છે.

આત્મા અને કર્મ બંધાય, તો તે એકમેક નથી થઈ જતાં, પણ એક ક્ષેત્રાવગાહી જ હોય છે. જેમ દૂધ અને પાણીની જેમ આત્મા-કર્મનું બંધાવું કહ્યું. તેમાં વિચાર કરીએ તો દૂધમાં પાણી નાખીએ અને બન્ને એક થઈ ગયા હોય તેમ લાગે, પણ બન્ને દ્રવ્યના મૌલિક ગુણધર્મો તો એમ જ રહ્યા છે. દૂધ દૂધ મટી પાણી નથી થઈ જતું કે પાણી – પાણી મટી દૂધ નથી થઈ જતું. બન્ને દ્રવ્યોનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ કાયમ રહે છે. એ જ રીતે લોહ અને અગ્નિ. બન્ને દ્રવ્યો તેમાં સ્વતંત્ર જ હોય; મળી ન જાય.

એક પાણીના ગ્લાસમાં સાકરનો ટુકડો નાખો. સાકર ઓગળી જઈ પાણીના સ્વાદને બદલી નાંખે. ગ્લાસમાંના પાણીનું એક પણ ટીપું મીઠાશ વગરનું ન રહે. તે છતાં બન્નેના ગુણધર્મો સ્વતંત્ર જ રહે. પાણીની ફોર્મ્યુલા જે=$H_{20}$ છે તે એમ જ રહે. પણ સાકરના ગુણ-ધર્મરૂપ ન થઈ જાય.

બસ, એ જ રીતે જૂનાં કર્મો આત્મામાં છે. જેટલા આકાશપ્રદેશને

અવગાહીને આત્મા રહ્યો છે, એ સર્વ આકાશપ્રદેશને અવગાહીને કર્મો પણ રહે અને નવાં કર્મો બંધાય તે પણ તે જ આકાશપ્રદેશમાં રહે, આમ આત્મા અને કર્મનો સંબંધ એક ક્ષેત્રાવગાહી છે, નિમિત્ત-નૈમિત્તિક છે.

આમ આત્મા પોતાના સ્વભાવને છોડી, જડ-કર્મ પરમાણુરૂપ બની જતો નથી. પણ સદા તેનાથી સ્વતંત્ર જ રહે છે. તેથી તે નિર્લેપ છે, પરંતુ એક ક્ષેત્રાવગાહે રહેલા કર્મ પુદ્‌ગલનું નિમિત્ત પામી પોતામાં વિકાર કર્યા કરે છે. તેથી કર્મનો લેપ પણ છે. આ છે આત્માની નિર્લેપતાને સમજવા માટેની નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ, સ્યાદ્વાદ શૈલી.

હવે અહીં શ્રીમદ્‌જી આ ગાથા દ્વારા એ સમજાવે છે કે આત્માના આવા સ્વરૂપને સમજવાની જે ભૂલ કરે તેની દશા શું થાય? જેમ કે નિશ્ચયનયથી કહ્યું આત્મા નિર્લેપ છે. તેને કર્મનો લેપ લાગતો નથી. આ વાત માત્ર જો એમ જ સમજ્યા કે હું કંઈ પણ પ્રવૃત્તિ કરું, રાગ-દ્વેષ કરું, પાપ કરું, અધમમાં અધમ આચરણ કરું, પણ તેથી આત્માને કંઈ અસર થાય નહીં. આત્મા લેપાતો નથી માટે ચિંતાનું કોઈ કારણ નથી, અને એ જીવ વિભાવે વર્તવા માંડે, વળી આવું માનતો જીવ શાસ્ત્રમાં કર્મબંધને રોકવા માટે સંવરની પ્રરૂપણા કરી છે તેને ન સ્વીકારે. વ્રત-પ્રત્યાખ્યાનોની આવશ્યકતા ન સમજે અને બધું જ છોડી દે.

માત્ર વાતોમાં, શબ્દરૂપે નિશ્ચયનયને ગ્રહણ કરી લે, પણ આત્માનું વાસ્તવિક સ્વરૂપ નિશ્ચયનયે જે બતાવ્યું તેને પ્રગટ કરવા માટેના સાધનરૂપ-વ્રત-પ્રત્યાખ્યાનાદિ દ્રવ્ય ચારિત્રને ત્યાજ્ય સમજે તો એ જીવ બધું જ ગુમાવી બેસે છે અને એકાંત પાપ વ્યાપારમાં પડ્યો રહે છે.

નિશ્ચયનય એમ પણ કહે છે કે જીવનું પરમ ધ્યેય મોક્ષ છે. મોક્ષ પામવા માટે સર્વ કર્મનો ક્ષય અપેક્ષિત છે. તેમાં પુણ્ય હેય અને પાપ પણ હેય છે. આમ સાંભળીને નિશ્ચયનયને અહીં સમજનારો પુણ્યને પણ છોડવા યોગ્ય સમજી, શુભ ભાવોથી થતી પુણ્ય કરણીનો ત્યાગ કરી દે. પણ નિશ્ચયનયના કહેવાનું રહસ્ય શું છે તે સમજે નહીં.

પુણ્ય ક્યારે અને ક્યાં છોડવા યોગ્ય છે તે સમજ્યો નથી. આત્મવિકાસ માટેનો પુરુષાર્થ તો માત્ર પાપક્ષયનો પુરુષાર્થ જ છે. ગુણસ્થાનની વિકસિત દશાને જોઈએ, તો જીવ મોહનીયકર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી જ આગળ વધતો હોય છે. જે મોહનીય પાપરૂપ છે



તે પછી પણ જે જે પ્રકૃતિઓની નિર્જરા કરતો જાય છે તે પણ પાપ-પ્રકૃતિ જ. એટલે જીવને આત્મા માટે પુરુષાર્થ કરવાનો છે, પાપની નિર્જરા માટે જ. પુણ્યની નિર્જરા થઈ રહી છે કે નહીં તે તેને જોવાની જરૂર પણ નથી. નવમા ગુણસ્થાને જીવ પહોંચે એટલે પુણ્યપ્રકૃતિ આપોઆપ બંધમાં રોકાઈ જાય છે. વગર પુરુષાર્થે એ કામ તો ત્યાં પહોંચ્યા પછી થઈ જ જવાનું છે પણ પુણ્ય છોડવા જેવું છે એમ સમજીને શુભ કરણી રૂપ પુણ્યને છોડી દે તો પછી એના માટે રહેશે શું?

વિચારો બંધુઓ! દિવસ-રાતની યોગોની પ્રવૃત્તિઓને તપાસો! બધી જ પ્રવૃત્તિઓ ૧૮માંના કોઈ ને કોઈ પાપમય ભાવો સહિતની જ દેખાશે. ક્યારેક કોઈ ક્ષણે થોડા શુભ ભાવો આવી જતા હોય. તે સિવાય તો માત્ર પાપ અને પાપ. હવે નિશ્ચયનયથી ઊંધી માન્યતાવાળો જીવ એમ કહે કે પાપ બંધન છે તો પુણ્ય પણ બંધન છે. એક લોઢાની સાંકળ છે, તો બીજી સોનાની સાંકળ છે. આમ સમજી પુણ્યપ્રવૃત્તિ પર લાલ ચોકડી જ મૂકી દે, તો બચશે શું? પાપ કે બીજું કાંઈ? તો શું અધ્યાત્મશાસ્ત્રો પુણ્યને છોડવાનું જ્યાં કહે છે ત્યાં પાપપ્રવૃત્તિને આદરણીય કહે છે? અરે! મૂરખા જીવો! થોડું તો સમજો, કે શાસ્ત્રકાર ભગવંતો શું કહેવા માગે છે!

તેઓ કહે છે, શુભકરણીથી પુણ્યબંધ થાય છે. પણ તે ધર્મ નથી. પુણ્યને ધર્મ સમજી ત્યાં અટકી જવાનું નથી. પુણ્ય અને ધર્મના ભેદને સમજવો જોઈએ. પુણ્ય તે આશ્રવ છે. આશ્રવ છે ત્યાં બંધ છે. બંધ છે ત્યાં સંસાર છે. તેથી પુણ્યને જ ધર્મ ન સમજતાં તેની જ્યાં સુધી જરૂર છે ત્યાં સુધી તેને આચરી પછી છોડી દેવા યોગ્ય છે. આટલું તારી શ્રદ્ધામાં હોવું જરૂરી છે. અન્યથા પુણ્યને જ ધર્મ સમજતો જીવ શુભકરણી કર્યા કરશે. ત્યાંથી આગળ વધી સંવરરૂપ ધર્મને નહીં સમજે તો સંસારનો ચકરાવો નહીં ટળે. કારણ સંવર છે ત્યાં ધર્મ છે. સંવરથી નિર્જરા અને નિર્જરાથી મોક્ષ. આ દૃઢ પ્રતીતિ હોવી જોઈએ. અન્યથા શુભકરણી પણ જીવે અનંતીવાર કરી અને તે નિષ્ફળતા જ પામ્યો છે, ગંતવ્યને પ્રાપ્ત ન કરી શક્યો. ગંતવ્ય સ્થાનના પ્રયાણ માટે બધી અનુકૂળતા પુણ્ય કરી આપે, પણ માર્ગે ચાલવું તો સંવર કે નિર્જરા ધર્મથી જ થશે. જે માત્ર શુદ્ધ ભાવોનું જ ફળ છે. શુદ્ધ ધર્મના લક્ષ્ય વિનાનો શુભ ભાવ એટલે લક્ષ્ય વિનાનું તીર.

તો બંધુઓ! પાપને છોડવા પુણ્ય જરૂરી છે અને મોક્ષ પામવા પુણ્ય છૂટે તે જરૂરી છે. પણ તેને છોડવું પડતું નથી, સહજ છૂટી જાય છે. જ્યારે પાપ છોડવું પડે છે.

માટે જ શ્રીમદ્જીએ કહ્યું જે માત્ર શબ્દોમાં નિશ્ચયનયને સમજ્યો છે, તેના હાર્દને પામી શક્યો નથી તે જીવ સદ્ વ્યવહાર રૂપ ધર્મકરણીને છોડી દે છે. **લોપે સદ્ વ્યવહારને સાધન રહિત થાય.** અને સિદ્ધિને પામવાનાં જે સાધનો છે, તે સાધનોને નહીં સમજવાને કારણે સાધનવિહોણો થઈ ભ્રમમાં ભટકે છે.

માફ કરજો બંધુઓ! પણ કેટલાક લોકો, જે નિશ્ચયનયના અભ્યાસી પોતાને કહેવડાવે છે, તેઓ જ્ઞાનીના મર્મને સમજ્યા નથી. તેઓની વાણી કેટલી અસંસ્કારી હોય છે! જેઓ સામાયિક કરતા હોય તેને કહે સામાયિક તો શુભ આશ્રવ છે. છોડવા જેવો છે. 'ધૂળ પડી તમારી સામાયિકમાં' આવા શબ્દો જેના મુખમાંથી નીકળતા હોય તેને ધર્મી કહેવો કે અધર્મી? સમજુ કહેવો કે નાસમજ? પહેલી વાત તો એ છે કે જે ખરેખર ધર્મને સમજ્યો હોય, આત્માને સમજ્યો હોય, તેના મુખે આવી અસભ્ય વાણી નીકળે જ નહીં. પોતે શ્રેષ્ઠ અને બીજા હલકા એવું એના મનમાં કદી આવે નહિ અને બીજું સામાયિક જેવા ઉત્કૃષ્ટ સાધનની આવી અશાતના કરે નહીં. આ તો 'અધૂરો ઘડો છલકાય' એ ન્યાયે સમજ્યો ન હોય કાંઈ અને પોતે બહુ સમજુ છે એમ બતાવવા જતાં, પોતાના અંતરંગ ભાવોનું પ્રદર્શન થઈ જાય. સામાયિકમાં ધૂળ પડે શી રીતે? સામાયિક કરનાર બહુ વિચારીને ન કરતો હોય તો કદાચ એ સંવર રૂપે ન પરિણમે પણ એટલી વાર પાપ વ્યાપારથી તો અટકી ગયો ને? સામાયિક ન કરત તો કંઈક આરંભ-સમારંભનાં કાર્યો કરત તો તુલનાત્મક દૃષ્ટિએ સારું જ કર્યું ને?

હા, એ વાત ચોક્કસ છે કે આપણે વ્રત, નિયમ, પ્રત્યાખ્યાન વગેરે અનુષ્ઠાનો સમજીને આચરવાં જોઈએ. વગર સમજ્યે કર્યે જાય અને તેમાં જ સંતોષ માની લે તો તેમાં નિર્જરા રૂપ ફળ મળે નહીં. આત્મા કર્મભારથી હળવો થાય નહીં. સામાયિક કરું તો સમતા જાગવી જ જોઈએ. સમતા ન સધાતી હોય તો તેનો ખેદ વર્તે! કે આટલી સામાયિકો થઈ છતાં હજુ કેમ વિષમતા? રોજ ભગવાનના મંદિરે દર્શન-પૂજન માટે



જતો હોય, વીતરાગની પ્રતિમાને જોઈ વીતરાગતાનો અંશ પણ ન પ્રગટે, રાગ-દ્વેષ મંદ ન પડે તો તેનું તેને દુઃખ હોય! કે રોજ વીતરાગને પૂજું ને મારામાં કષાયની મંદતા કેમ નથી આવતી? જો આવા ભાવ વડે શુભ કરણી, વ્રત-અનુષ્ઠાનો થતાં હશે તો એક દિવસ એવો આવશે કે સર્વ અનુષ્ઠાનો સંવર રૂપ પરિણમશે અને પરિણામે નિર્જરા અને અંતે મોક્ષ થશે.

તો સદ્ વ્યવહારને લોપવાનો નથી પણ સમજીને આચરવાનો છે. જે સાધન આત્માની શુદ્ધદશાને પ્રગટ કરે તેના વડે સાધના કરવાની છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સાધન વગર સિદ્ધિ મળતી નથી. નાના એવા કાર્ય માટે પણ સાધન જરૂરી છે. તો આત્માને પામવા માટે બાહ્ય આભ્યંતર બન્ને પ્રકારનાં સાધન જોઈશે. આંતરસાધન છે ચેતનાની જાગૃતિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર; જીવ દેહનું ભેદવિજ્ઞાન, તો બાહ્ય સાધન છે વ્રતાદિ અનુષ્ઠાનો.

જાણો છો બંધુઓ! માત્ર જૈન પરંપરા જ નહીં પણ ભારતની અન્ય પરંપરાઓમાં પણ આત્માને કેન્દ્રસ્થાને રાખીને દર્શન-શાસ્ત્ર અને ધર્મ-શાસ્ત્રની ચર્ચા થઈ. એ જ ભારતનાં દર્શનોની વિશેષતા!

અહીં એક વાત કહી દઉં Eastern Philosophy અને Western Philosophyમાં આ જ મોટું અંતર છે. Esternમાં કેન્દ્રસ્થાને આત્મા છે. તેની આજુબાજુ દ્રવ્યોની ચર્ચા, તત્ત્વોની ચર્ચા, સ્વર્ગ અને નરકની ચર્ચા કર્મોની ચર્ચા, આત્મા અને પરમાત્માની ચર્ચા અને છેવટે આત્માની પરમાત્મા થવાના ઉપાયની ચર્ચા. આમ Eastern Philosophy આત્માને પરમાત્મા પદ સુધી પહોંચાડવાનો માર્ગ પ્રશસ્ત કરે છે. જ્યારે Western Philosophy માત્ર ભૌતિક સંસારની ચર્ચા કરે છે. જીવ શું છે? જગત શું છે? શેનાં બનેલાં છે? બન્નેનો સંબંધ શું છે? બસ, ઈતિશ્રી, ત્યાં આત્માના ભાવાત્મક દૃષ્ટિકોણથી કોઈ વાત ચર્ચવામાં આવી નથી.

તો હા, બંધુઓ! આપણે તો આત્માને પામવો છે અને એને પામવા માટેનાં સાધનો ભારતના સર્વ સંપ્રદાયોએ ભિન્ન-ભિન્ન વ્રત અનુષ્ઠાનો રૂપે બતાવ્યાં છે. જૈન હોય કે અજૈન, પ્રતિમા-પૂજનમાં વિશ્વાસ ધરાવતો હોય કે નહીં પણ સહુએ આત્માને પામવાના પુરુષાર્થને મહત્ત્વ આપ્યું છે. વળી આમાં એક વાત એ પણ સમજી લઈએ કે આ

ક્રિયાઅનુષ્ઠાનોની જે પરંપરા ચાલી છે તે મારા તમારા જેવા કોઈ સામાન્ય માણસોની ચલાવેલી નથી, પણ પ્રબુદ્ધ વિચારક અને સમર્થ સાધક આત્માઓએ બતાવી છે. તેથી તે આદરણીય અને આચરણીય જ છે તેમાં શંકા નથી.

હા, એ વાત ચોક્કસ છે કે આજે લોકો ક્રિયા-અનુષ્ઠાનોનો વિરોધ કરે છે. તેમાં જે સમજદાર લોકો છે તેની વાત પણ કાઢી નાખવા જેવી નથી. કારણ, વગર સમજ્યે ક્રિયા કરનારાઓના હાથમાં પ્રાણ વગરનાં કલેવર જ રહ્યાં છે. આજે ક્રિયાઓ ઘણી થાય છે. તપશ્ચર્યા આદિ ખૂબ થાય છે પણ ભાવરહિત, માત્ર ખોખાં. ક્રિયાના હાર્દને વિસરી જનારાઓએ, વગર સમજ્યે ક્રિયા કરી, ક્રિયાનું મૂલ્ય ઓછું કરી નાંખ્યું છે. લોકોના મનમાં અશ્રદ્ધા જન્માવી છે. તો એવા ક્રિયા કરનારાઓએ પણ સમજવું ઘટે કે વ્રત-નિયમ અનુષ્ઠાન તો એનું નામ કે જે કર્યા પછી જીવનમાં પરિવર્તન આવે, કષાયો મંદ પડે. આત્મલક્ષ્ય જાગ્રત થાય.

તો બંધુઓ! આમ સાધનને સમજી તેને જીવનમાં પ્રયોગરૂપે લાવવા જરૂરી છે. માત્ર નિશ્ચયનયને પકડીને બેસી રહેવાથી કંઈ નહીં વળે. પણ નિશ્ચયના લક્ષ્યે વ્યવહારને આચરી આત્માના શુદ્ધ સ્વરૂપને અહીં જ જાગ્રત કરી લઈએ.

બસ વિશેષ અવસરે.....

e

# પામે નહીં પરમાર્થને...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સ્વરૂપદશાની પ્રાપ્તિ કરાવે છે કે જેના વિના જીવ દિશાશૂન્ય થઈને રખડી રહ્યો છે. દશા વિના દિશાની પ્રાપ્તિ થતી નથી. આચારાંગસૂત્રના, પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં કહ્યું છે કે –

**एवमेगेसिं णो णायं भवइ, अत्थि मे आया उववाइए णत्थि मे**
**आया उववाइए के अहमसि, के वा इओ चुओ हिं पेच्चा भविस्सामि।**

કેટલાક જીવને એ જ્ઞાન નથી હોતું કે મારો પુનર્જન્મ છે કે નથી. મારો આત્મા પૂર્વભવમાં કોણ હતો અને અહીંથી મરીને બીજા જન્મમાં હું કોણ હોઈશ?

આપણું પણ એમ જ છે. ખબર નથી કે પૂર્વભવમાં ક્યાં હતા અને ત્યાં શું કર્યું? વિભાવોને વધારી સંસાર વધાર્યો કે સ્વભાવને સેવી સંસાર પરિમિત કર્યો? એટલું જ નહીં, અહીં આ જન્મ ધારણ કર્યા પછી પણ સત્સંગ, સત્શ્રવણ શ્રદ્ધા વગેરે બધા જ યોગો પ્રાપ્ત થયા પછી પણ આ પ્રશ્ન ક્યાં ઊઠે છે જીવને? પૂર્વે જ્યાં એકેન્દ્રિય કે જીવ-જંતુ કે પશુ-યોનિમાં જન્મ્યા, ત્યાં તો આ પ્રશ્નને અવકાશ નો'તો અને તેથી તેની વિચારણા પણ ન થઈ. પરંતુ અહીં માનવ થયા અને આ વાતો વારંવાર શ્રવણ થતાં, અંતરમાં એ જિજ્ઞાસા જાગી છે ખરી? શ્રદ્ધા થાય છે ખરી? કે 'હું કોણ હતો, શું હતો, ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ એ જાણું!'

તમે કહેશો, 'એ જાણવાની શી જરૂર છે? એ બધું ન જાણીએ તો શું બગડી જવાનું છે? અહીં સુખેથી જીવીએ છીએ, જીવનનો આનંદ માણીએ છીએ. મળેલા ભોગમાં મસ્ત છીએ. ન જાણ્યું તોય કંઈ વાંધો આવતો નથી!' બંધુઓ! દીર્ઘદ્રષ્ટા થઈ વિચારો!

પૂર્વે આ જીવે એક પછી એક ગતિઓમાં પરિભ્રમણ કર્યું છે, હંમેશાં

કરતો રહ્યો. જન્મ-મરણનું ચક્ર ચાલુ જ છે, અને આનું કારણ અંદર જીવમાં જ પડ્યું છે. આપણને કોઈ જન્માવતું નથી. કોઈ મારતું નથી. આપણે આપણા કારણે જ જન્મ-મરણ કરતા રહીએ છીએ. સુગતિનું કારણ પણ આપણે અને દુર્ગતિનું કારણ પણ આપણે. એ કારણોને જાણી લઈએ તો દુર્ગતિથી બચી શકીએ. દુર્ગતિ કોઈનેય ગમતી નથી.

ભગવાન મહાવીરે રાજા શ્રેણિકને કહ્યું તારે મરીને નરકમાં જવાનું છે. એ ના કહે છે ત્યાં બહુ દુઃખ હોવા છતાં પણ જવું પડ્યું, ત્યાં જવાનાં કારણોનું સેવન કર્યું હતું. તો બંધુઓ! પૂર્વભવોમાં જે જે જીવો દુર્ગતિમાં જઈ આવ્યા, તે કયા કયા કારણોથી ગયા હતા, એ જો જીવ જાણે તો પછી તેને છોડી શકે અને દુર્ગતિઓથી બચી શકે. માટે જાણવું ખૂબ જરૂરી છે. પણ જાણ્યું કોને કહેવાય?

**'ज्ञानस्य फलं विरतिः'**

પહેલાં જાણે અને જાણ્યા પછી ત્યાગે તે જ્ઞાન. જાણવા પછી પણ જો આચરણમાં ન ઉતરે તો તેનું નામ જ્ઞાન નહીં. આચરણમાં ઉતરવું એટલે કે જ્ઞાનદશા વ્યવહારમાં પ્રગટ થવી.

આપણે ત્યાં ચૈતન્યની દશાને, જડથી જુદી કરી બતાવતાં એક મહત્ત્વપૂર્ણ શબ્દનો પ્રયોગ થયો છે. તે છે 'ઉપયોગ.' ઉપયોગ એટલે જીવનો બોધરૂપ વ્યાપાર. જાણવું એ જીવનો અસાધારણ ગુણ છે. જીવ સિવાય બીજા કોઈ પણ દ્રવ્યોમાં જાણપણું હોતું નથી, તેથી સતત જાણવારૂપ જીવનો વ્યાપાર થાય, તે છે ઉપયોગ. તેમાં જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. વિશેષ રીતે જાણવું તે જ્ઞાન અને સામાન્ય રૂપે જાણવું તે દર્શન. આ બન્ને ઉપયોગમાં દરેક આત્મા સતત વર્ત્યા કરે.

જાણવું એ જીવનો સ્વભાવ છે. પણ જાણ્યા પછી એ રૂપ જીવનું પરિણમ્યા કરવું તે જ્ઞાનદશા. આવી જ્ઞાનદશા જે જીવમાં પ્રગટે તેના આચરણમાં, જે જાણ્યું છે તે આવ્યા વગર રહે નહીં. શુષ્ક જ્ઞાની જીવ બુદ્ધિથી બધું જ જાણી લે. 'આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન છે' એવું શબ્દમાં સ્વીકારી લે, પણ સાધનરૂપ વ્યવહારને છોડી દે. અને આત્માના શુદ્ધ, બુદ્ધ સ્વરૂપને પ્રગટ કરનાર, સમ્યગ્ વ્યવહાર જ છે એ માને નહીં તેની દશા ધોબીના કૂતરા જેવી થાય. નહીં ઘરનો, નહીં ઘાટનો. બન્નેમાંથી રખડે. એ દશાને બતાવતાં શ્રીમદ્જી કહે છે :



## જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
## પામે તેનો સંઘ જે, તે બૂડે ભવ માંહિ...૩૦...

માત્ર શાસ્ત્રો સંબંધી માહિતી પ્રાપ્ત કરી લીધી પણ જ્ઞાનદશા જાગ્રત ન થાય તે શુષ્ક જ્ઞાની. આવા જીવે વ્યવહારને છોડી દીધો છે અને નિશ્ચયને પહોંચ્યો નથી. તેથી તેનું જીવન ડોલતી નાવ જેવું હોય. તેને કોઈ દિશા મળે જ નહીં. દિશા પામવા માટે અંતરમાં જ્ઞાનદશા તથા સાધનદશા બન્નેની આવશ્યકતા છે. પણ એ દશા ન આવી હોય તો જડ શબ્દોને સહારે વર્તતો જીવ જડ ઈન્દ્રિયોના વિષયમાં જ લોલુપ હોય. મુખેથી વાતો જ્ઞાનની, વૈરાગ્યની કરતો હોય અને ઈન્દ્રિયોના એક પણ વિષયને છોડવા એ સમર્થ ન હોય. ભોગવતો જ રહે. ભોગની ભાવના પ્રબળ થતી જાય અને તેમાં જ ખૂંચી જાય.

વળી વ્યવહારને તો સર્વથા ત્યાજ્ય માનતો હોય. એટલે ધર્મકરણી કર્મબંધનું કારણ છે એવી પ્રરૂપણા કરી ભોળી જનતાને કુ-માર્ગે ચડાવી દે. બંધુઓ! જે લોકો એમ કહેતા હોય કે સામાયિક, પ્રતિક્રમણ, તપ-ત્યાગ આદિ કર્મબંધના કારણ છે. તેઓને પૂછીએ કે પૂજા-પાઠ-વંદન-ભક્તિ-સ્વાધ્યાય વગેરે કર્મબંધના કારણ છે કે નહીં? સમજ્યા વગરની વાતો કરનારને શું કહેવું? કર્મબંધ શાનો? સામાન્ય જનસમૂહ તો કર્મબંધ એટલે પાપબંધ આટલું જ સમજે છે. એને ખબર નથી કે કર્મબંધ શબ્દમાં પુણ્યબંધનો પણ સમાવેશ થઈ જાય છે. હવે જે બધી ધર્મ-કરણીને કર્મબંધનો હેતુ કહે છે ત્યાં પુણ્યબંધનો સંકેત છે.

આ કરણી કરતાં-કરતાં આત્મભાવમાં ન રહેવાય તો પુણ્યબંધ થાય છે, અને જેટલી પળો આત્મભાવમાં સ્થિર થયા એટલી કર્મનિર્જરા થાય છે. વાસ્તવિકતાએ આ બધી જ કરણી નિર્જરા માટે છે પણ જ્યાં સુધી જીવ આત્મભાવમાં સ્થિર થઈ શકતો નથી ત્યાં સુધી તેનાથી પુણ્યબંધ થાય છે. જીવે પ્રયાસ તો એ કરવાનો છે કે એ વધુ લાંબો સમય આત્મ-ભાવમાં રહે અને બધા જ ધર્મ-અનુષ્ઠાનના નિમિત્તે નિર્જરા કરે. પણ એ ન થાય તો કર્મબંધનું કારણ માની વ્યવહાર ઉડાડી દેવા જેવો નથી. પણ ભોળા માનવો માને કે આ તો સાહેબે કીધું છે અને સાહેબ કહે તે ખોટું હોય જ નહીં. માટે છોડો વ્યવહારને. આમ વ્યવહારને છોડી, સાધનવિહોણો થઈ જાય.

બંધુઓ! સાધન વિના સાધના શી રીતે થાય? અને સાધના ન થાય

તો સિદ્ધિ કેમ મળે? વ્યવહારિક જીવનમાં પણ જો કંઈક સાધવું છે તો સાધનો જોઈએ જ. અરે! એક સાધન જો ઓછું હોય તો કાર્ય જેવું થવું જોઈએ તેવું થાય નહીં. મારી બહેનો રસોઈ કરવામાં બહુ કુશળ હોય. બધાં જ સાધનો મળ્યાં પછી અગ્નિ ન હોય તો શું કરી શકે? અને જોઈતાં વાસણો ન હોય તો પણ શું થાય? એમ જે અને જેટલી સામગ્રીની આવશ્યકતા છે તે હાજર હોય તો જ કાર્ય થઈ શકે. એ જ રીતે આત્માને સાધવો છે તો તેનાં સાધનો બાહ્ય અને આભ્યંતર બન્ને જોઈશે જ. જેઓ વ્યવહાર છોડવા જેવો છે એમ કહે છે તેમની હામાં હા મિલાવી આપણે એને જો છોડી દઈશું તો શ્રીમદ્જી કહે છે કે ગળે પથ્થર બાંધીને ડૂબી મરવા જેવું થશે. પોતે અને પથ્થર બંને ડૂબે. બંધુઓ! આવા શુષ્ક જ્ઞાનીઓના સંગ જેને થાય તે પણ ડૂબે. માટે સાવધ રહેજો! ચેતતા રહેજો! આવા કુસંગે ન ચડશો! નહીં તો ક્યાંય પાર નહીં પામો. કારણ –

**એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;**
**પામે નહીં પરમાર્થને, અન્ અધિકારીમાં જ...૩૧...**

આવો જીવ પરમાર્થ પામવા માટે પાત્ર નથી. માટે મતાર્થી છે. પોતાના માનને પોષવા માટે જ તે બધું કરતો હોય. ધર્મનાં સાધનો, બધું જ અપનાવ્યું હોય પણ તેની પાછળનો ધ્યેય માત્ર 'હું કંઈક છું' એ ભાવને પંપાળવા માટે જ છે અને છતાં પોતાને ધર્મી માનતો હોય. અંદરમાં તો એટલું માન પડ્યું હોય કે ડગલે ને પગલે એ પોતાનું માથું ઊંચું કર્યા જ કરે, અને છતાં આપણે જગતને એમ મનાવતા હોઈએ કે મને જરા પણ માન નથી. ઉપરથી વિનમ્ર દેખાવાનો પ્રયત્ન કરતો માનવ અંદરથી હાડોહાડ અહંથી ભર્યો હોય.

અરે! માણસ પોતાનો ક્રોધ વ્યક્ત કરી દેતો હોય છે. એ સહુને કહેતો હોય કે મને બહુ ગુસ્સો આવે છે! ક્રોધ આવે પછી હું કોઈનો નહીં, તેના ક્રોધને કોઈ જાણી જાય તેની તેને બહુ પરવાહ નથી હોતી, પણ અહંને તો છુપાવતો જ ફરે. કોઈ જાણી ન જાય તેના માટે બહુ સાવધાન, અને એટલે જ સહુનો દાસાનુદાસ હોય એવું ખોટું પ્રદર્શન પણ કરે, પરંતુ અંદરમાં તો 'હું કંઈક છું' એ વાત કદી ભુલાતી ન હોય.

બંધુઓ! આ અહમ્ જ જીવને ભટકાવનાર છે. જીવનના સામાન્ય વ્યવહારમાં તો અહમ્ કરતા જ હોઈએ પણ ધર્મના ક્ષેત્રે કાંઈ પણ કરતાં



શીખ્યા, તેનું અભિમાન નિશદિન કરતા ફરીએ છીએ. સહુને બતાવતા ફરીએ અને માનનું પોષણ કરતા રહીએ છીએ. આવા જીવો પરમાર્થને પામવાના અધિકારી નથી હોતા.

વળી અહંકારી જીવની એક વિશેષતા એ હોય છે કે બીજાઓ સાથે એ પોતાની તુલના કરતો જ રહે. બીજાથી પોતે કંઈક ઊંચો છે એ માનવા, મનાવવાનો, પ્રયાસ કર્યા જ કરે.

ફ્રાન્સમાં ત્રણ દરજી હતા. ત્રણેયને દુકાન પેરિસની એક જ ગલીમાં, હંમેશાં ત્રણેય વચ્ચે સ્પર્ધા ચાલે. તેમાં ક્યારેક એક ફાવે, તો ક્યારેક બીજો, તો ક્યારેક ત્રીજો. હરિફાઈ માટે શું-શું કરવું તેના વિચારો હંમેશાં ત્રણેયનાં મગજમાં ચાલ્યા જ કરે.

એકવાર એક દરજીને એક તુક્કો સૂઝ્યો અને તેણે બીજા દિવસે સવારે પોતાની દુકાન પર બોર્ડ લટકાવી દીધું. 'ફ્રાન્સનો સર્વશ્રેષ્ઠ દરજી.' બીજા બે દરજીઓ સમય થતાં દુકાને આવ્યા. બોર્ડ જોયું અને પેટમાં તેલ રેડાયું. અરે! આ સર્વશ્રેષ્ઠ થઈને બેસી ગયો? આમાં આપણો ધંધો કેમ ચાલે? અને બીજાએ બીજા દિવસે યુક્તિ શોધી કાઢી. તેણે પણ બોર્ડ લગાવ્યું. 'પેરિસનો સર્વશ્રેષ્ઠ દરજી.' આ જોઈ ત્રીજાને તો દિલમાં આગ લાગી. મારો તો ક્લાસ જ ક્યાં રહ્યો? મને કોણ પૂછવા આવશે? એના ફળદ્રુપ ભેજામાં વિચાર ઝબક્યો. પેલો ફ્રાન્સનો શ્રેષ્ઠ છે, બીજો પેરિસનો શ્રેષ્ઠ છે, પણ આપણે તો એ બન્નેથી ચડિયાતા છીએ. એટલે તેણે ત્રીજા દિવસે સવારે મોટા સુંદર અક્ષરો ચીતરેલું બોર્ડ લગાવ્યું 'આ ગલીનો સર્વશ્રેષ્ઠ દરજી.' બેય કરતાં પણ આગળ વધ્યો.

બંધુઓ! વિચારો! કઈ વૃત્તિએ કામ કર્યું? તમે કહેશો, મહાસતીજી! ધંધો કરવો હોય તો આમ જ થાય. નહીં તો આગળ વધી ન શકીએ. ઠીક છે. ધંધાની વાત જવા દો. હું તમને પૂછું છું કે આપણે જો આવાં બોર્ડ લગાવી શકતા હોત તો શું કરત? કોના-કોનાથી આપણી જાતને શ્રેષ્ઠ પુરવાર કરવાનો પ્રયત્ન કરત? અત્યારે પણ જ્યાં-જ્યાં જઈએ છીએ, જેટલી વ્યક્તિઓની વચ્ચે હોઈએ છીએ, ત્યાં પણ આપણી જાતને તારવી લઈને સમજતા હોઈએ છીએ ને કે આ બધાં ભલે, પણ મારી જેવો કોઈ નહીં. પછી તમને જે ક્ષેત્રમાં રસ હોય, જે ક્ષેત્રમાં તમે કંઈક છો એમ માનતા હો, ત્યાં તમારાથી ઊંચો કોઈ નથી એવું માનો છો કે નહીં?

ધર્મના ક્ષેત્રે પણ આમ જ છે. કોઈ કહે છે અમે જે ક્રિયાઓ કરીએ છીએ એવી કોઈ ન કરી શકે! કોઈ કહે અમે નિયમમાં પાક્કા છીએ એવા કોઈ નહીં! કોઈ કહે અમે ભક્તિ કરીએ તો અલૌકિક! અમને જે ભાવો ભક્તિમાં આવે છે એવા કોઈને નહીં આવતા હોય! અરે! ભાવોની તુલના કરવાવાળો તું કોણ? તું જાણી શકે છે કોઈના ભાવને? ભાવ એ તો અંતરની ચીજ છે. બહારથી માપવાની ચીજ નથી! એમ સ્વાધ્યાય કરવાવાળા કહે, 'અમે સ્વાધ્યાય કરીએ એ તો અદ્‌ભૂત!' શું કરે જાણો છો? ૧૦-૨૦ ભાઈ-બહેનો ભેગાં થઈ કોઈ આધ્યાત્મિક ગ્રન્થનું વાંચન કરે અને કહે અમારો સ્વાધ્યાય તો જુઓ? કેવો કરીએ છીએ? તેઓને ખબર છે સ્વાધ્યાય એટલે શું? જેમાં સ્વનો અધ્યાસ થાય અર્થાત્ સ્વની પ્રતીતિ તે અધ્યાસ. તે અધ્યાસ જેમ-જેમ વધતો જાય તેમ-તેમ સ્વાધ્યાય થાય. પોતે પોતામાં સ્થિર રહે, સ્વાનુભૂતિની દશાને વેદતો હોય તે સ્વાધ્યાય. કોઈ આત્મા સ્વ-સ્વરૂપનું વેદન કરી રહ્યો છે તે કેમ દેખાય? એ જોવાનો વિષય છે? એ તો પોતે પોતામાં અનુભવતો હોય, બીજાને બતાવી ન શકે. એટલે કહે છે, જુઓ! અમે કરીએ છીએ તે ધર્મ. તો બંધુઓ! તે માત્ર બાહ્ય અનુષ્ઠાન સિવાય કશું નહીં. વળી તેની ઉપર અભિમાન કરે કે અમે કરીએ તે જ યોગ્ય છે.

માટે જ શ્રીમદ્‌જીને કહેવું પડ્યું કે એ જીવ પણ મતાર્થી છે. ભલે ધર્માનુષ્ઠાન કરે પણ મતાર્થી જ, અને તેવો જીવ પરમાર્થને પામવાનો અધિકારી નથી! બંધુઓ! કંઈ પણ પામવા માટે પહેલાં અધિકારી બનવું પડે છે. અધિકાર વિના વસ્તુ મળતી નથી. પછી તે ભૌતિક ક્ષેત્રે હોય કે ધાર્મિક ક્ષેત્રે. જેનો જેટલો અધિકાર હોય એટલું જ એ પામી શકે. અરે! સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠા જોઈતી હોય તો પણ યોગ્યતા જોઈએ.

આજે પાંચમાં પૂછાય કોણ? ધનવાન! ધન ન હોય તો કોણ ભાવ પૂછે? ભાવ પણ ન પૂછાય! ને એ જ વ્યક્તિ પાસે ધન આવે તો ખમ્મા-ખમ્મા થાય! ભાઈ-ભાઈ થાય! પણ એ જ વ્યક્તિ જો નિર્ધન થઈ જાય તો કોઈ પૂછે પણ નહીં કે ભાઈ! જમ્યો છે કે ભૂખ્યો છે? કારણ 'નાણા વગરનો નાથિયો ને નાણે નાથાલાલ' અર્થાત્ કોઈ પણ ક્ષેત્રમાં કંઈ પણ જોઈતું હોય, પામવું હોય તો, એ-એ પ્રકારની યોગ્યતા જોઈએ.

અહીં પરમાર્થ પામવાના અધિકારની વાત છે. કોણ પરમાર્થ પામી



શકે? જેના અંતરભાવમાં મુમુક્ષુતા પ્રગટી છે તે. પણ માત્ર કોઈ મંડળમાં તમારૂં નામ લખાવી દો, કે કોઈ મત-સંપ્રદાયમાં ભળી જાવ તેથી મુમુક્ષુ બની જવાતું નથી. એ માત્ર તે – તે પંથનું નામ છે. મુમુક્ષુતા એ તો અંતરદશા છે. જે અંદરમાં પ્રગટાવવી પડે છે, બહારના બિલ્લાથી કાંઈ ન થાય.

જેમ કે અહીં બેઠેલાઓમાંથી કેટલાક ભાઈઓ લાયન્સ ક્લબના મેમ્બર્સ હશે. તેથી તેમના નામ આગળ લાયન ઉપનામ લાગે, જે તે સંસ્થાનું પ્રતિક છે. પણ તમને લાયન ઉપનામ લાગવાથી તમે ખરેખર લાયન બની ગયા? જરા જોવા તો દો તમારૂં સિંહત્વ! થઈ ગયા સિંહ જેવા શૂરા? કે કૂતરાથી પણ ડરો? ગલીમા ચાલ્યા જતા હો ને પાછળ કૂતરો દોડે તો શું થાય? જરા પૂછો તો અંતરને? ક્યાં જાય તમારૂં લાયન ઉપનામ? તમે જ કહેશો મહાસતીજી! અમે અંદરથી તો બહુ ડરપોક છીએ, આ તો માત્ર લાયન્સ ક્લબમાં જોડાયા એટલે લાયન કહેવાઈએ! બાકી અંદર તો પોલમપોલ!

પ્યારા બંધુઓ! ખરાબ ન લગાડશો! પણ મુમુક્ષુતા માટે કે જૈનત્વ માટે પણ આમ જ છે. કોઈ મત-પંથ-સંપ્રદાયમાં ભળી જવાથી કે તેના આચાર-વિચારોનું અનુસરણ કરી લેવાથી મુમુક્ષુ કે જૈન નથી બની જવાતું, પણ આત્મામાં મોક્ષની અભિલાષા સિવાય અન્ય સર્વ આશા, તૃષ્ણા, લોભ, લાલસા કે અભિલાષા ન રહી હોય અર્થાત્ તીવ્રતમ ભાવે મોક્ષની એકમાત્ર ઈચ્છા વર્ત્યા કરતી હોય તે મુમુક્ષુ!

તો બંધુઓ! શ્રીમદ્‌જી કહે છે પરમાર્થને પામવાનો અધિકારી માત્ર મુમુક્ષુ જીવ જ છે. પણ જો મતાર્થીપણું જાય નહીં તો મુમુક્ષુતા પ્રગટે નહીં, અને મુમુક્ષુતા પ્રગટે નહીં તો પરમાર્થ પામે નહીં.

માટે જ એવા જીવ પર કરુણા લાવી શ્રીમદ્‌જીએ તેની ભૂલ બતાવી સત્ય રાહ બતાવ્યો જો જીવ સમજે તો માર્ગ પામે!

બાકી અવસરે.....

e

# એ મતાર્થી દુર્ભાગ્ય...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવની અનાદિની ભૂલને દૂર કરી સત્ય સમજણ આપે છે. વૃત્તિઓના વમળમાં ઘેરાયેલો જીવ આત્મિક દૃષ્ટિએ અનેક ભૂલો કરતો આવ્યો છે અને તેથી જ જીવ ભમ્યો છે.

જીવનના વ્યાવહારિક ક્ષેત્રે પણ કોઈ ભૂલ ચલાવી લેવાતી નથી. તેથી ત્યાં તો માણસ સતત સાવધાની રાખતો હોય છે. નાનાં-મોટાં કાર્યોમાં થયેલી ભૂલ તો કદાચ બહુ મુશ્કેલી ઊભી ન કરે, પણ સામાજિક દૃષ્ટિએ જો કંઈ ભૂલ થઈ તો, સમાજની નિંદા વહોરી લેવી પડે. અરે! ક્યારેક તો સમાજમાંથી ફેંકાઈ જાય! આવું ન થાય તે માટે ખૂબ જાગૃતિ સેવાતી હોય.

વળી જ્યાં ભૂલ છે. ત્યાં પરિણામ સાચું આવતું નથી. ગણિતનો એક દાખલો ગણો અને જવાબ બરાબર ન આવે તો તરત સમજી જાવ કે ગણવાની રીતમાં ભૂલ છે અને ફરી ગણો. તેમ જ જવાબ સાચો છે કે નહીં તે જોવા માટે તાળો મેળવો ને મળી જાય તો તમે સાચા! બંધુઓ! જેનો જવાબ સાચો તેની રીત સાચી, નહીં તો ખોટી! આ બધાં જ વ્યાવહારિક ઉદાહરણો આધ્યાત્મિક ક્ષેત્રે એટલાં જ ખરાં ઊતરે છે.

તીર્થંકરના સમોસરણમાં તેઓની સાક્ષાત્ વાણી સાંભળ્યા પછી પણ આ જીવ એવો ને એવો જ રહ્યો. ફરી એને આ પંચમકાળમાં જન્મવું પડ્યું. અહીં જન્મીને આધિ, વ્યાધિ, અને ઉપાધિનાં એ જ દુ:ખ રહ્યાં. એનું કારણ એ જ કે તીર્થંકરની ઉપાસનામાં ક્યાંક ભૂલ્યો હશે, રીત ખોટી હશે, તેથી જવાબ સાચો ન આવ્યો!



વર્તમાનમાં પણ હજુ એનું એ જ કરે છે. સદ્ગુરુનો યોગ, સત્સંગ વગેરે નિમિત્તો મળ્યા પછી પણ ફરી એ જ ભૂલો આચરી રહ્યો છે. તેથી જ આત્મલક્ષ્ય જાગ્રત થયું નથી. શ્રીમદ્જી એટલા માટે જ મતાર્થીનાં લક્ષણો બતાવી રહ્યા છે કે જીવ ક્યાં ક્યાં ભૂલ્યો છે?

શરૂઆતની ત્રીજી ગાથામાં બે પ્રકારના જીવો બતાવ્યા હતા. ૧ જડ ક્રિયાવાદી, ૨ શુષ્ક જ્ઞાનવાદી. તેમાં અસદ્ગુરુને સદ્ગુરુ માનવા, કુળ-ગુરુનું મમત્વ, સદ્ગુરુના યોગમાં વિમુખતાં, જિનેશ્વરના બાહ્ય રૂપમાં તેઓના સ્વરૂપની કલ્પના, દેવાદિ ગતિભંગને શ્રુતજ્ઞાન માનવું, પોતાના માનેલ મત – વેષથી જ મુક્તિનો આગ્રહ, આ બધી જડ ક્રિયાવાદીઓની ભૂલો, તથા માત્ર વાણીથી નિશ્ચયનયનું અવલંબન, સદ્વ્યવહારનો ત્યાગ, જ્ઞાનદશા કે સાધનદશાની અપ્રાપ્તિ તથા એ બધાનો શિરમોર અહમ્ આટલી શુષ્ક જ્ઞાનીની ભૂલો. આવી ભૂલને કારણે એ જીવો માર્ગને પામી શક્યા નથી.

બન્ને પ્રકારના જીવોની ભિન્ન-ભિન્ન પ્રકારે ભૂલો બતાવ્યા પછી હવે એ બન્ને ક્યાં ભૂલ્યા છે તે એક ગાથામાં બતાવે છે.

**નહીં કષાય ઉપશાંતતા, નહીં અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય...૩૨...**

સંતો નિષ્કારણ કરુણાભાવે આવા દુર્ભાગી જીવો પર કરુણા વરસાવે છે. પૂર્વકર્મના ઉદયે માર્ગ ભૂલેલા જીવોને જોઈ સંતોનાં સત્ત્વશીલ હૃદયમાં અનુકંપા ઊભરાય છે અને તેઓ કહે છે આ મતાર્થીનું દુર્ભાગ્ય છે.

બંધુઓ! આપણે આપણું દુર્ભાગ્ય ક્યારે અને શામાં માનીએ છીએ? ભૌતિક સંસારની સુખ-સુવિધા, ધન-સંપત્તિ, સંતાન-પરિવાર, યશ-કીર્તિ ન મળે તો તરત એમ થતું હોય છે કે આવા દુર્ભાગી છીએ, કેવા કમનસીબ છીએ, કે આ કે તે ન મળ્યું? સાંસારિક ઉપલબ્ધિઓની પ્રાપ્તિ એ જ સૌભાગ્ય! આવી માન્યતાએ, એ ન મળતાં આપણને અનેક વખત રડાવ્યા છે. પણ હું તમને પૂછું કે 'આત્મલક્ષ્ય જાગ્રત થતું નથી! સત્સંગનો નિત્ય યોગ મળતો નથી! મારા સતને જાગ્રત કરે

એવાં નિમિત્તો મળતાં નથી અથવા સત્ જાગ્રત થાય એવું મારું ઉપાદાન હું તૈયાર કરી શકતો નથી. આવા વિચારે કદી આંખમાં આંસુ આવ્યાં છે? એના માટે અંતરથી કદી પીડાયા છો? જો ન પીડાયા હો તો માની લેજો કે દુર્ભાગી છો! સંસારના પદાર્થો કે ધન ગમે તેટલું મળ્યા પછી પણ મહાદુર્ભાગી છીએ. જ્યાં સુધી અંતરવ્યથા જાગશે નહીં ત્યાં સુધી દુર્ભાગ્ય ટળશે નહીં અને સતનો સાક્ષાત્કાર પામી શકીશું નહીં.

શ્રીમદ્જી આવા દુર્ભાગી જીવને કેટલી જાતના અભાવો પીડા દેતા હોય તે સમજાવવા માગે છે. તેથી જ કહે છે કે આવા જીવના કષાયો ઉપશાંત થયા ન હોય. એ ભલે ઘણો ત્યાગ કરી લેતો હોય, વ્રત-નિયમ કરતો હોય, પણ કષાયો ઉત્પન્ન થાય એવાં નિમિત્તોનો ત્યાગ ન કરી શકતો હોય, જેટલાં નિમિત્ત આવે તે સહુમાં ભળી તે-તે રૂપે પરિણમતો હોય, કારણ એ છે કે તે જાણતો નથી હોતો કે, 'કષાય એ મારું સ્વરૂપ નથી. હું તો અકષાયી, નિર્વિકારી આત્મા છું. કષાયોનાં નિમિત્તો તો આવ્યા કરે પણ મારે ભળવું નથી.' આવો નિર્ણય તેના અંતરમાં આવ્યો ન હોય. કષાય ત્યાજ્ય છે તેમ માને તો જ તેનામાં નિશ્ચયાત્મક બળ જાગે અને તે શક્તિ કષાયોને ઉપશાંત કરે.

બંધુઓ! કષાયોને જીતવા માટે પુરુષાર્થ કરવો પડે છે. જીવનના પ્રાયોગિક ક્ષેત્રે, ડગલે ને પગલે આવતાં નિમિત્તો સામે અડગ રહેવું પડે છે. ક્રોધાદિનાં નિમિત્તો આવશે છતાં મારે એમાં ભળવું નથી; એવો નિશ્ચય અંતરમાં સતત વર્ત્યા કરતો હોય તો જીવન જીવતાં જેનાં સંપર્કમાં આવે, ત્યાં તે જાગ્રત રહીને નિમિત્તાધીન ન થાય, અને એમ ક્રમે-ક્રમે કષાયો મંદ થતા જાય. પણ આવી જાગ્રતિ કોણ સેવી શકે? જેના આત્મામાં સ્વલક્ષ જાગ્રત થયું છે એ. ન જાગ્યું હોય તે બધા જ મતાર્થીની કોટિમાં. જો આપણે કષાયોને મંદ પાડવાના પુરુષાર્થમાં ન લાગ્યા હોઈએ તો સમજી લેવું કે આપણું નામ પણ એ જ લિસ્ટમાં છે!

વળી 'નહીં અંતર વૈરાગ્ય' અહીં શ્રીમદ્જીને બાહ્ય નહીં પણ અંતર-વૈરાગ્ય અભિપ્રેત છે. તેઓ એક-એક શબ્દ તોળી-તોળીને મૂકે છે. બાહ્યત્યાગ કરવાવાળા તો ઘણા મળી રહે, પણ અંતરમાં ભોગ પ્રત્યે



ઉદાસીનતા આવી હોય તેવા માણસો તો બહુ ઓછા! ભોગાસક્ત જીવો ત્યાગ કરે તો પણ અંતરની આસક્તિ ન મટે! ક્યારેક એવું બને કે કોઈ ભાઈને પાન સાથે કિમામ ખાવાનું વ્યસન હોય, અને કોઈ કારણે તે ન ખાવાનાં પચ્ચક્ખાણ લેવાઈ ગયાં. લેતાં તો નિયમ લઈ લીધો. પણ અંદરનો રસ સુકાયો ન હોય તેથી મૂંઝવે અને પછી આવે અમારી પાસે, 'મહાસતીજી! ચાર મહિનાનાં પચ્ચક્ખાણ લીધાં છે અને હજી તો ચાર જ દિવસ ગયા. આ ચાર મહિના પૂરા કેમ કરવા? તો મહાસતીજી! તમે જ બાધા પળાવોને?' અરે! ભલા ભાઈ! મહાસતીજી તો બાધા કરાવે કે પળાવે? બાધા ભંગાવે? તો કહેઃ 'એમ કરો મહાસતીજી! આના બદલે બીજી બાધા આપી દો!' આમ અમને પણ મુશ્કેલીમાં મૂકે! જો કે અમે તો કોઈને પરાણે બાધા આપીએ જ નહીં. એ લઈ ગયો હોય પોતાના જ કોઈ કારણે, અને આફત ઊતરે અમારા પર!

બંધુઓ! આ શું છે? જીવની રસ લોલુપતા! તેથી બહારનો ત્યાગ કરે તો તેમાં ટકી શકે નહીં. મૂંઝાવું જ પડે. ખરેખર જો અંદરની ઉદાસીનતા આવી હોય તો ત્યાગ તો સહજ થઈ જાય. તેને કહેવું જ ન પડે. અરે! તેને પોતાને પણ ખબર ન પડે કે અમુક ચીજનો ત્યાગ ક્યારે, કેમ થઈ ગયો! માત્ર એક રસવૃત્તિની જ વાત નથી પણ ઈન્દ્રિયોના ભોગમાં લુબ્ધ જીવને ત્યાગ કેમ સંભવે? ખાવું-પીવું જ માત્ર નહીં પણ પહેરવું-ઓઢવું-હરવું-ફરવું આદિ વિષયો પણ મનને કેવા લોભાવતા હોય છે!

સમાજની એટીકેટીના નામે, ભોગ-લાલસાને પોષવાનાં સાધનો ભેગાં કરતા જ રહો છો. ભોગવી લેવાની ભાવનાનો અંત આવતો જ નથી. ભોગનો રસ જ્યાં સુધી છે ત્યાં સુધી વૈરાગ્યનો રસ અંતરમાં નહીં જામે. એક રસને છોડશો તો બીજો ઉત્તમ રસ આત્મામાં જાગ્રત થશે.

બંધુઓ! કેટલાક લોકો પૂછતા હોય છે કે શું ધર્મ કરવો હોય તો સાધુ થવું જ પડે? સંસારમાં રહી ધર્મ ન થાય? થાય, એની ના નહીં! પણ તમારી યોગ્યતાનો વિચાર કરી લેજો. સંસારમાં રહીને ભોગની ભૂતાવળો ચારે બાજુ પથરાયેલી છે, તેમાં રહીને, તેનાથી અલિપ્ત રહી

શકશો? જો ખરેખર રહી શકતા હો તો ગૃહસ્થ રહીને પણ ધર્મ-આરાધી શકશો. પણ એવા જીવો કેટલા? માટે જ ભારતની સર્વ ધર્મ પરંપરામાં સંસાર-ત્યાગનું મહત્ત્વ છે. સંન્યાસ સ્વીકારે એટલે સહજ એવું વાતાવરણ મળે કે જ્યાં ભોગોને ઉત્તેજક રસ ન મળે અને સમજણપૂર્વક જેણે સંયમ લીધો છે તે જ્ઞાન-દર્શનની આરાધના કરતો-કરતો પોતાની યોગ્યતા કેળવતો જાય ને છેવટે આત્માને પામી જાય!

એ સમજી લેજો કે સાધુનાં વસ્ત્રો પહેરી લેવાં તે સાધનાની સિદ્ધિ નથી, પણ સાધનાની શરૂઆત છે. આ વેષે તેને સાધના કરવાનો અવકાશ અને સંયોગ સારી રીતે મળી રહે માટે જ સંયમ લેવાનો છે. અને ધીરે-ધીરે અંતર વૈરાગ્ય-રસથી તરબોળ થઈ જાય છે.

પણ માત્ર વાતો કરનારો અને આવા સંયમને હેય સમજનારી વ્યક્તિ, અંદરના ઉદાસીન ભાવને વરી શકતો નથી અને ભોગની આસક્તિમાં જ ભવને ગુમાવી દે છે.

મતાર્થી સરળ ન હોય. આત્માર્થી બનવા માટેની પહેલી શરત છે સરળતા. જ્યાં સરળતા છે ત્યાં જ ધર્મ છે. શાસ્ત્રમાં કહ્યું છે.

**'सोही उज्जुय भूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ'**

ધર્મ સરળ હૃદયમાં જ ટકી શકે છે. તંત તૂટ્યા સિવાય સંત થવાતું નથી. બાળક જેવી નિર્દોષતા જેનામાં હોય તે જ સંત બની શકે. નિર્ગ્રંથ શબ્દ આ જ રહસ્યોનો સંકેત કરે છે. સરળતાની પહેલી ઓળખાણ એ છે કે, સરળ વ્યક્તિ પોતાના અવગુણ જુએ અને બીજાના ગુણ જુએ. બસ, આ બહુ જ સાદી ઓળખાણ. પૂછો અંતરને કે આમ કરીએ છીએ કે આનાથી ઊંધુ? પોતાના સદ્‌ગુણ અને બીજાના દુર્ગુણ જોવામાં જેટલી મજા આવે, તેટલી મજા મીઠાઈ ખાવામાં પણ આવે ખરી? જ્યાં સુધી આવી સંકુચિત વૃત્તિ પડી છે, ત્યાં સુધી સરળતા અંદરમાં રહી શકતી નથી. જેનામાં ગુણગ્રાહકતા છે, એ જ ધર્મ પામવાનો અધિકારી છે.

બુદ્ધિની વિશાળતા, કષાયોની ઉપશાંતતા, જિતેન્દ્રિયતા અને મધ્યસ્થતા જેનામાં છે તે જ મોક્ષમાર્ગને પામી શકે છે. બાકી તો સંસારમાં રખડી-



રખડી દુ:ખોમાં સબડવાનું જ રહે. બંધુઓ! લાકડી સીધી હોય તો ધ્વજ સહિત મંદિર પર ચડે. પણ વાંકી હોય તો ચૂલા સિવાય તેનું સ્થાન ક્યાંય નહીં, એમ જેનામાં સરળતા છે, નિષ્કપટતા છે, માયા-પ્રપંચના ભાવથી રહિત છે, તેવા જીવો જ આત્મવિકાસની ઉત્કૃષ્ટ દશાએ પહોંચે છે. પણ વાત-વાતમાં વાંકું પડતું હોય એવા માયાવી માણસો તો ધર્મ કરવાને પણ યોગ્ય હોતા નથી.

ધર્મની વાત તો પછી કરીએ, પણ જીવન-વ્યવહારમાં પણ વાંકા માણસો કંઈકને મુશ્કેલીમાં મૂક્તા હોય. તેની સાથે કંઈ પણ વાત કરો તે ઊંધા અર્થમાં જ લે અને ઝઘડો કરવા તૈયાર, સીધી વાતને સીધી રીતે સમજવાનો પ્રયત્ન જ ન કરે.

કાઠિયાવાડના નાના ગામડામાં, ગામની વચ્ચે ચોરો અને એક વૃદ્ધ માણસ ત્યાં બેઠા હતા. ત્યાંથી એક જુવાન નીકળ્યો અને એણે વૃદ્ધને સરળભાવથી પૂછ્યું:

''કાં બાપા! બેઠા છો ને?''

''તંઈ.... તું કે'તો હો તો ઊભો થઈ જાઉં!''

જુઓ, આ! ઊભા થવાનું કીધું કે એમને પ્રેમથી બોલાવ્યા? પણ સમજે આવા જીવો! અરે! એકવાર અમારે એવું થયું. એક બહેન બહારગામથી દર્શન કરવા આવ્યાં, આવ્યાં એટલે આવકાર આપવાના ભાવથી અમે પૂછ્યું.

''ઓહો! દર્શન કરવા આવ્યાં?''

''કેમ, કાંઈ અમારે ન અવાય?''

એવો છણકો કરી બહેન બોલ્યાં, કે અમે તો ચૂપ! અરે માવડી! તને એમ ન થાય કે મને કોઈએ ન બોલાવી, એટલે પૂછ્યું. એકવાર નહીં, ચાર વાર આવે તો પણ તને કોણ ના પાડે છે? જુઓ, આવી પ્રકૃતિના પણ લોકો હોય કે તેને સહજ ભાવે કહીએ તો ઊંધુ સમજે.

બંધુઓ! તમારા જીવન-વ્યવહારમાં પણ આવું બનતું હોય છે ને? અને આવા કારણે કેટલા ઝઘડા અને કેટલાં વેરઝેર? અને ક્યાં સુધી પહોંચે એ બધું? માત્ર એક સરળતાના અભાવે કેટલું ગુમાવવાનું રહે!

જીવન કેવું ઝેર થઈ જાય? વિચારો! વ્યવહારિક જીવનમાં સરળતા ન હોય તો તે આટલું નુકસાન પહોંચાડતી હોય તો એ આધ્યાત્મિક માર્ગે તો શું કરે? કેટલી હાનિ કરે? માટે જ સરળતાનું ન હોવું તે મતાર્થીનું લક્ષણ કહ્યું.

મતાર્થીનું અંતિમ લક્ષણ બતાવ્યું; મધ્યસ્થતાનું ન હોવું. મધ્યસ્થતા એ બહુ ઊંચો ગુણ છે. મધ્યસ્થ વ્યક્તિ મંદકષાયી અને પક્ષપાતરહિત બુદ્ધિવાળી હોય છે. તેના જીવનમાં સમતોલપણું હોય. ગમે તેવી પરિસ્થિતિમાં વ્યાકુળતા બહુ ઓછી આવે તેનામાં. નિરાકુળ વ્યક્તિ જ સત્યને સમજી જીવનમાં ઉતારી શકે છે. અનંતની યાત્રામાં સ્થિર રહી પ્રગતિ કરી શકે છે.

મધ્યસ્થ કોને કહીએ? કોઈ એક પ્રશ્નને લઈને જ્યાં બે પક્ષ પડી ગયા હોય, બન્ને પોતપોતાની જીદ પર મુસ્તાક હોય અને સમાધાન ન થતું હોય, સંઘર્ષ થવાની સંભાવના હોય ત્યારે બન્નેનું સમાધાન કરાવવા એક નિષ્પક્ષ ત્રીજી વ્યક્તિને લવાદ તરીકે બોલાવવામાં આવે, જે બન્ને પક્ષોની દલીલોને સાંભળી, કોઈ પણ એક પક્ષ તરફ ઝૂક્યા વગર ન્યાય આપે. જેમ કોર્ટનો Judge.

મધ્યસ્થને બીજા શબ્દમાં 'તટસ્થ' કહે છે. નદીના કિનારાને તટ કહેવાય. તટ પર ઊભેલા તે તટસ્થ. તે વ્યક્તિને પાણીનો સ્પર્શ નથી થતો. નથી શીતલતાનો સ્પર્શ થતો કે કદાચ સૂર્યના તાપથી પાણી ગરમ થઈ ગયું હોય તો નથી પાણીની ઉષ્ણતાનો સ્પર્શ થતો. વહેતા પ્રવાહમાં પોતે વહી જતો નથી. પાણીમાં ઊઠતા તરંગની અસર તેના પર નથી થતી કે નદીમાં ક્યાંય ઊંડું પાણી હોય અને પાણી ઘૂમરી લેતું હોય તો તેમાં ડૂબી જવાનો ભય પણ તેને નથી. નદીના તટ પર ઊભેલી વ્યક્તિને બધી જાણ છે છતાં નદીની કોઈ પણ સ્થિતિની અસર નથી. નહીં સારી, કે નહીં માઠી.

બસ, આમ જ સ્વભાવથી સંસારભાવના તટ પર ઊભેલી વ્યક્તિને દુન્યવી પ્રલોભનો કે સારાં-નરસાં નિમિત્તો અસર કરી શકે નહીં, એ રાગ-દ્વેષના પરિણમન રૂપ બની શકે નહીં, એટલું જ નહીં, વ્યવહારમાં પણ જ્યાં તેને એમ લાગે કે બોલવા જેવું છે ત્યાં જ બોલે અને અહિત



થવાની સંભાવના દેખાય તો મૌન થઈ જાય. તેવા સંયોગથી પર થઈ જાય. મધ્યસ્થ વ્યક્તિ વિવેકી હોય. જીવનના સર્વક્ષેત્રમાં એ વિવેકબુદ્ધિને આગળ કરીને જ ચાલે અને તેથી જ તેને આધ્યાત્મિક માર્ગે જડ-ચેતનનો વિવેક થતાં ભેદવિજ્ઞાન પ્રગટે.

પણ અહીં શ્રીમદ્જી કહે છે બિચારા મતાર્થીનું એ દુર્ભાગ્ય છે કે આવા આત્મસાધક ગુણો આ જીવમાં હોતા નથી. અને તેથી જ સંસારસાધક ભાવોમાં સતત તેની વર્તના હોય, છતાં શ્રીમદ્જીને વિશ્વાસ છે કે મતાર્થી જીવમાં પણ જો ઉગે, તો તે પણ જરૂર પોતાના દોષોને જોઈ દૂર કરી શકે છે અને આત્માર્થી બની શકે છે. તેથી જ તેઓ કહે છે:

**લક્ષણ કહ્યાં મતાર્થીના, મતાર્થ જાવા કાજ;**
**હવે કહું આત્માર્થીના, આત્મા અર્થ સુખ સાજ...૩૩...**

ગાથા ૨૪થી ૩૩ સુધી શ્રીમદ્જીએ મતાર્થીનાં લક્ષણો બતાવ્યાં કે જેથી મતાર્થી જીવ જાગ્રત થાય. પોતે ક્યાં છે, એની જેને ખબર નથી, તેને સન્માર્ગે ચાલવું જરૂરી છે એ પણ કેમ સમજાય? આટલું કહ્યા પછી, જેની ભવિતવ્યતા તૈયાર થઈ હોય, એવી વ્યક્તિ જરૂર અંતરમાં વિચાર કરતી તો થઈ જ જાય કે મારી વૃત્તિઓમાં, મારી માન્યતામાં ક્યાં ભૂલ છે? હું ભ્રમણામાં છું અને તેમાંથી નીકળવું મારા માટે અતિઅતિ આવશ્યક છે. તે જાગે તો પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ તરફ એને પોતાને જ ઘૃણા જન્મે. કદાચ એ ગૃહસ્થાશ્રમમાં રહી શ્રાવક કે મુમુક્ષુ કહેવાતો હોય અથવા સંસાર ત્યાગી સાધુ બની ગયો હોય પણ ખોટા રાહે હોય તો તેને સાવધાન કરવા, આંધળી દોટથી રોકવા માટે, તેને તેની સ્થિતિ સમજાવવી જરૂરી છે, અને સમજાય તો અંદરથી પશ્ચાતાપ જાગ્યા વિના રહે નહીં. તેથી જ આવા એક આત્મ-ગવેષી આચાર્યે ગાયું છે.

**ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,**
**ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,**
**વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું,**
**સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું.**

આત્મવંચક જીવ જ્યારે પોતાના સાચા સ્વરૂપને સમજવાની વૃત્તિવાળો થાય ત્યારે વર્તમાનમાં જે રીતે જીવી રહ્યો છે, લોકોને ઠગી રહ્યો છે, તે પોતાનાથી જ સહન ન થાય. તેથી એ આત્મા અને પરમાત્મા બન્નેની સમક્ષ એકરાર કરતો થઈ જાય. તેને ખેદ ઉત્પન્ન થાય અને અંતે ક્રમે ક્રમે એ માર્ગે વળે.

આવા જીવો ઉપર ઉપકાર કરવાની દૃષ્ટિએ જ શ્રીમદ્‌જીએ અહીં મતાર્થીનાં લક્ષણો કહ્યાં.

એ લક્ષણો બતાવ્યા પછી, મતાર્થી મટી જે આત્માર્થી થયો છે, જેને આત્મલક્ષ્ય જાગૃત થયું છે, તેવા આત્માર્થી જીવ કયા કયા સુલક્ષણોથી સહિત હોય તે પણ બતાવે છે, અને જે સદ્‌ગુણો આત્માનો વિકાસ સાધી, અનંત સુખની પ્રાપ્તિમાં અનન્ય સાધનભૂત છે અને જે જીવનું પરમ સૌભાગ્ય છે, તે પણ બતાવશે.

તો હવે આત્માર્થી જીવ કેવી યોગ્યતા ધરાવતો હોય, તેની શ્રદ્ધા માન્યતા કયા કયા પ્રબળ ભાવે પડી હોય તે અવસરે.

e

## ....વર્તે આજ્ઞા ધાર !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માના અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરાવે છે. પુણ્યના યોગે મળતું સંસારી સુખ તો મળ્યા પછી ચાલ્યું પણ જાય, વચમાં વિક્ષેપ પણ પડે, એકવાર સુખ પ્રાપ્ત થયા પછી, દુ:ખ પણ આવે, પરંતુ આરાધનાના ફળસ્વરૂપે મળેલ આત્મિક સુખ અનંત અવ્યાબાધ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે જ.

અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અવ્યાબાધ સુખની પ્રાપ્તિના પ્રબળ પુરુષાર્થમાં જે વર્તી રહ્યા છે, એવા મુનિ જ સદ્‌ગુરુનું સ્થાન પ્રાપ્ત કરી શકે એમ કહ્યું છે.

**આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**

**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય...૩૪...**

આત્મસાધનાના માર્ગે સદ્‌ગુરુની અનિવાર્ય આવશ્યકતા છે. આત્માર્થી જીવની શોધ એવા સદ્‌ગુરુ માટેની જ હોય કે જેઓ આત્મસાક્ષાત્કારી સંત હોય, પોતે આત્માને અનુભવ્યો હોય અને અન્યને અનુભવ લક્ષ્યે માર્ગ બતાવી શકતા હોય. સ્વામી વિવેકાનંદ આવા ગુરુની શોધમાં જ હતા. અને અનેક સંતોને મળ્યા પછી આત્મજ્ઞાની સંત શ્રી રામકૃષ્ણ દેવમાં જ એમનું હૈયું ઠર્યું અને તેમને ગુરુરૂપે સ્વીકાર્યા.

અહીં પણ એ જ કહેવામાં આવ્યું. આત્મજ્ઞાન છે ત્યાં જ મુનિપણું સંભવી શકે. જેમણે આત્મા અને શરીરની ભિન્નતાને વેદી નથી, તેઓને જ્ઞાની કહી શકાય નહીં. કારણ આત્મજ્ઞાન થયા પછી જ, મુનિદશા પ્રગટ થાય. આ શાસ્ત્રમાં જ શરૂઆતમાં જ્યાં સદ્‌ગુરુનાં પાંચ લક્ષણો બતાવ્યાં ત્યાં પ્રથમ લક્ષણ જ આત્મજ્ઞાન કહ્યું છે. વળી આચારાંગસૂત્રમાં

પાંચમા અધ્યયનમાં પણ કહ્યું છે —

**जं सम्मं ति पासह, तं मोणं ति पासह,**
**जं मोणं ति पासह, तं सम्मति पासह,**

જ્યાં સમ્યક્ત્વ છે ત્યાં મુનિધર્મ છે અને જ્યાં મુનિધર્મ છે ત્યાં નિશ્ચય સમ્યક્ત્વ છે.

સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી, બાહ્યવેષ રૂપે મુનિ ભલે થઈ ગયા હોય, પણ અંતરમાં મુનિદશા પ્રગટ થવી જોઈએ તે ન થાય. ગુણસ્થાનના વિકાસ ક્રમમાં એ જ બતાવ્યું છે કે અનાદિનો મિથ્યાત્વી જીવ, પહેલાં સમ્યકત્વને સ્પર્શે પછી જ તેનામાં સર્વવિરતિ રૂપ મુનિદશાનાં પરિણામ જાગે. કોઈપણ જીવ સમ્યક્ત્વ પામ્યા સિવાય, છઠ્ઠા ગુણસ્થાને પહોંચી શકે નહીં. ગુણસ્થાન એ જીવની ક્રમશઃ વિકાસ પામતી આત્મદશા છે. એ કોઈ પગથિયાં કે પદવી નથી કે વચલાં પગથિયાં છોડી સીધા ઉપર ચડી જવાય. ક્રમશઃ જેમ-જેમ કર્મોનો ક્ષય, ઉપશમ થાય છે તેમ-તેમ આત્મશુદ્ધિ થતાં આત્માનું શુદ્ધ સ્વરૂપ આવિર્ભૂત થતું જાય છે. માટે જીવ પહેલાં ભેદવિજ્ઞાન કરે, પછી જ મુનિપણું આવે. અનાદિનો મિથ્યાત્વી જીવ સીધો મુનિદશા પામી ગયો હોય એવું બન્યું જ નથી.

મુનિદશા એટલે અંતર-આત્મા. જ્ઞાનીઓએ આત્માની દશાઓની દૃષ્ટિથી ત્રણ પ્રકારના આત્માઓ કહ્યા. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. આનંદઘનજી મહારાજ આ દશાનું વર્ણન કરે છે.

**આતમબુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો,**
**બહિરાતમણધરૂપ, સુજ્ઞાની**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો,**
**અંતર આતમ રૂપ સુજ્ઞાની...સુમતિ...**

જેને જીવના સ્વરૂપનું ભાન નથી, દેહને જ આત્મા માની, દેહ તે જ હું એવી ભ્રમણામાં ભૂલ્યો છે અને દેહના અર્થે જ જેની સકળ પ્રવૃત્તિ છે તે બહિરાત્મા. વળી દેહને હું માનનારો, આત્માથી સંસારનાં સર્વ દ્રવ્યો પર છે; એવું જ્ઞાન ન હોવાના કારણે, પરદ્રવ્યોમાંથી તેને આસક્તિ ઊઠતી નથી. પરદ્રવ્યોમાં જ પોતાના સુખની કલ્પના તેને હોય છે અને તેના સર્વ પ્રયત્નો પરમાંથી સુખ મેળવી લેવાના રહે છે. આ અવળી દૃષ્ટિ તેને સત્ સમજવા દે નહીં. તેથી તેનું મિથ્યાત્વ હટે નહીં. મિથ્યાત્વ



હટે નહીં તેથી વિષયો પ્રત્યેનું આકર્ષણ ઓછું થાય નહીં. વિષયોના સેવનમાં જ એની સર્વ વૃત્તિ રોકાયેલી પડી હોય. આનંદઘનજી મહારાજે એક અન્ય પદમાં કહ્યું:

**સયલ સંસારી ઈન્દ્રિયરામી**

સર્વ સંસારી અર્થાત્ બહિરાત્મ જીવો ઈન્દ્રિયના રસમાં જ રાચતા હોય. તેથી પળે પળે પાપનો બંધ કરી અનંત સંસાર વધારતા હોય. આવા જીવો મિથ્યાત્વ ગુણસ્થાને જ હોય. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં અજ્ઞાન છે અને તે જીવને રખડાવનાર છે, જ્યારે જીવનો પુરુષાર્થ ઊપડે અને મિથ્યાત્વ રૂપ અંધકારમાંથી પ્રકાશ તરફ આવે ત્યારે તેને સમ્યક્ત્વનો સ્પર્શ થાય છે. દેહ તે હું નહીં પણ દેહથી જુદો હું ચેતનદ્રવ્ય છું એવી આત્મપ્રતીતિ એને થાય.

સમ્યક્દર્શનની પ્રાપ્તિથી જીવની અંતરાત્મ દશાનો પ્રારંભ થાય છે. આજ સુધી કાયાના અર્થે પ્રવૃત્તિ હતી, તેમાં જ આસક્ત હતો. તે દૃષ્ટિ બદલાઈ જાય અને દેહ, ઈન્દ્રિય, મન આદિની ક્રિયાઓનો તે સાક્ષી થઈ જાય. માત્ર સાક્ષીભાવે દેહમાં રહે. દેહની ક્રિયાઓમાં, દેહના સુખ-દુ:ખમાં ભળે નહીં. એ સુખ-દુ:ખને પોતાનાં સમજે નહીં. જે કંઈ પીડા, વેદના, સુખ-દુ:ખ થઈ રહ્યું છે તે દેહમાં થાય છે. હું દેહથી જુદો છું. દેહ તે હું નથી. એમ દેહને-પરદ્રવ્યને જાણતો થાય એટલે પરદ્રવ્યમાં જે પોતાની સુખની કલ્પના હોય તે છૂટી જાય. પોતાનું સુખ પોતામાં જ છે. અન્ય દ્રવ્ય કે અન્ય વ્યક્તિમાં નથી જ એવો દૃઢ વિશ્વાસ, દૃઢ શ્રદ્ધા વર્તે. તેથી સર્વ વિષયોની આસક્તિ છૂટી જાય. માત્ર આત્મભાવની રમણતામાં જ રમે.

આનંદઘનજીએ કહ્યું:

**મુનિગણ આતમરામી રે,**
**મુખ્યપણે જે આતમરામી**
**તે કેવલ નિષ્કામી રે....શ્રી શ્રેયાંસજિન**

ચોથા ગુણસ્થાનથી વધતી વિકાસદશામાં આગળ વધતો મુનિ છઠ્ઠે, સાતમે, આઠમેથી બારમે સુધી, જ્યાં જ્યાં સ્થિતિ હોય ત્યાં આત્મરમણતા સિવાય અન્ય દશા ન હોય અને તે આત્મરમણતાની ગંભીરતા અને

સ્થિરતા વધતી ચાલે, જે કેવળજ્ઞાન સુધીની દશા સુધી પહોંચાડે.

કેવળજ્ઞાન થયા પહેલાંની આત્માની જેટલી અવસ્થાઓ એ બધી જ અંતરાત્મભાવની. ચોથા ગુણસ્થાનથી લઈ બારમા ગુણસ્થાનમાં વર્તતા, નિષ્કામી, ભેદ-વિજ્ઞાની મહાત્માઓ બધા આત્મભાવમાં જ મગ્ન હોય. આત્માનો જ્ઞાતા-દ્રષ્ટા ભાવ કે જે આખાયે જગતને માત્ર સાક્ષીભાવે જાણે, જુએ છે, તે પળ-પળની પ્રવૃત્તિમાં પ્રાદુર્ભૂત થઈ ચૂક્યો હોય. આ અંતર આત્મદશા એટલે જ મુનિપણું.

અને ત્રીજી દશા તે પરમાત્મદશા. કેવી હોય તે દશા? આનંદઘનજી મહારાજના જ શબ્દોમાં –

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,**
**વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;**
**અતીંદ્રિય ગુણગણમણિ આગરુ,**
**એમ પરમાતમ સાધ, સુજ્ઞાની....સુમતિ....**

જેઓ નિત્ય અનંતજ્ઞાનના આનંદની અવિરત અનુભવદશામાં ઝૂલી રહ્યા છે. સંસારના સર્વ આનંદો અંતરથી વિરમી ગયા છે. આત્માની સર્વ વિશુદ્ધ દશા, અત્યંત-અત્યંત નિર્મળતાને ભજે છે. આખોયે સંસાર અને સાથે આ દેહ, એ સર્વ ઉપાધિ છે. આવી ઉપાધિઓ જેને સહજ રૂપે છૂટી ગઈ છે. દેહ હોવા છતાં પણ છે કે નહીં એની જેને જાણ નથી. વળી અતિન્દ્રિય સુખની અનુભૂતિ અને ઈન્દ્રિયાતીત દશાના કારણે આત્માના સર્વ મૌલિક ગુણોનું પ્રાગટ્ય પ્રત્યક્ષ અનુભવમાં વર્તે છે તેવા સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુ એ જ પરમાત્મા.

આ છે જીવની ચરમ અને પરમ અવસ્થા. અનાદિથી આ જીવ બહિરાત્મભાવમાં જ પડ્યો છે, પણ તેનું ચરમ ધ્યેય છે પરમાત્મભાવ. ત્યાં પહોંચવા માટેનો સેતુ છે અંતરાત્મભાવ. અંતરાત્મભાવની દશાનો અનુભવ લીધા વિના પરમાત્મ દશાની પ્રાપ્તિ અસંભવ છે. વળી અંતરાત્મદશા એ જ પુરુષાર્થદશા છે. સ્વનો પુરુષાર્થ પ્રગટ્યો ન હોય ત્યાં સુધી અન્ય વિકલ્પોની સંભાવના પણ છે. તેથી જ આત્માર્થી જીવને અંતરાત્મદશાને પામેલા મહાન સમર્થ સાધક જ સદ્ગુરુ રૂપે જોઈએ. એ ન મળે તો પુરુષાર્થ માર્ગની પ્રેરણા પ્રાપ્ત થાય નહીં.

તેથી જ આત્માર્થીની ગુરુવિષયક શ્રદ્ધા, આવા મુનિમાં જ હોય.



અને તેઓના ચરણશરણમાં અર્પણતાપૂર્વક વર્ત્યો જાય. પણ તે કદાગ્રહી ન હોય. સત્યનો આગ્રહ તો સર્વ જીવોને હોવો જરૂરી છે પણ જ્યાં અસત્યાગ્રહ આવ્યો કે જીવની પતનદશાનો પ્રારંભ થાય છે. માટે જ શ્રીમદ્જી કહે છે કે આત્માર્થી જીવ ખોટી પકડ રાખી, કુળ-પરંપરાના ગુરુને જ ગુરુ માનીને તેમાં પોતાના મમત્વને પોષતો ન રહે. હા, એ ગુરુ પણ મુનિદશામાં વર્તતા હોય તો એને માને. પણ મારી પરંપરાને નહીં છોડું એવો કદાગ્રહ આત્માર્થીને ન હોય. કારણ આત્માર્થી ગુણપૂજક હોય, વ્યક્તિપૂજક ન હોય. જેને મુનિદશા પ્રગટી છે એ આત્મજ્ઞાની છે. એમ શા માટે કહ્યું?

આપણી પરંપરામાં મુનિને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવાનું છે. તેમાં પ્રથમ મહાવ્રત અહિંસાના પાલનનું. તેમાં ઈર્યા ભાવના કહી અને સમિતિઓમાં પહેલી ઈરિયાસમિતિ કહી, જે ચાલતાં શીખવે છે. મુનિ માટે પ્રભુએ આજ્ઞા કરી કે જ્યારે ચાલે ત્યારે નીચું જોઈને, ધોંસરા પ્રમાણ દૃષ્ટિ રાખીને ચાલે. રસ્તે ચાલતાં કોઈ પણ જીવ, એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીનો પગ તળે આવી ન જાય, તેની વિરાધના ન થાય, તેની રક્ષા માટે સતત જાગ્રત રહે.

રસ્તે ચાલતા મુનિ પ્રભુએ ફરમાવ્યું તેમ જ ચાલે. કોઈપણ જીવની વિરાધના ન થાય માટે પૂર્ણ જાગ્રત રહે, તો તેણે પ્રભુની આજ્ઞાનું યથાર્થ પાલન કરી લીધું એમ સમજી લેવાનું? હા, બાહ્ય દૃષ્ટિએ આટલી સાવધાની પછી આત્મામાં સહજ રૂપ ઉપયોગવંત એ રહેતા હોય. વળી સર્વ આત્મા સમાન છે. એકેન્દ્રિયાદિ જીવોમાં પણ પરમાત્માનો વાસ છે. તેમ મુનિને સર્વ હાલતા-ચાલતા જીવોમાં માત્ર આત્મા દેખાય અને એ આત્મા પરમાત્મા થવા સર્જાયેલો છે એવી વિચારધારા અંતરમાં સ્ફુરાયમાન થયા કરતી હોય એના કારણે વિશ્વના સર્વ આત્માઓ સમાન છે, એવી સમત્વ દૃષ્ટિ અંતરમાં ઉદ્ભવતી હોય તો પ્રભુની આજ્ઞા યથાતથ્ય રૂપે જીવનમાં ઉતરી છે, તેમ માની શકાય.

અરે! સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિ જેને લાધી છે તે એક કીડીને પણ હરતી-ફરતી જુએ કે તરત તેને એમ થાય કે આ નાનકડા શરીરમાં વર્તતો આત્મા ક્યારે પરમાત્મ ભાવે પરિણમી જશે, તેની ખબર નથી. આજે જંતુ છે, કાલે એ માનવ બની મોક્ષે પધારી જશે, ને હું સંસારમાં

ભટકતો હોઉં એમ પણ બની શકે! ભગવાન મહાવીરે ભરવાડના ધાબળામાં 'જૂ' ના ભવ કર્યા, ત્યારે એ ભરવાડને ખબર હશે કે તુચ્છ જંતુ રૂપે જેનો પર્યાય પ્રગટ થયો છે તે જ આત્મા પરમાત્મદશાને પ્રગટ કરી લેશે!

તો બંધુઓ! મુનિનાં વ્રતોનું પાલન, આત્મામાં આવી દશા પ્રગટાવે છે. સ્વના અનુભવથી, સર્વના આત્માને સમાન રૂપે જાણે છે અને તેથી જ તેઓ આત્મજ્ઞાની છે. બસ, આવી આત્મજ્ઞાની દશા પોતાના કુળગુરુમાં હોય તો જ તેમને માને, અન્યથા તેમનો ત્યાગ કરી, સાચા ગુરુની શોધ કરી તેઓના ચરણ-શરણમાં સર્વસ્વ અર્પણ કરી દે.

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞા ધાર....૩૫....**

અનંત પુણ્યનો રાશિ ફલિત થાય ત્યારે માનવજન્મ મળે અને પુણ્યાનુબંધી પુણ્ય જાગે ત્યારે સદ્‌ગુરુનો યોગ મળે. જાગ્રત આત્મા મળેલા સદ્‌ગુરુના યોગનું મૂલ્ય સમજે અને સદ્‌ગુરુએ કરેલા પરમ ઉપકારને, કૃતજ્ઞતાપૂર્વક હૃદયમાં યાદ રાખે. જ્યારે અસીમ દયાનિધાન ગુરુ શિષ્યને આંગળી પકડી રાહે ચડાવતા હોય, ત્યારે ગુરુદેવે કરેલા પરિશ્રમને શિષ્ય ભૂલે નહીં. નિત્યપ્રતિ શિષ્યના મનમાં ગુરુદેવ પ્રત્યે અહોભાવ રહે. એ વિચારે, ગુરુદેવ! આપ નો'તા મળ્યા એટલે જ આજ સુધી ભટક્યો. હવે ભટકવાનો અંત આવ્યો. આપે પથ સુઝાડ્યો, જે પથ મને મુક્તિ સુધી પહોંચાડશે. બસ, હવે તો માત્ર આપના ચરણમાં મારા ત્રણે યોગો સમર્પિત કરી દઉં છું. એ સિવાય બીજું કશું જ નહીં. ના, કશું જ નહીં.

મીરાંએ પણ ગાયું —

**મોહે લાગી લગન ગુરુ ચરનનકી (૨)**
**ચરન બિના મોહે કછુ નહીં ભાવે**
**જગ માયા સબ સપનકી...(૨)....મોહે**
**ભવસાગર સબ સુખ ગયો હે**
**ફિકર નહીં મોહે તરનનકી....(૨)....**
**'મીરાં કહે પ્રભુ ગિરધર નાગર**
**ઉલટ ભયી મોરે નયનનકી....(૨)....મોહે**



મન, વચન, કાયાથી ગુરુની, ગુરુના ચરણની જ લગની. ચરણ છોડીને ક્યાંય દૂર જવું નથી. મન કે તન ચરણના સાનિધ્ય સિવાય એક પળ પણ રહેવા માગતાં નથી. આખા સંસારની સર્વ આસક્તિઓ એક ક્ષણમાં સ્વપ્ન જેવી ભાસવા માંડે. સંસારને જોવાની દૃષ્ટિ બદલાઈ ગઈ. જગતનાં મૂલ્યો વિસરાઈ ગયાં. દેહ અને ઈન્દ્રિયાદિના સર્વ વિષયો એની મેળે જ સુકાઈ ગયા. ગુરુના ચરણ-શરણનું સાંનિધ્ય કેવું જબરદસ્ત! ભવભવથી ચાલી આવતી ભવની ભાંજગડ ટળી ગઈ. બસ, કશી જ ફિકર નહીં. ગુરુદેવના એક કૃપાકટાક્ષથી સંસારરૂપ અફાટ સમુદ્ર શોષાઈ ગયો. અહા! કેવું અનુપમ અને અલૌકિક સામર્થ્ય ગુરુદેવનું! અને ગુરુદેવના અથાગ અનુગ્રહના સ્મરણે મીરાંનાં નયનો શ્રાવણ-ભાદરવો વરસાવી રહ્યાં છે. હૈયું ઉમડી-ઉમડીને અશ્રુ વડે બહાર આવવા મથી રહ્યું છે. અંતે મીરાં કહે છે બસ, આ જ જીવનું અંતિમ વિશ્રામ ગુરુદેવનું ચરણ. હવે ક્યાંય જવાનું કે કશું જ કરવાનું ના રહ્યું. જે સંસારને તરવા માટે આટલા ધમપછાડા કર્યા તે સંસાર-સાગરનું બાષ્પીભવન થઈ ગયું. બસ, હવે ફિકર નથી. પડી રહીશ શ્રી ગુરુના ચરણમાં!

બંધુઓ! આત્માર્થીની અંતરલગની આવી જ હોય. ગુરુદેવના ચરણશરણને ઝંખતો સાધક જ્યારે એ પામી જાય પછી સર્વસ્વ એમના ચરણમાં સોંપતાં કેટલી વાર? આત્માને જગાડ્યો ગુરુદેવે! આત્માને ઓળખાવ્યો ગુરુદેવે! આત્માનો અનુભવ કરાવ્યો ગુરુદેવે! દીવડે દીવડો પ્રગટાવ્યો ગુરુદેવે! બસ, ગુરુદેવ બધું જ આપનું. મારું તન, મન, વચન આપની આજ્ઞામાં સર્વથા સમર્પિત, કેટલું સાધવું પડે આ સાધકને?

પોતાના, મન, વાણી, વિચારો, ઈચ્છાનું પોતાના અહમ્ ભાવે પરિણમન જ નહીં. ગુરુદેવની ઈચ્છા વિના, આંખની પાંપણ પણ ન હલે. આટલી ચરમ કોટિની સમર્પણતા આત્માર્થીના હૃદયમાં જાગ્રત થઈ જાય. તેને કરવું ના પડે. તેની આત્મવૃત્તિ જ સહજ એવી થઈ જાય કે સર્વ ક્રિયાઓ ગુરુચરણની આશારૂપે જ થવા માંડે. એ તો એમ કહે મેં તો બધું જ સોંપી દીધું છે. હવે મારું કશું જ નથી. મારા પર મારો અધિકાર નથી. કબીરે કહ્યું ને –

**મેરા મુજમે કછુ નહીં, જો કછુ હૈ સૌ તેરા**
**તેરા તુજકો સૌંપતે, ક્યા લાગત હૈ મેરા....**

અંતઃકરણમાં જ્યારે અતિ વિનમ્રતા આવી હોય, લઘુતા જાગી હોય ત્યારે જ આ ભાવો, ભાષા દ્વારા પ્રગટ થાય. અન્યથા ન થાય. બંધુઓ! જેની અંદર લઘુતા છે, તે ગમે તેવી મોટી સિદ્ધિ પામ્યા પછી પણ અહંને ન સેવે. ગણધર ગૌતમ ચાર જ્ઞાન અને અનેક લબ્ધિઓ પામ્યા પછી પણ પ્રભુ મહાવીરના ચરણના સેવક જ રહ્યા. અરે! ખુદ મહાવીર પણ દેશના દેતાં એમ ન કહે કે મને કેવળજ્ઞાન થયું છે અને મારી જ્ઞાનશક્તિથી કહું છું. પણ કહે કે અનંત-અનંત તીર્થંકરોએ તત્ત્વનું સ્વરૂપ જેવું કહ્યું; તે જ કહું છું, કંઈ નવું નહીં. આ છે ચરમ કોટિની લઘુતા.

લઘુતા જાગ્યા વિના ગુરુદેવનું મહત્ત્વ શું છે તે સમજાતું નથી, ને તેમના ચરણમાં સમર્પિત ભાવ જાગતો નથી. માટે આત્માર્થી બનતાં પહેલાં, મુમુક્ષુ બનતાં પહેલાં અંતરના ખૂણે ખૂણેથી શોધી-શોધીને અહંને વિદાય આપવી પડશે. તો જ સર્વ યોગોની સર્વ પ્રવૃત્તિ ગુરુદેવને સમર્પિત થઈ શકશે!

અહીં આત્માર્થીની ઉચ્ચ કોટિની યોગ્યતા શ્રીમદ્જીએ બતાવી છે. એ માત્ર મુખેથી ગુરુદેવના ઉપકારના ગુણગાન ન ગાઈ લે, પણ મન, વચન, કાયાએ આજ્ઞા ઉઠાવવા તૈયાર હોય. પછી તે આજ્ઞા ગમે તેવી આકરી કેમ ન હોય! પણ યોગ્ય જીવને હળવીફૂલ જેવી લાગે. જ્યાં રસ છે, રુચિ છે, પ્રીતિ છે ત્યાં બધું જ સહજ છે. આત્માર્થીએ ગુરુઆજ્ઞામાં ધર્મ સ્વીકાર્યો છે. તેથી તેને મન કંઈ જ કઠિન નહીં. તે સહજ ભાવે ગુરુઆજ્ઞાએ વર્ત્યો જાય. પછી તેના માટે મુક્તિ દૂર ન હોય.

આત્માર્થીની વિશેષ યોગ્યતા અવસરે.....

e

## એક હોય ત્રણ કાળમાં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે, કે જે સદ્ગુરુના ચરણમાં સર્વથા સમર્પિત થઈ ગયો છે, જે મન, વચન, કાયાના ત્રણે યોગની એકતાથી માત્ર આજ્ઞાપાલનમાં વર્ત્યા કરે છે.

શાસ્ત્રોમાં આરાધનાના પ્રકારો બતાવ્યા છે. શાસ્ત્રોની પ્રરૂપણાનો હેતુ એ જ છે કે જીવોને સન્માર્ગ બતાવવો. આપણે ત્યાં શાસ્ત્રોને બીજા શબ્દોમાં સિદ્ધાંત કહે છે. સિદ્ધાંત શબ્દનો અર્થ છે, જે સનાતન અને શાશ્વત સત્ય છે. જે ત્રણે કાળે સિદ્ધ થયેલ વસ્તુ છે. જે સર્વકાળ અને સર્વ ક્ષેત્રે, સદા સમાન રહે તે સિદ્ધાંત.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મોક્ષમાર્ગની પ્રરૂપણા છે. મોક્ષ એ શાશ્વત સત્ય હોવાથી તેનું સ્વરૂપ કે તેનો માર્ગ બદલાય નહીં, તે બતાવવા શ્રીમદ્જી કહે છે –

**એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સંમત....૩૬....**

પરમાર્થનો પંથ એટલે મોક્ષનો પંથ. જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાનો પંથ. ત્રણે કાળમાં સર્વ ક્ષેત્રે એક જ હોય, તેમાં ભેદ પડે નહીં. ક્યારેક કોઈ ક્ષેત્રે આરાધનાના યોગ કદાચ વધતા-ઓછા મળે, તે બની શકે. જેમ કે અત્યારે ભરત, ઐરવતક્ષેત્રે અવસર્પિણી કાળનો પાંચમો આરો પ્રવર્તી રહ્યો હોઈ આ કાળે, આ ક્ષેત્રે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની હીનતાના કારણે, માનવનું ઉપાદાન એટલું તૈયાર જ ન થઈ શકે કે એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધીનો પુરુષાર્થ કરી શકે. પણ આ

કાળે જીવ છઠ્ઠે, સાતમે ગુણસ્થાને જઈ શકે એવી યોગ્યતા તો છે. તો એ વિકાસ એટલે મિથ્યાત્વ દશા છોડી, સમ્યગ્પ્રાપ્તિ રૂપ ચોથું ગુણસ્થાન, એ પછી મુનિદશા, અને એ પછી અપ્રમતદશા. આટલી અવસ્થાઓની પ્રાપ્તિ, ચોથા આરામાં અને તીર્થંકર પ્રભુની હયાતીના કાળમાં, જીવોએ જે રીતે કરી, એ જ રીતે, એ જ અંદરના પુરુષાર્થ વડે, અને એ જ કર્મોના ક્ષય, ઉપશમના કારણે થઈ શકે છે. તેમાં આરા કે ક્ષેત્રના કારણે કંઈ ફેર ન પડે. તીર્થંકરના કાળમાં ઓછા પુરુષાર્થે એ દશા પ્રાપ્ત થાય અને અત્યારે વધુ પુરુષાર્થ કરવો પડે એમ નથી. હા, ઉત્તમ કાળ હોય તો આંતર-બાહ્ય અનુકૂળતાઓ વધુ મળી રહે, કે જેથી પુરુષાર્થ વધુ ત્વરાએ ઊપડે. એ સિવાય બીજો ફરક પડે નહીં.

અત્યારે ઘણા માણસો મહાવિદેહક્ષેત્રની મહત્તાનાં ગાન ગાતા હોય છે. એ કહે છે કે મરીને મહાવિદેહમાં જઈએ તો મોક્ષ પામી જઈએ. ઠીક છે, ત્યાં અત્યારે અને હંમેશાં ચોથા આરા જેવા ભાવો પ્રવર્તે છે. સાક્ષાત્ તીર્થંકર, કેવળી વગેરેનો યોગ ઉપલબ્ધ થવાની શક્યતા છે. એટલે ત્યાં મોક્ષની આરાધનાનો રાહ જલદી સૂઝે. પણ એ તો અહીં પાંચમો આરો છે એટલે જ. અન્યથા આ ક્ષેત્રે પણ જ્યારે ચોથો આરો હોય ત્યારે મહાવિદેહ અને આ ભૂમિમાં કશોય ફેર નહીં. ત્યાં જે આરાધના થાય તે અહીં થાય. ભૂતકાળમાં અનંત જીવો આ ક્ષેત્રથી મોક્ષમાં ગયા છે, તેમજ ભવિષ્યમાં પણ જશે, તેમાં કંઈ ફરક પડતો નથી.

માટે જ મોક્ષનો માર્ગ, કે જે સર્વથા રાગ-દ્વેષના ક્ષયરૂપ છે તે સર્વકાળે સર્વક્ષેત્રે એકસરખો જ છે. શ્રીમદ્જીના શબ્દોમાં.

**મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાનકાળે પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. તે સરળ માર્ગ છે, તે સમાધિમાર્ગ છે તથા તે સ્થિર માર્ગ છે અને સ્વાભાવિક**



**શાંતિસ્વરૂપ છે. સર્વકાળે તે માર્ગનું હોવાપણું છે. તે માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાનકાળે પામતા નથી અને ભવિષ્યકાળે પામશે નહીં.**

**શ્રી જિને સહસ્ત્રગમે ક્રિયાઓ અને સહસ્ત્રગમે ઉપદેશો એ એક જ માર્ગ આપવા માટે કહ્યા છે અને તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે અને એ માર્ગને ભૂલી જઈ તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સૌ નિષ્ફળ છે.**

**શ્રી મહાવીર જે વાટેથી તર્યા, તે વાટેથી શ્રી કૃષ્ણ તરશે. જે વાટેથી શ્રી કૃષ્ણ તરશે તે વાટેથી શ્રી મહાવીર તર્યા છે. એ વાટ ગમે ત્યાં બેઠા, ગમે તે કાળે, ગમે તે શ્રેણીમાં, ગમે તે યોગમાં જ્યારે પામશે ત્યારે તે પવિત્ર, શાશ્વત, સત્પદના અનંત અતીન્દ્રિય સુખનો અનુભવ થશે. તે વાટ સર્વ સ્થળે સંભવિત છે. યોગ્ય સામગ્રી નહીં મળવાથી ભવ્ય પણ એ માર્ગ પામતાં અટક્યા છે, તેથી અટકશે અને અટક્યા હતા.**

મોક્ષમાર્ગ શું છે? રત્નત્રયની સમ્યક્ આરાધનાનું નામ જ મોક્ષમાર્ગ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના, જે માર્ગે થાય તે મોક્ષમાર્ગ. શાસ્ત્રમાં એ બે પ્રકારે કહ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્રને ભિન્ન દૃષ્ટિથી આરાધવા તે વ્યવહાર મોક્ષમાર્ગ અને જ્ઞાન, દર્શન, ચારિત્રને અભેદ રૂપે અનુભવવા તે નિશ્ચય મોક્ષમાર્ગ. શ્રીમદ્જીએ 'મૂળમાર્ગ રહસ્ય'માં પણ કહ્યું છે –

**તે ત્રણે અભેદ પરિણામથી રે,**
**જ્યારે વર્તે તે આત્મારૂપ;**
**તેહ મારગ જિનનો પામિયો રે**
**કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ...મૂળ મારગ...**

૫ ૫ ૫

**એમ દેવ જિનંદે ભાખીયું રે,**
**મોક્ષમાર્ગનું શબ્દ સ્વરૂપ...મૂળ મારગ....**

વ્યવહાર માર્ગે જ્ઞાન, દર્શન, ચારિત્રને ભિન્ન માનતા હોઈએ છીએ અને એટલે એ રત્નત્રય કહેવાયા, પણ નિશ્ચયનય એ ત્રણેયને એકરૂપ કહે છે, જે જ્ઞાનથી જાણ્યું, અર્થાત્ આત્માનું સ્વરૂપ અખંડ, નિરાગી, અકષાયી, સચ્ચિદાનંદમય છે એ જ્ઞાન વડે જણાય. જાણ્યા પછી આત્માની એકરૂપતા, અભેદતા, વીતરાગતા તથા અનંત આનંદમયતાનો આત્મામાં જ અનુભવ કરવો, દઢ શ્રદ્ધાન કરવું, પ્રતીતિ કરવી તે દર્શન. અને આ અનુભવ સતત, નિરન્તર, અસ્ખલિત રૂપે પ્રવાહમય રહ્યા જ કરે અને આત્માનો ઉપયોગ પોતાને અનુભવવામાં જ લાગ્યો રહે એ છે ચારિત્ર.

જીવ જ્યારે આવી ચારિત્રની સર્વ શુદ્ધ કક્ષામાં પહોંચે છે, ત્યારે આત્મસ્વરૂપની રમણતાનું જ્ઞાન, તેનું જ દર્શન અને તેનો જ અનુભવ. જે ત્રણે શબ્દો છદ્મસ્થ જીવને, બૌદ્ધિક સમજણ માટે અલગ અલગ કહ્યા પણ આત્મ અનુભવદશામાં આ ત્રણ જુદાં નહીં પણ એક જ છે. અને એકનો, માત્ર એકનો અનુભવ તે જ છે જિનમાર્ગ, તે જ છે મોક્ષમાર્ગ, તે જ છે પરમાર્થનો પંથ. એમ આવું શુદ્ધ સ્વરૂપ જિનદેવ કહી ગયા છે.

જિનેશ્વરનો કહેલો આ મોક્ષમાર્ગ નિશ્ચયરૂપ છે જે અનુભૂતિમૂલક છે. કવિવર બનારસીદાસ નાટક સમયસારમાં કહે છે :

**અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ;**

**અનુભવ મારગ મોખકૌ, અનુભવ મોખ સરૂપ.**

ચિંતામણી રત્ન સમાન જેનું અપ્રતિમ મૂલ્ય છે, જે પરમ અમૃતરસનો કૂપ છે, જે મોક્ષનો માર્ગ છે એવો અનુભવ પોતે જ મોક્ષનું સ્વરૂપ છે. સર્વ વિશુદ્ધ આત્માની અખંડ અનુભવદશા એ જ મોક્ષ. એથી જુદો મોક્ષ કોઈ નથી.

આવા અનુભવને પામવા કે નિશ્ચયનયને આંબવા, જીવનના પ્રવૃત્તિક્ષેત્રે જે પુરુષાર્થ છે તેને વ્યવહાર કહ્યો. નિશ્ચયનય જ્યાં અનુભૂતિમૂલક છે, ત્યાં વ્યવહારનય ક્રિયામૂલક છે. પણ ધર્મના નામે થતો વ્યવહાર કેવો જોઈએ? તે સમજવું બહુ જરૂરી છે. માટે જ આ ગાથાના નીચેના પદમાં કહ્યું: **'પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સંમત'**



જે ધર્મ વ્યવહાર, જે આચાર પરમાર્થ માર્ગ એટલે કે મોક્ષમાર્ગની પ્રેરણારૂપ બનતો હોય તે વ્યવહાર જ આદરણીય છે અન્ય વ્યવહારો નહીં.

ચાહે સાધુ હોય, ચાહે ગૃહસ્થી હોય, પણ પોતે જે વ્રત, નિયમ, અનુષ્ઠાનો કરતા હોય તે કર્યાનું ફળ આત્મ અનુભવ હોવો જોઈએ. અનુભવદશા તો ત્યારે જ પ્રગટે કે અનંતાનુબંધી કષાયોનો ક્ષય, ઉપશમ આદિ થાય અને ક્રમશઃ અન્ય કષાયો પણ મંદ થતા જાય, ઉપશમતા જાય, ક્ષય થતા જાય. કરેલો બાહ્ય વ્યવહાર યથાર્થ સેવાયો છે કે નહીં તેનું મીટર જ એ છે કે અકષાયી ભાવોની વૃદ્ધિ થતી જાય, પોતે પોતામાં ઠરતો જાય, સ્વમાં સમાતો જાય, બાહ્ય દૃષ્ટિ બંધ થતી જાય, પોતે ઊંચો અને બીજા હલકા એવી ભેદવૃત્તિ ટળતી જાય અને સર્વ જીવો સાથે અંતરની મૈત્રી સધાતી જાય.

બાહ્ય અનુષ્ઠાનો મહાવ્રત રૂપ હોય, તપશ્ચર્યા રૂપ હોય, પ્રભુની પૂજા-અર્ચના રૂપ હોય, સ્તુતિ, ભક્તિ કે સ્વાધ્યાય રૂપ હોય, પણ કર્યા પછી અમે કરીએ છીએ તે સાચું અને બીજા બધાનું ખોટું, અમે જ મોક્ષના માર્ગે છીએ અને અમે જે કરીએ છીએ તેવું બીજા નથી કરતા માટે માર્ગ ભૂલેલા છે, આવી મિથ્યા માન્યતા હોય તો તે વ્યવહાર પણ સંસારનું કારણ છે.

બંધુઓ! જીવનમાં એવા કટુ અનુભવો થતા હોય છે. કોઈ કઠોર ક્રિયાવાદી મળી જાય તો તે બીજા સાધુઓ સાથે એક પાટે બેસવા તૈયાર નથી. પોતાના માટે ઊંચી પાટો અને જેને તેઓ નીચા માની રહ્યા છે, તે નીચી પાટે બેસે, આવી વાત! અરે! ઊંચા-નીચા આસનથી મોક્ષ મળતો હોત તો પર્વતની ટોચે રહેનાર જીવ-જંતુ પણ ક્યારનાં મોક્ષ પામી ગયાં હોત. વૃક્ષની નીચે વિશ્રામ કરતો મુસાફર નહીં પણ વૃક્ષ પર બેઠેલો કાગડો પૂજાતો હોત! એટલું જ નહીં, શ્રાવકોને ત્યાંથી આહારપાણી લેવાના અધિકારી પણ એવા જ ઊંચા જીવો, બીજા નહીં! આવી આવી માન્યતામાં રમતા જીવોને જોઈ કરુણા ઊપજે. કેવી બાલિશતા! બિચારા! બાલ જીવોની દશા શું થશે? આને ધર્મ કહેવો? ચારિત્ર કહેવું?

અરે! કેટલાક જીવો મુખેથી નિશ્ચયનયને બોલતાં શીખી ગયા, ભક્તિ, શબ્દને પકડી થોડાં પદો લલકારતા થઈ ગયા, તે પણ પોતાને ઊંચા માને અને બીજાને હલકા માને! પોતાની પાસે જ સાચો ધર્મ છે, બીજા બધા ખોટા, એવો દાવો કરે! સાચા ધર્મનો ઠેકો તેમને જ મળેલો છે, એવો પ્રચાર કરતા ફરે! કહો! આમાં પંચમ કાળે ધર્મ ક્યાં રહ્યો? પોતાને સમકિતી કહેવડાવતા જીવો બીજાને હાથ જોડતાં સમકિત ચાલ્યું જવાના ભયમાં જીવતા હોય. જેનું સમકિત ટકોરો વાગે ને નંદવાઈ જાય તેવું તકલાદી હોય, તેને શામાં ગણવા?

આવું કરનાર માર્ગ ભૂલ્યા છે. રાગ-દ્વેષને મંદ કરી શક્યા નથી. બીજાની સાથે તુલના કરીને જ પોતાને મહાન કહેવાડાવી શકે. પણ પોતામાં એવું પોતાપણું પ્રગટ થયું નથી હોતું કે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા બીજા કશાયની જરૂર ન પડે. બંધુઓ! જે જીવો સમજીને વ્યવહારમાં પ્રવૃત્ત હોય તેની દશા જ બદલાઈ ચૂકી હોય, તે કેવડા જેવો હોય. એક ખૂણામાં પડ્યો હોય તો પણ તેની સુગંધ ચારે બાજુ પ્રસરતી હોય. તેનો મંદ થયેલો વિભાવ અને સ્વભાવ સન્મુખ થયેલી દશા, તેની શ્રેષ્ઠતાની ચાડી ખાતી હોય.

માટે જ સર્વજ્ઞે પ્રરૂપેલા સ્યાદ્વાદ સિદ્ધાંતને સમજી, નિશ્ચયનયના લક્ષ્યે વ્યવહાર કરતો હોય અને એ વ્યવહાર તેનામાં આત્મદશાની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવામાં સહાયભૂત થતો હોય તો જ સાચો, અન્યથા ખોટો. ખોટો જ નહીં પણ એવો વ્યવહાર કરનાર, ન તો શુદ્ધ વ્યવહાર કરી શકે અને ન તો નિશ્ચયને પહોંચી શકે. માટે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું –

**धम्मज्जियं च ववहारं, बुद्धे हायरियं सया।**
**तमायरन्तो ववहारं, गरहं नाभिगच्छइ।।१।४२।।**

પ્રબુદ્ધ સાધક શુદ્ધ ધર્મના લક્ષ્યે વ્યવહાર આચરે, તેવા વ્યવહારને આચરનારો, નિંદાને પાત્ર થતો નથી. વ્યવહાર, માત્ર વ્યવહાર માટે નથી હોતો પણ નિશ્ચય સાપેક્ષ હોવો જોઈએ. કેટલાક અજ્ઞાની જીવો એમ સમજતા હોય કે ત્યાગ, તપ, પૂજા, ભક્તિ કરી લીધાં એટલે ધર્મ થઈ ગયો અને આપણને આનાથી મોક્ષ મળી જશે. પણ શ્રીમદ્જી



પહેલાં જ કહી ગયા. **'અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.'** બાહ્યાચારને જ સર્વસ્વ સમજનારો ભૂલમાં છે. તે આત્માને પામી શકતો નથી. તેથી જ આનંદઘનજી મહારાજ પણ કહે છે –

**વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,**
**વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફુલ,**
**સાંભળી આદરી કાંઈ રાચો....ધાર.**

જિનેશ્વરની આજ્ઞા અનુસાર બાહ્ય ચારિત્ર રૂપ વ્યવહાર થાય તો જિનવચનની સાપેક્ષતા હોવાના કારણે એ નિજપદને પામી શકે પણ જો જિનવચનોની નિરપેક્ષતા એટલે કે જિનવાણીના અનાદર સહિત, ધર્માનુષ્ઠાનોની ક્રિયાઓ માત્ર થતી હોય, તો તેનું ફળ સંસાર સિવાય બીજું કાંઈ ન હોય. આનંદઘનજી મહારાજને એવા જીવો પર કરુણા આવે છે તેથી કહે છે. એવા નિરપેક્ષ વ્યવહારને, અજ્ઞાનીજનો પાસેથી સાંભળી, તેમાં શા માટે રાચો છો? તે સુ-ફળ આપનાર નથી. અર્થાત્ જે વ્યવહાર આત્મતત્ત્વને પ્રાપ્ત ન કરાવતો હોય, આત્માનુભવના હેતુભૂત ન બનતો હોય, તે વ્યવહાર જૂઠો અને તેનું ફળ માત્ર સંસાર. માટે જ જે વ્યવહાર પરમાર્થના પંથને પ્રશસ્ત કરે, એ પંથને વિઘ્નોરહિત બનાવે તે જ વ્યવહાર જ્ઞાનીઓની દૃષ્ટિએ સંમત છે, તે જ અનુકરણીય છે.

આવા ભાવોની શ્રદ્ધા સાથે, નિશ્ચયના લક્ષ્યે વ્યવહારમાં રમતો આત્માર્થી જીવ, શાની શોધમાં હોય તે અવસરે કહેવાશે.

e

# ...શોધે સદ્‌ગુરુ યોગ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એટલે જ આત્માર્થની સાધના, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ જ આત્મા છે અને એ સ્વરૂપને સંપૂર્ણ પ્રગટ કરવા માટે, એ જ ત્રણ સાધનો વડે સાધના કરવાની છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માર્થી જીવની સાત્ત્વિક તથા સદ્‌વિચારોની શ્રેણી કેવી હોય તે બતાવે છે. જેઓની બાહ્યાભ્યંતર ગ્રંથિ તૂટી ગઈ છે, તેવા મુનિ જ સદ્‌ગુરુ; એવી આત્માર્થીની દૃઢ શ્રદ્ધા છે. જેની અંતરગ્રંથિ તૂટે, તેની બાહ્ય ગ્રંથિ આપોઆપ તૂટી જાય છે. અને તેથી સહજ રૂપે મુનિદશા જાગે છે. આવા નિર્ગ્રંથ મુનિ જ, આત્મ આરાધનાના પથપ્રદર્શક બની શકે છે.

વળી આવા ગુરુ મળે, તો તેમના ચરણમાં ત્રણે યોગોથી અર્પણ થઈ જવાની તૈયારીવાળો આત્માર્થી હોય. પરમાર્થના પંથની અનન્યતા તેના અંતરમાં વસી હોય. તેથી એ માર્ગે ચાલવા માટે પગદંડી બતાવનાર સદ્‌ગુરુનો પ્રત્યક્ષ યોગ મેળવવા મથતો હોય છે. નિર્ગ્રંથ મુનિ સિવાય જિનેશ્વરના માર્ગનું યથાતથ્ય ભાન કરાવવા અન્ય કોઈ સમર્થ નથી. માટે જ –

**એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ....૩૭....**

બુદ્ધિએ શોધેલ જડ પદાર્થોની શક્તિ કે ઈન્દ્રિયોએ શોધેલ વિષયોની મોહકતાની ભારોભાર નિરર્થકતા સમજાતાં, આત્માર્થી જીવ હવે સદ્‌ગુરુની શોધમાં નીકળે છે. ભારતમાં પૂર્વકાળે જ નહીં પણ આ કાળે થયેલા એવા સંત-રત્નો છે, કે જેઓએ આત્મસાધના માટે ગુરુની શોધ વર્ષો સુધી કરી હોય, ગુરુને પામવા અનેક વર્ષો વન, જંગલમાં કે પહાડોમાં ભટક્યા હોય, અનેક મુસીબતો વેઠી હોય, સદ્‌ગુરુ ન મળ્યા ત્યાં સુધી જંપીને



બેઠા નથી, અને જ્યારે સમર્થ ગુરુ મળ્યા કે તેમના કૃપા આશીર્વાદથી પોતાની આત્મસાધના કરી જીવનની સાર્થકતા કરી લીધી.

ભારતની એ પ્રાચીન પ્રણાલી રહી કે જેમને આત્મલક્ષ્ય જાગ્રત થાય, તેમનું પહેલું કામ સદ્‌ગુરુની શોધનું. કારણ ભારતીય માનસ આત્મસાધનામાં સદ્‌ગુરુનું મહત્ત્વ અનિવાર્ય સમજે છે. સદ્‌ગુરુ વિના ઉદ્ધાર નથી. અહીં થઈ ગયેલા અનુભવી સંતોએ સદ્‌ગુરુનો મહિમા ખૂબ ગાયો છે. તેથી બિલકુલ ગ્રામ્ય જણાતો માનવ પણ ગુરુ વિના રહે નહીં. એ વધુ ન સમજતો હોય, પણ એટલું તો જાણતો હોય.

**ગુરુ દીપક ગુરુ ચાંદલો, ગુરુ મુજ પ્રાણ આધાર;**
**પલક એક ન વિસરું, ગુરુ મુજ તારણહાર....**

કબીર જેવા સમર્થ સંતે પણ ગુરુનો મહિમા અપાર બતાવ્યો છે. તેમનો ચોક્કસ વિશ્વાસ છે કે ગુરુ વિના એક ડગલું પણ આગળ વધી શકાય નહીં. એક વાર ગુરુ માર્ગ બતાવે છે અને પછી એ રાહે ચાલ્યા જઈએ, તો બેડો પાર. એટલું જ નહીં, આત્મતત્ત્વ રૂપ સતની પ્રાપ્તિ ગુરુ વિણ થાય નહીં. તેઓ કહે છે –

**સદ્‌ગુરુ સત્‌કા શબ્દ હૈ, જાને સત્‌ દિયા બતાય;**
**જો સત્‌કી પકડે રાહે, તો સત્‌ હી માહિં સમાય....**

સત્‌ એટલે પરમ તત્ત્વ. તે રૂપ વગરનું તત્ત્વ છે. તેનુ સ્વરૂપ અદૃશ્ય છે. પણ તેનું કોઈ દૃશ્ય સ્વરૂપ હોય તો તે સદ્‌ગુરુ છે. પરમાત્મા તમને સતનો માર્ગ બતાવવા આવતા નથી. પણ પોતાના જ ફિરસ્તા સમાન સદ્‌ગુરુનો ભેટો કરાવી આપે છે. એવા સદ્‌ગુરુ તમને જે સત્‌ બતાવે, તે સતને તમે દૃઢતાથી પકડી રાખશો, તો તમે પોતે જ સત્‌રૂપી બની જશો. માટે સદ્‌ગુરુના શરણમાં ચાલ્યા જાવ. મરાઠી અધ્યાત્મ-સાહિત્યમાં પણ આ જ ભાવોને વધુ સ્પષ્ટતા આપતાં કહેવાયું છે કે —

**''અનામ્યાયે નામ કૈસે ધ્યાવે? અરૂપ્યાયે રૂપ કૈસે દેખાવે?**
**હે ચિ જો સાંગે સ્પષ્ટભાવે, તો ચિ સદ્‌ગુરુ''**

અનામી એવા આત્માનું નામ, અરૂપી એવા આત્માનું રૂપ સ્પષ્ટ રીતે જે બતાવી શકે તે જ સદ્‌ગુરુ.

શ્રીમદ્‌જીએ પણ ઠેર-ઠેર સદ્‌ગુરુનો મહિમા ગાયો છે. તેઓના

''કૈવલ્યબીજ શું?'' નામના કાવ્યમાં એકથી વધારે વાર સુ-ગુરુના ચરણની સેવનાનો સંકેત છે. તેઓ કહે છે —

**બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે.**

૫ ૫ ૫

**જબ સદ્‌ગુરુ ચર્ન સુપ્રેમ બસે.**

૫ ૫ ૫

**ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં.**

ગુરુદેવનો આટલો મહિમા ગાનારાને પોતાને ગુરુ કેમ નહીં? તેઓના આ વર્તમાન પર્યાયે તેમણે કોઈ ગુરુના ચરણોને સેવ્યા નથી. તો ખરેખર ગુરુની આવશ્યકતા છે તે કેમ સમજવું?

આ પ્રશ્ન અત્યંત સ્વાભાવિક છે. જાગ્રત જીવને આવો સંદેહ ઊઠ્યા વગર ન રહે. સમાધાન પણ તેઓના જીવનમાંથી જ મળે છે. તેઓ જે આત્મિક સંસ્કાર સાથે લઈને જન્મ્યા હતા, તે સંસ્કારો તેમના બાલ્યકાળમાં જે દેખા દેવા માંડ્યા હતા. માત્ર સાત વર્ષની ઉંમરે આત્મતત્ત્વ વિષે અંતરમાં જાગતો તીવ્ર ઊહાપોહ અને કોઈની પણ પ્રત્યક્ષ પ્રેરણા વિના જાગ્રત થઈ જતી આત્મ-સંવેદના, આ બધું બતાવે છે કે પૂર્વે આ સંસ્કાર પામવા માટેનો અપ્રતિમ પુરુષાર્થ તેઓએ કર્યો છે. કોઈ પણ જાતના કારણ વગર આટલા ઉત્કૃષ્ટ આત્મવીર્યનું સ્ફુરાયમાન થવું તે પૂર્વના પ્રબળ સંસ્કાર વિના સંભવતું નથી. તેનો અર્થ એ કે તેમણે આ કાળે નહીં પણ ભૂતકાળમાં અનન્ય ભાવે સદ્‌ગુરુનાં ચરણો સેવીને તેમની અસીમ કૃપાના પાત્ર બન્યા કે જેના કારણે ભવો-ભવ સાથે ચાલવાવાળી યોગ્યતાના ધારક બની ગયા. એટલું જ નહીં પણ તેમણે કોઈ એક મહાપુરુષને ગુરુરૂપે ના સ્વીકાર્યા, તો પણ અનેકવાર સત્પુરુષો પ્રત્યેની ભક્તિના ભાવે, તેઓને નમસ્કાર કર્યા છે. તેમના પત્રોમાં ઠેર-ઠેર સત્પુરુષો પ્રત્યે પ્રણામ થયેલા જ છે. અર્થાત્ તેમનો આત્મા તો સત્પુરુષોનાં ચરણોમાં સમર્પિત જ હતો.

આ કાળે થયેલા, સદૈવ આત્મ-રમણતાની દશામાં લયલીન, સ્વનામ ધન્ય શ્રી મહર્ષિ રમણને પણ કોઈ ગુરુ નો'તા મળ્યા. તેમને અલ્પવયે થયેલો આત્મ-અનુભવ એટલો ઊંડો હતો કે તેમાંથી તેઓ કદી બહાર



નીકળ્યા નથી. કશા જ પ્રયાસ વગર થયેલ આત્માનુભૂતિ થયા પછી, દિન-પ્રતિદિન એ દશા વર્ધમાન જ રહી. એ વધતી દશા માટે પણ પ્રયત્ન કરવો પડ્યો નથી. એમને કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે પ્રાચીન કાળથી ચાલી આવતી ગુરુ-શિષ્ય પરંપરા જ સાધનાના માર્ગને સ્થિરતા પ્રદાન કરે છે. આપ પણ મહાન સાધક છો તો આપે ગુરુ કેમ નથી કર્યા? ત્યારે મહર્ષિજીએ ગુરુ દત્તાત્રેયના જીવનને સામે રાખી કહ્યું હતું કે તેઓને ૨૪ ગુરુ હતા. ગુરુ દત્તાત્રેયે આ વિશ્વમાં વિલસતા તત્ત્વોમાંથી ઘણું ગ્રહણ કર્યું હતું. એ તત્ત્વોના ગુણ-ધર્મોમાંથી પોતે કંઈક પામ્યા હતા. આકાશ હોય, નદી હોય, પર્વત હોય કે પવન હોય – આવાં સર્વ તત્ત્વોમાંથી મળેલી પ્રેરણાએ એમના સંતજીવનને સંતત્વની કોટિએ પહોંચાડ્યું હતું. તેઓ કહેતા કે જગતમાં આંખ ખુલી રાખીને ચાલો તો સર્વત્ર પ્રેરણાના સ્ત્રોત વહી રહ્યા છે, અને એ સર્વ તત્ત્વોને દત્તાત્રેયે ગુરુ માન્યાં હતાં.

મહર્ષિજી કહે છે. ''અરૂણાચલ પહાડનાં પ્રબળ આકર્ષણે ઘર છોડીને તેના શરણે આવ્યો છું, અને એ પહાડ જ મારો ગુરુ છે. અરૂણાચલમાં પડેલ અનેક ગુપ્ત રહસ્યોએ, મને સબળ પ્રેરણા પૂરી પાડી છે. તેથી તમને સહુને જડ દેખાતો પહાડ, મારા માટે ચૈતન્યમય છે.'' બંધુઓ! આવા ભાવોમાં વિભોર મહર્ષિજીએ અરૂણાચલ પહાડની ઘણી સ્તુતિઓ ગાઈ છે.

આવું સાંભળી, સામાન્ય માનવ મૂંઝવણમાં પડી જાય છે. એ સમજી શકતો નથી કે જીવતા-જાગતા મહાપુરુષ સિવાય પણ કોઈ ગુરુ બની શકે. પણ આ તો પહોંચેલા સમર્થ સંતોની વાતો છે. તેમના હૈયામાં રમતી આત્મભાવના અલૌકિક હોવાથી તેમની ચર્ચાને કે વાણીને આપણે સમજી શકીએ નહીં. પણ હકીકતમાં આવા સંતો તો નમ્રાતિનમ્ર હોય. અરે! કોઈ સામાન્ય વ્યક્તિ મહાન સદ્‌ગુરુના પ્રત્યક્ષ યોગમાં જેટલો નમ્ર ન બની શકતો હોય, એથી તો અનેકગણી નમ્રતા આવા સંતોમાં જોવા મળે. આ જ છે તેમના અંતરની અદ્‌ભૂત પાત્રતા!

હા, તો આપણે અહીં આત્માર્થી જીવ શાની શોધ કરે તે કહી રહ્યા હતા. બસ, જગતની કોઈ ભૌતિક શોધો તેને લોભાવે નહીં. એ શોધ આ ભવમાં કદાચ ક્ષણિક બાહ્ય સુખ દેનાર બને તો પણ પરિણામે, તો દુ:ખદાયક જ હોય. માટે એવી શોધ કરી લે કે જેનું પરિણામ, ભવોભવ સાથે ચાલે.

ફર્મ ફિલોસોફીનો વિશ્વાસ છે કે જીવે કરેલાં પુણ્ય-પાપ સાથે જાય છે. અરે! એક જમાનો હતો કે અમુક દેશોમાં સાથે જનાર વસ્તુઓનું લિસ્ટ બહુ મોટું હતું. સાંભળ્યું હશે કે કોઈ રાજા-મહારાજા, શેઠ-શ્રીમંત મરે પછી તેને દાટવામાં આવે ત્યારે સાથે ધન, સોનું, રૂપું તો દાટે પણ એ મરીને જ્યાં ગયા હોય, ત્યાં તેની સેવા કરવા માટે જીવતાં દાસ-દાસીઓને પણ સાથે દાટે. એમ મનાતું કે તેમની સાથે જેટલું દાટવામાં આવે છે તે બીજા જન્મમાં તેમની સાથે રહે, તેથી તેમની સાથે જેટલું દાટવામાં આવે છે તે બીજા જન્મમાં તેમની સાથે રહે, તેથી તેમને ત્યાં કોઈ જાતની તકલીફ નહીં પડે. આવા રિવાજો ઘણા લાંબા કાળ સુધી ચાલ્યા, અને આજે કંઈક સમજણ આવતાં એ રિવાજો ઓછા થઈ ગયા.

બંધુઓ! આ તો નરી અજ્ઞાનતા જ હતી, અને છે. સાથે દાટેલી વસ્તુઓ માટીમાં માટી જ થઈ જાય, સાથે જાય નહીં. પણ પુણ્ય-પાપરૂપ કર્મો તો સાથે જાય છે. એથી પણ વધારે કહું તો આ જન્મે જેવા-જેવા સંસ્કારો આત્મા પર સિંચિત થાય છે, તે સંસ્કારો સાથે જાય અને અન્ય જન્મમાં એ જાગ્રત થાય. પછી એ સુસંસ્કાર હોય કે કુ-સંસ્કાર!

અહીં સદ્‌ગુરુની શોધ કરવી છે તે પણ એટલા માટે જ. સદ્‌ગુરુની પ્રત્યક્ષ પ્રેરણાથી થયેલો પુરુષાર્થ જો પરમ-પદ પ્રાપ્તિના હેતુથી થયો હોય, તો પછી ભલે તે આ જ ભવમાં મુક્તિ ન આપે, પણ એ ભાવથી આત્મા સંસ્કારિત થયો હોય, તો એ સંસ્કાર બીજા જન્મમાં સાથે આવે અને ત્યાં જઈને પણ ઉત્તમ આરાધનાના યોગ, અલ્પ પ્રયાસે અથવા વગર પ્રયાસે મળી જાય. જેમ શ્રીમદ્ રાજચંદ્રને અને રમણ મહર્ષિને મળ્યા તેમ!

તેથી જ આ ગાથાનાં અંતિમ બે ચરણોમાં કહે છે કે આત્માર્થી સાધક સદ્‌ગુરુની શોધ આત્માર્થ માટે જ કરે છે. તેને બીજો કોઈ મન-રોગ નથી. બંધુઓ! તનના રોગો તો જલદી જણાય. પોતે પણ શું દર્દ છે તે સમજી શકે અને અન્યને પણ ખબર પડે. શરીરમાં તાવ આવ્યો હોય તો વગર કહ્યે પોતે સમજે કે મને તાવ છે, અને બીજા હાથ અડાડે તો એ પણ સમજી જાય! તેના ઉપચારો પણ જલદી થાય. પરંતુ મનના રોગ તો એવા છે કે ન પોતે સમજી શકે, ન સમજાવી શકે, ન કહી શકે, ન સહી શકે!

અહીં શ્રીમદ્‌જી કહે છે-ના, આત્માર્થી મનથી તદ્દન સાફ છે. મનનો કોઈ રોગ નથી. માત્ર આત્માની બહિરાત્મદશા એવા જીવથી સહેવાતી



નથી. તેથી બાહ્ય ભાવોના અંશ, આત્માના કોઈ ખૂણે પડ્યા હોય તો ત્યાંથી કાઢવા માટે સદ્‌ગુરુની તાતી આવશ્યકતા છે. ગુરુ મેળવીને, તેમને સેવીને, જગતનાં માન, પ્રતિષ્ઠા કે કીર્તિરૂપ મનના રોગોને પોષવા નથી. ખરેખર આત્માર્થી જીવ આ બધી ચીજોને રોગરૂપ જ માને છે. બંધુઓ! એક નાનો ત્રણ-ચાર વર્ષનો બાળક હોય કે મોટો માણસ હોય પણ શરીરમાં આવેલ બીમારીને જલદી દૂર કરવા જ સૌ ઈચ્છે. એ વધે તો સારું, એમ કોઈ ન ઈચ્છે. અને તેના માટે ત્વરીત ઉપાયો આદરે.

આત્માર્થીને જગતનાં માન, પ્રતિષ્ઠા કીર્તિ સર્વ રોગરૂપ જ ભાસે છે. તે જલદી દૂર થાય તેના પ્રયાસમાં જ હોય. તેને તો એ બધા પુદ્‌ગલના ખેલ છે એમ જ લાગતું હોય. આનંદઘનજી મહારાજ કહે છે –

**કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી**
**કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી**
**આપ સ્વભાવમેં રે અવધુ સદા મગનમેં રહના....આપ**

આ ચોરાશીના પરિભ્રમણમાં જીવ શું નથી પામ્યો? દેવની ૠદ્ધિ પામ્યો તો રાજા-મહારાજા કે શેઠ થઈ માનવલોકમાં પણ પૂજાયો. નરક, તિર્યંચનાં અમાપ દુઃખોને સહ્યાં તો માનવ થઈને પણ ક્યારેક હલકામાં હલકાં કાર્યો કરી જગતને છેતર્યું, ને ક્યારેક વળી સમાજદૃષ્ટિએ કહેવાતાં સારાં કાર્યો કરી જગતમાં નામના પણ મેળવી. કીર્તિ, પ્રતિષ્ઠા, માન, આદર પણ મેળવ્યાં, પણ એ બધા જ પુદ્‌ગલના ખેલ. પાપ અને પુણ્ય બન્ને પુદ્‌ગલ, બન્ને નાશવંત, બન્ને જૂઠાં. માટે તેમાં ન રાચતાં, નિજાનંદમાં મસ્ત થઈને રહેવું એ જ કર્તવ્ય છે.

તો બંધુઓ! આત્માર્થી જીવની આવી સમજ માન, પ્રતિષ્ઠા માટે નહીં, પણ આત્માર્થને સાધવા માટે જ સદ્‌ગુરુની શોધ કરવા પ્રેરે છે.

સદ્‌ગુરુની શોધમાં ગયેલો સાધક, જ્યારે સદ્‌ગુરુને લઈને ત્યાંથી પાછો ફરે છે ત્યાં જ તેનો આત્મા આત્માર્થ સાધવા કેટલી તૈયારી કરી ચૂક્યો હોય છે તે અવસરે.....

e

# ...ત્યાં આત્માર્થ નિવાસ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જીવ જ કરી શકે છે, કે જેને મુક્તિની ઝંખના જાગી છે. જેને સ્વમાં સમાઈ જવું છે. આવા જીવોને શ્રીમદ્જીએ આત્માર્થી કહ્યા.

આત્માર્થી જીવનાં લક્ષણોનું વિવેચન ચાલી રહ્યું છે. આત્માર્થીમાં રહેલી યોગ્યતાને વિચારતાં આપણું મન પ્રસન્ન થઈ ઊઠે છે. ધન્ય રૂચિ! ધન્ય શ્રદ્ધા! મળેલી શક્તિઓનો ઉપયોગ આત્મશ્રેયાર્થે થઈ રહ્યો છે. સદ્ગુરુની શોધ અને શોધનો હેતુ માત્ર એટલો જ છે કે આત્માની મૌલિક દશાનું ઉદ્ભાવન, તેથી આત્માની શુદ્ધિ અને પછી સિદ્ધિ.

હવે આત્માર્થી જીવની અંતરદશા કેવી આદર્શ હોય તે કહે છે –

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ....૩૮....**

સમ્યગ્દર્શની આત્માનો પરિચય આ પાંચ લક્ષણોથી થાય છે. સમ, સંવેગ, નિર્વેદ અનુકંપા અને આસ્થા.

આ ગાથામાં પણ આ લક્ષણોની ભૂમિકારૂપ ગુણો કહ્યા છે. કષાયોનું શાંત થઈ જવું તે છે સમ, શમ અથવા ઉપશમ. કષાયોનો સર્વથા નાશ તો બારમા ગુણસ્થાનના અન્તે થાય છે. પણ આ તો સાધનાનો પ્રારંભ કરતો સાધક છે, તેથી તેણે સમજીને, વિચારીને, આત્મલક્ષ્ય જાગૃત કરીને, પોતાના અકષાયી સ્વરૂપની દૃઢ શ્રદ્ધાના આશ્રયે, કષાયોને મંદ કર્યા હોય, પાતળા પાડી નાખ્યા હોય, શમાવી દીધા હોય, ઉપશાંત કરી નાખ્યા હોય. સવળી માન્યતાની રાખ વડે,



કષાયના અગ્નિને ભારી દીધો હોય. પણ એ રાખમાંયે એટલી શક્તિ હોય કે તે અગ્નિની ઉષ્ણતાનો અનુભવ ન થવા દે.

આવા જીવોને કષાયોના ઉદય ન વર્તે એમ નહીં, પણ એ સાવધાન હોય, તેથી આવેલા ઉદયમાં ભળી ન જાય. કદાચ ક્યારેક સાવધાની ચુકાય અને ઉદય તેને પોતાનામાં ખેંચી જાય, તો ત્યાંથી તરત જ પાછા વળવાની જાગૃતિ, સામર્થ્ય કેળવી લીધું હોય. ઉદયમાં આવેલા કષાયોમાં ભળી જવાપણું થાય કે તરત આત્માર્થી વિચારે, કે 'કષાય એ મારું સ્વરૂપ નથી. હું અકષાયી, નિર્મલ આત્મા છું, ક્રોધાદિરૂપ પરિણમવું એ પરભાવ છે. પરભાવના આશ્રયે આશ્રવ આવે અને એના પરિણામે બંધ પરંપરાની કડી જોડાતી હોય, માટે ક્રોધાદિના નિમિત્તે અંદરમાં ઉદય પામતા ક્રોધાદિ સ્વરૂપ હું ન હોવાના કારણે, મારે મારામાં રહેવું છે. આવેલો ઉદય સમયના પરિપાક સાથે પૂર્ણ થશે અને કર્મો નિર્જરી જશે.'

ઉદયમાં આવેલ કર્મોનો અનુભવ જીવ કરે કે ન કરે. તે ખરવાના સ્વભાવવાળા છે માટે ખરી જ જશે. જરૂરી નથી કે જેટલાં કર્મોનો ઉદય થાય તે સર્વનો અનુભવ કરે જ! સર્વનું વેદન થાય જ! ન પણ થાય છતાં તેની નિર્જરા થઈ જ જાય છે. મહાપુરુષોના જીવનમાં તો સાંભળ્યું જ છે, કે તેઓ આત્મસ્વરૂપની રમણતામાં લીન હતા, અંદરનો આનંદ લૂંટતા હતા, તેથી બહાર ગમે તેવાં નિમિત્તો આવ્યાં તેઓ ડગ્યા નહીં. ઉદયમાં ભળ્યા નહીં. કર્મોની સામું તેઓએ જોયું નહીં. બિચારાં કર્મો નિર્માલ્ય થઈને ચાલ્યાં ગયાં.

અરે! આપણા વ્યાવહારિક જીવનમાં પણ આપણે અનુભવ્યું છે કે કોઈ કડવા શબ્દ પ્રહારથી આપણને ઉત્તેજિત કરવા ધારે, પણ આપણે મનથી નિશ્ચય કર્યો હોય કે મારે ઉત્તેજિત નથી જ થવું, અને ન થઈએ તો સામો માણસ એકલો ક્યાં સુધી ઝઝૂમી શકે! તે થાકીને ચાલ્યો જાય છે, હારી જાય છે. એમ જ બંધુઓ! આપણાં કર્મોનું પણ એવું જ છે. એ ઉદયમાં તો આવ્યા જ કરશે, એનો ઉદયમાં આવવાનો ક્રમ એક પળ પણ રોકાતો નથી. તે નિરાબાધ ગતિથી આવ્યા જ કરે. પણ સાક્ષીભાવે જોવા ટેવાયેલો આત્માર્થી જીવ તેને માત્ર જોયા કરે, તેમાં ભળે નહીં.

તો પ્રથમ ગુણ, કષાયની ઉપશાંતતા. કષાયો શાંત થઈ ગયા હોય, ક્રોધ, માન, માયા, લોભ, આદિ ગમે તેવાં નિમિત્તો આવે, પણ પોતે પોતામાં શાંત હોઈ તેને નિમિત્તો સ્પર્શી શકે નહીં. પણ જે જીવ સમજ્યો નથી, તેનું શું થાય? આપણી અવળાઈ તો જુઓ! સારાં નિમિત્ત આવે, આત્મ-ઉત્થાનના રાહે લઈ જનાર નિમિત્ત આવે તો તે નિમિત્તોને તો તરત ઉડાડી દઈએ છીએ, સ્પર્શવાની તો વાત જ ક્યાં? દૂરથી જ રવાના કરી દઈએ. સંત-સમાગમ, કે શાસ્ત્રશ્રવણ જેવો સુભગ યોગ મળ્યો હોય તેને નિમિત્ત બનાવી આત્માનું શ્રેય સાધનારા કેટલા? બહુ જ ઓછા જીવો! તો સારાં નિમિત્તને ત્યાગી દેનારા ઘણા અને માઠાં નિમિત્તને ગ્રહણ કરનાર ઘણા. આમ જ સંસારની ઘટમાળનો એક પણ ઘટ અધૂરો રહેતો નથી, ભરાયા જ કરે છે, ઠલવાયા કરે છે, ને વળી ભરાય છે. એક પળનો પણ તેને વિશ્રામ નથી. એને પરિણામે કષાયો પાતળા પડતા નથી.

આત્માર્થી જીવે કષાયોને ઉપશાંત કર્યા છે. સ્વનું સ્વરૂપ તેને સમજાયું છે. હું ચેતન, શરીર જડ. આખાયે સંસારનો પસારો જડ. ચેતનને, ચેતનભાવોમાં જ સુખ હોય. જડ ભાવમાં, જડ પરિણમનમાં તે સુખ મેળવી શકે જ નહીં. જગતનો ગમે તેવો કીમતી ગણાતો જડ પદાર્થ અને સમાજમાન્ય પુણ્યની પરિણતિ રૂપ પ્રતિષ્ઠા, આ બન્ને મારા સુખના કારણભૂત બની શકે જ નહીં. માટે આવા આત્માર્થી જીવને મોક્ષ સિવાય બીજી કોઈ ઈચ્છા, તૃષ્ણા કે અભિલાષા અંતરમાં પડી જ ન હોય.

સામાન્ય માનવો વિવિધ પ્રકારની અભિલાષાની આગમાં રાત-દિવસ જલતા રહેતા હોય. સમાજમાન્ય સુખના સિદ્ધાંતોમાં વિશ્વાસ કરનાર, ધન, માન, પ્રતિષ્ઠા, ઈજ્જત વગેરેના ખોટા ખ્યાલોમાં રાચતા હોય, અને એ બધું જ મેળવવામાં, વધારવામાં તેનું ચિત્ત, મન, બુદ્ધિ સદૈવ રોકાયેલાં હોય. અભિલાષાની આગ એવી પ્રચંડ હોય કે તેમાં જેટલું નાખો તે બધું જ ભસ્મીભૂત થઈ જાય. જેમ નાખો તેમ વધુ માગે. ક્યારેય તૃપ્તિ થઈ નથી અને થવાની નથી.

અભિલાષાની આગ માનવના પેટ જેવી છે. પેટમાં ગમે તેટલું અન્ન પધરાવો. તે તૃપ્ત થતું જ નથી. બે-ચાર કલાકમાં ખાલી થતું પેટ



ફરી માગે જ છે. કોઈ એવો ઉપાય નથી કે એક વાર પેટ ભરી લીધું કે ફરી કદી માગે નહીં. અરે! જરા વિચારો તો ખરા! આજ સુધીમાં કેટલું ખાધું! છે ગણતરી? આપણે કરીએ જરા ગણતરી! માનો કે તમે રોજની ચાર રોટલી ખાવ છો. તો એક મહિને ૧૨૦ થઈ. એક વર્ષની ૧૪૪૦ અને તમારી જેટલી ઉંમર થઈ તેની સાથે ગુણાકાર કરીને જુઓ! પચાસ વર્ષ તમને થયાં તો ૭૨,૦૦૦ રોટલી, સાઈઠ થયાં તો ૮૬,૪૦૦ અને સિત્તેર થયાં તો ૧,૦૦,૮૦૦! આ પેટમાં કેટલું નાખ્યું અને એ સિવાયના બીજા પદાર્થો કેટલા? ગંજના ગંજ ખડક્યા, છતાં તૃપ્ત ન થયું પેટ! એટલું જ નહીં આ જીવનમાં પાંચ ઈન્દ્રિયથી ભોગવાય એટલા વિષયો ભોગવી લીધા. છતાં હજુ જાણે કાંઈ નથી ભોગવ્યું તેમ કોરા ને કોરા. તૃપ્તિનો ઓડકાર નથી. આ છે અભિલાષાઓની જાળ.

જ્યાં સુધી આવી અભિલાષાઓ પડી છે ત્યાં સુધી આત્માર્થ ઊગતો જ નથી. મતાર્થતા દૂર જતી નથી, માટે જ શ્રીમદ્જીએ કહ્યું તારી ઈચ્છા અને અભિલાષાઓના ભાવોને અંતરમાંથી ઉખેડીને ફેંકી દે, તો જ તારા ભાવોનો વેગ, જે અવળી દિશામાં વહી રહ્યો છે તે સવળી દિશામાં વહેવા માંડશે, તો જ સંવેગ જાગશે. ભોગવૃત્તિ પર કાબૂ આવે તો જ ઈચ્છાઓ મરે, અન્યથા નહીં. પણ અજ્ઞાનમાં રાચતો જીવ ભોગોને છોડતો ન હોય છતાં થોડી ભક્તિ કે જપ કરતાં શીખી જાય કે પોતાની જાતને આત્માર્થી કહેવડાવવા માંડે.

આજે જે જાતનો વાયરો વાયો છે, એ વાયરામાં આત્માર્થી કહેવાતો માનવ પણ જો તણાતો હોય તો તેને આત્માર્થી માનવો શી રીતે? જેમ કે આજે શ્રીમંત કુટુંબોની વચ્ચે હરિફાઈ ચાલી રહી છે. એક જણ જેટલો ધનનો દેખાડો કરી શકે, બીજાને એનાથી વધુ કરવો હોય. સાંભળ્યું છે કે શ્રીમંત કુટુંબની બહેનો લગ્નમાં ૧૦-૧૫ હજાર રૂપિયાની સાડીઓ પહેરતી હોય અને એક લગ્નમાં આવી મોંઘી સાડી પહેરી હોય પણ વળી જો બીજા કોઈનાં લગ્ન હોય તો એ સાડી ન ચાલે. એનાથી ચડિયાતી બીજી ૨૦ હજારની જોઈએ. આ છે સામાજિક પ્રતિષ્ઠાનું આંધળું ભૂત! આમ જ ચાલ્યા કરે છે અને સમાજ અધ:પતનની રાહે

આગળ વધી રહ્યો છે. આવાં એક-એક દૂષણો બીજાં અનેક દૂષણો ઊભાં કરે છે, પણ જીવ નથી સમજતો!

આવા જીવોની વાત તો ઠીક, પણ એક એવાં બહેનને જોયાં, જે કહેવાય આત્માર્થી, પોતાની ટોળીમાં અવ્વલ નંબર, પણ મેક-અપના એક પણ સાધનોને છોડી નહોતાં શકતાં. શરીરને સુંદર દેખાડવાના સર્વ પ્રયત્નોમાં સદા વ્યસ્ત! જેને આવો દેહભાવ ન છૂટ્યો હોય, આવી તૃષ્ણા ન મરી હોય તેને મોક્ષભાવ કેમ જાગ્યો હોય? જ્યાં સંસારભાવ છે ત્યાં મોક્ષભાવ નથી. બન્ને સાથે રહી શકે જ નહીં. તો તેણે આત્માર્થીનું નામ ધરાવ્યું તે પણ જૂઠું! માફ કરજો ભાઈઓ! અહીં આત્માર્થીનાં લક્ષણોની ચર્ચા થઈ રહી છે તેથી સત્યનો ઘટસ્ફોટ કરવો જરૂરી છે. માટે જ આવા માનધારી આત્માર્થી જીવની અંતરદશા કેવી વિકૃત છે તે બતાવવી જરૂરી છે.

હા, તો આત્માર્થી જીવ સર્વે જડ ભાવોથી પર થયો હોય, તેથી ચૈતન્યના ચરમ પરિણમનરૂપ મોક્ષ સિવાય બીજી કોઈ આશા-અભિલાષા, ઈચ્છા તેને ન હોય.

ભવે ખેદ, ભવના ભ્રમણથી થાકી ગયો છે. અનંત અનંત જન્મ-મરણ કર્યા પણ જીવનું કાંઈ વળ્યું નહીં. ફરી ફરીને હતો ત્યાં ને ત્યાં! સુગતિમાં જઈ સુખ ભોગવી આવ્યો કે દુર્ગતિમાં જઈ દુ:ખો ભોગવ્યાં, પણ આજે કંઈ જ યાદ નથી. કદી કોઈ સુખ કે દુ:ખ વેદ્યાં જ નથી એમ માનીને ખૂબ સુખ મેળવી લેવા માટે દેવાદિ ગતિમાં જવાની નિત્ય, નિરંતર ઈચ્છા અને દુ:ખ તો જોઈતું જ નથી માટે નરકાદિમાં નથી જ જવું તેવો નિશ્ચય! પણ આમ હોવા છતાં સુગતિ યોગ્ય શુભ હેતુઓનું સેવન કરતો નથી અને દુર્ગતિના કારણભૂત અશુભ હેતુઓનો ત્યાગ કરતો નથી, પરિણામે સુગતિની ઈચ્છા રાખતો દુર્ગતિમાં ભટક્યા કરે છે. પણ અહીં તો શ્રીમદ્જી કહે છે – ભવ-ભવના ભ્રમણને સમજેલો જીવ ત્યાં-ત્યાં જઈ આત્માના આનંદને ગુમાવવાનું દુ:ખ જેણે વેદ્યું છે, તેવો જીવ તો અંતરના ઊંડાણમાંથી ઈચ્છે છે કે હવે તો સુગતિ પણ ન જોઈએ અને દુર્ગતિ પણ ન જોઈએ. રખડી-રખડીને બહુ થાકી ગયો છું. બસ હવે તો મારા પોતાના ઘરમાં જઈને ચિરકાળ સુધી વાસ કરવો છે.



એટલે ગુરુદેવનું શરણ લીધું છે. ગુરુદેવ પણ કહે છે.

**લે કે ધરમકી નાવ, તેરે ઘર તું ચલા જા....**

હવે આડું-અવળું ક્યાંય ભટકવું નથી. આત્માના પરમ વિશુદ્ધ સ્વરૂપની સંપૂર્ણ દશારૂપ મોક્ષ એ જ મારું ઘર. ત્યાં પહોંચી અનંત વિશ્રામ પામવો છે. આમ આત્માર્થી જીવને સંસારનાં ભ્રમણ વિષે પૂર્ણ ઉદાસીનતા હોય. સંસાર ન જોઈતો હોય, તો સંસારના કારણો પણ ન જોઈતાં હોય. તે વિષે પણ પૂર્ણ ઉદાસીનતા વર્તે અને જ્યારે આવો નિર્વેદ જીવને પ્રગટે, વૈરાગ્યભાવ જાગ્રત થાય ત્યારે જ આત્માને અનુભવી શકાય. કવિવર બનારસીદાસ સમયસાર નાટકમાં કહે છે –

**કહૈ સુગુરુ જો સમકિતી,**
**પરમ ઉદાસી હોઈ;**
**સુથિર ચેતિત અનુભૌ કરૈ,**
**પ્રભુ પદ પરસૈ સોઈ....૨**

સદ્ગુરુ કહે છે જે સમ્યગ્દૃષ્ટિ જીવ, સંસારભાવથી અત્યંત ઉદાસીન થઈ, મનને ખૂબ જ સ્થિર કરી આત્મ-અનુભવ કરે છે, તે જ પરમાત્મ પદને સ્પર્શે છે.

જૈન સંસ્કૃતિના પય:પાન જેણે કર્યા છે, તેવા પ્રત્યેક આત્માને જન્મમરણ રૂપ સંસાર જ ખેદનું કારણ બન્યો છે. ગજસુકુમારને વૈરાગ્ય જાગ્યો, અંતર નિર્વેદથી ભરાઈ ગયું. સંસારની અસારતા પ્રતિભાસી અને માતાને સંયમગ્રહણની આજ્ઞા માટે વિનવે છે. માતૃહૃદય અસીમ વાત્સલ્યથી રડી તો ઊઠે છે પણ શ્રેયનો માર્ગ જાણી, કુંવરને આજ્ઞા આપે છે. સાથે સાથે એ શિખામણ આપે છે કે બેટા! મને તો રડાવી, પણ હવે ભવિષ્યમાં કોઈ માને ન રડાવીશ! બસ, આટલું કહી વિદાય આપે છે. મા ઈચ્છે છે કે હવે તો દીકરો એવી સાધના કરી લે કે સદા-સર્વદાને માટે સંસારથી છૂટી જાય. અને બંધુઓ! એ દીકરાએ માના બોલ ખરા કરી બતાવ્યા. ભવ-ભવથી મુક્ત થઈ ગયો! આ છે માતા અને પુત્ર બન્નેની નિર્વેદ દશા!

આત્માર્થીનો ચોથો ગુણ કહ્યો પ્રાણીદયા-અનુકંપા-કરૂણા. સર્વ

જીવ, પ્રાણી, ભૂત, સત્ત્વ, સહુ પર કરૂણા. જેનાં આંતરચક્ષુ ખૂલી ગયાં છે, અંતરદૃષ્ટિ લાધી છે એવો આત્માર્થી જીવ, સર્વ પ્રાણીઓમાં સમાન આત્મા જ ભાળતો હોય. સહુને સિદ્ધ સમાન વિશુદ્ધ, સ્વરૂપ દૃષ્ટિએ જાણતો હોય. તેથી કોઈ જીવે કરેલા રાગ-દ્વેષ, એ જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી પણ તેના અજ્ઞાનનું પરિણામ છે. તેથી તેના અજ્ઞાન પર તો કરૂણા જ સંભવે. તેના અજ્ઞાનના નિમિત્તે આત્માર્થીને રાગ-દ્વેષ ન સંભવે. માટે અન્ય જીવોના વ્યવહાર, વાણી કે વિચારો ગમે તેવાં હોય, આત્માર્થીના મનમાં ક્ષોભ ન ઉપજાવે. પણ મૈત્રીભાવે તેમના પ્રત્યે પ્રેમ ઊપજે. તેમજ તે જીવોનાં આધિ, વ્યાધિ અને ઉપાધિનાં દુઃખો પરત્વે કરૂણા ઊપજે.

આત્માર્થી જીવ પળે-પળે આત્મ-જાગૃતિ સેવતો હોય, તેથી આત્મા ક્યાંય બંધાય નહીં, પાપથી ખરડાય નહીં, કષાયોથી ક્લુષિત થાય નહીં તે માટે સંપૂર્ણ સતર્ક હોય. આવી જાગેલી ભાવદયા, સહજ રૂપે અન્ય જીવ પ્રત્યે અનુકંપાના ભાવથી વરસી પડે, એટલે દ્રવ્યદયા તો હોય જ.

આમ આત્માર્થીનાં આ ચાર લક્ષણો આસ્થા એટલે શ્રદ્ધા તો સહજ પ્રગટે જ. જેને સ્વ-સ્વરૂપમાં શ્રદ્ધા છે તે જ આવા ગુણોને કેળવી શક્યો હોય. સ્વરૂપ લક્ષ્યે જ આ ગુણો પ્રગટ થયા હોય તેથી શ્રદ્ધાવિહોણા ન જ હોય.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થારૂપ ગુણોને પામવાની યોગ્યતાથી યુક્ત આત્માર્થી સ્વની સાધનામાં કઈ રીતે ઊંડો ઊતરતો જાય છે તે અવસરે.....

e

## જીવ લહે નહીં જોગ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના પાત્રતા પ્રગટ્યા પછી જ થાય છે. મોક્ષની આરાધના એ કોઈ સામાન્ય ક્રિયા નથી કે ગમે તેવો જીવ ગમે ત્યારે કરી લે, ને થઈ જાય, તેના માટે વિશિષ્ટ યોગ્યતા જોઈએ.

સામાન્ય રીતે માણસો એવું માનતા હોય છે કે ધર્મ કરવાનો સૌને અધિકાર છે. ગમે તેવો પાપી કે હલકો માણસ પણ ધર્મ કરી શકે. ગમે તેવી પ્રકૃતિવાળો માણસ પણ ધર્મ કરી શકે! સ્થૂળ દૃષ્ટિથી વિચારતાં આ સાદીસીધી વાત યોગ્ય જ લાગે. પણ પહેલાં તો વિચારવું એ ઘટે કે ધર્મ એ શું છે? જો આત્મસ્પર્શ વિના માત્ર બાહ્ય ક્રિયા-કાંડો કે વિધિ-વિધાનોને ધર્મ માની લીધો હોય, તો તે સહુ કરી શકે પણ વાસ્તવિકતા જુદી છે.

દ્રવ્ય, દેશ અને કાળના ભેદથી વિવિધ રીતે આચરણમાં આવતાં ધર્માનુષ્ઠાનો એ માત્ર બાહ્ય સ્વરૂપ છે અને એ કરવામાં કોઈ વિશેષ યોગ્યતાની આવશ્યકતા નથી. દ્રવ્યથી કોઈ પણ તપ, ત્યાગ, દર્શન, વંદન, પૂજા, ભક્તિ વગેરે કરવામાં આવે અને કાળથી તે ગમે તેટલા સમય માટે કરી લેવામાં આવે, તેમાં ભિન્નતા હોઈ શકે. એકરૂપતા ન હોય તો પણ ચાલે. કરનાર પણ ગમે તેવો હોય તોય ચાલે. પણ જ્યાં ભાવનો સંબંધ છે, ભાવ ધર્મ છે ત્યાં ધર્મ એટલે આત્મધર્મ જ. આત્માના સહજ સ્વભાવની પરિણામદશા જ, એથી ઓછું કશુંય નહીં તેથી ત્યાં ભિન્નતા સંભવે જ નહીં.

આત્માર્થી આત્માને પામવો તે જ ધર્મ છે. તે માટે તો વિશેષ યોગ્યતા જોઈએ જ. એ સિવાય આત્માને પામવાનો અધિકારી એ બની શકતો જ નથી. એ માટે જ શ્રીમદ્જી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મતાર્થીનાં લક્ષણો વર્ણવે છે. એ કહેવા માગે છે કે ધર્મ કરતાં પહેલાં જાતને તપાસી

લેજો કે ધર્મ કરવાના અધિકારી બની શકીએ એટલી યોગ્યતા કેળવી છે કે નહીં! જો હા, તો બહુ સારૂં. અને ના, તો કેળવી લેજો.

ગઈ કાલે જ આપણે આત્માર્થીનાં વિશિષ્ટ લક્ષણો જોઈ ગયા. કષાયોની ઉપશાંતિ, મોક્ષ સિવાયની અન્ય ઈચ્છાઓનો નાશ, સંસાર પ્રત્યે ઊંડી ઉદાસીનતા અને કરુણાથી ભરેલું અંતર, આટલા લક્ષણો સહિત જીવ જ ધર્મ કરવાને પાત્ર બને છે. એ જ વાત આગળ કહે છે –

**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહીં જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ....૩૯....**

ઉપર કહી એવી દશા સહજ સ્વભાવમાં વણાઈ જાય તેનું નામ જ પાત્રતા. ધર્મ સહજતાને સ્પર્શે છે. કૃત્રિમતા હોય ત્યાં ધર્મનો સ્પર્શ ન થાય. કાગળના બનાવેલ ફૂલમાં રૂપ, રંગ ને આકૃતિ આવી શકે પણ ફૂલના ગુણધર્મો ન આવી શકે. ગમે તેવા ઊંચા કાગળમાંથી બનાવેલું ફૂલ હોય અને મોંઘું પણ હોય, છતાં તેનામાં ફૂલના ગુણ ન હોય, પરંતુ મૂળ ફૂલ પછી ભલે એ વગડામાં ઊગ્યું હોય, કોઈનીયે માવજત વિના આપમેળે વિકસિત થયું હોય પણ તેનામાં સહજ ગુણો હોય જ. બંધુઓ! ધર્મ એ આત્માનો સહજ સ્વભાવ છે. એ સ્વભાવને પામવા માટે આત્મામાં જેટલી યોગ્યતાની આવશ્યકતા છે તે પ્રગટે, સહજ રૂપે પરિણમે, તો જ ધર્મ થઈ શકે. ધર્મ એ સહજાત્મ સ્વરૂપ સ્થિતિ છે.

આપણા માટે દુ:ખની વાત તો એ છે કે વૈભાવિક વૃત્તિઓ આપણામાં બહુ જ સહજ રૂપે પરિણમતી હોય છે. તેના માટે કશો જ પ્રયત્ન કરવો ન પડે. અનાયાસે વૃત્તિઓ પ્રગટ થઈ જતી હોય. અરે! કદાચ બહાર ન દેખાય તો પણ અંદર તો રાગદ્વેષાદિની ભાવનાઓ આવ્યા જ કરતી હોય. રાગને કે દ્વેષને જન્માવવા માટે એક જગ્યાએ એક કલાક બેસીને મહેનત કરવી પડતી નથી. પણ એક નહીં, અનેક સામાયિકો કર્યા પછી પણ સમતા જાગતી નથી. તપ-ત્યાગ કર્યા પછી પણ જિતેન્દ્રિયતા આવતી નથી. સ્વાધ્યાય, ભક્તિ કરી લીધા પછી પણ વીતરાગતાનો અંશ પ્રગટતો નથી. સ્વાભાવિક ભાવને જગાડવા માટે ભવ-ભવનો પુરુષાર્થ જોઈએ, છતાં ગોથું ખવાઈ જાય છે અને વૈભાવિક વૃત્તિઓએ ક્યાંય ગોથું ખાધુ સાંભળ્યું નથી. અફાટ વિશ્વના અનંત અનંત પ્રાણીઓનું વિભાવ રૂપ પરિણમન નિરંતર ચાલુ જ છે.



બંધુઓ! શા માટે આમ! આપણું પોતાનું સ્વરૂપ છે તે આપણાથી યોજનો દૂર અને પરના સંગનું પરિણમન અતિ નિકટ! બસ, કારણ એ જ કે ક્યારેય સ્વભાવમાં વસવાનો વિચાર કર્યો નથી અને પરભાવમાંથી ખસવાનો સંકલ્પ કર્યો નથી! પણ જેને આત્માર્થ પ્રગટ થઈ ચૂક્યો છે એટલે જે આત્માના અર્થમાં જ પ્રવૃત્ત છે તેવો જીવ સ્વભાવ-દશાની પ્રાપ્તિના પુરુષાર્થમાં જ હોય. તેનામાં એવી સત્પાત્રતા પ્રગટી ચૂકી છે.

આવી સત્પાત્રતા ન પ્રગટે તે મોક્ષમાર્ગને પામી શકે નહીં. અને માર્ગ ભૂલેલો જીવ, માર્ગને ચૂકી જ્યાં ત્યાં આથડતો જીવ, પાસે પડેલા રત્નને ઓળખી શકતો નથી. આત્માથી આત્માને પામવાનો છે. બીજું કશું જ કરવાનું નથી. બસ, આટલું સમજી જાય, કોઈ સમજાવનાર મળી જાય તો પોતામાં સમાઈ જવાનો પુરુષાર્થ કરે. સમજાવનાર સદ્ગુરુ નથી મળ્યા માટે જ આથડે છે. કબીર કહે છે –

**ભટક મુઆ ભેદૂ બિના, કૌન બતાવે ધામ?**
**ચલતે ચલતે જુગ ગયો, પાવ કોસ પર ગામ!**

અરેરે! આજ સુધી 'ભેદૂ' (સદ્ગુરુ) ન મળ્યા તેથી જ નકામો ભટકી મૂઓ! સદ્ગુરુ વિના નિજનું ધામ કોણ બતાવે? ચાલતાં ચાલતાં યુગો વીતી ગયા પણ ધામ ન પામી શક્યો. આજે સમજાય છે કે જ્યાંથી નીકળ્યો ત્યાંથી માત્ર પા કોશ દૂર જ ગામ હતું!

ખરેખર! પા કોશ પણ દૂર નથી. અનંત કાળથી આ લોકમાં આથડીએ છીએ. તેની સામે પા કોશ તો કંઈ હિસાબમાં જ નથી. આ ધામ તો એટલું નજીક છે કે સંકલ્પ કરો ને પહોંચી જાવ.

બંધુઓ! સદ્ગુરુ મળ્યા પછી પણ જો જીવની પાત્રતા તૈયાર ન હોય તો તે પામી શકતો નથી. કેટલાક અજ્ઞાની લોક કહેતા હોય છે કે અમારા ગુરુની અમારા પર કૃપા જ નથી. અમને કશું આપતા નથી. એટલું જ નહીં, અંદર પડેલી અપાત્રતા તો એમ બોલાવે કે ગુરુ પક્ષપાતી છે. અમુકને આપે છે ને મને કંઈ આપતા નથી. ગુરુ પર આવું તહોમત મૂકે પણ મૂર્ખાને ખબર નથી કે સદ્ગુરુના હૃદયમાંથી હંમેશા કૃપા વરસતી જ હોય છે. તારું પાત્ર ફૂટેલું છે, તું ઝીલી શકતો નથી તો ક્યાંથી પામે? પાત્ર તૈયાર કરો અને ન મળે એવું બને જ નહીં!

માટે જ શ્રીમદ્જી કહે છે – પાત્રતા પામ્યા વિના મોક્ષમાર્ગ સૂઝે

નહીં અને માર્ગ સૂઝ્યા વિના, અંતરનો રોગ દૂર થાય નહીં. આ જીવને મોટામાં મોટો કોઈ રોગ હોય તો તે આત્મભ્રાંતિ રૂપ છે. પોતે પોતાને જ ઓળખતો નથી. દેહાદિમાં આત્માના હોવાપણાની માન્યતા એ મોટો ભ્રમ છે. હું કોણ છું તેની ખબર નથી. શ્રીમદ્જીના જ શબ્દોમાં –

**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું....**

એની જ જીવને જાણ નથી. પોતાના બાહ્ય સ્વરૂપની અને જડના સંબંધોની જેટલી જાણ છે એટલી પોતાની જાણ નથી. અરે! ઊંઘમાં સૂતા હો, ભરનિદ્રામાં છો અને કોઈ તમારું નામ લઈ આવાજ દે, તો જાગી જાવ છો. અને મને જ બોલાવે છે અને મને અમુક વ્યક્તિ બોલાવે છે, એ પણ ખબર પડે છે. બન્નેને ઓળખો છો. આખાયે વિશ્વમાં અનેક પદાર્થોને ઓળખો છો. કેટલાકની યાદદાસ્ત એટલી બધી જોરદાર હોય કે વર્ષો પહેલાં કોઈ માણસને મળ્યા હોય તેને પણ ભૂલે નહીં. એ ઓળખાણ એવી ને એવી હોય, પણ જીવને પોતાની જ ઓળખાણમાં ભ્રાંતિ છે. એ ભ્રાંતિ દૂર ન થાય ત્યાં સુધી 'હું આત્મા છું' અને મારે મને પામવા ધર્મ કરવો છે. એ કેમ સૂઝે?

હું કોણ છું તેની જ ખબર નથી તો મારે શું કરવું જોઈએ તે કેવી રીતે જાણી શકે? વળી ધર્મનાં બાહ્ય અનુષ્ઠાનો પણ આત્મવિસ્મૃતિપૂર્વક કરતો હોય તેથી એ જીવ માર્ગે નથી. પાર્શ્વનાથ પ્રભુને ઉપસર્ગ આપનાર કમઠ સંન્યાસી પંચાગ્નિ તપ તપે છે. વૈશાખ મહિનાની આગ વરસાવતી ગરમીના બપોરે, ગામની બહાર ખુલ્લામાં પોતાની ચારે બાજુ કાષ્ઠની અગ્નિ પ્રગટાવી બેઠો છે. પાંચ બાજુથી તપી રહ્યો છે, શરીરને ભયંકર કષ્ટ આપી રહ્યો છે, પણ આત્મજગતમાં ભૂલેલો છે. આત્માનો સ્પર્શ થયો નથી. માત્ર દૈહિક ક્રિયાઓ વડે જગતમાં જીવોને ભૂલાવામાં નાખવાના જ પ્રયત્નો!

બંધુઓ! આવું તપ તપ્યા પછી પણ આત્મભ્રાંતિ ક્યાંથી મટે? મોક્ષમાર્ગ ક્યાંથી લાધે? તેથી જ શ્રીમદ્જીએ આત્માર્થીની દશા વર્ણવતાં, મોક્ષમાર્ગના ઈચ્છુક જીવની સત્પાત્રતા કેવી હોય તે બતાવી દીધી. આટલી પાત્રતા આવ્યા પછી જ માર્ગ મળે અને અંતરરોગ ટળે.

હવે આવો જીવ આગળ કેવો પુરુષાર્થ કરી શકે છે તે અવસરે....

## સદ્ગુરુ બોધ સુહાય...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એટલે આત્માનું જ્ઞાનરૂપ પરિણમી જવું, દર્શનરૂપ પરિણમી જવું, ચારિત્રરૂપ પરિણમી જવું, આત્મા આ ત્રણેયને અભેદ ભાવે વેદે એટલે આરાધનાની સિદ્ધિ.

આવી આરાધના માટે જે દશાનું પ્રાગટ્ય આવશ્યક છે એ આગળ બતાવી દીધું અને તે માટે આંતર પુરુષાર્થ પણ અનિવાર્ય કહ્યો. આત્માને જેમ જેમ સ્વ સ્વરૂપમાં સ્થિરતા આવતી જાય તેમ તેમ વિભાવ છૂટતા જાય. તેને છોડવા ન પડે....

આપણો પુરુષાર્થ ઊલટો ઊપડ્યો છે. પહેલાં ક્રોધાદિ વિભાવોને, મનની ચંચળતાને રોકવાના પ્રયાસ કરીએ છીએ. પણ જીવને દર્શનગુણમાં સ્થિરતા ના પ્રગટે ત્યાં સુધી ચારિત્રગુણ પ્રગટ થતો નથી. ક્રોધાદિ ચારિત્રની વિકૃતિ છે. માટે અંતરનો પુરુષાર્થ છે તે મિથ્યાત્વને દૂર કરવાનો અને સ્વમાં સ્થિર થવાનો. જ્યાં સુધી સ્વભાવમાં સ્થિરતા નથી આવતી ત્યાં સુધી કદાચ બાહ્ય વેષધારીને ચારિત્રનું પાલન કર્યાનો સંતોષ ભલે માની લેવાય પણ વિભાવો છૂટતા નથી.

એક સંન્યાસી ગંગાસ્નાન કરી પાછા ફર્યા અને માર્ગમાં ચંડાલનો સ્પર્શ થયો. અછૂત તેમને સ્પર્શી ગયો તેથી અભડાઈ જવા જેવો મોટો અનર્થ થયો અને શાંત રહેવા જોઈએ તેવો એ સંન્યાસીનો આત્મા ક્રોધથી પણ અભડાયો. કટુ શબ્દોની આપ-લે પછી ગાળાગાળી અને પછી મારા-મારી. સંત કૃષકાય અને ચંડાલ મજબૂત. સંતનાં હાડકાં ભાંગી ગયાં. માંડ છૂટીને સ્વસ્થાને આવ્યા અને સેવામાં રહેતો દેવ હાજર થયો. માન ઘવાયું છે. ક્રોધ અને અહં હજુ અંદરથી ઠર્યા નથી. દેવ પર વરસી પડ્યા. કેમ મારી રક્ષા કરવા ન આવ્યો? દેવ કહે, મહારાજ! આવ્યો તો

હતો પણ ઓળખી ન શક્યો! કેમ? બન્ને ચંડાલ હતા. પેલો જાતિથી ચંડાલ, તો તમે વૃત્તિથી ચંડાલ!

બંધુઓ! ક્રોધાદિ વિભાવ ચંડાલ સ્વરૂપ છે. એ જ્યારે માથા પર સવાર થઈ જાય, ત્યારે બધું જ ભાન ભૂલાઈ જાય. આત્મા જે જ્ઞાન સ્વરૂપી છે તે ક્રોધ સ્વરૂપી થઈ જાય. જાણે આત્મા ને ક્રોધ એક થઈ ગયા હોય તેવા થઈ જાય. માટે જ જીવની આવી પરિણતિને લક્ષ્યમાં રાખી શાસ્ત્રોમાં આઠ પ્રકારના આત્મા બતાવ્યા છે. જો કે વાસ્તવિકતાએ તો બધા જ આત્મા એક સરખા જ હોય. તેમાં કોઈ પ્રકાર કે ભેદ ન હોય. કહ્યું છે –

**'एगे आया'**

આત્મા એક છે. વિશ્વના અનંત આત્માઓ સ્વરૂપની દૃષ્ટિથી એકસરખા છે. સિદ્ધ તથા સંસારી સહુની મૂળભૂત સ્થિતિ એકસરખી જ છે, પણ જ્યાં ભિન્નતા દેખાય છે, તે કર્મ સહિત જીવોમાં. તેથી આઠ પ્રકારના આત્મા કહ્યા. (૧) દ્રવ્યઆત્મા, (૨) કષાયઆત્મા, (૩) યોગઆત્મા, (૪) ઉપયોગઆત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચારિત્રાત્મા, (૮) વીર્યઆત્મા.

બધા જ આત્મા દ્રવ્ય આત્મા છે જ્યારે જીવ ક્રોધાદિ કષાય રૂપ પરિણમે છે, ક્રોધ આવતાં તે રૂપ બની જાય, એટલી વાર તેને કષાયઆત્મા કહે. એ જ રીતે મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ રૂપ પરિણમે ત્યારે યોગઆત્મા. ઉપયોગ રૂપ પરિણમે ત્યારે ઉપયોગ આત્મા. અને એમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ પરિણમે ત્યારે તે તે સંબોધનથી ઓળખાય છે.

અહીં ક્રોધાદિ વિભાવ રૂપ પરિણમેલા આત્માની અંતરદશા પણ ક્રોધાદિ રૂપ બની જાય છે, જે વિભાવ છે. જ્યાં સુધી આવા વિભાવમાં છે ત્યાં સુધી આત્મામાં આરાધનાની યોગ્યતા પ્રગટ થતી નથી, ને મોક્ષમાર્ગ પમાતો નથી. પણ જે જીવ પુરુષાર્થ દ્વારા સ્વભાવદશાને પામવાની યોગ્યતા રૂપ અંતર્મુખદશા પામ્યો છે તે જીવ જ સુપાત્ર છે આવા સુપાત્ર જીવનો અંતર પુરુષાર્થ કેવો ઊપડે છે તે શ્રીમદ્જી બતાવે છે –

**આવે જ્યાં એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય;**
**તે બોધે સુ – વિચારણાં, ત્યાં પ્રગટે સુખદાય....૪૦....**



આત્માર્થ દશા જાગે એટલે સદ્ગુરુનો ઉપદેશ પ્રિય લાગે. રુચિકર લાગે, સુખરૂપ લાગે. મળેલા સદ્ગુરુના યોગે તેઓનો સદ્ઉપદેશ ગ્રહણ કરવા માટે તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ જાગે અને જે કંઈ આત્મ-હિતકારી વાણી સાંભળે તેને યાદ રાખે. સ્મરણમાં રાખે. વારંવાર સાંભળવાની પિપાસા જાગે. સાંભળીને રોમ રોમ ઉલ્લસિત થઈ જાય. હૃદય પ્રસન્ન થઈ નાચી ઊઠે ને આવા ઊલટ ભાવે સાંભળ્યું હોય એટલે તરત જ અંતરમાં ઊતરે.

બંધુઓ! સાંભળ્યા પછી અંતરમાં ન ઊતરે તો એ સાંભળ્યાનો સાર શો! લોકો સાંભળે છે તો ઘણું પણ અંદરમાં સ્પર્શ થવા દેતા નથી. પોતે કથામાં બેસે પણ કથા તેનામાં ન બેસે તો સાંભળનારની પણ મહત્તા શું? પેલી બે પૂતળીઓ જેવી વાત છે. દેખાવમાં બન્ને સરખી, બહુ સુંદર પણ એક હતી અસલી ને એક હતી નકલી. અસલીની કિંમત સવા લાખની અને નકલીની કોડીની પણ નહીં ને ચતુર મંત્રીએ ઓળખી માત્ર એક સળી વડે. એકના કાનમાં સળી નાંખી તો સીધી પેટમાં ઊતરી ગઈ અને બીજીના કાનમાં નાંખી તો બીજા કાનથી નીકળી ગઈ. કહો! આમાં કઈ અસલી ને કઈ નકલી? કહેશો? હા, પહેલી અસલી અને બીજી નકલી! બંધુઓ! આપણે શેમાં? અસલીમાં કે નકલીમાં? પોતાની કિંમત પોતે જ કરી લેવાની છે! મુંબઈમાં એક ભાઈ અમને કહેતા, મહાસતીજી! ગમે તેટલું કહો ને પણ –

**બે કાન મળ્યા છે સીધા શા માટે?**
**સુણી સુણીને સીધું ફેંકી દેવા માટે!**

આ દેહના ઘડનારની કેટલી મોટી ભૂલ! એક કાન ઉપર અને બીજો નીચે મૂક્યો હોત તો, સાંભળેલું બહાર નીકળી ન જાત. બંધુઓ! સંતોનો ઉપદેશ તો બહુ સાંભળો છો પણ લઈને કંઈ નથી જતા! શા માટે? અહીં જ કેમ આવું? બજારમાં જાવ છો, વ્યાપાર કરવો છે. ઘરેથી નીકળો ત્યારે એમ નક્કી કરીને નીકળો છો ને કે આજે તો આટલો ધંધો કરવો છે ને આટલું કમાવું છે! મારા ભાઈઓ! હું તમને પૂછું કે ક્યારેય એવું વિચારીને નીકળો છો કે બજારમાં જાઉં છું પણ એક પૈસાનોય વેપાર કરવો જ નથી. અરે! મળે તો પણ નહીં! ક્યારેક તો આવું વિચારજો! ના, વ્યાવહારિક જીવનમાં આવું વિચારનારો પાગલ ગણાય. તો પછી અહીં જો કંઈ જ લેવા ન આવતા હો, સાંભળીને એમ જ પાછા ચાલ્યા જતા હો તો શું સમજવું? તમને શું કહેવું? ક્યાં છે

આપણું સ્થાન? કઈ કેટેગરીમાં બેઠા છીએ, મતાર્થી કે આત્માર્થી? વિચારી લેજો.

શ્રીમદ્જી કહે છે આત્માર્થી સદ્ગુરુનાં નિર્દોષ વચનોને ગ્રહણ કરે તે સીધાં તેના અંતરમાં ઊતરે છે અને શોભારૂપ બને છે. એ વચનો તેના અંતરમાં સુ-વિચારણા ઉત્પન્ન કરે છે. માત્ર વિચાર નહીં, પણ સુવિચાર.

મનુષ્યને શરીરની સાથે મળેલું મન નિત્ય વિચારે છે. વિચારની પ્રક્રિયા એક ક્ષણ માટે પણ રોકાતી નથી. જન્મ્યા ત્યારથી જ સમજણ હોય કે નહીં પણ વિચારો તો ચાલુ જ છે. વ્યક્ત કરવા માટે વાણી ન હોય, સામર્થ્ય ન હોય તો વિચારોની અભિવ્યક્તિ ભલે ન થાય પણ વિચારો તો નિરંતર ચાલુ જ છે. આપણા મનમાં ચાલતા આ વિચારોનું પૃથક્કરણ કરવાનું છે કે એ 'સુ' છે કે 'કુ' છે. રાગ-દ્વેષાત્મક ભાવનાઓથી રંજિત વિચારો કુ-વિચાર જ હોય. જે પોતાનું પણ અહિત કરે અને અન્યનું પણ અહિત કરે.

મોટા ભાગના વિચારો આપણામાં જે રસ છે, રુચિ છે, જેની પ્રીતિ છે, જેવી વૃત્તિઓ છે એ માટેના જ હોય છે. આપણી હલકી વૃત્તિના પોષણ માટેના પણ હોય છે. આવા વિચારો આત્મભાવથી પર છે. આત્માનું હિત ન થતાં, આનાથી અહિત જ થાય છે, માટે આ વિચારોને કુ-વિચાર જ કહ્યા. જ્યાં સુધી સદ્ગુરુનો ઉપદેશ હૃદયને ભીંજવે નહીં ત્યાં સુધી સુ-વિચારો જાગવાનો અવકાશ જ નથી મળતો. સંસારવૃદ્ધિના જ વિચારો હોય પણ સંસારમુક્તિના વિચારો આવે જ ક્યાંથી? કારણ જીવે વિચાર્યું તો ઘણું, પણ આજ સુધી એને જાણ જ નથી થઈ કે મારે મારા માટે એટલે કે આત્મા માટે પણ વિચારવું જરૂરી છે. જો એ સમજાય તો સદ્ગુરુના યોગે સુ-વિચારણા જાગે.

પણ બંધુઓ! આપણી દશા તો કેટલી બૂરી છે! આપણા વિચારો ક્યાંથી શું ગ્રહણ કરે છે! અંદરની બૂરી વૃત્તિઓને પોષવા માટે જ્યાંથી સારું ગ્રહણ કરવાનું છે ત્યાં તેના જ ઓઠા નીચે હલકે માર્ગે ચડી જઈએ છીએ.

આજનો દિવસ છે જન્માષ્ટમીનો! આજે શું કરશો? ખીરનું ભોજન! કેટલાંક બહેનોએ પોષા કર્યા છે! ઉપવાસ કર્યા છે! પણ ભાઈઓ! તમને પૂછું છું શું કરશો? જે કૃષ્ણ ભગવાને કર્યું હતું, જે પાંડવોએ કર્યું હતું તે? તેઓએ તો પોતાના જીવનમાં ઘણું ઘણું કર્યું હતું.



તમે તેમાંથી શું ગ્રહણ કર્યું? સારી વસ્તુઓને મૂકી જુગાર રમવાનું શીખ્યા! આજે આખી રાત રમશો. અરે! કેટલાક ભાઈઓ અને સાથે બહેનો પણ આ શ્રાવણ મહિનો આખો રમે! શા માટે? તમારી પાસે જવાબ છે. કૃષ્ણ જેવા રમ્યા! પાંડવો જેવા પંડિતો રમ્યા તો અમે તો સામાન્ય માણસો છીએ. ન રમીએ? અને છતાં અમે પાંડવો જેવા મૂરખ નથી, ભાન ભૂલેલા નથી કે દાવમાં પત્નીને મૂકી દઈએ. અમે ક્યારેય મૂકી નથી અને મૂકવાના પણ નથી. માત્ર મનોરંજન માટે રમીએ છીએ. બે ઘડી મોજ!

માફ કરજો બંધુઓ! પણ આવા હલકા મનોરંજનનો આશરો કેમ લીધો? સાત્ત્વિક મનોરંજન નથી મેળવી શકતા? કે પછી એમાં મજા નથી આવતી? સત્સંગ, સત્શ્રવણ, ભક્તિ, સ્વાધ્યાય આદિ કરશો તો એનાથી મનોરંજન જ નહીં, આત્મા પણ રંજિત થશે અને જીવ માટે ઉપકારી નીવડશે. હલકા મનોરંજનમાં જેનું મન લોભાય છે, તે માનવની મનોવૃત્તિ પણ હલકી છે, એ સત્ય હકીકત છે. કેમ આવી હલકી વૃત્તિઓને પોષવાનું ગમે છે?

બંધુઓ! શ્રી કૃષ્ણનું આવું અનુકરણ કરતાં પહેલાં એમના જીવનને તપાસો. કહેવાય છે કે જમુનાના જળમાં જઈ તેમણે કાળી નાગને નાથ્યો, સહસ્ત્ર ફેણવાળા નાગને નાથતાં બહુ પરિશ્રમ કરવો પડ્યો, વળી એક એક ફેણ કાપતા જાય તેમ નવી-નવી ઊગતા જાય. પાર જ ન આવે. પણ અંતે તેઓએ નાગને વશ કર્યો! શું છે આ? પ્રતીક છે. શ્રીકૃષ્ણે અંતરમાં પડેલી અનંત કુવૃત્તિઓને નાથવા માંડી. જેમ-જેમ પ્રયાસ થાય તેમ-તેમ વૃત્તિઓ તો વધુ જોરથી ઉછાળા મારે. એકને જીતે ત્યાં બીજી અનેક ઊભી થઈ જાય. આપણા સહુનો અનુભવ છે કે વૃત્તિઓ એક પછી એક જાગ્રત થયા જ કરે છે ને શાંતિ રહેવા દેતી નથી. અરે! ભાન ભૂલાવી દે છે. કુળ ઈજ્જત, પ્રતિષ્ઠા, ધર્મ બધું જ ભૂલાવી દઈ કુવૃત્તિઓ, દુરાચારના માર્ગે લઈ જાય છે. માણસ વૃદ્ધ થયા પછી પણ વૃત્તિઓની ગુલામીમાંથી છૂટી શકતો નથી એટલો લાચાર થઈ ગયો છે. તો આ વૃત્તિઓનો સંયમ કરવાનું, કરીને પછી જુગારનાં પાનાં હાથમાં લેજો.

કૃષ્ણના હોઠ પર રહેલી બંસરી પણ કંઈક સમજાવે છે. રાધાજીના દીલમાં એકવાર બંસરીની ઈર્ષ્યા જાગી કે આ બંસરી આખો વખત શ્રી કૃષ્ણના હોઠ પર, એક ક્ષણ પણ દૂર નહીં, એનામાં એવું શું છે? ને રાધાએ કારણ પૂછી લીધું, બંસરી કહે છે – મારા તરફ તો જરા જુઓ!

ઉપરથી નીચે સુધી આખી ખાલી થઈ ગઈ, પોલી થઈ ગઈ. મારામાં કાંઈ ના રાખ્યું મારું, એટલે જ મને કૃષ્ણના મુખ પર રહેવાનું સૌભાગ્ય મળે છે. રાધાજી સમજી ગયાં. બંધુઓ! જે પોતાના અંદરમાંથી અહંમને કાઢીને ફેંકી દે છે તે જ પ્રભુની સમીપે રહેવાનો અધિકારી છે, અન્ય નહીં. જ્યાં સુધી અંતરમાં અહં પડ્યું છે ત્યાં સુધી પરાત્માની પધરામણી હૃદયમંદિરમાં નહીં થાય. કબીરજી પણ એ જ કહે છે –

**યહ તો ઘર હૈ પ્રેમકા, ખાલાકા ઘર નાહી;**
**સિસ ઉતારી ભૂંહિ ધરૈ, તો પૈઠે ઘર માંહિ....**

પ્રભુ પ્રેમનો માર્ગ સરળ નથી. માસીનું ઘર નથી કે તેમાં વગર પૂછ્યે ઘૂસી ગયા. અહીં તો માથું ઉતારીને મૂકવું પડે છે. પછી જ ઘરમાં પ્રવેશ મળે. પ્રભુનો પ્રેમ તો જ મળે. માટે અહંનો ત્યાગ થાય ત્યારે જ પ્રભુ મળે. એ કામ શૂરવીરથી જ થાય.

**હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને;**
**પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને....**

કાયરો અહંને શું જીતી શકે? અને જીતે તો હરિ તેના હૃદયમંદિરમાં પધારી જ જાય.

**'મૈં થા તબ 'હરી' નહીં, અબ 'હરી' 'મૈ' નાહીં.**

બસ, અહં જાય કે હરિને પ્રવેશ મળી જાય. તો બંધુઓ! કૃષ્ણની બંસરી અહંમથી ખાલી થવાનું શીખવે છે. આજના દિવસે અહંને ઓળખી તેને દૂર કરવાનો પ્રયાસ કરજો.

કૃષ્ણના જીવનની ત્રીજી વાત તે એમની અદ્ભૂત નમ્રતા! નાનપણમાં સાંદિપની ઋષિને ત્યાં ભણવા રહ્યા છે. નિર્ધન અને ધનવાન સહુ વિદ્યાર્થીઓ સાથે ભણે છે ને ગુરુએ સોંપેલા કામ સહુ કરે છે. વરસતા વરસાદમાં લાકડાં કાપવા મોકલ્યા તો ગયા અને લાકડાનો ભારો માથે ઉપાડીને લાવ્યા. રાજપુત્ર હતા છતાં ગુરુનું કામ કરતાં શરમ ન આવી. ગુરુની આજ્ઞા એ જ ધર્મ, એ શીખ્યા હતા, અહં આડો નો'તો આવતો. બંધુઓ! વિચારો! આવાં-આવાં કાર્યો જેણે કર્યા હોય તે સંસારમાં પૂજાય! આજે ભારતમાં તેમનાં હજારો મંદિર હશે. ભારતની બહાર પણ તેઓ પૂજાય છે.

સૌથી વિશેષ વાત તો તેમના જીવનની એ હતી કે ધર્મદલાલી



કેટલી કરી! તીર્થંકર નામ ગોત્ર બાંધી લીધું. ભવિષ્યમાં તીર્થંકર પદની પ્રાપ્તિ થશે! આપણે એમના જીવનમાંથી જૈનશાસનની સેવા કરતાં શીખીશું? ભલે કદાચ તીર્થંકર થવાની યોગ્યતા સુધી ન પહોંચીએ પણ જીવન સદાચારથી સારા થઈને જીવીએ એટલું પણ ન બની શકે? તો બંધુઓ! આજે તો ખાસ કહીશ કે જન્માષ્ટમીના નામે જુગાર રમતાં પહેલાં એક વાર શ્રી કૃષ્ણના જીવનને વિચારી લેજો. પહેલાં તેમના જીવનનો એક સદ્ગુણ ગ્રહણ કરવાનો નિશ્ચય કરજો અને પછી કુવિચારના ફળરૂપે જુગાર રમવો કે નહીં એ નક્કી કરજો.

શ્રીમદ્જીએ કહ્યું કે આત્માર્થી જીવ સદ્ગુરુના બોધને અંતરમાં ઉતારે છે. તેથી તેનામાં સુવિચારણા એટલે કે સમ્યગ્ વિચારણા જાગ્રત થાય છે. જે વિચારોમાંથી ચિંતન જન્મે છે. વિચારો તો સહુ કરે પણ સમ્યગ્ માર્ગે તેને ચિંતનરૂપમાં પરિણમન કરવું તે જુદી વાત છે. જ્યાં ચિંતન છે ત્યાં મંથન છે. આત્મવિષયક ઉપદેશ સાંભળ્યા પછી, અંતરમાં તેનું મંથન થાય તો તેમાંથી આત્મ-અનુભવરૂપ નવનીત નીકળે છે અને નવનીત જ પુષ્ટિ આપનાર બળ છે.

આત્માર્થી સાધકના ચિંતનમાં 'હું આત્મા છું'નું રટણ નિશદિન ચાલતું હોય. શુદ્ધ સ્વરૂપી, અખંડ ચિદ્રુપ ત્રિકાળી દ્રવ્ય હું આત્મા. આ વિચારણા તેને અનુભવદશા તરફ લઈ જાય કે જે અનુભવ જ સાચા સુખનું કારણ છે. માટે જ શ્રીમદ્જી કહે છે. સુખદાયક સુવિચારો પ્રગટે છે. જો માનવ કુવિચારોના વમળમાં ફસાયેલો રહે તો તે પરિણામે દુ:ખકર્તા જ બને છે. કુ-વિચારોનું ફળ સારું હોય જ નહીં. જેવા વિચાર તેવો જ કર્મબંધ અને તેવું જ ફળ. માટે જ ફરી ફરીને આપણા વિચારોને તપાસી તેમાં કોઈ હલકું તત્ત્વ હોય તો તેને દૂર કરી સાત્ત્વિક વિચારો કરતાં શીખવું પડશે. તે માટે સદ્ગુરુના બોધને અંતરમાં વાસ કરાવવો પડશે. દશા પામવી પડશે.

આમ દશા પામેલા જીવને સમ્યગ્ દિશા મળી જાય છે અને એ દિશાએ આગળ વધતાં છેવટની મંઝિલ પણ પ્રાપ્ત થાય છે.

તે ક્યાં અને ક્યારે? એ અવસરે....!

e

# જ્યાં પ્રગટે સુવિચારણા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયો છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સુવિચારણા પ્રગટ થયા પછી જ થાય છે. સુવિચારણા એટલે આત્મા વિષેનું ચિંતન. પોતે પોતાને ચિંતવતો થાય, પછી જ રત્નત્રય એ જ મારું સ્વરૂપ છે, તે સમજાય. એવી સમજણ જીવમાં મુમુક્ષુતા પ્રગટાવે. પછી જ આરાધના માટે ઉદ્યત થાય.

જ્યાં સુધી પરભાવોની પ્રીતિ છે અને તેનું જ ચિંતન છે ત્યાં સુધી પદાર્થોને મેળવવા, જાળવવા અને ભોગવવામાં જ જીવ રાચતો હોય છે. તેમાંથી બહાર નીકળવાનું તેને સૂઝતું નથી. સદ્ગુરુના યોગે પણ અવળો ચાલે તેથી સ્વભાવને જાણી શકે નહીં.

અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં એ જ બતાવ્યું કે સુપાત્ર જીવને સદ્ગુરુનો યોગ મળે, તો એ અણમોલ તક તેના જીવનમાં નંદનવન ખીલવવાના સુભગ નિમિત્તરૂપ બને. આત્માર્થી માત્ર આત્માના અર્થે જ આવા સુયોગને શોધતો હોય. એ મળે એટલે આત્મામાં પડેલા બીજને પાંગરવામાં સમય ન લાગે.

આપણા ઈતિહાસમાં એવા ઘણા માર્ગાનુસારી સંતો થયા કે જેમને જીવનમાં એક વાર સત્સંગ મળ્યો અને આખાયે જીવનનું પરિવર્તન થઈ ગયું. લોઢું તો તપેલું જ હોય પણ તેના પર ગુરુકૃપાનો હથોડો પડે કે ઘાટ ઘડાઈ જાય. પછી એ જ ગુરુદેવના નિયમિત સત્સંગમાં ગુરુદેવ દ્વારા અપાયેલા કડવા પણ આરોગ્યકારી ઔષધના ધીમા સેવનથી ધીરે ધીરે તેની પાચનશક્તિ વધતાં, ઉપદેશને પચાવતો જાય. એના પરિણામે તેનામાં સુવિચારણા રૂપ આરોગ્ય પ્રગટ થાય છે. સુવિચારણા પ્રગટ થવાથી શું થાય તે શ્રીમદ્જી બતાવે છે –



**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ....૪૧....**

સુવિચારણા જાગ્રત થવાથી, પરિણામસ્વરૂપ નિજનું જ્ઞાન થાય છે. પોતે પોતાને જાણે છે, પોતે પોતાને અનુભવે છે. આ અનુભવ, આ ઓળખાણ અંતરથી થાય છે, બહારથી નહીં.

આત્માની ઓળખાણ અને એ સિવાયના સંસારના સમસ્ત પદાર્થોની ઓળખાણ, આ બન્નેમાં બહુ મોટું અંતર છે. બહારના પદાર્થો, વ્યક્તિઓ કે સ્થાનો વિષેની ઓળખાણ બૌદ્ધિક સ્તરે થાય છે. કોઈ એક વ્યક્તિને આપણે ઓળખતા હોઈએ તો તેનું નામ, ઠામ, જ્ઞાતિ, વ્યાપાર, તેના અન્ય સાથેના સંબંધોથી ઓળખીએ છીએ. એથી આગળ વધીને તેનું સામાજિક સ્થાન શું છે એ ખબર હોય. વળી એ કદાચ કંઈક વિશિષ્ટ શક્તિ ધરાવતો હોય તો એ પણ જાણતા હોઈએ. પણ આ બધી જ ઓળખાણો આપણી બુદ્ધિ દ્વારા થયેલી છે.

વળી કોઈ સાથે સ્નેહ-સંબંધ હોય, પ્રેમભાવથી એની સાથે જોડાયેલા હોય તો એ ઓળખાણ હૃદય સુધી પહોંચે. હૃદયથી હૃદયને ઓળખતા હોઈએ. આપણી લાગણીઓ સાથે જોડાયેલો એ તંતુ હૃદયનાં સુખ-દુઃખનો અનુભવ કરાવે. આ બધું જ હોવા પછી પણ તેમાં આત્મિક અનુભવ નથી થતો.

બૌદ્ધિક કે હૃદયના સ્તર સુધી પહોંચેલી ઓળખાણનાં સંવેદનો એટલાં ઊંડા નથી હોતાં, જેટલાં આત્મ-અનુભવનાં હોય. આત્માને અનુભવવા માટે દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ, હૃદય બધાંથી પર થઈને આત્માના ઊંડામાં ઊંડા સ્તરને સ્પર્શ કરવાનો છે. આ સ્પર્શ થાય ત્યારે જ નિજનું જ્ઞાન થાય છે.

તેમજ દેહ અને ઈન્દ્રિયના સ્તરે થતા અનુભવોને આપણે અનુભવ્યા છે. બાહ્ય સુખ-દુઃખનું વેદન કર્યું છે. પણ આત્માનો અનુભવ તો એવો છે કે જે અનુભવ્યા પછી એક પ્રકારની તૃપ્તિ અને ચિરકાળની પ્રસન્નતા રહ્યા કરે છે, જેને જીવ માણ્યા કરે છે. તેને માણીને મમળાવ્યા કરે છે. એ માણ્યા પછી કોઈ પણ પ્રકારની અતૃપ્તિ કે દુઃખોનો અનુભવ શેષ

રહેતો નથી. જ્યારે ઈન્દ્રિયગમ્ય અનુભવ પછી અતૃપ્તિ રહે છે. સુખની પાછળ દુ:ખનો પડછાયો ઊભો હોય છે. તેથી જ શ્રીમદ્જી કહે છે –

**પશ્ચાત્ દુ:ખ તે સુખ નહીં**

ઈન્દ્રિયજન્ય અનુભવમાં સુખની માન્યતાવાળા જીવોને વિચારવું ઘટે કે કોઈ પણ પ્રકારનું વિષયસુખ મેળવ્યા પછી તેની પાછળ હતાશાનું, અતૃપ્તિનું, અરુચિનું દુ:ખ ઊભું જ હોય છે. વળી સંસારનાં સુખોની અનુભૂતિ નિરંતર સુખમય જ હોય એવું પણ નથી બનતું. એ સુખ ભોગવતાં-ભોગવતાં પણ વચમાં દુ:ખનો વિચાર, દુ:ખનો અનુભવ થોડી ક્ષણો માટે થઈ જતો હોય છે. ત્યાં સુખ સ્થાયી નથી. માટે એ બધા જ અનુભવો પરિણામે દુ:ખકર્તા જ છે.

વળી ઈન્દ્રિયજન્ય સુખાનુભૂતિ મન સુધી જ પહોંચે છે. એથી વધુ ઊંડાણમાં જઈ શકે નહીં. મન જડ છે. જડના આશ્રયે નીપજેલું સુખ ચેતનને સુખ કેમ આપી શકે? ચેતનનું સુખ તો ચેતનમાંથી જ આવિર્ભૂત હોય. માટે જ ઈન્દ્રિય મનનો આશ્રય છોડીને આત્મા સુધી પહોંચે ત્યારે નિજજ્ઞાન થાય, અને એ જ્ઞાન દુ:ખરહિત સુખ આપે.

નિજજ્ઞાન એટલે પોતાને પોતાની ઓળખાણ. પોતાનો પરિચય, પોતાનો અનુભવ, પોતામાં સ્થિરતા. આ બધી ક્રમિક વિકાસની અવસ્થાઓ છે. નિજાનંદની મસ્તી અનુભવતો જીવ ક્રમે-ક્રમે ક્યાં સુધી પહોંચે છે! અહીં તે કડી જોડાયેલી છે. સહુથી પ્રથમ અંતરમાં આત્માર્થ દશા, દશા પછી સદ્ગુરુનો યોગ, સદ્ગુરુના બોધના આશ્રયે સુવિચારણા, સુવિચારણાથી નિજજ્ઞાન અને નિજજ્ઞાનથી મોહનો ક્ષય, પરિણામે, નિર્વાણ. આમ આત્માર્થદશાનું પક્વ ફળ છે મોક્ષ. માટે જ સમ્યગ્દર્શનની મહત્તા અપંરપાર છે. શ્રીમદ્જીએ આવા સમ્યગ્દર્શનને ઠેર-ઠેર નમસ્કાર કર્યાં છે.

**અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુરૂપ થતું હતું, તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.**

જીવમાં જાણવાની શક્તિ તો પડી જ છે. જાણવું એ આત્માનો સ્વભાવ છે. તેથી ઈન્દ્રિયાદિનાં સાધનો વડે જાણ્યા કરતો હોય પણ એ



જ્ઞાન રાગ-દ્વેષના નિમિત્ત રૂપ બની, આજ સુધી સંસાર વધારનાર જ બન્યું છે. જીવ જે કંઈ જાણે, તેમાં સારા-નરસાનો આરોપ કરે, તેથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તે સહજ છે. રાગ-દ્વેષ સંસારનું કારણ છે તેથી જ્ઞાન કરીને જીવે સંસાર જ વધાર્યો, પણ જીવ જ્યારે સ્વસન્મુખ થાય છે, નિજને અનુભવે છે, એટલે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે અંદર એક ક્રાન્તિ ઘટિત થાય છે. અનાદિકાળથી જે જ્ઞાને માત્ર સંસારનું ભ્રમણ કરાવ્યું હતું તેની પોતાની દિશા બદલાતાં માત્ર એક સમયમાં તે સંસારનાશના હેતુરૂપ બની જાય છે. આજ સુધી જે ભાવોનું પોષણ કર્યું હોત તેને એક ઝાટકે છેદી નાખે છે. આ છે સમ્યગ્દર્શનનું અપૂર્વ બળ.

આવા મહિમામય સમ્યગ્દર્શનની વિશેષતા વધુ બતાવતાં શ્રીમદ્જી કહે છે –

**સમ્યક્ત્વ કેવળજ્ઞાનને કહે છે કે હું જીવને મોક્ષે પહોંચાડું એટલે સુધી કાર્ય કરી શકું છું. અને તું પણ તે જ કાર્ય કરી શકે છે; તું તેથી કાંઈ વિશેષ કાર્ય કરી શકતું નથી, તો પછી તારા કરતાં મારામાં ન્યૂનતા શાની? એટલું જ નહીં, પરંતુ તને પામવામાં મારી જરૂર રહે છે.**

અહીં સમ્યગદર્શન જ જીવની વિકાસ અવસ્થાનું અતિ મૂલ્યવાન પ્રથમ ચરણ છે તે બતાવ્યું. સમ્યગ્દર્શન પછી જ ધર્મની શરૂઆત થાય છે. મોક્ષે જવા માટે જે પુરુષાર્થ કરવાનો છે તે જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અંતરમાંથી ઊપડતો નથી. તેથી સમ્યગ્દર્શન જ મોક્ષે પહોંચાડનાર મૂળભૂત કારણ છે. વળી કેવળજ્ઞાન થયા પહેલાં કોઈ જીવ મોક્ષ પામતો નથી. તેથી કેવળજ્ઞાન પણ મોક્ષનું કારણ છે. છતાં અહીં સમ્યગ્દર્શન કહે છે કે હું ન હોઉ તો તું આવી શકે જ નહીં. એટલે પહેલું મહત્ત્વ મારું જ છે. અહીં આપણે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનનો ભેદ સમજીએ.

સમ્યગ્દર્શન એટલે યથાર્થ જ્ઞાન. પણ અહીં આત્મા અને જ્ઞાન જુદાં છે. જ્યારે કેવળજ્ઞાન એટલે સંપૂર્ણ જ્ઞાન, જેમાં આત્મા પોતે જ જ્ઞાનરૂપ થઈ જાય છે. આત્મા અને જ્ઞાન અલગ નથી રહેતાં.

બંધુઓ! આ વાર્તાલાપથી કેવળજ્ઞાનને નીચું સમજવાનું નથી. પણ

રહસ્ય એ છે કે સમ્યગ્દર્શનરૂપ બીજ વાવ્યા વિના, નિર્વાણરૂપ ફળ મળે નહીં. મીઠાં મધુરાં ફળના રસ માણીએ છીએ એ બીજને આભારી છે. બીજ ન જ હોત તો ફળ મળી શકત જ નહીં, માટે ફળના રસનો આસ્વાદ માણતાં દૃષ્ટિ સમક્ષ બીજનું મૂલ્ય હોવું જ ઘટે. એ બીજ એટલે જ સમ્યગ્દર્શન, એ બીજ એટલે જ નિજજ્ઞાન. શ્રીમદ્જીના શબ્દોમાં –

**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે**

આવું નિજજ્ઞાન થતાં મોહનો ક્ષય થાય છે. થાય છે એટલે જ નિજ-જ્ઞાન પછી સમ્યક્પુરુષાર્થ ઊપડે છે, કે જે મોહના ક્ષયરૂપ પરિણામ પ્રગટ કરે. નિજાનુભૂતિ પહેલાંનો પુરુષાર્થ બહુ થોડું ફળ આપે છે, જેને આપણાં શાસ્ત્રોમાં અકામનિર્જરા કહી છે. સમ્યગ્દર્શન પહેલાંનો પુરુષાર્થ સર્વથા વ્યર્થ નથી, કારણ અનાદિના મિથ્યાત્વી જીવને સમકિત પામવા માટે જે પુરુષાર્થ જોઈએ તે તો મિથ્યાત્વ દશામાં રહીને જ કરવાનો છે. જો મિથ્યાત્વ દશાના પુરુષાર્થથી કશું જ ફળ ન મળતું હોત તો કોઈ પણ જીવ કદી સમકિત પામી શકત જ નહીં. પણ એમ નથી! મિથ્યાત્વ દશાનો પુરુષાર્થ જ સમકિત પ્રાપ્તિનું કારણ છે. હા, એટલું સાચું કે સમકિતપ્રાપ્તિ માટે કશું જ ના કરે અને અન્ય અનુષ્ઠાનો સેવે તો તેનાથી નિર્જરારૂપ લાભ બહુ થતો નથી. પણ સમકિત પછી કરાયેલો એટલો જ, બલ્કે એથી પણ ઓછો પુરુષાર્થ વધુ ફળ આપે. કર્મનિર્જરા થોકબંધ કરે અને આત્મિક વિકાસ શીઘ્રતાથી થાય. તેથી જ સમ્યગ્દર્શનનું અપૂર્વ મહાત્મ્ય છે.

સમ્યગ્દર્શન પછી પણ ઘણી ઉગ્ર સાધના કર્યા પછી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ભગવાન મહાવીર કેટલી અસાધારણ યોગ્યતા લઈ જન્મ્યા છે. સમકિત અને ત્રણ જ્ઞાન સાથે છે પણ મોહનીયકર્મ પડ્યું છે, જેની સાથે લડવાનું છે. કેટલો સમય લાગ્યો? ૧૨ વર્ષ અને ૧૩ પક્ષ! બંધુઓ! વિચાર કરજો! પ્રભુએ આટલો લાંબો સમય શું કર્યું? ગ્રન્થકારો કહે છે, અમુક તપ કર્યા. આપણી પાસે પ્રભુની તપશ્ચર્યાના આંકડા ઉપલબ્ધ છે. છઠ, અઠ્ઠમ, અર્ધમાસી માસખમણ, ચારમાસી, છમાસી આદિ આદિ તપની ગણતરી આપણે કરી છે. પણ શું પ્રભુએ માત્ર આટલું જ કર્યું? નહીં! આ તો બહારથી તેમના દેહને કેટલું તપવું પડ્યું.



તેનું ગણિત માંડ્યું આપણે! તેઓના આત્મભાવોમાં શું શું ચાલ્યું?

તેઓના અંતરમાં પડેલી મોહદશા કેવી પ્રચંડ હશે? કે તે દશાને પલટાવી, અત્યંત નિર્મોહદશાની પ્રાપ્તિ કરતાં કરતાં કેટલો કાળ વ્યતીત થઈ ગયો? બંધુઓ! વિચારો! જેઓ પોતાના બાલ્યકાળમાં અપ્રતિમ સામર્થ્યનો અનુભવ માનવોને જ નહીં પણ દેવોને પણ કરાવે છે. દેવોએ તેઓને વીર જ નહીં, મહાવીર કહેવા માટે બાધ્ય થવું પડ્યું. પ્રભુ પાસે હાર કબૂલ કરવી પડી અને એ દેવો પ્રભુના ચરણસેવક બની ગયા. આવી અનુપમ શરીર શક્તિ, મનશક્તિના ધારક, નિર્ભયતા અને સાહસિકતાને વરેલા, કરુણા અને કોમળતા, જેમના રોમ-રોમમાં ઝળકી રહી છે એવા એ અખૂટ શક્તિના ધારક આત્માને આટલા લાંબા સમય સુધી પોતાના અંતર સાથે યુદ્ધ કરવું પડ્યું! કેટલું કઠિન હશે એ? ઉપસર્ગો અને પરિષહો શરીર અને મનને સહેવા પડ્યા તો આત્માને શું-શું નહીં સહેવું પડ્યું હોય? અને તેમાંથી પાર ઊતર્યા તો મોહદશાનો સર્વથા નાશ કર્યો.

બંધુઓ! ગાથામાં શ્રીમદ્જીએ કહી દીધું કે 'તે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' કેટલું સરળ લાગે છે! નહિ? નિજજ્ઞાન થયું, તેણે મોહનો ક્ષય કર્યો અને મોક્ષ પામી ગયા. આ તો જાણે 'તાવ આવ્યો ને ટપ મૂઓ' એવું જણાય છે. પણ ના, આ એટલું સરળ નથી. માત્ર એક પ્રભુ મહાવીરની સાધનાને વિચારીએ તો પણ અત્યંત કઠિન લાગે છે. પણ આવા તો અનેક જીવો મુક્તિને પામ્યા અને સહુને આવા કે આનાથી પણ વધુ પુરુષાર્થની આવશ્યકતા રહી છે. કંઈ કેટલાયે મહાપુરુષોની સાધનાના ઈતિહાસથી આપણે અજાણ છીએ. તે સહુ પરમ પુરુષાર્થ વડે જ મોક્ષ પામ્યા છે.

એવો પુરુષાર્થ પ્રગટે ત્યારે મોહનો ક્ષય થાય અને નિર્વાણપદને પામે. જે પદની પ્રાપ્તિ પછી જીવ કૃતકૃત્ય થઈ જાય છે. કશું જ કરવાનું શેષ રહેતું નથી. એવું અંતિમ પદ એટલે જ નિર્વાણપદ!

પદની પ્રાપ્તિ સહુને કરવી છે. પણ કેવું પદ? બંધુઓ! તમને પૂછે તો શું જવાબ આપશો? કોઈ મોટી સંસ્થાના પ્રમુખપદે, કે મંત્રીપદે હો તો એનો ગર્વ કેટલો? અને ન હો તો એ પદ મેળવવા માટેની ઝંખના

કેટલી? કાવાદાવા કેટલા? રાજકીય ગંદી રમત કેટલી? એ પદ મેળવી માન, પ્રતિષ્ઠા મેળવી લેવી છે. પણ હું તો કહું છું કે આવું પદ પામીને કંઈ મેળવતા નથી, ગુમાવો છો. પદ મળે એટલે તમારું સન્માન થાય, તમને હાર પહેરાવવામાં આવે. ત્યારે વિચારો છો? કે જીવનમાં તો ખોટના ખાતામાં જ બેઠા છીએ અને આ એક વધુ હાર થઈ! હાર પહેરાવ્યો અને અભિમાન વધ્યું એટલે પહેલાં તો ત્યાં જ એક પગથિયું નીચે ઊતર્યા. અને પછી એ અહંના પોષણ માટે ઢગલાબંધ રાગ અને દ્વેષની પરંપરા! ત્યાં તો સખત પતન! તો કહો મેળવેલું આ પદ ઉત્થાનની સીડી કે પતનની નિશાની – શું કહેશો? બંધુઓ! આવાં પદ જીવને વિભાવોમાં જ ઘસડી જાય છે. માટે એ પદની લાલસા રાખવા જેવી નથી. પદલોલુપી માણસ રાજકીયક્ષેત્રે કે સામાજિકક્ષેત્રે કેટલું આત્મ-અહિત કરતો હોય છે તે તમે સહુ પણ સારી રીતે જાણો છો! સેવાના નામે માત્ર લૌકિક માન જ એને ખપતું હોય! એ ન મળે તો જોઈ લ્યો એની દશા! કેટલી ભયંકર! માટે જ અહીં અધ્યાત્મ શાસ્ત્રમાં આ બધાંને પરભાવ કહી છોડવાની વાત કરી. પરભાવોમાં નિમગ્ન રહેવું તે સર્વથા ત્યાજ્ય છે. એવો જીવ આત્માર્થ પામી શકે નહીં.

અહીં તો આત્માર્થી જીવના વિકાસની કિંમત છે. નિર્વાણ જેવા પદનો એ અધિકારી બને છે. જુઓ! અહીં પણ અધિકારની વાત આવી. પણ એ તો પોતાનો પોતા પર સર્વાધિકાર! પોતા પર બીજાનો અધિકાર નહીં! ભૂતકાળે અનંત સિદ્ધો થયા પણ એ પહેલાં થયા માટે સીનિયર છે અને નવા થયેલા સિદ્ધો પર અધિકાર જમાવે? નહીં! સહુ સર્વતંત્ર સ્વતંત્ર! પોતપોતામાં જ! બીજે કશે જ નહીં! આવી નિજાનંદની અનુપમ મસ્તી જ્યાં આઠે પ્રહર રહે, તેવું નિર્વાણપદ. જે જીવનું ચરમ પ્રાપ્તવ્ય છે.

સુવિચારણાના ફળરૂપ નિર્વાણપદની પ્રાપ્તિ, ત્યાં પુરુષાર્થનો પૂર્ણ વિરામ. આગળના ભાવ અવસરે....

e

## ગુરુ-શિષ્ય સંવાદથી...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જેણે નિજાનુભૂતિ કરી છે, તે જ કરી શકે છે. નિજાનુભૂતિ વિહોણો જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રના નામે અનેક અનુષ્ઠાનો સેવતો હોય, પણ તેનો તે પ્રયાસ મિથ્યા સાબિત થાય છે.

સમ્યગ્ પુરુષાર્થ તો તે જ કે જેથી મોહનો ક્ષય થાય. શ્રીમદ્જી પણ સમ્યગ્દશાના પ્રાગટ્યના ઉપાયો, આત્મસિદ્ધિ શાસ્ત્રમાં બતાવે છે. દશા પ્રગટે એટલે દિશા મળે છે અને એ દશા તેમ જ દિશા બન્ને પામવા માટે જ આ ગાથા કહે છે –

**ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;**
**ગુરુ-શિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહી....૪૨....**

આત્માર્થીનાં લક્ષણો છેલ્લી કેટલીક ગાથાઓમાં બતાવ્યાં. તેનામાં રહેલી વિચારદશા કેવી હોય તે પણ દર્શાવ્યું. હવે આવી વિચારદશા પ્રગટે અને મોક્ષમાર્ગ સમજાય તે માટે આ શાસ્ત્રનાં હાર્દરૂપ છ પદો ગુરુ-શિષ્યના સંવાદથી કહેવામાં આવશે. શિષ્યના મનમાં શંકા થાય છે. ગુરુદેવ સમીપે એ શંકા રાખે છે અને કૃપાળુ ગુરુદેવ સમાધાન આપે છે.

અહીં શ્રીમદ્જીએ સંવાદશૈલી શા માટે અપનાવી હશે? વાસ્તવમાં તો પોતે જ પ્રશ્ન ઉઠાવ્યા અને પોતે જ સમાધાન આપ્યું છે. છતાં એક સુપાત્ર શિષ્યની જિજ્ઞાસાવૃત્તિ કેટલી પ્રબળ હોય? તથા જ્યારે આત્મલગની લાગે ત્યારે આત્માને સમજવા માટે તેના મનમાં કેવા-કેવા પ્રશ્નો ઊઠી શકે તે બતાવતાં આ શૈલી ગ્રહણ કરી હોય તેમ લાગે છે. શિષ્યે શંકા કે કુશંકાના ભાવથી કુ-તર્કો નથી કર્યા પણ વીતરાગની વાણીમાં અતૂટ શ્રદ્ધા હોવા પછી પણ તત્ત્વના ભાવો હૃદયમાં સ્થિર થયા નથી. માટે જ, પોતાની શ્રદ્ધાને પુષ્ટ કરવા અર્થે શંકાઓ રજૂ કરી છે.

બંધુઓ! શંકા કોને થાય? બે સિવાય બધાંને જ! એક તો તદ્દન અજ્ઞાની જેણે તત્ત્વ શબ્દ પણ સાંભળ્યો નથી કે જેના મનમાં કદી કંઈ જાણવું જોઈએ એવું ભાન પણ નથી, તેને શંકા ન થાય. અને બીજા સંપૂર્ણ જ્ઞાની, જેમને આખાયે લોકના પદાર્થો સ્પષ્ટ પ્રતિભાસે છે, સર્વથા પ્રત્યક્ષ છે. તેઓ પોતે જ સર્વજ્ઞાતા છે. ત્યાં શંકાને અવકાશ નથી. આ બે સિવાયના જીવો કે જેઓ નથી તદ્દન અજ્ઞાની કે નથી સંપૂર્ણ જ્ઞાની, તેઓને શંકા થવાની સંભાવના છે, અને તેમાંય આત્મમાર્ગે જેની સુપાત્રતા કેળવાઈ છે તેને આત્મતત્ત્વ વિષે જ શંકા થાય છે.

આવી સત્પાત્રતા પ્રગટ થાય અને સમર્થ ગુરુના આશ્રયે શંકાઓનું સમાધાન થાય તો શિષ્યની ભાવધારા વધુ ઉલ્લસિત થાય છે અને આગમોનાં ઊંડા રહસ્યોને એ પામી જાય છે. મોક્ષમાર્ગ સમજાય છે. ભારતની પરંપરામાં યોગ્યતા વિના, જ્ઞાન ન દેવાની ઊંડી સૂઝ મહાપુરુષોમાં હમેશાં રહી છે. અરે! એક શિષ્ય ઘણો યોગ્ય હોય, ગુરુદેવનું અંતઃકરણ તેને સર્વ જ્ઞાન સોંપી દેવાની ઇચ્છાવાળું હોય અને આપે પણ ખરા! પણ વચમાં જો યોગ્યતા ચુકાઈ જાય તો જ્ઞાનયજ્ઞ અધૂરો રહી જાય.

આપણા ઈતિહાસનું એક અજોડ પાત્ર એટલે મુનિ સ્થૂલિભદ્ર, જેમણે ભોગ અને યોગ બન્ને પાઠો જગતને શીખવ્યા. એક વખતનો ઉત્કૃષ્ટ ભોગી, ત્યાગમાર્ગે ગયો ને એવો જ સર્વશ્રેષ્ઠ યોગી પણ બની ગયો. અંતરમાં નિર્વેદ જાગતાં આચાર્ય સંભૂતિવિજયજીના ચરણોમાં સંયમગ્રહણ કરી રત્નત્રયની આરાધનાની સાથે-સાથે ઉગ્ર તપે તપી રહ્યા છે. ભાવોમાં શિષ્યત્વ પ્રગટી ચૂક્યું છે. સમર્પણ ભાવે અદ્ભૂત નમ્રતાની સાથે ગુરુકુલવાસનું સેવન કરી રહ્યા છે.

યોગ્ય શિષ્યના નિમિત્તે ગુરુદેવનું અંતર પણ ખીલી ઊઠે છે. બાર-બાર વર્ષ સુધી એક નર્તકીના આવાસમાં રહી ગળાડૂબ ભોગો જેણે ભોગવ્યા હતા, કુળની મર્યાદા પણ જે ચૂકી ગયા હતા તેવા સ્થૂલિભદ્રે એક ક્ષણમાં સાપની કાંચળીની જેમ સર્વ સંસારભાવો ઉતારી દીધા. અપૂર્વ અંતર ઉદાસીનતાથી ચારિત્રની પરિણામધારામાં ઝૂલી રહ્યા છે. આવા મહાભાગી શિષ્યને પામી સંભૂતિવિજયજીનું હૃદય પરિતુષ્ટતા પામ્યું છે અને તેમના આત્માનો જ્ઞાનપ્રવાહ અસ્ખલિત ધારાએ સ્થૂલિભદ્ર તરફ વહી રહ્યો છે.



સ્થૂલિભદ્રજી તદાકાર થઈ ગુરુદેવના ચરણ-શરણમાં જ્ઞાનોપાસના કરી રહ્યા છે. એક પછી એક પૂર્વોનું જ્ઞાન હૃદયગત થઈ રહ્યું છે. પૂર્વોના જ્ઞાનમાં ઊંડા રહસ્યો ભર્યાં છે. સ્થૂલિભદ્રની કુશાગ્ર બુદ્ધિ, તીવ્ર પ્રજ્ઞા આગમનાં રહસ્યોને આત્મસાત્ કરી રહી છે. પાણીમાં પડેલ તેલબિંદુની જેમ સર્વ મર્મો સુ-સ્પષ્ટ થઈ રહ્યા છે, વિસ્તરી રહ્યા છે. જ્ઞાન સાથે દર્શન, ચારિત્ર અને તપની અજોડ શક્તિ પણ સ્થૂલિભદ્રે પ્રગટાવી. સાધના સ્થિરતાને પામી, મંથર ગતિએ વિકાસયાત્રા કરી રહી છે.

એમની આત્મશક્તિની જાગૃતિએ જડ જગતનાં અનેક તત્ત્વોને પ્રાયોગિક રૂપે પ્રગટ કરી દીધાં. મુનિ સ્થૂલિભદ્રને અનેક પ્રકારની નાની મોટી લબ્ધિઓ પ્રાપ્ત થઈ, છતાં ધીરગંભીર મુનિ લબ્ધિની ખેવના કર્યા વિના, આત્મઆરાધનામાં લીન છે. આ જોઈ ગુરુદેવનું હૃદય પણ ગદ્ગદ્ થઈ જાય છે. આફરિન પોકારી ઊઠે છે. અરે! આ શિષ્યની શ્રેષ્ઠતા પ્રત્યે ગુરુદેવને માન છે. આવા શિષ્યને પામ્યાની પરિતૃપ્તિ છે. અને ગુરુદેવે નવ પૂર્વો સુધીનું અગાધ જ્ઞાન શિષ્યને આપ્યું. જ્ઞાનનો સાગર શિષ્યના અંતરમાં ઊછળવા માંડ્યો.

આરાધના કરતાં લબ્ધિની ભાવના ન હોવા છતાં લબ્ધિઓ પ્રગટ થઈ ચૂકી છે. ખરેખર સાધના જ્યારે વધુ અંતર્મુખ થતી જાય છે, તેમ તેમ એક બાજુ થોકબંધ કર્મનિર્જરા થાય અને બીજી બાજુ પુણ્યના પુંજ એકઠા થાય. જેના પરિણામે, સામાન્ય જનને ચમત્કાર ભાસે તેવી લબ્ધિઓ સાધક સામે આવીને પડે.

આવા લબ્ધિધારી મહાત્મા પોતાના આત્મ-અસ્તિત્વને વધુ વિકસિત કરવાના ધ્યેયથી, ગુરુદેવની આજ્ઞા લઈ, પર્વતની ગુફામાં એકાકીપણે, ધ્યાન-સાધનામાં રત થઈ ગયા છે. આસપાસની ખબર નથી. સર્વને વીસરી જઈ સ્વમાં ઓગળી રહ્યા છે. સ્વના ઝૂલે ઝૂલતા મુનિની દશા ક્યારેક અપ્રમત્તભાવમાં રમી રહી છે, તો ક્ષણેક સ્ખલિત થઈ પ્રમત્તભાવોમાં જાય છે. આમ આત્મસાધનાની જ્યોત જીગરમાં જલી રહી છે. વેરાન વન, નિર્જન પ્રદેશ, ભયાનક પશુઓના ચિત્કારો વચ્ચે પણ સૌમ્યમૂર્તિ મુનિ નિજ ભાનમાં છે.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**

**અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ....**

આવા આરાધક મુનિ સ્વમાં રમી રહ્યા છે. અને આ મુનિનાં જ બે સાધ્વી બહેનો આચાર્યશ્રીનાં દર્શને આવી રહ્યાં છે. આચાર્યશ્રીના ચરણોમાં વિનયપૂર્વક વંદના કરી, સુખ-શાંતિની પૃચ્છા કરી, અન્ય મુનિવરોનાં દર્શનોથી પણ કૃતાર્થ થઈ. મુનિ સ્થૂલિભદ્રજી ક્યાંય દેખાતા નથી. ગુરુદેવ પાસે જઈ વિનમ્રતાથી પૂછ્યું અને ગુરુદેવે આજ્ઞા આપી : જાવ, મુનિ સ્થૂલિભદ્ર થોડે દૂરના પહાડની ગુફામાં ધ્યાનમાં રત છે. દર્શન કરો. બન્ને સાધ્વી બહેનો, હર્ષભર્યા હૈયે, લાંબા સમયની ચીરઆકાંક્ષાને પૂર્ણ કરવા પર્વત તરફની કેડી પર પગ ધરે છે.

ત્યાં તો મુનિનું ધ્યાન પૂર્ણ થયું. આત્મામાં સ્થિર થયેલી પરિણામધારા, બાહ્ય જગતનો સ્પર્શ કરવા માંડી અને મુનિને જ્ઞાનના બળે દેખાયું કે સંસારી જીવનની બે સહોદરાઓ દર્શને આવી રહી છે. અંદર કોઈ ખૂણામાં પડેલો મમત્વનો એક કણ સ્પંદિત થઈ ઊઠ્યો અને મુનિ ભૂલ્યા. ઊંચાઈએ પહોંચેલા મુનિની દૃષ્ટિ નીચે ગઈ. પોતે કંઈક લબ્ધિઓ પ્રાપ્ત કરી શક્યા છે એવો અહં પણ અંતરના ઊંડાણમાંથી સળવળવા માંડ્યો અને છદ્મસ્થ દશાએ ભાગ ભજવ્યો.

સાધ્વીજીઓ પર્વત પ્રદેશમાં પહોંચે છે. ગુરુદેવે સંકેત કરેલ દિશાની ગુફાને શોધી કાઢી પણ એ ગુફામાં સાધનારત સાધુને બદલે, ડાલમથ્થો સિંહ જોયો. વિકરાળ સ્વરૂપ અને રોષથી તગતગતી આંખો. ગુફાના મુખ પર બેઠો છે. ક્ષોભ પામી સાધ્વીજીઓ બે ડગલાં પાછી હઠી ગઈ. અંતરમાં ભયનો સંચાર થયો. આ જ ગુફા, પણ મુનિ નથી. વનરાજ છે. જરૂર કંઈક અમંગળ થયું હશે. ધ્યાનસ્થ મુનિનો કોળિયો થઈ ગયો હશે અને બન્ને બહેનો પાછી ફરી. હૈયામાં ભય, ખેદ, નિરાશા અને દુઃખી થઈ ધીમે પગલે ગુરુદેવના ચરણે આવી.

ગુરુદેવ! મુનિના સ્થાને મહાકાળને જોયો! મુનિ ક્યાં? શું થયું? અને ગુરુદેવે સાધ્વીઓને આશ્વસ્ત કરી! દેવાનુપ્રિયે! મુનિ ત્યાં જ છે. એ જ મુનિ હતા. સિંહ નહીં, સાધક હતા! પણ એ ભૂલ્યા! ભાન ભૂલ્યા! તમારા પ્રત્યેનું મમ, અને પોતાની શક્તિઓનું અહં એના પતનનું કારણ બન્યું.

અને ગુરુદેવ ખેદ-ખિન્ન બની ગયા. ઉત્તમ શિષ્યની અલ્પ ત્રુટિ,



જિનશાસનની વિકસતી ક્ષિતિજનો અવરોધ બની ગઈ! આવનાર આંધીનાં એંધાણે ગુરુદેવ ખળભળી ઊઠ્યાં. સમય થતાં મુનિ સ્થૂલિભદ્ર આવ્યા. ગુરુચરણે મસ્તક નમાવ્યું, કરેલ સાધનાનો વૃત્તાંત કહ્યો, સાથે જ સરળ હૃદયી શિષ્યે પોતે ફોરવેલી લબ્ધિની બીના પણ કહી. ગુપ્ત કંઈ નો'તું. ગુરુદેવની ગંભીરતાએ મૌન ધારણ કર્યું!

પણ પછી સ્થૂલિભદ્રજી ગુરુચરણમાં વધુ જ્ઞાન આરાધનાની આજ્ઞા માગે છે અને ગુરુદેવ ફરમાવે છે. વત્સ! પાત્રમાં છિદ્ર પડ્યું, હવે તેમાં કંઈ ન ભરાય! બસ, દશમા પૂર્વની જ્ઞાનધારા થંભી ગઈ. આગળ ન વધી. બંધુઓ! ઈતિહાસ કહે છે છેલ્લા દશ પૂર્વધારી શ્રી સ્થૂલિભદ્રમુનિ થયા. તે પછી ઈતિહાસે એથી વધુ પૂર્વધર કોઈ જોયો નહીં.

જુઓ! પાત્ર જીવ, સાધના દ્વારા શક્તિઓને તો પામે પણ ક્ષણિક સ્વાર્થવશ એ લબ્ધિઓનો પ્રયોગ થાય તો પાત્રને નંદવાતાં વાર ન લાગે! કેટલી આત્મજાગૃતિની આવશ્યકતા છે? એક વાર પાત્રતા પ્રગટ્યા પછી તેને જાળવી રાખવા માટે ક્યાંય આડું-અવળું ડગલું ન ભરાઈ જાય તેને માટે નિત્ય તકેદારી રાખવી જ રહી. માટીના ઘડાને નિંભાડામાં તપીને સર્વાંગ સંપૂર્ણ બહાર નીકળ્યા પછી જેમ તેમ અથડાવીએ તો તડ પડ્યા વિના ન રહે. એની જાળવણી કરવી કેટલી જરૂરી? બસ, એવું જ છે આ આત્માનું. આત્માર્થ માટેની પાત્રતા તૈયાર થયા પછી કે પહેલાં ક્યારેય અસાવધાની ન પરવડે!

મુનિ સ્થૂલિભદ્ર સહેજ જ અહમ્ સાથે ટકરાયા અને દશ પૂર્વ પછીના પૂર્વજ્ઞાનને લુપ્ત થઈ જવું પડ્યું. એક નાનકડા માનસિક આવેશે ઈતિહાસમાં પરાવર્તન કરી નાખ્યું! બંધુઓ! લબ્ધિધારી મુનિઓને લબ્ધિ ફોરવવાની આજ્ઞા પ્રભુ ત્યારે જ આપે છે કે જ્યારે ધર્મની રક્ષાની જરૂર પડે. એવા વિષમ સંયોગોમાં જ મુનિ પોતાની લબ્ધિ દ્વારા શાસન પર આવી પડેલી વિપત્તિને દૂર કરે, અન્યથા નહીં!

સ્થૂલિભદ્રના જીવનમાં પડેલી પાત્રતાએ તેઓને ખૂબ આપ્યું, તેઓ ખૂબ મેળવી શક્યા અને સંચિત કર્મના ઉદયે પાત્રતામાં ખામી આવી ને પૂર્ણવિરામ મુકાઈ ગયું.

આ બન્ને સમયને લક્ષ્યમાં રાખી વિચારીએ, કે શિષ્યની અદ્વિતીય યોગ્યતા ગુરુના હૃદયનાં બંધ દ્વાર ખોલી દે છે અને જ્ઞાનનો રાશિ

શિષ્યના હૃદયમાં પ્રવેશી જાય છે. દીવે દીવો પ્રગટી જાય છે. કડીથી કડી જોડાઈ જાય છે અને આમ જ આપણું આગમ જ્ઞાન આપણા સુધી પહોંચ્યું છે.

શ્રીમદ્જી પણ એટલા માટે જ ગુરુ-શિષ્યના સંવાદથી એમને જે કહેવું છે તે કહેવા માગે છે, જેના કારણે આપણી પાસે આવું અનુપમ શાસ્ત્ર આજે છે. જેમ ગણધર ગૌતમની તત્ત્વજિજ્ઞાસા પ્રભુ મહાવીરની સર્વ પરિષદાની તત્ત્વરુચિનું પોષણ કરતી હતી અને પરિણામે આપણે આગમરૂપ વારસો પામી શક્યા. તેમ શ્રીમદ્જી તેમના સુપાત્ર ભક્ત શિષ્ય શ્રી સૌભાગ્યભાઈની તત્ત્વજિજ્ઞાસાના કારણે આપણને આ શાસ્ત્ર આપી ગયા.

જેમાં હવે પછી છ પદોનું વર્ણન ચાલશે.

બીજી વાત સ્થૂલિભદ્રમુનિ જરાક ચૂક્યા તો પ્રગતિ રૂંધાણી તેમ આપણે તો ચૂકેલા જ છીએ અને વધુ ચૂકશું તો આપણું શું થશે? તે કલ્પના કરવી જ કઠિન છે. ઘણું આગળ વધેલો ચૂકે તો, આપણા માટે ચૂકવાનાં સ્થાન વધુ છે, માટે આપણી જાગૃતિ વધુ જોઈએ, સ્થૂલિભદ્રજીની સત્પાત્રતા જોઈ પાત્રતા કેળવતાં શીખીએ અને ત્રુટિ જોઈ તેનાથી બચતાં શીખીએ.

બંધુઓ! આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મુખ્ય રૂપે જે વર્ણન કરવું છે તે છ પદોનું, જે હવે પછી થશે. પણ એ પદોને સમજવા યોગ્ય સહુ બને માટે શ્રીમદ્જીએ ૪૨ ગાથાઓમાં તેની ભૂમિકા બાંધી. ભૂમિકાનું સાફ હોવું અત્યંત આવશ્યક છે. સાફ ભૂમિકા પર જ સ્પષ્ટ રેખાઓ અંકિત થઈ શકે. આપણે આત્મા પર આરાધનાની એક-એક રેખાઓ દ્વારા પૂર્ણ પુરુષનું ચિત્ર તૈયાર કરવું છે, માટે જ આપણે પહેલાં ભૂમિકા સાફ અને સ્વચ્છ બનાવી લઈએ.

e

## આત્મ-ચિંતન....

''હું........ આત્મા છું'' ........''હું........ આત્મા છું''

સહજ સ્વરૂપી આત્મા.... ચૈતન્યઘન છે....

હું.... સહજ સ્વરૂપી છું.... મારું શુદ્ધ અને વાસ્તવિક સ્વરૂપ.... અકૃત્રિમ છે.... અર્થાત્ મારા સ્વરૂપને....કોઈએ બનાવ્યું નથી.... કોઈએ ઘડ્યું નથી.... કોઈએ રચ્યું નથી.... હું.... કોઈનો બનાવેલો બન્યો નથી.... સ્વયંભૂ છું.... સહજ સ્વરૂપી છું....

મારું જ્ઞાન સ્વરૂપ.... એ મારી પોતાની.... મૌલિકતા છે.... મારું મૂળભૂત સ્વરૂપ છે.... એ જ રીતે.... મારામાં રહેલી ચૈતન્યતા.... એ પણ સહજ રૂપે છે.... આ આત્માને.... કોઈએ, ચેતન બનાવ્યો નથી.... એ પોતાના મૂળરૂપે જ.... ચેતન છે.... જડથી ચેતન થયો નથી.... જડના સંયોગે ચેતન થયો નથી.... કોઈ પદાર્થમાંથી નીકળેલું એ તત્ત્વ નથી.... પોતે જ.... પોતામાં.... પોતાની રીતે જ.... ચૈતન્ય છે....

જગતના દેખાતા જડ પદાર્થો.... કોઈ દ્વારા બનાવાય છે.... રચના કરાય છે.... જે બનાવાય છે.... તેનો નાશ પણ છે.... ઉત્પત્તિ છે.... ત્યાં નાશ છે.... મારી ઉત્પત્તિ થઈ નથી.... તેથી મારો નાશ પણ નથી.... હું સહજ છું.... મારામાં રહેલા અનંત ગુણો.... પણ સહજ છે.... મારા ચેતન દ્રવ્ય.... અને જ્ઞાનાદિ ગુણોનું પરિણમન.... એ પણ સહજ છે....

જે કૃત્રિમ છે.... અસહજ છે.... તે રાગ-દ્વેષ છે.... તે કષાયો છે.... તે વિકારો છે.... તે વિભાવો છે.... એ સર્વથી પર.... મારા.... પોતાના મૂળ સ્વરૂપનો.... હું સહજભાવી છું.... સહજાનંદી છું.... સહજ

જ્ઞાયકભાવી છું.... સહજ અસ્તિત્વવાન છું.... મારું અસ્તિત્વ.... કોઈના આધારે નથી.... મારે.... કોઈના આધારે.... ટકવાપણું નથી....

હું.... નિરાવલંબી.... સર્વતંત્ર સ્વતંત્ર દ્રવ્ય છું.... હું સહજ.... મારા ગુણો સહજ.... મારું સ્વાભાવિક પરિણમન સહજ.... વૈભાવિક પરિણમનમાં.... કર્મના ઉદયોની અપેક્ષા છે.... સ્વાભાવિક પરિણમનમાં.... કોઈની અપેક્ષા નથી.... એવું નિરપેક્ષ તત્ત્વ.... નિરાવલંબી તત્ત્વ.... સચ્ચિદાનંદ તત્ત્વ.... સહજ સ્વભાવી હું.... આત્માએ – આત્માને પામવા ચિંતન.... મનનના ઊંડાણમાં જઈ.... આત્મામાં સ્થિર થઈ.... માત્ર આત્માનું ચિંતન....

'હું.... આત્મા.... છું.....'' ''હું........ આત્મા........ છું''

ૐ........ ''શાંતિ'' ''શાંતિ'' ''શાંતિ''!

e

## આત્મ-ચિંતન....

''હું.... આત્મા.... છું''.... ''હું.... આત્મા.... છું''.... અનંત સુખ....એ મારો સ્વભાવ....

મારા એક એક પ્રદેશે.... અનંત સુખ વિદ્યમાન છે.... નિરંતર.... નિશદિન.... સુખનો અનુભવ કરવો.... એ મારો સ્વભાવ.... સુખ મારો ગુણ છે.... જેના પર.... દુ:ખનો પડછાયો પણ.... પડી શકે નહીં.... હું મારા સુખ સ્વભાવી આત્માને જાણું.... આત્માને ઓળખું.... આત્મામાં સ્થિર થાઉં.... તો તે સુખને માણી શકું છું....

શાશ્વત સુખ.... નિરાબાધ સુખ.... માત્ર આત્મામાં જ છે.... આજ સુધી.... ઈન્દ્રિયોના સંગે.... જે કાંઈ સુખો માણ્યાં.... એ સુખ નહીં.... સુખાભાસ.... પરિણામે દુ:ખકર્તા.... પરિણામે બંધનકર્તા.... શરીરનું સુખ એ સાચું સુખ નથી.... મનનું સુખ.... એ પણ સાચું સુખ નથી.... શરીર અને મનથી.... પર થઈને.... હું મારામાં સ્થિર થાઉં.... મને પોતાને અનુભવું.... મને નિહાળું....

આ આત્મામાં.... અનંત સુખનો મહાસાગર.... ઉછાળા મારી રહ્યો છે.... સુખનો શાંતિનો.... સમીર વહી રહ્યો છે.... આત્મામાં ઊતરું.... સુખનું કારણ માની.... તેમાં અટવાતો રહ્યો.... લોભાતો રહ્યો.... તેમાંથી સુખ મેળવવાના.... મિથ્યા પ્રયત્ન કરતો રહ્યો.... પરિણામે દુ:ખને પામ્યો.... સંસાર વધ્યો.... પરિભ્રમણ વધ્યું.... આધિ.... વ્યાધિ.... ઉપાધિ.... વધી....

હવે એ બધાંથી મુક્ત થવા માટે.... સંસારસુખ ન જોઈએ.... વૃત્તિઓને સંસારથી પાછી વાળી લઈ.... મારામાં જ સ્થિર કરું.... તો અનંત સુખને પામી જાઉં.... માટે સતત પુરુષાર્થ દ્વારા.... પળોપળની જાગૃતિ દ્વારા.... મારામાં ઠરી જાઉં.... સ્વમાં સમાઈ જાઉં.... નિજમાં ખોવાઈ જાઉં.... તો અનંત સુખની.... અનુભૂતિ કરી શકું....

તેમાં વધુ એકાગ્ર થઈ.... અંતરમાં વધુ ઊંડા જઈ.... આત્માનું ચિંતન કરીએ....

'હું.... આત્મા.... છું.....'' ''હું........ આત્મા........ છું''

ૐ........ ''શાંતિ'' ''શાંતિ'' ''શાંતિ''!

# આત્મા છે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના મુક્તિને પામવા માટે છે. એ આરાધના કરનાર જીવ સંસારનાં સર્વ બંધનોથી સર્વથા મુક્ત થાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં એ જ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ભૂમિકામાં સદ્‌ગુરુનું મહાત્મ્ય અને સ્વચ્છંદને ટાળવાની અનિવાર્યતા બતાવ્યા પછી, મતાર્થ ત્યજવા માટે મતાર્થીનાં લક્ષણો અને આત્માર્થ પામવા માટે આત્માર્થીનાં લક્ષણો બતાવ્યાં. હવે મુખ્ય તત્ત્વ પર આવે છે. આ શાસ્ત્રની રચના જે પદોને સમજવા માટે થઈ છે તે માત્ર એક ગાથામાં જ કહે છે –

**આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;**
**છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ....૪૩....**

પ્રથમ પદ 'આત્મા છે.' શા માટે એને પ્રથમ લીધું? આત્માના અસ્તિત્વને સ્વીકાર્યા વિના સાધનાનું કોઈ મૂલ્ય નથી. આત્મા છે તો તેના માટે આરાધના! આત્મા જ ન હોય તો કોના માટે સાધના કરવાની રહે? માટે પ્રથમ તો એ વિશ્વાસ હોવો ઘટે કે આત્મા છે.

મોટા ભાગના માણસો આત્માના સ્વીકાર માટે તૈયાર નથી. તેમાંય જડ જગતની શક્તિઓને સર્વસ્વ માનનાર વિજ્ઞાનના પ્રભાવથી અંજાયેલો માનવ આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખતો નથી. જ્યાં અસ્તિત્વની જ શ્રદ્ધા નથી ત્યાં આત્માવિષયક સર્વ પ્રશ્નો નિરર્થક બની જાય છે.

શાસ્ત્રોમાં રાજા પરદેશીની વાત આવે છે. આત્માનું હોવાપણું છે જ નહીં, એમ દૃઢતાપૂર્વક માનતો હોવાના કારણે પાપ કરવામાં પાછું વાળી જોતો ન હતો. આત્મા ન હોય તેથી પાપ-પુણ્ય પણ ન હોય અને પાપ-પુણ્યના અભાવે સ્વર્ગ-નરકની પણ સિદ્ધિ થાય જ નહીં, આમ સર્વથા



નાસ્તિકવાદી હોવાના કારણે પાપ-પ્રપંચમાં જ એ પડ્યો હતો. વળી એ હતો જિજ્ઞાસુ, એટલે પોતે જે માને છે તે સત્ય જ છે એ સાબિત કરવા માનવના દેહમાં, આત્માને શોધવાના પ્રયાસ પણ એણે જુદી-જુદી રીતે કર્યા હતા. મૃત્યુદંડની સજા પામેલા ગુનેગારને કોઠીમાં પૂરી, તેનો જીવ કોઠીના કયા ભાગમાંથી નીકળે છે, તે જોવાનો પ્રયાસ કર્યો પણ કોઠીમાં ક્યાંય તડ પડી નહીં અને પેલો ગુનેગાર તો મરણ પામેલો કોઠીમાં દેખાયો. તે જ રીતે બીજા એક ગુનેગારના શરીરને પહેલાં તોળ્યું, અને ફાંસી દીધા પછી ફરી વજન કર્યું. બન્ને વજન સરખાં જ થયાં. તેથી ત્યાં પણ સિદ્ધ થયું કે આત્મા નથી. જો આત્મા હોય તો દેહમાંથી નીકળી ગયા પછી દેહનું વજન એટલું ઓછું થવું જોઈએ પણ વજન ઓછું થયું નહીં. ત્રીજા ગુનેગારના શરીરના ટુકડે-ટુકડા કર્યા. અસંખ્ય ટુકડા કર્યા અને દરેક ટુકડામાં જીવને જોવાનો પ્રયાસ કર્યો પણ એકેય ટુકડામાં જીવ દેખાયો નહીં.

આમ તેણે કરેલા સર્વ પ્રયાસો વડે દેહમાં આત્મા નામનું કોઈ તત્ત્વ નથી એવું સાબિત કર્યું. તેથી તેનો વિશ્વાસ દૃઢ થયો. પાપ અને પાપના ફળને ન માનવાના કારણે જીવન પાપમય પ્રવૃત્તિમાં જ વ્યતીત થવા માંડ્યું. જો કે પાછળથી તે બૂઝ્યો અને આત્માના અસ્તિત્વને સ્વીકારતો થયો. જીવન સુધર્યું અને સાધનાની રાહે ચડી ગયો. સમતા યોગને સાધી એણે સફળતા મેળવી લીધી. અહીં રાજા પરદેશીએ આચરેલા પ્રયાસો સ્પૃહણીય નથી પણ આત્મ-તત્ત્વને જાણવાની તેની જિજ્ઞાસા ઉલ્લેખનીય છે, પ્રશંસનીય છે.

ભારતમાં એક ચાર્વાક સંપ્રદાય હતો. આજે તેનું સંપ્રદાયના રૂપમાં અસ્તિત્વ નથી. આ મતવાદીઓ આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવતા નથી. આ જન્મ પહેલો અને છેલ્લો છે. પુનર્જન્મ નથી, પાપ-પુણ્ય નથી, સ્વર્ગ-નરક નથી. કર્મ નથી, કર્મફળ નથી, કશું જ નથી. અને તેથી આત્માના નામે થતી ધર્મ-આરાધના કરવાનો કોઈ અર્થ નથી, બસ, જેટલાં વર્ષ જીવો, સુખેથી જીવો. કરજ કરીને પણ મોજમજા કરી લો. જીવનનો ભૌતિક આનંદ માણવા માટે ધનની જરૂર હોય. તમારી પાસે ધન હોય તો ભલે, ન હોય તો કોઈ પાસેથી કરજ કરીને લ્યો, તેમ ન મળે તો લૂંટીને પણ લઈ લો અને ભોગો ભોગવી લ્યો. જીવન પૂર્ણ થયા

બાદ કશું જ નહીં રહે, તો પછી ક્યાં ભોગવશો?

આત્માના અસ્તિત્વને નહીં માનનાર માનવોનો દૃષ્ટિકોણ ભૌતિકવાદી જ થઈ જાય છે. આરાધનાના નામે કશુંયે રહેતું જ નથી. માટે જ શ્રીમદ્જીએ 'આત્મા છે' કહી આત્માના અસ્તિત્વ વિષે શ્રદ્ધા જાહેર કરી છે. વળી આત્મા છે એટલે જગતમાં ક્યાંક આત્મા છે કે હશે તેમ નહીં પણ 'હું આત્મા જ છું,' મારું અસ્તિત્વ આત્મ-રૂપ છે, દેહરૂપ નથી, દેહથી તદ્દન જુદો 'હું માત્ર આત્મા છું', આવી દૃઢ શ્રદ્ધા જાગે, શક્તિ રૂપે છે તે વ્યક્તિત્વ રૂપે સાકાર થાય અને સત્ય તત્ત્વની સંપૂર્ણ શ્રદ્ધા જાગે, તેથી જ આ પ્રથમ પદ છે.

બીજું પદ – 'તે નિત્ય છે.' આત્માનું અસ્તિત્વ છે અને તે નિત્ય અસ્તિત્વવાન પદાર્થ છે. એ શાશ્વત તત્ત્વ છે, નાશવંત નહીં. દેહને જ આત્મા માનનાર દેહના નાશથી આત્માનો નાશ માને તેને અનાત્મવાદી કહ્યા છે અને આત્માને સર્વતંત્ર સ્વતંત્ર દ્રવ્ય માનનાર આત્મવાદી છે.

આત્મવાદી તથા અનાત્મવાદી બન્ને ચેતનના અસ્તિત્વને તો સ્વીકારે છે. પણ આત્મવાદી ચેતનના ત્રૈકાલિક અસ્તિત્વનો સ્વીકાર કરે છે, જ્યારે અનાત્મવાદી માત્ર અસ્તિત્વનો જ સ્વીકાર કરે છે.

ચૈતન્ય આત્મા કદી મરે નહીં. તેનો નાશ ન થાય. દેહ જડ છે તેનો નાશ થાય છે. દેહ છે તે જડનો એક પર્યાય છે અને પર્યાય કદી સ્થિર રહે નહીં. જે પરિણમે છે અર્થાત્ ક્ષણે-ક્ષણે બદલાય છે તે પર્યાય છે. દેહ પણ પર્યાય છે માટે તેનો નાશ થાય. પણ આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે અને દ્રવ્યના દ્રવ્યત્વનો કદી નાશ થાય નહીં માટે આત્મા નિત્ય છે. વળી આત્મા એક શક્તિરૂપ છે. શક્તિનો કદી નાશ થતો નથી તેમ વિજ્ઞાને પણ સિદ્ધ કર્યું છે.

આત્મામાં નિત્યત્વ છે માટે જ મોક્ષની સંભવિતતા છે. અનંતકાળ સુધી શાશ્વત સ્થિતિમાં સદાનંદમય સ્થિતમાં રહેવું તે તો મોક્ષ છે. આત્મા નાશવંત હોય તો શાશ્વત આનંદમય સ્થિતિમા તેના માટે હોઈ શકે જ નહીં. આમ આત્મા નિત્ય છે એ શ્રદ્ધા જાગે તો જ મોક્ષ આરાધના સાર્થક છે.

ત્રીજું-ચોથું પદ આત્મા કર્તા છે, અને કર્મ ફળનો ભોક્તા પણ છે. કર્મનો કર્તા છે. નિજ કર્મનો કર્તા છે. પોતે જ કર્મ કરે છે અને પોતે જ એ કર્મના ફળ ભોગવે છે. એકનાં કરેલાં કર્મો બીજાને ભોગવવાં પડતાં નથી. વળી કર્મ કોઈ કરાવતું નથી પોતે જ રાગ-દ્વેષ-અજ્ઞાનનાં કારણોનું



સેવન કરી કર્મ કરે છે.

અહીં માત્ર સ્થૂલ દૃષ્ટિથી, વ્યવહારનયને લક્ષ્યમાં રાખી વાત કરી છે. આત્માનું કર્તાપણું અને ભોક્તાપણું વાસ્તવમાં શું છે એ આગળ વિચારશું.

પાંચમાં પદમાં કહે છે 'આત્માનો મોક્ષ છે.' તે કર્મનો કર્તા બન્યો, ભોક્તા પણ બન્યો. પણ એ પછી આત્મા સર્વથી મુક્ત થવાની લાયકાત ધરાવે છે. જો આત્મા પુરુષાર્થ કરે તો બંધનોને છેદી મોક્ષ પામી શકે છે. અન્ય માન્યતા એવી પણ છે કે વિશ્વમાં સર્વોચ્ચ શક્તિરૂપ એક જ બ્રહ્મ તત્ત્વ છે. અને તે સદા એક જ રહેશે. કોઈ પણ જીવ પોતે બ્રહ્મ બની શકે નહીં. પરમ બ્રહ્મ પરમાત્માના પદ સુધી જીવ કદી પહોંચી શકે જ નહીં. પણ જૈન આરાધનાની ચરમ પરિણતિ પરમાત્મ તત્ત્વમાં થાય છે.

ગમે તેવો પાપી, અધમ જીવ પણ જાગે અને સમ્યગ્ પુરુષાર્થ તેને લાધી જાય તો તે પણ સંસારથી સર્વથા મુક્ત થઈ સિદ્ધ સ્વરૂપી બની શકે છે. જૈન પરંપરાની આ જ વિશેષતા છે. તેથી આ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સહુથી મહત્ત્વપૂર્ણ આ પાંચમું પદ જ છે. આત્માનો મોક્ષ છે એ શ્રદ્ધા સહિત સમજાય તો જીવ એ તરફ પુરુષાર્થ કરી શકે.

વળી અહીં એકવાર મોક્ષ પ્રાપ્ત થયા પછી ફરી પાછો જન્મ લેવાનો નથી. ચિરકાળ સુધી એ શાશ્વત સ્થિતિમાં જ પોતાના શુદ્ધ-વાસ્તવિક સ્વરૂપનો આનંદ લેતાં ત્યાં જ રહેવાનું છે. જ્યારે કેટલાક ધર્મ-સંપ્રદાયોની માન્યતા એમ પણ છે કે એકવાર મોક્ષ તો થઈ જાય, પણ ફરી જન્મ લઈ આ સંસારનાં દુઃખ ભોગવવા આવવું પડે. આ માન્યતા જીવને પુરુષાર્થ કરવામાંથી પાછો પાડે છે. જો પ્રબળ પુરુષાર્થ કર્યા પછી, અનેક કષ્ટો વેઠ્યાં પછી મળતી મુક્તિ, શાશ્વત ન હોય, ફરી એનું એ પરિભ્રમણ હોય તો એવી મુક્તિથી શું? એના કરતાં તો જ્યાં છીએ ત્યાં સારા છીએ! મોજ કર્યા કરી અને જન્મ-મરણ કર્યા કરીએ!

બંધુઓ! જૈન-પરંપરાની મુક્તિવિષયક માન્યતા સર્વજ્ઞ-સર્વદર્શી, વીતરાગ પરમાત્માએ આપેલ, બતાવેલ માર્ગને અનુસરીને છે. તેથી તેમાં મીનમેખ ન હોવાથી આ જ સાધના-આરાધના યોગ્ય છે. અહીં આત્મા વિષે કરેલો પુરુષાર્થ કદી વ્યર્થ નથી જતો. જેમ-જેમ પુરુષાર્થ થાય તેમ-તેમ મોક્ષની નજીક એ પહોંચાડે છે. આ શ્રદ્ધા જ જીવમાં જાગૃતિ આણે છે.

પુરુષાર્થની પ્રેરણા આપે છે અને અંતે જીવ મોક્ષને પામી જાય છે.

અને છેલ્લું પદ – 'મોક્ષ ઉપાય સુધર્મ.' જ્યારે પાંચે પદની શ્રદ્ધા આત્મામાં જાગ્રત થાય ત્યારે હવે અંતિમ પદ કહે છે : 'મોક્ષ છે.' જીવ મુક્ત થઈ શકે છે તો તેના ઉપાયો હોવા જ જોઈએ. જીવ કેવા પુરુષાર્થ વડે મોક્ષને પામી શકે? તો તેનો સાદો સીધો ઉપાય એટલો જ કે બંધાયેલો છે એને જ મોક્ષ છે. તો મોક્ષ પામવા બંધનને કાપવાં, બંધનને કાપવાની રીત એ જ છે મોક્ષનો ઉપાય. મોક્ષનો માર્ગ. ગાથામાં મોક્ષનો ઉપાય 'સુધર્મ' બતાવ્યો. 'સુધર્મ' એટલે સ્વનો ધર્મ. આત્માના શુદ્ધ સ્વભાવ રૂપ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ તે જ છે સ્વ-ધર્મ. સ્વધર્મને છોડી પર-ધર્મ રૂપ રાગ-દ્વેષ સેવ્યાં એટલે જ બંધાયો છે તેનાથી વિરુદ્ધ વર્તે તો છૂટી જાય. મુક્ત થાય.

પંચતંત્રમાં આપેલ બોધકથાઓમાં એક કથા છે. એક મોટા જંગલમાં કેટલાંક રાની પશુઓ રહે છે. તેમાં વનનો રાજા વનરાજ પણ છે. આખાયે જંગલને ધ્રુજાવતો રાજ કરી રહ્યો છે. એકવાર ખોરાકની શોધમાં નીકળ્યો. ઘણું ઘૂમ્યો, પણ શિકાર મળતો નથી. ભૂખની પીડા પેટમાં વધી રહી છે. વ્યાકુળ થઈ ગયો છે. એટલામાં એક જંગલી ઉંદર દેખાયો. સિંહ જેવું પ્રાણી આવા નાના જંતુઓનો શિકાર ન કરે. તેનામાં પણ એક ખુમારી હોય. પોતે બળવાન હોય એટલે બળિયા સાથે જ બાથ ભીડે. પણ શું કરે? પેટની ભૂખ સતાવી રહે છે.

એણે ઉંદરને મારવા પંજો ઉઠાવ્યો. પણ નાનો એવો ઉંદર બુદ્ધિમાન હતો. એણે વિનંતીના સ્વરમાં કહ્યું: વનરાજ! મને મારીને તમારું શું વળશે? મારા આવડા શરીરથી તમારી ભૂખ ભાંગશે નહીં. મને છોડી દો. સિંહથી રહેવાતું નથી, ભૂખ સહેવાતી નથી. એ કહે ના, હું તો તને મારીશ જ. પણ ઉંદરે ખૂબ કાલાવાલા કર્યા. વનરાજ! મને છોડી દો, હું ક્યારેક તમને કામ લાગીશ! વનરાજ વિચારે છે, આવડો એવો મને શું કામ લાગશે? છતાં ક્રૂર ગણાતા સિંહના દીલમાં દયા આવી અને એને છોડી દીધો.

ઉંદર તો સિંહનો મિત્ર બની ગયો. રોજ આવે, સિંહ સાથે થોડી વાર રમે ને ચાલ્યો જાય. એમ એક દિવસ ઉંદર આવ્યો ને જોયું તો સિંહ કોઈની બિછાવેલી જાળમાં સપડાઈ ગયો છે, ગરીબડો થઈને બેઠો છે,



નીકળવાના પ્રયાસ કરે તેમ વધુ ફસાતા જાય છે. ઉંદર કહે, આ શું? આવી દશા કોણે કરી આપની? ઓહો! આ તો આપ જાળમાં ફસાયા છો! કંઈ વાંધો નહીં, આપને મુક્ત કરવા તે મારું કામ! અને ઉંદરે દાંત વડે ધીરે-ધીરે આખી જાળને કાપી નાખી. સિંહને મુક્ત કર્યો! નાના એવા ઉંદરે, વનરાજ જેવા મહા-પ્રાણીને મુક્ત કર્યો!

બંધુઓ! વિચારો! જાળ કોણે કાપી? ઉંદરના દાંતની તીક્ષ્ણતાએ! એ જ રીતે સંસારમાં ફસાયેલા આત્માને બંધનમાંથી છોડાવવાનું કામ કરે છે, સુધર્મ, સ્વધર્મ! સ્વધર્મ જેવું તીક્ષ્ણ સાધન બીજું કોઈ નથી.

અને બીજી વાત, ઉંદરને સિંહ પર પ્રેમ હતો. તેના પ્રેમ ભાવે જ તેની પાસે આવું મોટું કામ કરાવ્યું. બંધુઓ! આપણે આપણા આત્માને જ શુદ્ધ કરવો છે માટે આત્મા પર પ્રેમ કરીએ. જગતના જીવો પર ઘણો પ્રેમ કર્યો પણ પોતે પોતાને જ પ્રેમ નથી કર્યો. જો પોતાને પ્રેમ કરતો થઈ જાય તો મુક્ત થવામાં વાર કેટલી? આચારાંગ સૂત્રમાં કહ્યું છે –

**पुरिसा तुममेव तुमं मित्तं, किं वहिया मित्तं मिच्छसि?**

હે આત્મા! તું જ તારો મિત્ર છે. શા માટે બહારના મિત્રને ઈચ્છે છે? આત્મા સુમાર્ગે ચાલે, પોતે પોતાને જાગ્રત કરે, પોતે પોતાનું ભાન કરે, નિજાનંદને અનુભવે તો તે પોતાનો મિત્ર છે. સત્પથ પર ચાલી આત્માને મોક્ષ-મંઝિલે પહોંચાડે છે.

તો બંધુઓ! આત્મા પર, પોતા પર પ્રેમ કરી આપણે આપણાં બંધન કાપી નાખીએ.

અહીં સંક્ષેપમાં છ પદો બતાવ્યાં! હવે પછી સુપાત્ર શિષ્ય એક-એક પદ વિષે પ્રશ્ન ઉઠાવશે અને સમર્થ સદ્ગુરુ, ખૂબ જ પ્રેમભાવથી, અનુભવરસથી રસાયેલી વાણી દ્વારા પ્રશ્નોનાં સમાધાન કરશે.

તે પહેલાં ભારતનાં અન્ય દર્શનો સાથેનો આ છ પદનો સમન્વય કેવી રીતે થાય છે તે હવે પછીની ગાથામાં કહેવામાં આવશે.

e

# ષડ્ દર્શન પણ તેહ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માને શુદ્ધ-બુદ્ધ બનાવે છે. અનંતકાળથી મલિન થયેલો આત્મા નિર્મળ બને છે. અને એ જ સિદ્ધિ છે. અધ્યાત્મમાર્ગે સિદ્ધિ પામીને કોઈ ચમત્કારિક લબ્ધિઓ પ્રાપ્ત કરવાની નથી, પણ આત્માનું જે મૂળભૂત સ્વરૂપ છે તે પામી જવાનું છે.

અત્યારે આપણે જે કંઈ છીએ તે વાસ્તવિકતા નથી. અયથાર્થ રૂપ ધારણ કરેલ છે. ગમે તેવા સાધન-સંપન્ન હો, શક્તિ ધરાવતા હો, શેઠ-શ્રીમંતનું બિરુદ ધરાવતા હો, સમાજમાં પ્રતિષ્ઠા પામી ચૂક્યા હો, એ બધું જ અયથાર્થ. એ તમારું સ્વરૂપ નથી, વાસ્તવિક સ્થિતિ નથી. આવું બધું તો કંઈ કેટલીયે વાર મેળવી ચૂક્યા છે. જે કંઈ સુખ મળ્યું, દુઃખ મળ્યું, આગળ વધ્યા કે પાછા પડ્યા, બધું જ જગતના ક્રમમાં ઘટિત થયા જ કરે છે ને થયું. પણ આજ સુધી આત્મદશામાં જે ઘટિત નથી કરી શક્યા, તે કરવું તેનું નામ છે આરાધના.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આ આરાધનાની યથાર્થતાને સમજાવવા માટે જ છ પદનું વિવેચન થયું છે. જે ભારતનાં અન્ય દર્શનોના સિદ્ધાંતો સાથે પણ કંઈક સંમત છે.

શ્રીમદ્જી કહે છે –

**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ,**

**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ....૪૪....**

ભારતનાં છ દર્શનોએ તાત્ત્વિક વિચારણા જેટલી કરી છે તે આ છ પદની અંદર સમાઈ જાય છે. આત્માને કેન્દ્રમાં રાખી તેના વિષે જે કંઈ વિચારવામાં આવે તે છ પદ સિવાય બીજું કશું હોઈ ન શકે. તેથી જ



શ્રીમદ્જી કહે છે કે આ છ પદનો વિચાર કરતાં ષડ્દર્શનનું જ્ઞાન થઈ શકે છે.

ભારતમાં મુખ્ય રૂપે છ દર્શન છે : ૧) વેદાંત, ૨) જૈન, ૩) સાંખ્ય, ૪) યોગ, ૫) નૈયાયિક અને ૬) બૌદ્ધ.

જૈનદર્શન સિવાયનાં અન્ય દર્શનો એકાંતવાદી છે ત્યારે જૈનદર્શન અનેકાંતવાદી છે. તત્ત્વને એક દૃષ્ટિથી જ જોવું તે એકાંત અને જુદી-જુદી અનેક દૃષ્ટિથી જોવું તે અનેકાંત. પ્રત્યેક પદાર્થમાં અનંત સંભાવનાઓ હોય છે. સર્વ સંભાવનાઓને દૃષ્ટિમાં રાખીને પદાર્થને કહેવો તે અનેકાંત. કોઈ પણ પદાર્થ ભિન્ન-ભિન્ન અનેક પ્રકારની યોગ્યતા ધરાવતો હોય તેને એમ કહી દેવું કે તે આવો જ છે તો તેને પૂરો ન્યાય આપી શકાતો નથી. પણ તે એક અપેક્ષાએ આવો છે, સાથે બીજી અપેક્ષાએ આવો પણ છે એમ કહેવાથી પદાર્થનું પૂરું સ્વરૂપ સામે આવે છે. પદાર્થના જેટલા Angles છે એટલા Anglesથી તેને જોવો જોઈએ. જૈન દાર્શનિકોની એ વિશેષતા છે, કે તેઓ પ્રત્યેક પદાર્થને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની દૃષ્ટિથી જુએ છે અને સાથે-સાથે અસ્તિ નાસ્તિનો વિવેક કરે છે.

આ અનેકાન્તવાદ માત્ર શાસ્ત્રચર્ચા પૂરતો જ સીમિત નથી પણ જીવનમાં પ્રાયોગિક ક્ષેત્રે પણ એટલો જ ખરો ઊતરે છે. જેમ કે નાના-મોટાની વ્યાખ્યા, ઊંચા-નીચાની વ્યાખ્યા, સારા-ખરાબની વ્યાખ્યા પણ સાપેક્ષ જ હોય છે. બે ટેબલ હોય, એક ત્રણ ફૂટ ઊંચું અને બીજું પાંચ ફૂટ ઊંચું. પહેલા કરતાં બીજું ઊંચુ છે પણ તેની બાજુમાં ત્રીજું આઠ ફૂટ ઊંચું ટેબલ મૂકો તો જેને ઊંચુ કહ્યું તેને નીચું કહેવું પડશે. તો એ વચલા ટેબલમાં ઊંચાપણું છે તેમ નીચાપણું પણ છે. એક જ ટેબલમાં પરસ્પર બે વિરોધી બાબત દેખાય છે. સામાન્ય રીતે એમ લાગે છે કે જે ઊંચું છે તે ઊંચુ જ હોય, નીચું છે તે નીચું જ હોય! પણ એકી સાથે બંને કેમ હોય? પણ વ્યવહારમાં આમ પ્રયોગ થાય છે. જેને સહુ સારી રીતે જાણે છે, અને આમાં ક્યાંય વિરોધ ઊભો થતો નથી. અનેકાંત દૃષ્ટિ જ એ છે કે પરસ્પર વિરોધી લાગતા બે ધર્મોને એક જ પદાર્થમાં બતાવવા છતાં વિરોધ ન થાય.

આ દૃષ્ટિને ખ્યાલમાં રાખી જૈનદર્શન જ્યારે અન્ય દર્શનોની માન્યતાને વિચારે છે ત્યારે તે જૈનદૃષ્ટિએ પણ સ્વીકાર્ય બને છે.

મહામનીષી શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ ષડ્દર્શન સમુચ્ચય નામના ગ્રંથમાં તટસ્થ ભાવે છ દર્શનોની ચર્ચા કરતાં, તે તે દર્શનોની માન્યતાઓને બતાવી છે.

વેદાંત અને કેટલાક સાંખ્યમતવાદીઓ આત્માને અબંધમાં માને છે, નિર્લેપ માને છે, આત્મા કદી બંધાતો નથી. તેનામાં બંધની સંભાવના નથી. બ્રહ્મ શુદ્ધ છે. આ મત તેઓની એકાંત દૃષ્ટિએ છે. જૈનદર્શન આત્માને નિશ્ચયનયથી શુદ્ધ, બુદ્ધ અને નિર્લેપ માને છે. તેના વાસ્તવિક નિર્મળ રૂપમાં ક્યાંય લેપ નથી, બંધાવાપણું નથી. વેદાંત અને સાંખ્યની આ માન્યતા જૈનદર્શનને નિશ્ચયનયથી માન્ય છે. તે ઉપરાંત જૈનદર્શનની વ્યવહારદૃષ્ટિ આત્માને કર્મના કર્તા અને ભોક્તારૂપે માને છે. તેથી આત્મા બંધાય છે ને લેપાય પણ છે.

યોગ-મિમાંસકો અનેક આત્માને માનતા નથી પણ આખાયે વિશ્વમાં એક જ આત્મા છે. જેમ આકાશમાં રહેલા ચંદ્રનાં પ્રતિબિંબ અનેક વાસણમાં રહેલા પાણીમાં અનેક પડે છે છતાં ચંદ્ર એક જ છે. તેમ અનેક શરીરમાં જુદા-જુદા લાગતા આત્મા તે એક વિશ્વાત્માનાં પ્રતિબિંબ જ છે. આ એકાંત માન્યતા, આત્મસ્વરૂપની અપેક્ષાએ જૈનદર્શન માન્ય કરી શકે. શાસ્ત્રમાં કહ્યું છે, 'આત્મા એક છે.' જૈનદર્શન લોકમાં અનંત-અનંત આત્માઓમાં વિશ્વાસ ધરાવે છે. છતાં આત્મા એક છે એમ કહેવા પાછળની દૃષ્ટિ આત્માના મૌલિક સ્વરૂપની છે. આત્મા સિદ્ધનો હોય કે સંસારમાં ફરતાં નાનાં-મોટાં પ્રાણીઓનો હોય. પણ બધા જ આત્માનું મૂળભૂત સ્વરૂપ એકસરખું જ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, નિત્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ આદિ ગુણો સર્વ જીવોમાં છે જ માટે જીવ સ્વરૂપે બધા જ આત્મા એક છે. આ પણ નિશ્ચયદૃષ્ટિ છે. તે ઉપરાંત સર્વ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે માટે જૈનદર્શન અનંત આત્માના હોવાપણામાં પણ શ્રદ્ધા ધરાવે છે.

યોગ-નૈયાયિકો ઈશ્વરને જગતનો કર્તા માને છે. જૈન-પરંપરા કોઈ એક ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે તેવું માનતી નથી પણ આત્માને જ પરમાત્મા માને છે. સહુ જીવે પોતાનો આંતર-બાહ્ય સંસાર પોતે જ ઊભો કર્યો છે. પોતે જે કંઈ છે, જેવો છે, જે કંઈ ભોગવે છે, જે કંઈ મળ્યું છે, તે બધું જ પોતાની અંદર પડેલા આત્મતત્ત્વની બહિર્મુખ



પરિણતિના કારણે છે એ સ્વીકારે છે તેથી આ જગતના અનંત આત્માઓએ, અનંત સંસાર રચ્યો અને તે સર્વ આત્માઓ પરમાત્મ સ્વરૂપી જ છે તેને જ ઈશ્વર કહી શકીએ. આ દૃષ્ટિ નૈયાયિકો સાથે સંમત થાય છે. વળી જડ જગત અનાદિ-અનંત છે તે કોઈનું બનાવ્યું બને નહીં. જૈનદર્શન જગતને સ્વયંભૂ માને છે.

બૌદ્ધો આત્માનું નિત્યત્વ ન સ્વીકારતાં આત્માને ક્ષણિક માને છે. તેઓ કહે છે જગતના સર્વ પદાર્થો ક્ષણ સ્થાયી છે. એક ક્ષણથી વધારે સમય કોઈ પણ પદાર્થ ટકી શકતો નથી. પ્રત્યેક ક્ષણે પદાર્થનો નાશ થાય છે, અને પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ થાય છે. આમ સર્વ પદાર્થની સાથે આત્મા પણ અનિત્ય છે. જૈનદર્શન આત્માને એક દૃષ્ટિએ અનિત્ય પણ માને છે. આ તેની અનેકાન્ત દૃષ્ટિની બલિહારી છે. આત્મા પોતાના મૂળ રૂપમાં દ્રવ્યની દૃષ્ટિએ નિત્ય છે પણ જેટલાં દ્રવ્યો છે તે સર્વ પરિણમનશીલ છે. ક્ષણ-ક્ષણ પર્યાયનું પરિણમન થયા કરે છે. વળી પર્યાય તો ક્ષણિક જ હોય તેથી નાશવંત છે. જે ટકીને સ્થિર ન રહે તે જ પર્યાય. તો આત્મા દ્રવ્ય છે. તેનામાં પણ પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. એ દૃષ્ટિએ આત્મા અનિત્ય છે. આમ પર્યાયાત્મક દૃષ્ટિએ બૌદ્ધોની માન્યતા જૈનદર્શન સ્વીકારે છે. દ્રવ્યાત્મક દૃષ્ટિથી આત્મા નિત્ય છે એ પણ જૈનદર્શનને માન્ય છે.

નૈયાયિકો આત્માને કૂટસ્થ નિત્ય માને છે, એટલે કે જેમાં કંઈ જ પરિવર્તન ક્યારેય ન આવે. જેવો છે તેવો સદાકાળ રહે પણ જૈનદર્શન નિશ્ચયનયે નિત્યતાનો સ્વીકાર કર્યા પછી પણ તેમાં વ્યવહારનયે અનિત્યતા માને છે. દ્રવ્યદૃષ્ટિએ નિત્ય આત્મા પર્યાયે અનિત્ય છે, પરિવર્તનશીલ છે. તે પર્યાય પણ સ્વાભાવિક અને વૈભાવિક બંને છે.

એક બહુ જ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ખૂબ ઊંડાણથી વિચારો! આપણે મનુષ્ય છીએ તે શું છે? અનેક વખત સાંભળી ચૂક્યા કે મનુષ્યનો જન્મ એટલે ઉત્તમમાં ઉત્તમ અને દુર્લભ છે. માનવ બનવું તે શ્રેષ્ઠ છે. આ માન્યતા આપણા સહુના મનમાં દૃઢપણે છે પણ હું કહું છું કે મનુષ્યપણું તે આત્માની વિકૃત દશાનું પરિણામ છે. માટે મનુષ્ય થવું તે ઉત્તમ નથી! સ્વીકારશો આ વાત? બંધુઓ! સાંભળીને જરા બુદ્ધિને ધક્કો લાગશે! આ શું? સર્વ શાસ્ત્રોએ મનુષ્યપણાને ઉત્તમ કહ્યું અને આપ કેમ આમ કહો

છો? હા, દેવ, નારક કે તિર્યંચ ગતિની અપેક્ષાએ ભલે મનુષ્યપણું ઉત્તમ હોય પણ આત્માની શુદ્ધ દશા જ્યારે કર્મના લેપથી લેપાણી અને વિકૃત થઈ ત્યારે જ તેને ગતિનું પરિભ્રમણ છે, અને એ ભ્રમણમાં મનુષ્યગતિ પણ છે તેથી તે વિકૃતિ છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં મનુષ્ય નથી, દેવ નથી, નારક કે પશુ નથી. તે તો માત્ર શુદ્ધ ચિદ્રૂપ આત્મા જ છે, તો વિકૃતિ તો ઉત્તમ કઈ રીતે હોઈ શકે? માટે જ એક અપેક્ષાએ શ્રેષ્ઠ ગણાતો મનુષ્ય-ભવ બીજી દૃષ્ટિએ વિકૃત છે. હા, તો આ આત્માની વૈભાવિક પર્યાયની વાત થઈ છતાં વ્યાવહારિક દૃષ્ટિથી મનુષ્યપણું શ્રેષ્ઠ છે તે પણ હકીકત જ છે.

નૈયાયિકોએ આત્માને નિત્ય માન્યો તેને પરમ શુદ્ધ નિશ્ચયનયથી સ્વીકારી શકાય.

તો જૈનદર્શન અન્ય દર્શનોને એક-એક દૃષ્ટિકોણથી અપનાવે છે. અને ત્યાં જ જૈનદર્શનના અનેકાંતવાદની સિદ્ધિ છે, તેની યથાર્થતાની સાબિતી છે અને તેથી જ ભારતનાં અન્ય દર્શનો જૈનદર્શનની આ વિશાળ દૃષ્ટિમાં સમાઈ જાય છે. અન્ય દર્શનોને માન્ય તત્ત્વોને પોતાની આગવી શૈલીથી સ્વીકાર કરવાનું સામર્થ્ય જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલી ધરાવે છે. તેમજ તે દર્શનોની માન્યતા ઉપરાંત પણ જૈનદર્શન તત્ત્વોના ઘણાં જ ઊંડાણમાં જઈ તત્ત્વનાં અન્ય સત્યોને બહાર લાવી શક્યું છે. તેથી જ જૈનદર્શન સર્વ દર્શનોનાં તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં પ્રવેશ પામેલા ઉદારવેત્તા મહાયોગી આનંદઘનજી મહારાજ, ષડ્દર્શનોનો વીતરાગ પ્રરૂપિત તત્ત્વજ્ઞાન સાથે એક અલૌકિક દૃષ્ટિથી સમન્વય કરે છે.

**ષડ્દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્દર્શન આરાધે રે....૨**

સાંખ્ય, યોગ, બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક અને જૈન આદિ છ દર્શન વીતરાગ પરમાત્માના છ અંગ છે. આ છ અંગની સ્થાપના સમજપૂર્વક કરવી જોઈએ. જેઓ વીતરાગ પ્રભુના ચરણના ઉપાસક છે તે જ યથાર્થ રીતે ષડ્દર્શનનાં આરાધક છે. તેમાં પ્રથમ કહે છે –

**જિન સુર પાદપ પાય બખાણો, સાંખ્યયોગ દોય ભેદે રે**
**આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે....૨**



જિનેશ્વર ભગવાનરૂપી જૈનદર્શન અથવા કલ્પતરુના બે પગ કે બે મૂળરૂપ સાંખ્ય અને યોગદર્શન છે. તે બન્ને દર્શનો આત્માની સત્તાને સ્વીકારે છે માટે ખેદરહિત થઈ, બંને દર્શનોનો સ્વીકાર કરવો જોઈએ.

આપણે પહેલાં કહ્યું તેમ સાંખ્યદર્શન અને યોગદર્શન બંને આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ કરે છે. વળી અનંત આત્માઓને પૃથક્-પૃથક્ માને છે. તેમજ આત્માને શુદ્ધ માની અકર્તા તથા અભોક્તા માને છે. જૈનદર્શન આત્માની ત્રૈકાલિક સત્તાને માનવાની સાથે અનંત આત્માઓની પૃથક્તાને માને છે. નિશ્ચયનયથી આત્માને અકર્તા અને અભોક્તા પણ માને છે. આમ સાંખ્ય તથા યોગ જૈનદર્શનની માન્યતાને મજબૂત કરે છે. શરીરનો આધાર પગ ઉપર છે. શરીરરૂપી વૃક્ષ પગરૂપ મૂળ પર ઊભું છે. પગ મજબૂત હોય તો જ વૃક્ષરૂપી શરીર ટકી રહે. આ બંને દર્શન નિશ્ચયનયથી જૈનદર્શનથી અતિ નિકટ છે માટે બન્નેને જૈનદર્શનના પગ કહ્યાં.

**ભેદ-અભેદ-સુગત-મીમાંસક, જિનવર દોય કર ભારી રે,**
**લોકાલોક આલમ્બન ભજિયે, ગુરુમુખથી અવધારી રે....૩**

સર્વ આત્માઓને ભેદરૂપ માનનાર સુગત અર્થાત્ બૌદ્ધ અને સર્વ આત્માઓને અભેદરૂપ માનનાર મીમાંસક જિનેશ્વરના બે હાથ છે. જે લોક અને અલોકના આધારરૂપ છે, જેને ગુરુગમથી જ સમજી શકાય.

જૈનદર્શન દ્રવ્યાસ્તિક નયથી સર્વ આત્માને એક માને છે, અર્થાત્ સ્વરૂપની દૃષ્ટિથી સર્વ આત્મા સમાન છે. અને પર્યાયાસ્તિક નયથી સર્વ આત્માઓને ભિન્ન માને છે. સર્વના પર્યાયો ભિન્ન-ભિન્ન સમયે અલગ-અલગ હોય છે. જૈનદર્શનની દૃષ્ટિથી મીમાંસક દર્શન દ્રવ્યાસ્તિક નયવાદી છે અને બૌદ્ધદર્શન પર્યાયાસ્તિક નયવાદી છે!

લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થો આ બે નય દ્વારા સંપૂર્ણપણે સમજી શકાય છે. શરીરમાં રહેલા બે હાથ વધુ ક્રિયાશિલ છે, વધુ પુરુષાર્થ કરે છે. આખા શરીર પર ફરે છે, અને આખા શરીરની ક્રિયાઓને કરે છે. બીજા પણ અનેક કાર્યો હાથ દ્વારા થાય છે. તે જ રીતે ઉપર બતાવેલ બન્ને નયો સર્વ પદાર્થોનું સર્વાંગીણ જ્ઞાન કરાવે છે. વળી આ બન્ને દર્શનો જૈનદર્શનને એક-એક નયથી સ્વીકૃત છે.

**લોકાયતિક કૂખ જિનવરની, અંશવિચાર જો કીજે રે,**
**તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ-વિણ કિમ પીજે રે....૪**

નાસ્તિક એવું ચાર્વાકદર્શન જિનેશ્વરદેવનું ઉદર છે, પણ માત્ર એક અંશથી જ. તત્ત્વ વિચારરૂપ સુધારસને ગુરુગમ વિના પી શકાય નહીં.

ચાર્વાકદર્શન આત્માદિનો સ્વીકાર નથી કરતું તે આપણે આગળ જોઈ ગયા છીએ. આવા નાસ્તિક દર્શનને જિનેશ્વરના ઉદરની ઉપમા પણ કેમ અપાય? તેનો ઉત્તર એ છે કે જૈનદર્શન પાંચ પ્રમાણોને માને છે. કોઈ તત્ત્વનો નિર્ણય કરવા જુદી-જુદી રીતો અપનાવાય છે તેમાં ૧) પ્રત્યક્ષ, ૨) પરોક્ષ, ૩) આગમ, ૪) અનુમાન, ૫) ઉપમાન – આ પાંચ પ્રમાણોથી તત્ત્વનિર્ણય જૈન દાર્શનિક કરે છે. ચાર્વાકવાદી આમાંથી માત્ર એક, ઈન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણને માને છે, અર્થાત્ જૈન માન્યતાના એક નાના એવા અંશનો સ્વીકાર કરે છે. એ દૃષ્ટિએ જૈનદર્શન સાથે તેનું સામ્ય છે.

પેટમાં ગમે તેટલું નાખો પણ તે પોતા પાસે કંઈ ન રાખી આખા શરીરને આપી દે છે. તેમ ચાર્વાકવાદીઓએ તત્ત્વજ્ઞાનના એક જ અંશને રાખી બાકી બધું છોડી દીધું છે. માટે જ તેનો જિનેશ્વરના શરીરના પેટના એક અંશ રૂપે સ્વીકાર કર્યો છે. અને છેલ્લે

**જૈન જિનેશ્વર ઉત્તમ અંગ, અન્તરંગ – બહિરંગ રે**

**અક્ષર – ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે....૫**

જૈનદર્શનને જિનેશ્વરનાં ઉત્તમાંગ, મસ્તકરૂપ કહ્યું છે. અન્તરંગ – બહિરંગ બન્ને પ્રકારે, આરાધક જીવ એના અક્ષરનું મનમાં સ્થાપન કરીને ગુરુની સાથે રહીને આરાધના કરે.

શ્રી આનંદઘનજી મહારાજ જૈન હતા માટે જૈનદર્શનને ઉત્તમાંગ કહ્યું છે તેમ નથી. પણ જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. સર્વ વસ્તુઓનો સર્વાંગે વિચાર કરે છે. દરેક દૃષ્ટિબિન્દુઓને લક્ષ્યમાં રાખી, અન્ય વિચારધારાઓને પણ પોતાનામાં સમાવે છે. સત્યગ્રાહી દર્શન છે.

શરીરમાં મસ્તકનું સ્થાન સર્વોપરી છે, ઉત્તમ છે. મસ્તક જ આખાય શરીરના સર્વ અવયવોનું સંચાલન કરે છે, શરીરને કંટ્રોલમાં રાખે છે.



માથું બગડે તો બધું જ બગડે. એ જ રીતે જૈનદર્શન એકાંગી નથી, પણ અનેકાન્તવાદી છે. સાપેક્ષ દૃષ્ટિકોણથી સર્વ દર્શનોનો સમન્વય કરી તેનો સ્વીકાર કરે છે. અમે કહીએ તે જ સાચું એવો કદાગ્રહ જૈનદર્શનમાં નથી. પણ સર્વ સંભાવનાઓનો સ્વીકાર અહીં છે. માટે જ તેને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે. કોઈ પણ દર્શનનું ખંડન કરવું તે આ દૃષ્ટિથી જિનેશ્વરના અંગોનું ખંડન કરવા જેવું છે. એટલે જ મુમુક્ષુ આત્મા કદી કોઈ દર્શનનું ખંડન કરે નહીં.

અહીં આપણે છ દર્શનોનો સમાવેશ જૈનદર્શનમાં કેમ થાય તે વિચાર ખૂબ સંક્ષેપથી કર્યો છે. કારણ આ દાર્શનિક વિષય છે. ઘણું જ વિસ્તૃત વિવેચન માગી લે તેમ છે. પણ અહીં એ કહેવાનું પ્રયોજન નથી. માત્ર જૈનદર્શનમાં અન્ય દર્શનોને સ્વીકારવાની કેવી ઉદારતા છે, કેવી વિશાળતા છે તે જ બતાવવું છે અને છેલ્લે આનંદઘનજી મહારાજ પણ કહે છે :

**જિનવરમાં સઘળા દર્શન છે, દર્શને જિનવર ભજના રે.**

**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે....૬**

જિનેશ્વરમાં એટલે કે જિનદર્શનમાં બધાં જ દર્શનોનો સમાવેશ થઈ જાય છે. અન્ય-અન્ય દર્શનોમાં જિનદર્શનનો સમાવેશ થાય કે ન પણ થાય. જેમ સાગરમાં બધી જ નદીઓ સમાઈ જાય પણ નદીમાં સાગર હોય કે ન પણ હોય.

નદીઓ સાગરમાં એકરૂપ થઈ મળી જાય છે. તેમાં અંતર્ભૂત થઈ જાય છે, જ્યારે સગાર તો ક્યારેક બહુ ભરતીના સમયે જ કોઈક નદીના મુખમાં પ્રવેશે, અન્યથા નહીં.

આમ આનંદઘનજી મહારાજે ષડ્દર્શનોને જિનેશ્વરના દર્શનમાં સમાવી લઈ, જૈનદર્શનની ઉદારતાનો પરિચય આપ્યો છે.

વિક્રમના ચોથા-પાંચમા સૈકામાં થયેલા આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરે તેમના સન્મતિ પ્રકરણ નામના ગ્રન્થમાં કહ્યું છે કે આત્મા છે, આદિ છ પદોની શ્રદ્ધા ધરાવે છે તે સમકિતી અને ન શ્રદ્ધા ધરાવે તે મિથ્યાત્વી. આમ છ પદ વિષેની માન્યતા પરાપૂર્વથી ચાલી આવે છે. આચાર્ય

હરિભદ્રસૂરિશ્વરજીએ પણ આ પદોની વિવેચના કરી છે તે આપણે પ્રારંભમાં જ કહી ગયા હતા.

અહીં કેટલાકને એ પ્રશ્ન થાય છે કે શ્રીમદ્ રાજચંદ્રજી તો ગૃહસ્થી હતા અને તેમના રચેલ શાસ્ત્રને શા માટે માન્યતા આપવી? પણ આગળ બતાવ્યું તેમ શ્રી સિદ્ધસેન દિવાકર તથા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી જેવા સમર્થ સાધક મહાપુરુષો જિનેશ્વરના માર્ગને જે રીતે કહી ગયા તે જ શ્રીમદ્જીએ સરળતાથી સમજાવ્યું છે. તેઓએ પોતાના તરફથી કંઈ કહ્યું નથી. તેથી આ શાસ્ત્રને ન માનવાનું કોઈ કારણ નથી. વળી આ છ પદોને, પોતાની સાધના દ્વારા તેઓએ સિદ્ધ કરી બતાવ્યાં તેથી તો તેઓ પ્રયોગવીર કહેવાયા.

વળી આ છ પદો પરમાર્થને સમજવા ઈચ્છુક વ્યક્તિ માટે છે. જેને અંદરથી પરમાર્થની ભૂખ જાગી છે તેને માટે જ્ઞાનીઓએ કહ્યાં છે અને તે સાપેક્ષ દૃષ્ટિએ સમજવાનાં છે. બંધુઓ! આપણે પણ આપણી અંદર પરમાર્થનાં ઈચ્છુક થઈએ. અંતર એવી તીવ્ર ઉત્કંઠાથી ઊભરાઈ ઊઠે કે જીવે આજ સુધી સંસારના સ્વાર્થને જ સેવ્યો છે પણ તેમાંથી પર થઈ પરમાર્થ તરફ પ્રેરાયો નથી. માટે હવે જ્યારે આવો સત્સંગ અને સત્શ્રવણનો યોગ મળ્યો છે ત્યારે સ્વાર્થના સંકુચિત કોચલામાંથી બહાર નીકળી, પરમાર્થની વિશાળ દુનિયા તરફ પ્રયાણ કરીએ.

આટલી ભૂમિકા બાંધ્યા પછી શ્રીમદ્જી આત્માદિ છ પદોનું વિવેચન કરશે, જેને સાંભળી શ્રદ્ધામાં ઉતારીશું તો મોક્ષપદને પામવાનો પુરુષાર્થ કરી શકીશું

......... બાકી અવસરે...........

e

## ......નહીં જુદું એંધાણ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જેઓએ કરી, તેઓ સિદ્ધિ પામી ગયા. સાધના વિના સિદ્ધિ નથી. સાધનામાં એટલું બળ છે કે આત્મા પર રહેલાં અનંત-અનંત કર્મોને ભસ્મ કરી, આત્માને સર્વથા શુદ્ધ બનાવે છે.

આરાધક જીવને આત્માના અસ્તિત્વની પૂર્ણ શ્રદ્ધા હોય છે. અહીં આત્માર્થી શિષ્યને આત્માના અસ્તિત્વમાં કેટલાક સંદેહ છે. તે સત્પાત્ર અને જિજ્ઞાસુ છે. સત્ય સમજવાની તાલાવેલી લાગી છે તેથી વિનમ્ર ભાવે, સરળતાપૂર્વક ગુરુદેવનાં શ્રીચરણોમાં જઈ પોતાની શંકા નિવેદિત કરે છે. અને એ શંકાનું સમાધાન આપવા માટે ગુરુદેવને વિનવી રહ્યો છે. એ પૂછે છે –

**નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;**
**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ....૪૫...**

શિષ્ય કહે છે : ગુરુદેવ! આપ હંમેશાં આત્માના વિષયમાં સમજાવતા હો છો. પણ આત્માને કેવી રીતે સ્વીકારી શકાય? કારણ આત્મા નેત્રો વડે જોઈ શકાતો નથી. તેનું કોઈ રૂપ, આકૃતિ, વર્ણ દેખાતાં નથી. તેમજ બીજી કોઈ ઈન્દ્રિયોથી પણ આત્મા અનુભવમાં આવતો નથી.

આ શંકાનું થવું સહજ છે. આજ સુધી આપણે આંખથી દેખાય તેવા જ પદાર્થોને જાણ્યા છે, જોયા છે. આપણી આસપાસ પથરાયેલું આખુંયે જગત આંખથી જોઈ શકાય છે. આંખ વગર કોઈ પદાર્થને જોઈ શકાતો હોય તે ખબર જ નથી, તેથી જે આંખથી દેખાય તેને જ માની શકાય, અન્યને નહીં. વળી કેટલાક પદાર્થોના કેટલાક ધર્મોનું જાણપણું અન્ય ઈન્દ્રિયોથી થાય છે.

શબ્દ આંખથી દેખાય નહીં, તેને કાનથી સાંભળી શકાય. હા,

લખેલો શબ્દ હોય તો વાંચીને તેને જાણી શકાય. પણ ક્યાંય પણ બોલાતો શબ્દ કાન વડે જ સાંભળવો પડે. તો શબ્દનું જ્ઞાન કાનથી થાય છે. સુગંધ કે દુર્ગંધ, જોવા કે સાંભળવાથી ન જાણી શકાય, પણ નાક વડે ગ્રહણ થાય તો જ જાણી શકાય. તો ગંધનું જ્ઞાન નાકથી થાય. કોઈ પણ પદાર્થ સામે પડ્યો હોય, આંખથી જોઈએ કે નાકથી સૂંઘીએ પણ તેમાં રહેલ રસને જીભથી જ જાણી શકાય. જ્યાં સુધી જીભ પર ન મૂકીએ ત્યાં સુધી તેના આસ્વાદની ખબર ન પડે. તો રસનું જ્ઞાન જીભથી થાય. અને સ્પર્શ હલકો, ભારે, ગરમ, શીત વગેરે બીજી કોઈ ઈન્દ્રિયોથી અનુભવી ન શકાય. ત્વચા સાથે એ પદાર્થનો સંપર્ક થાય ત્યારે જ જાણી શકાય. હવા હોય, પણ તે જોવાય કે સંભળાય નહીં, આપણા શરીરને સ્પર્શે તો જ ખબર પડે કે ગરમ લૂ આવી રહી છે કે શીતળ સમીર વાઈ રહ્યો છે.

આમ જગતમાં પ્રાપ્ત થતા પદાર્થો પાંચ ઈન્દ્રિયોથી જાણી શકાય છે. કેટલીક વાતો મનથી સમજાય છે અને સર્વ સંસારને આપણી આ શક્તિઓ વડે જાણી લઈએ છીએ. પણ આત્માનું કોઈ રૂપ દેખાતું નથી. આત્મા સંભળાતો નથી, તેની કોઈ ગંધ નથી. જીભ પર મૂકી તેનો રસ લેવાય તેવો નથી અને સ્પર્શ વડે પણ તે જાણી શકાતો નથી, તેમજ મનથી ગમે તેટલો વિચાર કરીએ તો પણ મનની પક્કડમાંય આત્મા આવતો નથી. આમ કોઈપણ ઈન્દ્રિયો કે મન દ્વારા આત્મા ગ્રહણ થવા યોગ્ય નથી. આજ સુધી એ, સાધનો વડે જણાયો નથી. તેથી એમ લાગે છે કે આત્મા નામના કોઈ તત્ત્વનું અલગ અસ્તિત્વ નહીં હોય. માટે જ –

**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ**

પરંતુ શિષ્ય વિનયવાન છે. ગુરુદેવનાં વચનોમાં શ્રદ્ધા છે. તેથી ફરી ગુરુદેવને કહે છે : મને તો આત્મા ક્યાંય જણાતો નથી પણ આપ ફરમાવો છો કે આત્મા છે તો કોને આત્મા માનવો? એ પણ શંકા મારા મનમાં છે :

**અથવા દેહ જ આતમા, અથવા ઈન્દ્રિય પ્રાણ;**
**મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ....૪૬....**

ગુરુદેવ! આ દેહને જ આત્મા માની લઈએ તો શું વાંધો છે? દેહથી અલગ કોઈ આત્માને માનવાની જરૂર પણ ક્યાં રહે છે? કારણ કે જીવન જીવાતું હોય તો આ દેહથી જ જીવાય છે. જેટલી ક્રિયાઓ થાય છે, સુખ-



દુ:ખનાં સંવેદનો થાય છે તે દેહમાં જ થતાં અનુભવાય છે. બોલે-ચાલે, હરે-ફરે, ખાય-પીએ વગેરે ક્રિયાઓ દેહ જ કરે છે. શિષ્યને અતીન્દ્રિય કે સૂક્ષ્મ સંવેદનાઓનો અનુભવ નથી. સર્વસામાન્ય માનવોની જેમ ઈન્દ્રિયો અને મનથી થતી સ્થૂળ સંવેદનાના અનુભવોમાં જ એ જીવી રહ્યો છે, તેથી ઈન્દ્રિયાદિને આત્મા માનવા પ્રેરાઈને પ્રશ્નો ઉપસ્થિત કરે છે. છતાં એ અતીન્દ્રિય જ્ઞાનનો અભિલાષી છે એ તેની જિજ્ઞાસા પરથી જણાયા વગર રહેતું નથી.

વળી, આપણે ક્યાં કોઈનો આત્મા જોયો છે? જેને આપણે જીવ કે આત્મા કહીએ છીએ તે પણ તેના દેહને સંબોધીને કહીએ છીએ. કોઈ માનવ, પશુ, પંખી, જંતુ વગેરેને હાલતાં-ચાલતાં જોઈને આપણે કહેતા હોઈએ છીએ કે આ જીવ છે. એ તો માત્ર શ્રદ્ધાથી કહીએ છીએ. પણ દેહને જ જોયો છે, આત્માને નહીં, માટે દેહને જ આત્મા માની લઈએ.

એમ નહીં તો ઈન્દ્રિયોને જ આત્મા માની લઈએ. આપ કહો છો આત્માનો ગુણ જ્ઞાન છે તો જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન ઈન્દ્રિયો દ્વારા જ થાય છે ને? જે ઈન્દ્રિય અટકી જાય છે તેના વિષયનું જ્ઞાન પણ થતું નથી. કોઈ માણસ આંખ ગુમાવી બેસે છે તો આંખથી દેખાતા પદાર્થોનું જ્ઞાન પણ અટકી જાય છે. કાનથી સાંભળવાનું બંધ થાય છે તો શબ્દજ્ઞાન નથી થતું, એમ જે ઈન્દ્રિયો કામ કરતી બંધ થઈ જાય તે વિષયનું જ્ઞાન થતું નથી, અને જ્ઞાન આત્માના ગુણ છે માટે ઈન્દ્રિયો જ આત્મા છે.

વળી દેહ કે ઈન્દ્રિયોને આત્મા ન માનો તો શ્વાસોચ્છ્વાસને તો આત્મા માની જ શકાય. કારણ કોઈ બીમાર માણસની બધી જ ઈન્દ્રિયો ખોટી થઈ જાય. કદાચ એ ભાન-સાન ગુમાવી બેસે તો પણ જ્યાં સુધી તેનો શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય ત્યાં સુધી એ જીવતો છે એમ આપણે માનતા હોઈએ છીએ. અર્થાત્ શ્વાસોચ્છ્વાસ એ જ જીવ હોવાની નિશાની છે. માટે શ્વાસોચ્છ્વાસ જ આત્મા છે એમ માની લઈએ તો કંઈ ખોટું નથી.

આ ત્રણથી જુદો માનવો તે આપણી ખોટી જીદ છે કારણ આ દેહ, ઈન્દ્રિય અને પ્રાણ આ ત્રણ વિકલ્પો છે આત્માના. આનાથી જુદી કોઈ નિશાની, કોઈ ચિન્હ આત્માના હોવાપણાનું દેખાતું નથી. તેથી જ આ ત્રણમાંથી કોઈ એકને જ આત્મા માની લેવો, એ જ બુદ્ધિમત્તા છે.

બંધુઓ! અહીં શિષ્યે શંકાઓ રજૂ કરી છે. સમાધાન તો ગુરુદેવ પછી આપશે. પણ વિચારો! કે શિષ્ય કેટલો જિજ્ઞાસુ હશે? આત્માના

વિષયમાં તે કેટલો ઊંડો ઊતર્યો હશે! તેણે કેટલું ચિંતન કર્યું હશે! આપણે કેટલીવાર સાંભળ્યું પણ ક્યારેય ચિંતન કર્યું? આગમોમાં કહ્યું છે અને ગુરુદેવના મુખેથી સાંભળ્યું એટલે આપણે માની લીધું કે આત્મા છે. પણ આપણે કદી એ વિષયમાં ઊંડા ઊતરીને વિચાર્યું છે? આગમ અને સંતો કહે છે તે સાચું છે, પણ હું તેના પર ચિંતન કરી મારી બુદ્ધિને કસીને માન્યતાની દઢતા કરું એવો વિચાર ક્યારેય આવે છે? આ સાચું હોવા પછી પણ જો ચિંતનપૂર્વક તત્ત્વને પચાવ્યું હશે તો એ શ્રદ્ધામાંથી ખસશે નહીં. ઊંડાણમાં શ્રદ્ધા જામી જશે ને અંતે એનો સાક્ષાત્ અનુભવ થશે.

પણ આપણી સ્થિતિ કેવી છે? સંતો જે ફરમાવે તે બધું જ સત્ વચન. ગુરુદેવ પછી એ શું કહે છે તે વિચારવા ઊભા રહેતા નથી. સંતોએ કહ્યું એટલે સાચું જ હોય! એમાં વળી આપણે શું વિચારવાનું? ના, આવું ન રાખશો. સંતોના કહેવા પાછળનો હેતુ, લક્ષ્ય તથા ભાવાર્થ સમજવા માટે પણ એમના ઈંગિતને જાણવા જેટલી તો આપણી માનસિક ભૂમિકા આવશ્યક છે. નહીં તો અન્ધાનુકરણ થશે. હું તમને પૂછું કે કોઈ એવા વક્તા તમારી સામે આવે કે જે આત્માના અસ્તિત્વને માનતા નથી. અને તેઓ તર્ક સહિત તમને એ સમજાવે કે આત્મા નામનું કોઈ તત્ત્વ જ જગતમાં નથી. એના તર્કો બધા અકાટ્ય હોય. એ એવી જોરદાર Araguments આપે કે તમારા ગળે ઉતારી જ દે, તો માની લો ને કે આત્મા નથી? તર્કમાં બહુ તાકાત છે. એ તો ગમે તેવી સાચી વસ્તુને ક્ષણમાં ખોટી સાબિત કરી દે અને ખોટી વસ્તુને સાચી સાબિત કરી દે.

માટે જ બંધુઓ! આ જિજ્ઞાસુ શિષ્યની જેમ આપણે પણ ઊંડાણમાં જઈ કહેલા તત્ત્વો પર ચિંતન કરીએ. તો જ સતને સત્યરૂપે સમજી શકીશું.

અહીં જિજ્ઞાસુ શિષ્યે આત્મા ઈન્દ્રિયો અને મનથી અનુભવમાં નથી આવતો, માટે તે નથી એમ કહ્યું અને જો આત્મા છે તો દેહ, ઈન્દ્રિય કે પ્રાણને જ આત્મા માની લેવો જોઈએ. આ ત્રણથી જુદી જેની કાંઈ એંધાણી નથી તેને જુદો શું માનવો? આટલી શંકા રજૂ કર્યા પછી હજી તેના મનમાં આ વિષયમાં શંકા છે તે ગુરુદેવ સામે રજૂ કેમ કરશે તે અવસરે....

e

## માટે છે નહીં આત્મા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનાર જીવ જિજ્ઞાસુ હોય. સ્વને જાણવાની તેની અભિલાષા ઉત્કટ હોય અને એ માર્ગે તે પુરુષાર્થ પણ કરતો હોય.

જેટલો પુરુષાર્થ સંસારમાં ભૌતિકતાની ઉપલબ્ધિ માટે કર્યો એથી વિશેષ પુરુષાર્થ આત્માની ઉપલબ્ધિ માટે થાય તો જ આત્મા પમાય. ભૌતિક જગતમાં તો બહુ પુરુષાર્થ કર્યો, હવે ત્યાંથી પાછા વળવું છે. એ જ માર્ગે જો ગતિ કર્યા કરીશું તો કાગડા-કૂતરાના ભવોમાં ભટકવા સિવાય બીજું કંઈ જ હાથમાં નહીં આવે.

ભૌતિક ઉપલબ્ધિઓ ગમે તેટલી પામ્યા પણ તે મળ્યા પછી કાયમ રહેવાની નથી. ભલે પછી ચક્રવર્તીનું સામ્રાજ્ય મળ્યું કે ઈન્દ્રની રિદ્ધિ મળી પણ હજારો કે લાખો વર્ષ ભોગવ્યા પછી પણ એક સમય એવો જરૂર આવશે કે તે હાથમાંથી ચાલી જશે. સંસારની ગમે તેવી ઉપલબ્ધિઓ હશે પણ તે વિનશ્વર સ્વભાવવાળી છે, કદી કોઈની થઈ નથી અને થશે નહીં.

જ્યારે આધ્યાત્મિક ઉપલબ્ધિઓ જો યથાર્થ રૂપે થઈ હોય તો તે એકવાર પામ્યા પછી જતી નથી. પણ બંધુઓ! આધ્યાત્મિકતાની ભૂખ લાગવી જોઈએ. પેટની ભૂખથી કે ધન-પ્રતિષ્ઠાની ભૂખથી દુઃખી થયા હશો! ઈન્દ્રિય અને મનના વિષયોની ભૂખથી વ્યાકુળતા અનુભવી હશે! પણ આધ્યાત્મિકતાની ભૂખની વ્યાકુળતા કેવી હોય તેનો અનુભવ ક્યારેય કર્યો છે ખરો? ક્યારેય આધ્યાત્મિકતાની અપ્રાપ્તિનો ખેદ થયો છે? એની પ્રાપ્તિ વિના જીવન કર્તવ્યશૂન્ય લાગ્યું છે? ઊણપ અનુભવી છે? જો અનુભવી હોય તો સમજી લેજો કે જીવ આત્માને પામવાની યોગ્યતા તરફ આવતો જાય છે.

જેને નિજાનુભૂતિની લગની લાગી છે એવા જીવને જ શ્રીમદ્જી આત્માર્થી કહે છે. તે ગુરુદેવના સાનિધ્યમાં જઈ પહેલાં નિજને જાણવાનો પ્રયાસ કરે છે. અહીં જીજ્ઞાસુ શિષ્ય આત્મવિષયક શંકા ઉઠાવે છે. શિષ્ય શ્રદ્ધાળુ છે. આત્મા વિષેની પોતાની માન્યતાને વધુ દઢ કરવાના ભાવથી જ શંકા કરે છે.

એ કહે છે – ઈન્દ્રિયગોચર ન હોવાના કારણે આત્મા છે જ નહીં અને હોય તો દેહ, ઈન્દ્રિય કે પ્રાણ આ ત્રણમાંથી એકને આત્મા માની લેવો જોઈએ. જુદી નિશાની ન હોવાથી આત્માનું અલગ અસ્તિત્વ નથી. હવે ફરી એ જ વિષયમાં બીજી રીતે શંકા રજૂ કરે છે –

**વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ,**
**જણાય જો તે હોય તો, ઘટ – પટ આદિ જેમ....૪૭....**

ગુરુદેવ! આત્મા હોય તો તે દેખાવો જોઈએ. જે ચીજોનું અસ્તિત્વ છે તે બધા જ પદાર્થો જણાય છે. તેનું જ્ઞાન થાય છે. એમ જો આત્મા હોય તો તેનું જ્ઞાન પણ થવું જોઈએ. જેમ કે ઘટ એટલે ઘડો અને પટ એટલે વસ્ત્ર. એ બન્ને દેખાય છે. અહીં ઘટ-પટ કહી જગતના સર્વ જડ પદાર્થો તરફ સંકેત કર્યો છે. એટલે કે જગતના તમામ જડ પદાર્થોનું જ્ઞાન થાય છે, કારણ કે તેનું અસ્તિત્વ છે. તે રૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણોવાળું છે.

આપણા તર્કશાસ્ત્રમાં પણ આ જ વાત કહેલ છે. અસ્તિત્વ અને નાસ્તિત્વની ચર્ચામાં જે પદાર્થનું જગતમાં ક્યાંય પણ અસ્તિત્વ નથી તે ન જ દેખાય. તે સમજાવવા ત્યાં આકાશકુસુમની ઉપમા અપાય. જેમ કે આકાશકુસુમ નથી માટે તે દેખાતું નથી. આકાશકુસુમ એટલે આકાશનું ફૂલ. ફૂલ ઝાડમાં હોય, છોડમાં હોય, લતામાં હોય પણ જ્યાં આ કંઈ ન હોય ત્યાં માત્ર આકાશમાં એકલું ફૂલ કેમ ઊગે? તે નથી એટલે તે જણાતું પણ નથી.

અહીં શિષ્ય પણ એ જ કહે છે કે જેમ ઘટ-પટ આદિ પદાર્થો દેખાય છે, કારણ તે છે, તેમ જો આત્મા હોય તો તે દેખાવો જોઈએ. આજના વૈજ્ઞાનિક યુગમાં મોટા ભાગના માણસો આવી જ ધારણાવાળા હોય છે. તેઓ કહે છે કે અમારી દષ્ટિમાં આવે તેને જ અમે માનીએ. જે અમે ન જોઈ શકીએ તેને ન માનીએ. પણ તેઓને ખબર નથી કે ઘણી ચીજો એવી



હોય છે કે જે નજરે ન દેખાતી હોય છતાં શ્રદ્ધાથી અથવા તેના પરિણામ પરથી પણ તેને માનવી પડે છે.

એકવારની વાત છે. આપણા માજી રાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન્ કે જેઓ મહાન ફિલોસોફર હતા, માત્ર વેદ વેદાંત, કે ભારતના દર્શનના જ અભ્યાસી હતા તેમ નહીં પણ વિશ્વની ફિલોસોફીના જાણકાર હતા.

એકવાર કેટલાક વિદ્યાર્થીઓ તેમને મળવા આવ્યા અને તત્ત્વજ્ઞાન વિષે તેમની સાથે ચર્ચા કરવા લાગ્યા. ભારતીય તત્ત્વજ્ઞાનમાં આત્મા તો હોય જ. કોઈપણ વિષયની દાર્શનિક ચર્ચા કરો એટલે તેમાં આત્મા તો રહેવાનો જ. આત્મવિષયક ચર્ચા ચાલી. તો પેલા વિદ્યાર્થીઓ કહે : ''ડૉ. સાહેબ! અમે આત્માને માનતા જ નથી! આપ આટલી આત્મા વિષે વાત કરો છો, પણ હાથમાં લઈને આત્મા બતાવો તો જ અમે માનીએ!''

''ભાઈઓ! આત્મા છે અને તે સનાતન સત્ય છે. તમે માનો કે ન માનો તેથી આત્માનું અસ્તિત્વ મટી જતું નથી. એ તો ત્રણે કાળે રહેનાર શાશ્વત તત્ત્વ છે.''

''નહીં, ડૉ. સાહેબ! અમે તમારી પ્રતિભાથી અંજાઈ જઈ, તમારી વાત માની નહીં લઈએ. અમને તો હાથમાં આત્મા બતાવો તો જ માનીએ!''

''ઠીક, એ બતાવો! તમારામાં કોઈ બુદ્ધિશાળી વિદ્યાર્થી છે?''

''હા, કેમ?''

''જુઓ! આત્મા એક એવું તત્ત્વ છે કે જે ખૂબ બુદ્ધિશાળી હોય તે જ એને જાણી શકે!''

''અમારામાંનો આ વિદ્યાર્થી બહુ જ બુદ્ધિમાન છે. તેને કોઈ પણ તત્ત્વ તરત સમજાઈ જાય છે. આજ સુધી stydyમાં હમેશાં તે First Class First જ રહ્યો છે.''

''જુઓ ભાઈઓ! હું નથી ઓળખતો તમારા એ મિત્રને! પણ તમે કહો છો એટલે માની લઉં છું. તો હવે એક કામ કરો. એની બુદ્ધિ કાઢીને આ ટેબલ પર મૂકો, એટલે હું મારો આત્મા કાઢીને બીજી બાજુ ટેબલ પર મૂકું!''

AT-BOOK-2



''અરે! ડૉ. સાહેબ! કેવી વાત કરો છો! બુદ્ધિ કંઈ મગજમાંથી કાઢીને મૂકવાની ચીજ છે? કે આંખેથી જોવાની ચીજ છે?''

''તો શું છે? કેવી રીતે બુદ્ધિને જાણી શકાય?''

''સાહેબ! એ તો માત્ર અનુભવવાની ચીજ છે. અમારો આ મિત્ર તેને અનુભવતો હશે અને બુદ્ધિના પરિણામરૂપ તેની શક્તિને આપણે જોઈ શકીએ, પણ બુદ્ધિ કઢાય નહીં અને જોવાય નહીં!''

''બસ, તો પ્યારા બાળકો! હું પણ એ જ કહું છું કે આત્મા અનુભવવાની ચીજ છે. પોતે તેને અનુભવી શકે અને દેહમાં આત્મા હોવાથી તેના પરિણામ સ્વરૂપ દેહમાં થતી ક્રિયાને આપણે જોઈ શકીએ! બોલવું, ચાલવું, ખાવું, પીવું, હરવું-ફરવું અને આપણું આખુંયે જીવન, દેહમાં આત્મા છે તેનું પરિણામ છે. સમજ્યા? આત્મા કાઢીને હાથમાં લઈ જોવાની ચીજ નથી.''

અને બંધુઓ! વિદ્યાર્થીઓ સમજી ગયા! ચાલ્યા ગયા! તો કહેવાનું એ છે કે બધી જ વસ્તુઓ ઈન્દ્રિયગોચર નથી હોતી. પણ શિષ્યના મનમાં શંકા છે તેથી એ કહે છે કે ઘટ-પટની જેમ આત્મા દેખાય તો તેને માનું. અને મેં કહ્યા તેટલા બધા જ વિકલ્પોથી આત્મા સિદ્ધ થતો નથી, તો હવે આ વિષયમાં માત્ર એક જ વાત કહેવાની રહે છે તે એ કે –

**માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય,**
**એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય....૪૮....**

હે ગુરુદેવ! આ બધા તર્કોથી એમ માનું છું કે આત્મા નથી. જો આત્મા જ નથી તો બંધ કોનો અને મોક્ષ કોનો? તો પછી પુરુષાર્થ પણ શાના માટે? આત્મા હોય તો તેને બંધ પણ હોય અને બંધ હોય તો તેના મોક્ષનો ઉપાય પણ આચરવો પડે. પણ જો આત્મા જ નથી તો હવે કશુંયે કરવાપણું રહેતું નથી.

હે કૃપાળુ ગુરુદેવ! મારા અંતરની આ શંકાનું સમાધાન આપ વિના કોણ કરે? માટે જ શ્રી ચરણોમાં વિનંતિ લાવ્યો છું કે સમાધાન આપો! સુયોગ્ય શિષ્યને ગુરુદેવ પ્રતિ અત્યંત શ્રદ્ધા છે. ગુરુદેવની સમર્થતા પર વિશ્વાસ છે, મારા ગુરુદેવ મારી શંકાને શંકારૂપ નહીં રહેવા દે.



શિષ્ય પણ કદાગ્રહી નથી કે હું માનું છું તે જ સાચું! ભાઈઓ! કેટલાક લોકો શંકા લઈને તો આવે પણ સાથે પોતાનો આગ્રહ તો લઈને જ આવે કે પ્રશ્ન તો પૂછીશ, પણ તેમનું આપેલું સમાધાન નહીં સ્વીકારું. હું જે માનું છું તે જ બરાબર છે. આ તો જરા પૂછવા માટે પૂછું છું. જેની પાસે પોતાના પ્રશ્ન સાથે જ જવાબ તૈયાર હોય તેને સજાવવો મુશ્કેલ છે. ખરેખર તો એ સમજવા નહીં પણ પરીક્ષા કરવા આવ્યો છે. જિજ્ઞાસાવૃત્તિવાળો નહીં પણ નિંદક હોય છે. તો આ તો કદાગ્રહ છે. આવી માન્યતાવાળાને કદી તત્ત્વની જાણકારી થાય નહીં.

અહીં શિષ્ય તો જિજ્ઞાસુ છે. પોતાની જિજ્ઞાસાની તૃપ્તિ માટે શંકા કરી છે. આગ્રહ લઈને નથી આવ્યો. ગુરુદેવના ચરણોમાં વિનય સમર્પિત કરતો, પોતાની શ્રદ્ધા સમર્પિત કરીને શંકાનો સદુપાય તેને જાણવો છે.

શિષ્યને ગુરુદેવ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા છે કે મારા ગુરુદેવ સમર્થ છે, સાધક છે. આત્માના ગવેષક જ નહીં પણ નિજની અનુભવદશા તેઓને વર્તી રહી છે. માટે ગુરુદેવ જરૂર મારી શંકાનું સમાધાન આપશે એવો તેને દૃઢ વિશ્વાસ છે.

હવે ગુરુદેવ આત્માના અસ્તિત્વની સિદ્ધિ કઈ રીતે કરશે અને તે શિષ્યના અંતરમાં કેટલી ઉતરશે તે અવસરે....

# ભાસ્યો દેહાધ્યાસથી...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જેણે મોક્ષમાર્ગને યથાર્થ જાણ્યો છે તે જ કરી શકે છે. ભૂલેલો જીવ ભ્રમમાં ભટક્યા કરે છે તેથી આરાધના તેને સૂઝે જ નહીં.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં વિચારવાન તથા દશાવાન શિષ્યની શંકાઓ વિષે ચર્ચા ચાલી રહી છે. પોતે કોણ છે? તે જાણવાની અદમ્ય અભિલાષા ગુરુદેવના સમીપે મુખરિત કરે છે. શિષ્યના મુખે એક પછી એક શંકા નીકળી રહી છે. એક આત્મતત્ત્વને સમજવા શિષ્યે જુદી-જુદી કેટલી રીતે સંદેહ મૂક્યા ને ગુરુદેવ પણ એવી જ ઉત્કૃષ્ટ હિતવૃત્તિથી શિષ્યની શંકાઓનું સમાધાન કરવાના ઈચ્છુક છે.

તેઓના અંતઃકરણમાં, શિષ્યની શંકા સાંભળી આનંદ થાય છે. શિષ્ય પર પ્રસન્ન થઈ ઊઠે છે. શંકાનો કરનાર શિષ્ય કૃપાપાત્ર બની ગયો! કેમ? શંકા કરનાર તો અજ્ઞાની હોવો જોઈએ! તેના પ્રત્યે વત્સલતા કે કંટાળો? ગુરુદેવ વિચારે છે – મેં સુયોગ્ય શિષ્યને જ્ઞાનનો અધિકારી માન્યો છે. આત્મા જેવા મૂળભૂત તત્ત્વ પર શિષ્યે કેટલી વિચારણા કરી હશે; આત્મચિંતનના કેટલા ઊંડાણમાં એ ગયો હશે કે તેને આવી તર્કયુક્ત શંકાઓ જાગી છે! તેથી ગુરુદેવ સમાધાન આપવા તત્પર થાય છે.

આવી શંકા થવા પાછળ શિષ્યની વિચારદશા હોવા પછી પણ શિષ્યની ક્યાંક ભૂલ છે. એ ભ્રમમાં છે, એ પણ એક કારણ છે. તેથી માનવમનના ઊંડાણને પામી કઈ યુક્તિ કારગત નીવડશે તે સમજી પહેલો જ પ્રહાર શિષ્યના અંતરમાં રહેલી ભૂલ પર કરે છે. તેઓ કહે છે –



**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન....૪૯....**

શ્રીમદ્જી ગુરુમુખથી ફરમાવે છે કે જીવની અનાદિની ભૂલ છે, ભૂલને લીધે જ એ સંસારમાં ભમ્યો છે. જો ભૂલ નીકળી ગઈ હોત તો જીવનું પરિભ્રમણ ન હોત, પણ ભૂલને ભૂલી શક્યો નથી માટે જ રઝળી રહ્યો છે. એ ભૂલ એટલે જ અનાદિનો દેહાધ્યાસ.

દેહાધ્યાસ એટલે શું? દેહ અને અધ્યાસ એવા બે શબ્દો છે અહીં. તેમાંય અધ્યાસ = અધિ + આસ. અધિ ઉપસર્ગ છે. તેના બે અર્થ થાય : એક અંદર અને બીજો ઉપર અને સ્થા-તિષ્ઠ ધાતુથી બનેલો શબ્દ તે આસ. તેનો અર્થ છે બેસવું. એટલે કે અધ્યાસ શબ્દનો અર્થ થયો અંદર બેસવું, ઉપર બેસવું. અહીં દેહ સાથે અધ્યાસ શબ્દ જોડાઈને અર્થ કરે છે, દેહમાં બેસવું. અર્થાત્ દેહમાં મારાપણું. દેહ તે જ હું, એ ભ્રમ તે દેહાધ્યાસ.

પહેલાં અભ્યાસ પછી અધ્યાસ. જે ચીજનો ઊંડો અભ્યાસ થાય છે એટલે કે વારંવાર રટણ થાય છે, વારંવાર પરિચય થાય છે, તે છે અભ્યાસ અને આ અભ્યાસની નિરંતરતા, એક પળની પણ વિસ્મૃતિ ન થવી તે છે અધ્યાસ.

જીવને મોટામાં મોટો અધ્યાસ હોય તો તે દેહનો જ છે. એ બીજું ઘણું વિસ્મૃત કરી શકે છે. પણ પોતે દેહ છે એ કદીયે વીસર્યો નથી. આનું કારણ શું? આજ સુધી આ જીવે અનંત જન્મ ધારણ કર્યા. દરેક જન્મમાં દેહ તો મળ્યો જ. આંખ, કાન, નાક, જીભ મળ્યા કે ન પણ મળ્યાં. ક્યારેક બે, ત્રણ, ચાર, પાંચ જુદી-જુદી ઈન્દ્રિયો મળી પણ એકેય ભવ એવો નથી થયો કે જ્યાં તેને દેહ વગર રહેવું પડ્યું હોય. તેથી જીવને દેહનો અભ્યાસ રહ્યો જ છે. અનંતકાળથી જીવ દેહ સાથે જ જીવી રહ્યો છે. એક ક્ષણ પણ એ દેહને વિસરતો નથી. આ સ્મરણ નિદ્રામાં પણ તેને રહ્યા કર્યું છે.

રાતની ગાઢ નિદ્રામાં મચ્છર કરડે તો પણ ખબર પડતી હોય છે. દેહને પીડા થઈ તેનું ભાન આત્માને હોય છે. દેહ સુષુપ્ત પડ્યો હોય પણ આત્મા દેહની પીડાનું જ્ઞાન કરી લે છે. એટલે એ અવસ્થામાં પણ

દેહાત્મબુદ્ધિ જતી નથી. આમ દેહનો પરિચય અનંતકાળનો હોવાથી દેહ તે જ હું, એ અધ્યાસ થઈ ગયો છે.

પ્રશ્ન થાય કે શું આ આત્મા અનંતકાળમાં દેહ વગર ક્યારેય નથી રહ્યો? ઉત્તરમાં શાસ્ત્રો કહે છે કે આત્મા મૃત્યુ પછી એક શરીરમાંથી નીકળે અને બીજું શરીર ધારણ કરે તે વચ્ચેનો સમય બહુ જ અલ્પતમ હોય છે. જો આત્મા ઋજુગતિથી જાય તો તે એક સમયમાં જ અર્થાત્ પહેલે સમયે આ શરીરથી નીકળે અને બીજે સમયે બીજું સ્થૂલ શરીર ધારણ કરી લે છે. તેથી માત્ર એક જ સમય દેહરહિત રહે છે પણ વક્રગતિથી જાય એટલે કે બે-ત્રણ વળાંક લઈને જાય તો ત્રણ કે ચાર સમય સ્થૂળ દેહરહિત રહે છે અને પછી બીજું શરીર ધારણ કરી લે છે. આમ વધુમાં વધુ માત્ર ચાર સમય દેહરહિત જીવ રહે છે. જો કે તૈજસ-કાર્મણરૂપ સૂક્ષ્મ શરીર તો સાથે હોય જ છે. અનંતકાળના પ્રવાહમાં ચાર સમય અત્યંત તુચ્છ છે. તેથી આત્માને દેહનો અધ્યાસ થઈ ગયો છે. દેહ તે જ હું, એવી નિરંતરની સ્મરણદશાના કારણે દેહના ધર્મોને પોતાના ધર્મો માની લીધા. દેહના સંબંધીઓને પોતાના સંબંધી માનીને ભાન ભૂલ્યો.

પણ દેહ તે આત્મા નથી. દેહથી જુદો હું આત્મા છું એનું ભાન નથી. હે શિષ્ય! દેહ તે આત્મા કેમ હોઈ શકે? દેહ અને આત્માનાં લક્ષણો પ્રગટ રૂપે ભિન્ન-ભિન્ન દેખાય છે. શ્રીમદ્જીના જ શબ્દોમાં –

**દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે,**
**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે.**
**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,**
**દેહના સ્વભાવ જીવ પદમાં જણાય છે.**
**એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વ ભાવ**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે.**
**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,**
**બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.**

અજ્ઞાનના કારણે જ દેહ અને આત્મા એક ભાસે છે ને તેથી જ સર્વ પ્રવૃત્તિઓ જેવી કે રોગ, શોક, દુઃખ વગેરે દેહના ધર્મો હોવા છતાં



આત્માના માની લીધા છે, પરંતુ ખરેખર એમ નથી. બન્ને દ્રવ્યોનાં લક્ષણો તદ્દન જુદાં છે અને જુદાં જ રહે છે.

આત્માનું લક્ષણ છે ચેતન. જ્ઞાતા-દ્રષ્ટા ભાવ. જોવું અને જાણવું. અને દેહ પુદ્ગલ છે, જડ છે. તેનું લક્ષણ છે સડન, પડન, વિધ્વંસન, નાશ પામવું. આત્માનું લક્ષણ જડમાં ન હોય. જડનું લક્ષણ આત્મામાં ન હોય. બન્ને દ્રવ્યો સર્વથા સ્વતંત્ર છે. આત્માની સામે જેટલા પદાર્થો આવે, બધાનું જ્ઞાન તેને થાય છે. જ્યારે જડની સામે હજારો વર્ષ સુધી પદાર્થો પડ્યા રહે તો પણ તેને જ્ઞાન થાય જ નહીં, કારણ કે જાણવું તે જડનો સ્વભાવ નથી.

આ શરીર પરમાણુના સમૂહથી બનેલું છે. અનંત-અનંત પરમાણુઓના સ્કંધરૂપ આ શરીર સડે, ગળે, જીર્ણ થાય, નષ્ટ થાય. ગમે તેવા મજબૂત અને પહેલવાન શરીરને ગળતાં ને જીર્ણ થતાં આપણે જોયું છે કારણ તે તેનો સ્વભાવ છે. જ્યારે દેહ ગળ્યા પછી પણ, જીર્ણ થયા પછી પણ તેમાં રહેલ આત્મા ગળતો નથી, સડતો નથી. તે જેવો છે તેવો જ રહે છે. તેમાં કશો જ ફેર પડતો નથી.

વળી દેહ જડ રૂપી છે. આત્મા અરૂપી છે. જડ પદાર્થો ઈન્દ્રિયગોચર છે. પણ આત્મા ઈન્દ્રિયો વડે જાણી શકાય નહીં. આપણે દેહને જ જોયો છે આત્માને જોયો નથી. તેથી જ શ્રીમદ્જી શિષ્યને કહે છે, ભાઈ! તેં અનાદિથી દેહનો પરિચય કરી તેનો અધ્યાસ થતાં દેહ તે જ હું એમ માની લીધું છે. તેથી આત્મા દેહથી ભિન્ન છે તે માનવાની તારી તૈયારી નથી. પણ બન્નેનાં લક્ષણો ભિન્ન છે અને જેનાં લક્ષણો જુદાં હોય તે એક કેવી રીતે હોઈ શકે? આ જ વાતને વધુ સ્પષ્ટ કરવા ગુરુદેવ દેહ – આત્માની ભિન્નતાને બીજી રીતે સમજાવે છે –

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન....૫૦....**

હે શિષ્ય! દેહાધ્યાસના કારણે, અજ્ઞાનના પરિણામે તને દેહ અને આત્મા એક ભાસ્યા પણ તે બન્ને અત્યંત જુદા છે. પુરુષની કમરમાં લટકતી તલવાર, માત્ર મ્યાનરૂપ જ દેખાય છે પણ મ્યાનમાં સમાઈ જવાના કારણે

AT-BOOK-2



બન્ને એક દેખાય છે, એટલું જ નહીં પણ સોનાની હોય તેમ ભાસે છે. નાટક સમયસારમાં કવિવર બનારસીદાસ કહે છે –

**ખાંડો કહિયે કનકકૌ, કનક-મ્યાન સંયોગ;**
**ન્યારૌ નિરખત મ્યાન સૌ, લોહ કહૈં સબ લોગ....!**

સુવર્ણમ્યાનના સંયોગે, તલવાર પણ સોનાની કહેવાય. પણ જ્યારે મ્યાનથી અલગ કરીને જોઈએ તો તે લોહની જ હોય. તે સોનાની રત્નજડિત મ્યાનમાં રહેવા છતાં પણ સોનાની થઈ જતી નથી. તે પોતામાં જ રહે છે. ભલે બહારથી સોનાની નામે ઓળખાતી હોય પણ તે પોતાનું સ્વરૂપ છોડી મ્યાનરૂપ થઈ જતી નથી. વળી બનારસીદાસ કહે છે –

**જ્યોં ઘટ કહિયે ઘીવકૌ, ઘટકો રૂપ ન ઘીવ;**
**ત્યૌં વરનાદિક નામ સૌં, જડતા લહૈ ન જીવ....**

જેમ ઘીનો ઘડો કહેવાય છે. વાસ્તવમાં ઘડો માટીનો કે અન્ય ધાતુનો હોય પણ તેમાં ઘી રહેવાથી એ ઘીનો ઘડો કહેવાયો. તેમ જીવ પણ જેવા શરીરમાં રહે તેના નામે, વર્ણે કે જાતિએ ઓળખાય. પણ જડના એ ધર્મો પોતામાં આવે નહીં. તે જડથી સદા ભિન્ન રહે છે. કારણ કે આત્મા દેહથી સર્વથા ભિન્ન જ છે.

માટે જ સદ્‌ગુરુ કહે છે અનાદિના અધ્યાસના કારણે તુ દેહને આત્મા માની લેવાની વાત કરે છે. જેમ વનમાં ભમતા મૃગને, અંદરની પ્યાસ તડપાવી રહી હોય અને તે જળની શોધમાં આથડતો હોય, ગ્રીષ્મની ઋતુના ભયંકર તાપમાં જ્યાં સૂર્ય અગ્નિ વરસાવી રહ્યો હોય, પૃથ્વી પર પડતાં સૂર્યનાં તપ્ત કિરણો, રેતાળપ્રદેશમાં હવાનાં કંપનો વચ્ચેથી પસાર થાય, ત્યારે સૂર્યકિરણમાં સ્પંદાયમાન હવા વહેતા પાણીનો ભાસ ઊભો કરે. તૃષાતુર મૃગજળ સમજી દોડે પણ પાણી દૂર ને દૂર સરકતું જાય. હાથમાં આવે જ નહીં. આ છે મૃગજળ.

દેહની પ્રવૃત્તિને આત્માની પ્રવૃત્તિ માની લઈને, દેહ તે જ આત્મા એવો ભાસ ઊભો કર્યો છે. પણ જેમ મૃગજળ તે માત્ર ઝાંઝવાં છે પણ પાણી નથી, તેમ દેહ તે આત્મા નથી. પણ દેહ જડ, આત્મા ચેતન-એ બન્નેનાં લક્ષણો અત્યંત ભિન્ન છે. જડમાં ચેતનનો એક અંશ નથી અને



ચેતનમાં જડનો એક અંશ નથી. લક્ષણની ભિન્નતાના કારણે બન્ને ભિન્ન છે. તે કર્મ સહિત આત્મા દેહ વિના રહી શકતો નથી. માટે બન્નેનો આધાર-આધેય ભાવ છે. જેમ આકાશનો સ્વભાવ છે જડ-ચેતન સર્વ પદાર્થોને આધાર આપવો. જગતના સર્વ પદાર્થોને આકાશ સાથે આધાર-આધેય ભાવ છે. આકાશ આધાર છે અને તેમાં રહેલા પદાર્થો આધેય છે, તેવી જ રીતે દેહ અને દેહીનો સંબંધ છે. દેહીને દેહે આધાર આપ્યો છે માટે દેહ આધાર છે અને દેહી એટલે આત્મા આધેય છે. આકાશમાં રહેલા પદાર્થો આકાશરૂપ નથી પણ તેનાથી સર્વથા ભિન્ન છે, તેમ દેહમાં રહેલો આત્મા દેહરૂપ નથી પણ દેહથી સર્વથા ભિન્ન છે.

શિષ્યની શંકા હતી-અથવા દેહ જ આત્મા-તેનું સમાધાન ગુરુદેવે આપ્યું. અને દેહ-આત્મા ભિન્ન છે તથા દેહ તે આત્મા નથી પણ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે તે સમજાવ્યું.

આત્માના અસ્તિત્વના વિષયમાં શિષ્યે કરેલી અન્ય શંકાઓનું સમાધાન ગુરુદેવ હવે કહેશે.

e

# અબાધ્ય અનુભવ જે રહે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માની અનંત શાશ્વત શક્તિઓને જાગ્રત કરે છે. આત્માની અનંત શાશ્વત શક્તિ એટલે જ આત્માના અનંત ગુણ. આ સર્વ ગુણો, સંપૂર્ણ નિર્મળતા સહિત જ્યારે પ્રગટ થઈ જાય ત્યારે જીવ અનંત સુખને પામે છે. અનંત શક્તિઓનો અનુભવ કરે છે.

આ અનંત શક્તિઓના અનુભવ માટે અજોડ પુરુષાર્થ આવશ્યક છે. સર્વ પ્રથમ 'હું આત્મા છું' એ જાણે, એ અનુભવે અને પછી એ માણે. એ જ છે સત્ય પુરુષાર્થ.

અહીં આવા જિજ્ઞાસુ સાધક શિષ્યને પોતાના હોવાપણાનો ભાવ અંતરમાંથી જાગતો હોવા પછી પણ મન સંશયોથી વિચલિત થઈ જાય છે. તેને પોતાની શ્રદ્ધામાં સ્થિર થવું છે. પરભાવોથી વિરક્ત થઈ સ્વભાવદશામાં રમવાની ભાવનાવાળો એ જિજ્ઞાસુ છે. તેથી જ તે સદ્‌ગુરુના શરણમાં આવ્યો છે. એટલું જ નહીં, સમર્પિત થઈ ગયો છે.

શિષ્યનું ત્રિ-યોગે સમર્પણ ગુરુદેવના હૃદયને પ્રફુલ્લિત કરે છે અને ગુરુદેવ અંદરમાં રહેલા જ્ઞાન-ભંડારને ખોલી નાખે છે.

શિષ્યને પ્રથમ તેની ભૂલ સમજાવે છે કે જે ભૂલ સર્વસાધારણ જીવો પણ કરી જ રહ્યા છે, સામાન્ય રીતે સહુ માનવો દેહને જ આત્મા માનતા હોય છે. દેહથી જુદો આત્મા હોય તેવું ભાન જ નથી હોતું. પણ અહીં તો ગુરુદેવ શિષ્યની આ ભૂલનું કારણ સમજાવવાની સાથે, એ ભૂલને સુધારવાની રીતો પણ બતાવે છે.

આત્મા અને દેહ, ચૈતન્ય અને જડ લક્ષણ વડે જુદા જ છે. બન્નેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. બન્નેની સ્વતંત્ર શક્તિઓ છે. મ્યાન અને તલવારના દૃષ્ટાંતે દેહ અને આત્મા ભિન્ન છે. તલવાર મ્યાનમાં એક-બે નહીં પણ



સેંકડો, હજારો વર્ષ સુધી પડી રહે તો પણ તે મ્યાનરૂપ ન થાય. તેવી જ રીતે અનંતકાળથી આત્મા શરીરમાં જ રહેતો આવ્યો છે, છતાં શરીરરૂપ ન થાય, આત્મા-રૂપ જ રહે.

આ રીતે શિષ્યને તેની ભૂલનું ભાન કરાવ્યા પછી હવે શિષ્યની શંકાનો ઉત્તર આપે છે. શિષ્યે કહ્યું હતું – **'નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ'** અહીં 'નથી દૃષ્ટિમાં આવતો' કહીને શિષ્યે પાંચ ઈન્દ્રિયોમાં આંખને મહત્ત્વ આપ્યું છે તે વિચારણીય છે. વ્યાવહારિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પણ માનવશરીરમાં આંખ સિવાયની બીજી ઈન્દ્રિય ન હોય તો એટલી મુશ્કેલી ઊભી નથી થતી. પણ આંખ ન હોય તો જીવન સૂનું-સૂનું લાગે છે, અપૂર્ણ લાગે છે. આંખ વગર માનવ પરવશ થઈ જાય છે. તેથી શિષ્યે પણ આંખને જ સર્વસ્વ માની તેને લક્ષ્યમાં રાખી શંકા ઉઠાવી છે.

પણ અધ્યાત્મ શાસ્ત્રમાં એથી કંઈક જુદું બતાવવામાં આવ્યું છે. ચિંતન કરતાં એમ લાગે છે કે બીજી ઈન્દ્રિયો પર વિશ્વાસ કરી શકાય પણ આંખ પર વિશ્વાસ ન કરી શકાય. આંખ તો છેતરે છે, ભય ઊભો કરે છે, પદાર્થમાં જે નથી તે બતાવે છે. આત્મવૃત્તિને બહિર્મુખ કરવામાં આંખ મોટો ભાગ ભજવે છે.

નિષેધાત્મક દૃષ્ટિકોણથી વિચાર કરીએ તો એક અંધ વ્યક્તિ જેટલો પવિત્ર અને સરળ હોય એટલો બહેરો કે મૂંગો વ્યક્તિ નથી હોતો. કારણ એ છે કે આંખ બીજી ઈન્દ્રિયોને પણ ભોગો માટે પ્રેરિત કરે છે. જેથી દ્રષ્ટા પાપી થઈ, વિકારી થઈ, જીવનભર પાતકી રહી દુર્ગતિને નોતરે અને અંતે સત્યાનાશ. તેથી જ વાણીમૌન કરતાં પણ દૃષ્ટિમૌનની વિશેષ આવશ્યકતા છે.

આમ આંખ જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે તેથી જ શિષ્ય આત્માને પણ આંખો વડે જ જાણવા પ્રેરાયો છે. તે કહે છે આંખોથી આત્મા દેખાતો નથી, કે આત્માનું કોઈ રૂપ પણ દેખાતું નથી, માટે આત્મા નથી. આનું સમાધાન કરતાં ગુરુદેવ ફરમાવે છે –

**જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ....૫૧....**

ગુરુદેવના મુખ પર સ્મિત ફરકી રહ્યું છે. તેઓ ફરમાવે છે, હે શિષ્ય! જે પોતે જ સર્વને જોનાર છે, જાણનાર છે, તેને કોણ જાણી શકે? કોણ

જોઈ શકે? આપણે જગતના પદાર્થોને આંખ વડે જોઈએ છીએ. પણ આંખને જાણનાર તથા જોનાર બીજું એક તત્ત્વ આ દેહમાં છે. અને તે છે આત્મા.

આત્મા સ્વ-પર પ્રકાશક છે. તે પોતે પોતાને જાણે છે, જુએ છે અને સાથે સંસારના સર્વ જ્ઞેયને પણ જાણે છે. તેથી જે આંખો વડે જગત જોવાય તે આંખો અને જગત બન્ને આત્મા વડે જોવાય. કહ્યું પણ છે કે –

**જ્યાં દૃશ્ય છે ત્યાં દૃશ્ય-દૃષ્ટિ ઉભયનો દૃષ્ટા ય છે**

**નિજ – પર પ્રકાશક આત્માની ચૈતન્ય સત્તા પ્રગટ છે....**

જ્ઞાન એ આત્માનો ગુણ છે, જડનો નહીં. સ્થૂલ બુદ્ધિથી વિચારવા ટેવાયેલા આપણે એમ માનતા હોઈએ છીએ કે મેં આંખથી જોયું-જાણ્યું, પણ આંખ તો જડ છે, માત્ર સાધન છે. તેનામાં જ્ઞાન-શક્તિ નથી. આંખ પણ ત્યારે જ જોઈ શકે છે કે જ્યારે દેહમાં આત્મા હોય અને એ આત્માનો જ્ઞાનોપયોગ આંખ સાથે જોડાય ત્યારે તે પદાર્થોને જોઈ શકે છે. આંખે જોયું પણ તે જાણ્યું તો આત્માએ જ. આંખ તો મકાનમાં રહેલ બારી જેવી છે. બારીમાં ઊભેલો મનુષ્ય બહારનાં દૃશ્યોને જુએ તેમાં બારીએ શું કર્યું? જોનાર તો માનવ છે, પણ બારી માધ્યમ માત્ર છે. તેમ આંખ વડે જ્યારે પદાર્થો જોઈએ છીએ ત્યારે 'મેં આંખ વડે અમુક પદાર્થ જોયો' આવો અનુભવ કરનાર કર્તા આત્મા છે અને આંખ કારણ છે. આત્મા પદાર્થને જુએ તેમ દેહમાં રહેલી આંખને પણ જુએ. માનવશરીરની સર્વ ઈન્દ્રિયોમાં આંખ વિશેષ શક્તિ ધરાવનાર માધ્યમ છે. પર્વતના શિખર પર ઊભેલો માનવ દૂર-સુદૂર ક્ષિતિજ સુધી દૃષ્ટિ દ્વારા અવલોકન કરે. વચમાં આવતાં નદી અને ઝરણાં, પહાડ અને વન, સાગર અને વૃક્ષ, પંખી અને માનવ સહુને એકી સાથે પોતાની નાની એવી કીકીમાં સમાવી લે. તેથી જ દૃશ્યો કરતાં દૃષ્ટિ વિશાળ. પણ વૈજ્ઞાનિક નિયમ કહે છે, સૂર્ય-પ્રકાશ પદાર્થ પર પડે ત્યારે જ એ પદાર્થ માનવની આંખમાં પ્રતિબિંબિત થાય છે અને આંખ એ પદાર્થને જોઈ શકે છે. માનો કે સૂર્યકિરણો એક સુંદર પદાર્થ પર પડ્યાં અને તે પદાર્થ તમારી આંખમાં પ્રતિબિંબિત થયો. પણ તમે જ ન હો, તો તેનું જ્ઞાન કોને થાય? બંધુઓ! તેનો અર્થ એ થયો કે દૃષ્ટિને જોવાવાળો દ્રષ્ટા અંદર બેઠો છે. જેની ઉપસ્થિતિ વિના આંખ, આંખ નહીં પણ માત્ર ગોખલા જ. એટલે જ દ્રષ્ટા સ્વયમેવ છે. દૃષ્ટિ તેની શક્તિ છે, આંખો તેનું



માધ્યમ છે અને બાકી બધું દૃશ્ય છે.

આત્માની સ્વ-પર પ્રકાશક ચૈતન્ય સત્તા સદા તેમાં વિદ્યમાન છે. આત્મા અંતર્મુખ થાય તો પોતે પોતાને જાણે છે અને બહિર્મુખ થાય તો ઈન્દ્રિય અને મનના સાધનથી પદાર્થોને જુએ તેમજ ઈન્દ્રિય-મનના સાધન વગર પણ અવધિ કે મન:પર્યવ જ્ઞાન વડે જગતના પદાર્થોને જુએ. એ જ રીતે કેવળજ્ઞાન થાય ત્યારે આત્મા તો અંતર્મુખ જ હોય પણ આખાયે વિશ્વના સર્વ પદાર્થોનાં પ્રતિબિંબ તેમાં પડે. એટલે આત્માને સ્વને જાણવા કે પરને જાણવા ઈન્દ્રિયાદિકની આવશ્યકતા છે જ, એમ નથી. તેથી જ કહ્યું કે આત્મા દૃષ્ટિ તથા દૃશ્ય બન્નેનો દ્રષ્ટા છે. માટે તે પોતે આંખો વડે જોઈ શકાય નહીં.

પોતે પોતામાં આત્માને અનુભવવો કઈ રીતે? આજ સુધીના આપણા અનુભવો પરભાવોના આશ્રયે, પર પદાર્થના આશ્રયે જ થયા છે. આપણું આખુંયે જીવન પરાનુભાવથી જ ભર્યું છે; આજ સુધી જે જે અનુભવો કર્યા તે એક-એક કરીને જોઈ જઈએ અને પછી ધીમેથી સરકતા જઈએ અને જોઈએ કે કંઈ બાકી રહે છે કે નહીં?

પાંચે ઈન્દ્રિયના ૨૩ વિષયો સાથે નિત્ય ખેલીએ છીએ. હું સાંભળું છું, જોઉ છું, સૂંઘું છું, રસાસ્વાદ લઉં છું, સ્પર્શું છું. આ છે પાંચે ઈન્દ્રિયોનો અનુભવ. સાથે હું વિચારું છું એ છે મનનો અનુભવ. આપણે વિચારીએ! હું સાંભળું નહીં, કાનની શક્તિ સમાપ્ત થઈ જાય તો હું રહું કે નહીં? એ જ રીતે આંખોને અંધાપો આવે, કંઈ જ ન જોઈ શકાય. ગંધ લેવાની શક્તિ નષ્ટ થઈ જાય, રસાસ્વાદને જાણી ન શકાય અને અંતે માનો કે Paralysis થઈ જાય, આખુંયે શરીર ખોટું થઈ જાય. શારીરિક સંવેદનાનો અનુભવ ન થાય, ત્યારે પણ 'હું છું' એવો ખ્યાલ રહ્યા કરે છે કે નહીં? 'હું કોણ છું' એ ભલે ખબર ન રહે. જાણી પણ ન શકીએ પણ હું જીવું છું, મારું અસ્તિત્વ છે તો હું કાન, આંખ, નાક, જીભ કે સ્પર્શ નથી પણ એથી જુદો છું, એ ખ્યાલ તો રહે છે.

એમ મનથી વિચારતા હોઈએ ત્યારે શબ્દપ્રયોગ કરીએ છીએ : મારા મનમાં થયું કે.... હવે 'મારું' મન, તો બે પદાર્થ જુદા થયા. મન જુદું છે. મારું મન કહેનાર તે મનથી જુદો છે. માટે મન તે પણ હું નથી. મનથી કોઈ જુદું તત્ત્વ તે હું છું.

વળી આગળ વિચારતાં હું આ જગતમાં, બાહ્ય રૂપે જે રીતે ઓળખાઉ છું તે હું છું? મને લોકો મનુષ્ય કહે છે તો હું મનુષ્ય છું? જો મનુષ્ય જ હોઉં તો સદા મનુષ્ય જ રહું, પણ એમ નથી. જન્મ્યો મનુષ્ય રૂપે અને મરીશ એટલે જેને લોકો મનુષ્ય કહે છે તે તો અહીં જ રહેશે. પણ તેમાંનો **'હું'** તો ચાલ્યો જશે. મરણ થાય ત્યારે મનુષ્ય શરીર નથી જતું. તે અહીં છે છતાં લોકો કહે છે એ તો ચાલ્યો ગયો. તો ચાલ્યા જનાર મનુષ્ય નથી, એ એથી જુદો કોઈક છે. માટે હું મનુષ્ય નથી.

અને જો મનુષ્ય નથી તો મનુષ્ય હોવાના નાતે સંબંધીઓ સાથે સંબંધરૂપ પણ નથી. મા-બાપ, ભાઈ-બહેન વગેરે સ્વજનોએ જે સંબંધ મારામાં માન્યો છે તે પણ હું નથી. સ્ત્રીરૂપ કે પુરુષરૂપ એ પણ મારું રૂપ નથી. એ પણ અહીં જ રહે છે અને તેમાંનો હું, અલગ થઈ ચાલતી પકડે છે.

આમ મેં, મને જે જે બાહ્ય અનુભવોથી અનુભવ્યો તે બધા જ અનુભવોને મારામાંથી દૂર કરીને જોઉં તો એ બધાથી પર એક અનુભવ તો રહે જ છે કે 'હું છું', વળી આ અનુભવ સર્વ જીવોને રહે છે. તે જ્ઞાની હોય કે અજ્ઞાની 'હું છું' તે બધાને ખબર છે. જ્ઞાની 'હું છું' થી 'હું આત્મા છું' એમ અનુભવતો હોય. અજ્ઞાનીને જાણ નથી. વળી બાળકને પણ પોતાના હોવાપણાનો ખ્યાલ છે. કારણ આ અનુભવ બાધારહિતનો અનુભવ છે. આ અનુભવ કરવામાં કોઈ જ વિઘ્નકર્તા બની ન શકે. જીવ પોતે ક્યાંય કોઈને બાધા કરતો નથી અને પોતે પણ કોઈથી બાધ્ય થતો નથી. માટે જ શ્રીમદ્જીએ કહ્યું કે અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. ષડ્દ્રવ્યો એક પ્રદેશાવગાહી છે, જેમાં માત્ર આપણે જ એક ચૈતન્ય, બાકી પાંચ જડ. તેથી આત્મા દ્રષ્ટા છે. જડમાં દૃષ્ટિ નથી અને તે દ્રષ્ટા પણ નથી. છતાં જડદ્રવ્ય વર્ણાદિ સહિત હોવાના કારણે રૂપી છે તેથી જ જીવને ભ્રમ થયો છે, તેમાં પ્રીતિ થઈ છે. બાકીનાં દ્રવ્યો શક્તિ રૂપે છે. અરૂપી છે તેના પર જીવને પ્રીતિ થતી નથી.

રૂપી દ્રવ્યને જીવ જાણે. જીવ પોતે અરૂપી એટલે દૃષ્ટા અરૂપી અને દૃશ્ય રૂપી. બન્નેના એકપણાનો ભાસ તે સંસાર. પણ ગહનતામાં જઈ વિચાર કરીએ તો જડ-ચેતન બન્નેનાં લક્ષણો અને ગુણો ભિન્ન છે. એટલે સંસાર તે માત્ર દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચેનો એક અવિકલ ભ્રમ છે. માટે જ શ્રી સહજાનંદસ્વામીએ કહ્યું છે –



**દૃશ્ય તો ઝેર છે જીવ વ્યાકુળ કરે,**
**દૃશ્યમાં દૃષ્ટિ જોડે ન મહાત્મા.....**

જીવ દૃશ્યમાં લોભાઈ જાય તો તે ઝેરરૂપ પરિણમે છે, વ્યાકુળતા ઊભી કરે છે. એટલે જ સાધના-રત સાધક દૃશ્યથી દૃષ્ટિને હટાવીને દ્રષ્ટામાં જોડે છે.

શ્રીમદ્જી પણ નીચેના દોહામાં આ જ ભાવો વ્યક્ત કરે છે કે જીવ અરૂપી છે, જડરૂપી છે, બેયના ગુણો અને પર્યાયો તદ્દન ભિન્ન છે, છતાં અરૂપી એવા ચેતન દ્રષ્ટાને, જે રૂપીનો ભાસ થયો, ગ્રહવાપણાનું ગાંડપણ થયું, તે મોટું આશ્ચર્ય છે જે અકથ્ય છે. પોતે આત્મા અરૂપી હોવા છતાં રૂપી પર્યાયોમાં અનંતકાળ ગુલામ થઈ વર્ત્યો છતાં તેને તે બંધનરૂપ લાગ્યું જ નહીં, એ કેવી વાત છે?

**ગ્રહે અરૂપી રૂપીને, એહ અચરજની વાત;**
**જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત....**

ગુરુદેવ શિષ્યને સમાધાન આપે છે. વત્સ! આંખેથી નહીં દેખાતો આત્મા જ સર્વને જોનાર અને જાણનાર છે, તથા સર્વ બાહ્ય ભાવોને બાદ કરતાં-કરતાં અંતે જે બાકી રહે છે અને 'હું છું'નું જ સતત ભાન રહે છે. ઈન્દ્રિયોની સંવેદના ક્યારેય ન પણ હોય, પણ આત્માનું સંવેદન નિરંતર હોય જ છે. તે જ જીવનું સ્વરૂપ છે અને તે મન, બુદ્ધિ, ઈન્દ્રિય વડે જાણ્યા પછી પણ આનો એક માત્ર ઉકેલ છે નિજ અનુભવ. માટે તારા મનમાં જાગેલ શંકા – 'તેથી ન જીવ સ્વરૂપ', તે યથાર્થ નથી.

શિષ્યને સમાધાન થયું. ગુરુદેવના ચરણે મસ્તક નમાવી, મૂકેલા બીજા તર્કોનું સમાધાન પણ ચાહી રહ્યો છે, તે અવસરે.....

AT-BOOK-2

# ....પણ આત્માને ભાન!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સંસારમાર્ગનો છેદ કરી મોક્ષમાર્ગે જીવને મૂકી દે છે. આ માર્ગે પહોંચવા માટે જે રસ્તો પાર કરવાનો છે તે લાંબો છે, કંટક ભરેલો છે. ઘણાં વિઘ્નો અને બાધાઓથી ભરેલો છે. તેમાં જો સ્થિર રહેવાય અને ગુરુદેવની કૃપા મળી જાય તો – તો પાર પામી જવાય. એટલે જ પથિક સહારો માગે છે –

**મેરી ધીરી હૈ ચાલ, ઔર પથ હૈ વિશાલ**
**હર કદમ પર મુસીબત હૈ, અબ તો સમ્હાલ**
**પૈર મેરે થકે, એ ચલે ના ચલે**
**મુઝકો તેરા ઈશારા સદા ચાહિયે....**
**આસરા ઈસ જહાંકા મિલે ના મિલે**
**મુઝકો તેરા સહારા સદા ચાહિયે....**

ગુરુદેવના માર્ગદર્શનથી જ સાધક, સાધનામાર્ગે સ્થિર રહી આગળ વધી શકે છે. આવા સાધકને અધ્યાત્મ પામવાની તાલાવેલી છે. તેથી જ તેણે ગુરુદેવ સમક્ષ બાલભાવે, વિનયસહિત પ્રશ્નો રાખ્યા છે. ઈન્દ્રિયો પર જ જાણે આખા જીવનનો આધાર હોય, અને ઈન્દ્રિયોનું જ સામ્રાજ્ય હોય તેમ સમજી શિષ્ય ઈન્દ્રિયોને આત્મા માનવા પ્રેરાયો છે. ઈન્દ્રિયોની જડતા તેના લક્ષ્યમાં નથી. પણ જ્ઞાની ગુરુદેવ ઈન્દ્રિયોની વાસ્તવિક સ્થિતિ શું છે? ઈન્દ્રિયો ક્યાં સુધી ઉપયોગી છે તથા આત્મા અને ઈન્દ્રિયોનો સંબંધ શું છે? આ બતાવી શિષ્યના મનમાં રહેલી શંકાને નિર્મૂળ કરે છે. તેઓ કહે છે :

**છે ઈન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;**
**પાંચ ઈન્દ્રિયના વિષયનું, પણ આત્માને ભાન....૫૨....**

પ્રત્યેક ઈન્દ્રિય પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. સહુના વિષય



જુદા-જુદા છે. કાન શબ્દને સાંભળે છે. આંખ રૂપને જુએ છે. ઘ્રાણ ગંધને અનુભવે છે. જીભ રસને ઓળખે છે અને ત્વચા સ્પર્શનું સંવેદન કરે છે. આમ વ્યવહારમાં આપણે કહીએ છીએ, અને વ્યવહાર આમ જ ચાલે છે.

અહીં એક-એક ઈન્દ્રિયનો વિષય સીમિત બતાવ્યો. પ્રત્યેક ઈન્દ્રિય પોતાના વિષયને છોડી, અન્ય વિષયને ગ્રહણ કરી શકે નહીં. જેમ કે આંખોનું કામ છે જોવાનું, રૂપને નીરખવાનું. આંખ આ કાર્ય ખૂબ સારી રીતે કરી શકે છે. બહુ પાવર-ફૂલ આંખો હોય તો તે દૂર-દૂર સુધી જોઈ શકે. ગગનમાં ઊડતું ગરુડ, દૂર પૃથ્વી પર પડેલ પદાર્થને જોઈ લે. એવી શક્તિ તેની આંખોમાં હોય. કેટલાક મનુષ્યોની આંખો પણ ઝીણામાં ઝીણી વસ્તુને જોઈ શકે એટલો પાવર ધરાવતી હોય, પણ આ શક્તિ માત્ર જોવામાં જ ઉપયોગી! ગમે તેવી શક્તિદાયક આંખો, શબ્દને ગ્રહણ ન કરી શકે. આંખો સતેજ હોય પણ કાન ન હોય તો નજીકના શબ્દો પણ સંભળાય નહીં. પુસ્તકને આંખ વડે વાંચી શકે, પણ કાનથી ગ્રહણ કરવા યોગ્ય શબ્દોને આંખ સાંભળી ન શકે.

એ જ રીતે આંખો નથી એવો માણસ, મધુર બંસરીના સૂરને સાંભળે અને વાહ, વાહ, પુકારી ઊઠે પણ તેને પૂછીએ, બંસરી કેવી હોય? જેણે કદી જોઈ નથી તે શું કહે? આપણે કદાચ તેને આકાર-પ્રકાર સમજાવીએ છતાં તે કેટલું સમજ્યો હશે? કોને ખબર? એ જ રીતે બીજી બધી જ ઈન્દ્રિયોના વિષયને સારી રીતે એ ગ્રહણ કરી શકતો હોય. અરે! ક્યારેક તો એવું જોવા મળે કે જેને આંખો નથી, તેની બીજી ઈન્દ્રિયો વધુ સતેજ હોય અને તે પગરવ માત્રથી માણસને ઓળખી કાઢે. છતાં આંખ રૂપ-રંગને ઓળખવાનું જે કાર્ય કરે છે તે આંખ વિનાનો માણસ ન જ કરી શકે.

જન્માંધ માણસને કદાચ ઘણું જ્ઞાન થઈ શકે, પણ તેને રંગ તો ઓળખાવી જ ન શકાય. રંગ ઓળખવાનું કામ આંખનું જ છે, તે બીજી ઈન્દ્રિય વડે ન થઈ શકે. આમ ગંધ, રસ અને સ્પર્શના જ્ઞાનનું પણ આવું જ છે. પ્રત્યેક ઈન્દ્રિય પોતાના વિષય-ગ્રહણમાં ઘણી સતેજ હોવા પછી પણ બીજી ઈન્દ્રિયના વિષયોને ગ્રહણ ન જ કરી શકે.

આ પરથી એમ સમજાય છે કે ઈન્દ્રિયોની વિષયગ્રહણ શક્તિ ઘણી જ સીમિત છે. હવે જો ઈન્દ્રિયોને આત્મા માની લઈએ તો બહુ મોટી અસંગતિ ઊભી થઈ જશે. કારણ જ્ઞાનશક્તિ તો વ્યાપક છે, અત્યંત વિશાળ છે. તેની

કોઈ સીમા જ નથી. અસીમ છે. આત્મામાં અનંતજ્ઞાન છે અને સાથે-સાથે અનંત જ્ઞેયોને જાણવાની અનંત શક્તિ છે. હવે જો ઈન્દ્રિય આત્મા હોય તો તો તેને જાણવાની શક્તિ મર્યાદિત થઈ ગઈ. તો જ્ઞાનગુણ પણ મર્યાદિત થઈ ગયો. એટલું જ નહીં, જ્ઞાનગુણ એક અને અખંડ છે. જ્યારે ઈન્દ્રિયો તો પોતાના જ વિષયને જાણે, બીજી ઈન્દ્રિયના વિષયને ન જાણે. એક ઈન્દ્રિયનો વિષય બીજી ઈન્દ્રિયને ખબર નથી. તેથી જ્ઞાન તો ખંડ-ખંડ અનેક થઈ ગયું. આમ બધી જ દૃષ્ટિએ ઈન્દ્રિયો તે આત્મા નથી. જો પાંચે ઈન્દ્રિયો જ આત્મા હોય તો મન, બુદ્ધિથી ચાલતી પ્રવૃત્તિનું શું? શરીરમાં ચાલતી કાય-વ્યવસ્થાનું શું? તેમજ તે સર્વ કાર્યની વ્યવસ્થાનું સંચાલન કરનાર ચેતનનું શું? આ પ્રશ્નો નિરુત્તર રહે છે.

વળી વિચારણીય બાબત તો એ છે કે ઈન્દ્રિયો વડે થતા જ્ઞાનની જાણકારી કોને રહે છે? આંખ વડે જોયેલા રૂપને જાણનાર તો અંદર રહેલો આત્મા છે. એ જ અંદરથી બોલે છે કે મેં આ રૂપ જોયું. મેં આ રૂપ જાણ્યું. એમ બધી જ ઈન્દ્રિયોથી જે-જે વિષય ગ્રહણ કરાયા તે સહુને જાણનાર અંદરમાં રહેલ જ્ઞાન-સ્વરૂપ ચૈતન્ય તત્ત્વ જ છે. જો એમ ન હોય તો આંખ સામેથી પદાર્થ દૂર ખસી જાય પછી એ ભાન ન રહે કે મેં અમુક પદાર્થને જોયો. આંખ તો જોવા માત્રથી જ જ્ઞાન કરે છે. જો પદાર્થને આ ક્ષણે આંખ જોતી નથી તો કઈ રીતે જ્ઞાન કરે? પણ એમ નથી. આંખે એક વખત જોઈ લીધેલા પદાર્થને આત્માની જ્ઞાનશક્તિ યાદ રાખી લે છે. તેથી પદાર્થને જોયા પછી બંધ થયેલી આંખો, ભલે એ પદાર્થને જોઈ ન શકે, પણ આત્મા યાદ રાખે છે.

વર્ષો પહેલાં સાંભળેલ શબ્દો આજે યાદ છે. એ શબ્દો સંભળાવનાર સામે નથી છતાં, આજે અક્ષરશઃ યાદ છે. એમ ગંધ, રસ કે સ્પર્શ પણ યાદ છે તેથી એ સિદ્ધ થાય છે કે ઈન્દ્રિય તો માત્ર સાધન છે, માધ્યમ છે. એને જ્ઞાન કરવાની કે યાદ રાખવાની ખબર નથી. પણ બધી જ ઈન્દ્રિયોએ ગ્રહણ કરેલા વિષયોને આત્મા યાદ રાખે છે. ઈન્દ્રિય જ્ઞાન કરવામાં પણ ત્યાં સુધી જ માધ્યમ રૂપ છે કે જ્યાં સુધી આત્માને અવધિ, મનઃપર્યવ કે કેવળજ્ઞાન નથી થયું. એ જ્ઞાન થતાં, આત્માને ઈન્દ્રિયોની સહાયતાની જરૂર નથી. વગર ઈન્દ્રિયે આત્મા પદાર્થોનું, મનનું અને લોકાલોકનું જ્ઞાન કરી લે છે.



વળી ગાથામાં કહ્યું છે કે **'છે ઈન્દ્રિય પ્રત્યેકને નિજ-નિજ વિષયનું 'જ્ઞાન'** – એ પણ માત્ર ઉપચારથી જ કહ્યું છે. વાસ્તવમાં ઈન્દ્રિયો જડ છે. એ પોતે પોતાની સ્વતંત્રતાથી કોઈ વિષયને ગ્રહણ કરી શકતી નથી.

આપણો સહુનો અનુભવ છે કે રસ્તે ચાલ્યા જતા હોઈએ અને અનેક પદાર્થો આંખની સામે આવે, પણ તે બધા જ પદાર્થોને આપણે જોતા નથી. અરે! તમારો કોઈ મિત્ર તમારી આંખ પાસેથી પસાર થઈ જાય તો પણ તમને ખબર રહેતી નથી, આમ કેમ થાય છે? આંખો તો કદાચ ત્યાં જ હતી પણ તમારા શબ્દોમાં કહું તો ધ્યાન બીજે હતું. યા તો બીજું કંઈ જોવામાં, સાંભળવામાં કે કંઈક વિચારમાં મશગૂલ હતા કે પાસેથી પસાર થઈ જનાર પણ દેખાય નહીં. અર્થાત્ આપણો જ્ઞાનોપયોગ તે વખતે આંખ સાથે જોડાયેલો ન હતો. મન સાથે હતો, તેથી દેખાયું નહીં.

આમ આત્માનો જ્ઞાનોપયોગ જે ઈન્દ્રિય સાથે જોડાયો હોય, તે ઈન્દ્રિય જ વિષયને ગ્રહણ કરી શકે, બીજી નહીં. તેથી જ્ઞાન કરનાર તો જીવનો જ્ઞાનોપયોગ જ છે. ઈન્દ્રિયો તો માત્ર ખાલી ખોખાં છે, સાધન છે. તે પોતે જ્ઞાન કરવામાં સમર્થ નથી. વળી તેને પોતાને પણ એ ખબર નથી કે તેણે જ્ઞાન કર્યું છે કે નથી કર્યું. કારણ ઈન્દ્રિયો જડ છે. અને જ્ઞાન એ જડનો ગુણ નથી પણ આત્માનો ગુણ છે.

આમ ઈન્દ્રિયોને આત્મા માની શકાય નહીં અને ઈન્દ્રિય વડે આત્મા ગ્રહણ પણ થાય નહીં. જ્યાં ઈન્દ્રિયો જડ છે અને જડ પદાર્થોના જ્ઞાન માટે પણ અસમર્થ છે, ત્યાં એ ચેતનને તો કેમ ગ્રહણ કરી શકે?

માટે ઈન્દ્રિયાતીત આત્મા, ઈન્દ્રિયોથી ગ્રાહ્ય પણ નથી, પોતે ઈન્દ્રિય રૂપ પણ નથી.

ગુરુદેવ શિષ્યની એક-એક શંકાનું નિર્મૂલન કરતાં-કરતાં આગળ વધી રહ્યા છે અને શિષ્યનું મન સંતોષ અનુભવી રહ્યું છે.

હવે વિશેષ વાત અવસરે....

AT-BOOK-2

# આત્મ-ચિંતન

હું ....આત્મા ....છું ....હું ....આત્મા ....છું.

સત્....ચિત્....આનંદ એ મારું સ્વરૂપ....સત્

સત્ યાને અસ્તિત્વ....હું અસ્તિત્વવાન પદાર્થ છું.... મારો ....કદી નાશ થાય નહીં .... અવિનાશી...., ધ્રુવ...., નિત્ય....પદાર્થ એવો હું .... આત્મા...., હું ચૈતન્ય....ચૈતન્ય....એ શાશ્વત પદાર્થ છે....જડ....એ નાશવંત....પદાર્થ છે....સદા-સર્વદા રહે તે ....શાશ્વત...., નાશ પામે તે....નાશવંત....ચૈતન્ય શાશ્વત....જડ નાશવંત....હું ચૈતન્ય છું.... શરીર જડ છે....મારો કદી નાશ થાય નહીં ....ત્રણે કાળમાં....મારું અસ્તિત્વ છે.... ભૂતકાળમાં હતો...., વર્તમાનમાં છું....., ભવિષ્યમાં હોઈશ.... ભૂતકાળમાં જેટલા જન્મો ધારણ કર્યા....તેમાં આ જ આત્મા હતો.... વર્તમાને પણ આ જ આત્મા.... ભવિષ્યમાં જેટલા જન્મો ધારણ કરીશ.... તેમાં પણ આ આત્મા....

સર્વ કર્મથી મુક્ત થઈ....સિદ્ધ થશે.... તેમાં પણ આ જ આત્મા.... આત્મા.... ચૈતન્ય...., નિત્ય...., શાશ્વત...., શરીર જડ...., નાશવંત...., અનિત્ય.... હું.... ચૈતન્ય...., મારો જન્મ નથી.... મારું.... મૃત્યુ નથી.... જન્મે છે તે શરીર છે.... મરે છે તે પણ શરીર છે.... જન્મ – મરણથી રહિત.... હું આત્મા ....શરીરથી જુદો.... સર્વ સંગથી અસંગી .... ...., એવો હું આત્મા ....શરીર મારું નથી....હું શરીરનો નથી....હું કોઈનો નથી....કોઈ મારું નથી....જગતનો કોઈપણ પરમાણું...., કોઈપણ પદાર્થ...., કોઈપણ વ્યક્તિ ....મારી થઈ શકે નહીં....હું કોઈનો થઈ શકું નહીં.....સર્વ સંસારથી જુદો...., એક...., અખંડ...., અસંગી....એવો હું ચૈતન્ય આત્મા....

ચિત્....એટલે ચૈતન્ય....ચિત્....એટલે જ્ઞાન....હું ચૈતન્ય છું માટે જ જ્ઞાનવાન છું....ચૈતન્ય....મારો ગુણ છે....જ્ઞાન પણ ....મારો ગુણ છે.... આત્માના એક-એક પ્રદેશે....જ્ઞાન છે.... મારો જ્ઞાનગુણ ....મને



પોતાને....જાણવામાં સમર્થ છે.... જગતના પદાર્થોને એ જાણે છે.... એથી પણ વધુ નિકટતાથી એ મને ....જાણી શકે છે.... જગતના પદાર્થોને જાણવા માટે...., ઈન્દ્રિય અને મનના માધ્યમથી ....જ્ઞાન પરિણમે છે....પણ નિજને જાણવા માટે....કોઈપણ માધ્યમની જરૂર નથી....આત્મામાં એ ઠરી જાય...., આત્મામાં એ સ્થિર થઈ જાય.... તો મારું જ્ઞાન મને જાણી શકે છે.... મારે....જગતમાં ભટકતા ભટકતા જ્ઞાનગુણને....ત્યાંથી પાછો વાળી ....મારામાં સ્થિર કરવો છે...., મને જાણવો છે...., મને માણવો છે....

સત્....ચિત્....આનંદ એ મારો સ્વભાવ .... આત્માના એક-એક પ્રદેશે ....અનંત સુખભર્યું પડ્યું છે.... જગતના પદાર્થો સાથે...., વ્યક્તિઓ સાથે...., વાતાવરણ સાથે....સંબંધિત છું....એટલે જ દુ:ખી થાઉં છું.... એ બધા સંબંધોને છોડી દઈ .... મારામાં સ્થિર થાઉં...., તો આત્મામાં એક-એક પ્રદેશે રહેલા સુખને ....માણી શકું....સુખ....એ મારો સ્વભાવ....દુ:ખી થવું ....એ મારા સ્વભાવમાં નથી.... મારું અજ્ઞાન...., મારી ભ્રમણાં....છે. મારી મિથ્યા.... માન્યતા.... મને દુ:ખી કરે છે.... એ બધાને છોડી.... મારામાં સ્થિર થાઉં મારામાં ઠરી જાઉં ....તો મારા સુખને પામી શકું છું....

સત્ચિદાનંદ....સ્વરૂપને પામવા....વધુ....એકાગ્ર....થઈ...., થોડી ક્ષણો.... વધુ ઊંડાણમાં જઈ....આત્માનું ચિંતન કરીએ....

''હું આત્મા....છું'' ''હું....આત્મા....છું''

ૐ....''શાંતિ''.... ''શાંતિ'' .... ''શાંતિ''.

e

# પ્રગટ રૂપ ચૈતન્યમય...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના વડે જીવને વિવેક-ખ્યાતિ થાય છે. તે ચેતનને ચેતનરૂપ અને જડને જડરૂપ જાણે છે. આવો વિવેક થાય એટલે સહજ રૂપે જ જીવ પોતાના સ્વભાવ તરફ ઢળે છે.

જેમ ચૂલા પર ઊકળતું પાણી નીચે ઉતારી લેવામાં આવે અથવા નીચેથી અગ્નિ કાઢી લેવામાં આવે કે તરત જ એ પોતાના સહજ સ્વભાવરૂપ શીતળતા તરફ ઢળવા માંડે. અગ્નિના સંગે રહી ઉષ્ણ થઈ ગયું હતું, પણ એ સંગ છૂટી જાય એટલે પાણી ઠરવા માંડે. તેમ જીવ વિભાવ સંગે રહી, વૈભાવિક પરિણમનથી પરિણમતો હોય પણ જેવો વિભાવ છૂટે, રાગ અને દ્વેષ મંદ થવા માંડે, કે જીવ પોતાના સ્વભાવમાં સ્થિર થતો જાય, જે પોતાનું સહજ સ્વરૂપ છે.

સહજ સ્વરૂપની પ્રતીતિ થવા માટે જ શિષ્ય, ગુરુદેવ સમીપે મનની મૂંઝવણો રાખે છે. દેહ, ઈન્દ્રિય અને પ્રાણ ચેતન નથી પણ જડ છે એ સમજાવતાં ગુરુદેવ કહે છે –

**દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ;**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ....પ૩**

આત્મા ચૈતન્ય છે. દેહ, ઈન્દ્રિય અને પ્રાણ જડ છે. તો તેઓ આત્માને શી રીતે જાણી શકે? જાણવું એ આત્માનો ગુણ છે. વળી સર્વથી સ્વતંત્ર છે. આત્મા સિવાય અન્ય કોઈ પણ પદાર્થ જ્ઞાન કરવા સમર્થ નથી.

**मैं स्वतंत्र निश्चल निष्काम, ज्ञाता दृष्टा आतम राम....**

જાણવું અને જોવું તે આત્માનું કામ. પછી એ આત્મા ગમે તેવા



નાના શરીરમાં હોય તો પણ ત્યાં રહીને એ જાણી લે ખરો. આપણા હાથ પર એક મચ્છર બેઠો હોય. આપણે તેને પકડવા હાથ લંબાવીએ કે એ તરત ઊડી જાય. પકડમાં આવે નહીં. કેમ? તેનામાં આત્મા છે. વળી તે ત્રસ યોનિમાં છે. તેથી તેને ત્રાસ થાય તેની ખબર પડે છે. એ જાણે છે કે લંબાયેલો હાથ તેને મારી પણ નાખે. માટે તે હાથમાં ન આવે. ઊડી જાય. એવી જ રીતે નાના-મોટા જેટલાં જીવ-જંતુઓ, પશુ-પંખી જોઈએ છીએ તે સહુને પોતા પૂરતું જ્ઞાન છે અને તે સ્વબચાવ કરી લે છે. જ્ઞાન વડે જીવન-ઉપયોગી પદાર્થ, સ્થાન વગરે પણ શોધી લે છે. આ બધું જ તેનામાં રહેલા ચેતનને આભારી છે.

જડ પદાર્થ ગમે તેવો શક્તિશાળી હોય, અરે! જેમાં જ્ઞાન લખેલું છે તેવો ગ્રંથ હોય પણ તેને કોઈ ફાડી નાખે, બાળી નાખે તો પણ તે કંઈ જ જાણી શકે નહીં. એટલે જ મોગલકાળમાં આપણા કીંમતી ગ્રંથો ભસ્મીભૂત થઈ ગયા. એક નાનું બાળક પણ તેને ઉઠાવીને ફેંકી દઈ શકે. કારણ તે જડ છે. જ્ઞાન થવાની શક્તિવાળો નથી. એમ જગતમાં જેટલા જડ પદાર્થો છે તે સહુ જ્ઞાનશક્તિરહિત છે.

દેહ જડ છે. તે પરમાણુઓનો બનેલો સ્કંધ છે તેથી તેનામાં ચૈતન્યના ગુણરૂપ જ્ઞાન ન હોય. ઈન્દ્રિયો જડ છે તે પણ આપણે જોઈ ગયા. તે આત્માની સહાયતા વગર જ્ઞાન કરવા સમર્થ નથી. અને પ્રાણ એટલે કે શ્વાસોચ્છ્વાસ એ પણ પુદ્ગલ જ છે. વાતાવરણમાં પડેલા શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ઓક્સિજન સાથે આપણે ગ્રહણ કરીએ છીએ ને તે પુદ્ગલોને જ છોડીએ છીએ. પુદ્ગલ જડ છે માટે શ્વાસોચ્છ્વાસ પણ જડ છે. તો દેહ, ઈન્દ્રિય, પ્રાણ આત્માનો અનુભવ કરી શકે નહીં.

વળી એ ત્રણેય પણ એકબીજાને જાણતા નથી. દેહને ખબર નથી કે મારે કેટલી ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયોને જાણ નથી કે એ દેહના કયા ભાગમાં છે. યોગ્ય છે કે અયોગ્ય? બરાબર કામ આપે છે કે નહીં? વળી દેહને એ પણ ખબર નથી કે પોતે શ્વાસ લે છે કે નહીં? કેટલા શ્વાસ લીધા અને કેટલા લેવા જોઈએ? એ કશી જ ખબર નથી. શ્વાસને ખબર નથી કે એ દેહના કયા ભાગમાં કામ કરી રહ્યો છે. આમ ત્રણેય પદાર્થો જડ અને ત્રણેય પોતાનાથી પણ અજાણ અને ત્રણેય એક-બીજાથી પણ અજાણ.

કોઈ-કોઈને જાણતા નથી. પહેલાં કહ્યું તેમ જડમાં જાણવાની શક્તિ નથી.

એટલું જ નહીં પણ દેહ, ઈન્દ્રિય અને પ્રાણ સ્વતંત્ર શક્તિ ધરાવતાં નથી. નિર્માલ્ય છે, નિષ્ક્રિય છે. આત્માનું અસ્તિત્વ દેહમાં હોય ત્યાં સુધી જ તેની પ્રવૃત્તિ છે. દેહમાંથી આત્મા નીકળી ગયો કે એ જ ક્ષણે દેહનું હલન-ચલન, ઈન્દ્રિયોની ક્રિયા તથા શ્વાસની ક્રિયા બધી જ બંધ. સામાન્ય રીતે આપણે એમ માનતા હોઈએ છીએ કે ચાલતો શ્વાસ બંધ થઈ ગયો એટલે માણસનું મૃત્યુ થઈ ગયું, પણ એમ નથી. શરીરમાંથી આત્મા ચાલ્યો ગયો એટલે શ્વાસ બંધ થઈ ગયો. શરીરમાંથી આત્માનું નીકળવું અને શ્વાસનું બંધ થવું આ બન્ને ક્રિયા એકસાથે જ થાય છે, તેથી આપણે જાણી શકતા નથી. શ્વાસ તો દેહમાં આત્માના હોવાની નિશાની માત્ર છે, પણ શ્વાસ આત્માને દેહમાં ટકાવી રાખી શકે નહીં. જો એમ જ હોય તો ઓક્સિજનના બાટલાઓના આધારે માણસ સેંકડો વર્ષ જીવી શકત. પણ જ્યાં સુધી દેહમાં આત્મા છે ત્યાં સુધી જ ઉપરના ઉપચારોની સાર્થકતા છે, પછી નહીં. તો શ્વાસ પણ જડ, આત્મા છે ત્યાં સુધી જ છે. પછી નથી.

આમ આત્મા એક જ ચૈતન્ય છે. બાકીનું સર્વ જડ. આત્મા સિવાય બીજા કોઈની કશી જ કિંમત નહીં. એક પદમાં આ ભાવો સુંદર રીતે વણાયેલા છે –

**હું તો આત્મા છું, જડ શરીર નથી (૨)**
**શરીર મસાણની રાખનો ઢગલો, પલમાં બિખરે ઠોકરથી....**
**મુઝ વણ એ શવ પૂજો બાલો,**
**જ્ઞાયકતા નહીં સુખદુઃખથી હું તો....**
**સ્પર્શ ગંધ રસ રૂપ શબ્દ અને જાતિ વર્ણ લિંગ મુઝમાં નથી....**
**ફિલ્મ બેટરી પ્રેરક જુદો, તેમ દેહાદિક ભિન્ન મુઝથી...હું તો...**
**સૂર્ય ચંદ્ર મણિ દીપ કાન્તિની, મુઝ પ્રકાશ વણ કિમ્મત શી....**
**પ્રિત દેહે જે શોભનિકતા છે,**
**તે મારી જુઓ વિશ્વ મથી.... હું તો....**

કવિ કહે છે – હું આત્મા છું. જડ શરીર તે હું નથી. આ શરીરની



અંતિમ પરિણતિ તો રાખનો ઢગલો છે. સ્મશાને જઈ લાકડા સાથે લાકડું થઈ બળી જશે અને રાખ થઈ જશે. તેને પળ માત્ર વિખરતા વાર નહીં. એક ઠોકર વાગી ને રાખ વાતાવરણમાં વેરાઈ જશે.

અરે! આ સુંદર શરીરનાં સુખ-દુઃખ ક્યાં સુધી? જ્યાં સુધી હું એટલે આત્મા તેમાં છે ત્યાં સુધી જ. હું દેહમાંથી નીકળી જાઉં પછી તેને પૂજો કે બાળો. બે ક્રિયામાં તેને સુખ કે દુઃખ કશું જ નથી. પછી તો એ શબ છે. તેનામાં જ્ઞાયક સ્વભાવ નથી. વળી મોટો માણસ હોય, જ્યાં સુધી તેનામાં આત્મા છે ત્યાં સુધી તેને બહુ આદર-માનથી બોલાવતો હોય પણ મરે એટલે એ પણ શબ જ થઈ જાય.

આત્મા કહે છે, મારામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ કશું જ નથી. તેમજ હું કોઈપણ વર્ણનો નથી. મારી કોઈ જાતિ નથી. મેં કોઈ લિંગને ધારણ નથી કર્યું. હું તો એ સર્વથી જુદો છું. જીવનરૂપી જે ફિલ્મ ચાલી રહી છે તેની બેટરી તો અલગ જ છે. જેમ બેટરી હોય તો જ મશીન ચાલે પણ બેટરી મશીનથી જુદી છે. બેટરી તે મશીન નથી, મશીન તે બેટરી નથી. પણ બેટરી મશીનમાં રહીને જ કામ આપે છે. તેમ આ દેહને ચલાવનાર બેટરી જેમ અંદરમાં જુદો છે. એ જ રીતે હું આત્મા અને દેહાદિક સર્વ મારાથી જુદાં છે.

વળી આત્માનું મૂલ્ય શું? સંસારના જેટલા પદાર્થો છે, જે પદાર્થોની ઉપયોગિતા આપણે ખૂબ માનીએ છીએ, અરે! કેટલાક પદાર્થોની કિંમત તો લાખો-કરોડોમાં આંકીએ છીએ પણ તે પદાર્થોનું આટલું મૂલ્ય કોના માટે? માત્ર આત્મા છે તે માટે જ. બંધુઓ! ક્ષણભર કલ્પના કરી લો કે આખાયે વિશ્વમાં કોઈ ચૈતન્ય આતમા છે જ નહીં, માત્ર જડ જગતનો પસારો જ છે. તો એ જડ પદાર્થની કેટલી કિંમત? કંઈ જ નહીં, માત્ર બધું ધૂળ જ. દેહમાં આત્મા છે તેથી બુદ્ધિ સક્રિય છે. તે જડ પદાર્થનું મૂલ્ય કરે છે. દેહ તથા ઈન્દ્રિયો, આત્માની સ્ફુરણાથી પ્રવર્તી રહ્યાં માટે જ પદાર્થોને ભોગવી શકે છે. તો આખાયે વિશ્વના સર્વ પદાર્થોની કિંમત માત્ર એક આત્માના હોવા પર જ છે.

નાનાં-મોટાં સર્વ શરીરોની જે શોભા છે તે પણ તેમાં આત્મા છે ત્યાં સુધી જ. ખીલેલા પુષ્પમાં આત્મા છે તેથી સર્વત્ર શોભા પામે છે. પણ

આત્મવિહોણું પુષ્પ કરમાઈને અશોભનીય બની જાય છે. અરે! પછી તે પુષ્પ નહીં કચરો કહેવાય. આ શરીર પર શૃંગાર પણ શોભા આપે. જો આત્મા નીકળી જાય અને પછી શબને શણગારવામાં આવે તો તે શોભતું નથી. તે તો માત્ર તમારા સંસારની વ્યાવહારિકતા છે તેથી શબને શણગારો છો. એ જ રીતે વિશ્વના સહુ પ્રાણીની શોભા ચેતનના કારણે જ છે. આત્મા નીકળી ગયા પછી તો દેહ સડવા માંડે, દુર્ગંધ આવે, વિકૃત થઈ જાય. પ્રિયમાં પ્રિય વ્યક્તિ પણ આત્મવિહોણા થઈ જાય પછી એનું સ્થાન ઘરમાં નહીં, સ્મશાનમાં.

આમ દેહની શોભા આત્મા છે, અને આત્મા દેહમાં રહે તો જ દેહાદિની પ્રવૃત્તિ છે. તેથી દેહાદિથી આત્મા ભિન્ન છે, પણ દેહરૂપ નથી, એ નિશ્ચય થાય છે.

હવે શિષ્યે શંકા કરતાં કહ્યું હતું કે **'મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ'** તેના ઉત્તરમાં ગુરુદેવ ફરમાવે છે –

**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;**
**પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય....૫૪....**

વત્સ! તને આત્માનું કોઈ અલગ ચિન્હ નથી દેખાતું પણ બિલકુલ પ્રગટ એવું, અને સર્વથી ભિન્ન એવું ચૈતન્યત્વ એ આત્માનું લક્ષણ છે.

દેહધારી જીવ, દેહની સર્વ અવસ્થાને અનુભવે છે. જન્મ્યા ત્યારે બાળક પર્યાય હતો, પછી કિશોર, પછી યુવાની, પછી પ્રૌઢતા અને પછી વૃદ્ધાવસ્થા. આ બધા જ પર્યાયો એક શરીરમાં થાય છે. પર્યાયો થઈ થઈને તેનો નાશ પણ થઈ જાય છે. બાલ્યાવસ્થા વીતી ત્યારે જ કિશોરાવસ્થા આવી અને એમ એક અવસ્થા ધીરે ધીરે નષ્ટ થતી જાય છે અને બીજી અવસ્થાનો અનુભવ વધતો જાય છે.

આ બધા જ પર્યાયોમાં રહેનાર એક જ આત્મા. વળી એ ચિદ્રૂપ એટલે કે જ્ઞાન સ્વભાવવાન તેથી પ્રત્યેક અવસ્થાને તેણે અનુભવી. બંધુ! આજે પણ આપણે બાળપણ કે યુવાનીને યાદ કરીએ છીએ. ત્યારે બનેલા પ્રસંગો અને એ અવસ્થામાં માણેલા જીવનને પણ યાદ કરીએ છીએ. તો એ સર્વ અવસ્થા નાશવંત અને આત્મા શાશ્વત. અવસ્થામાં પરિવર્તન આવ્યું પણ આત્મા તો



એનો એ જ રહ્યો, કારણ આત્મા દેહરૂપ ન હતો. સર્વથી જુદો છે. જો દેહરૂપ જ હોય તો દેહની એ-એ અવસ્થાનો નાશ થવાની સાથે-સાથે આત્માનો પણ નાશ થઈ ગયો હોત. પણ એમ બન્યું નથી. અવસ્થાઓ જડની થઈ, ચેતનની નહીં. જડ વિનાશી છે અને ચેતન અવિનાશી છે. માટે જ જીવે જડનો સંગ છોડવાનો છે.

**વપુ વિનાશી તું અવિનાશી; અબ હૈ કિનકો વિલાસી;**
**વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શીવકા વાસી....**
**આપ સ્વભાવ મેં....**

વપુ એટલે શરીર વિનાશી સ્વભાવવાળું છે અને આત્મા અવિનાશી છે. શરીરનો સંગ જ્યારે જીવ છોડશે ત્યારે તે શિવ બનશે. આમ તે દેહથી સર્વથા ન્યારો છે.

જેમ શરીરની અવસ્થાઓથી એ ન્યારો છે તેમ સુષુપ્ત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને જાગ્રત અવસ્થા – આ ત્રણ અવસ્થામાં પણ એ ત્રણેય ભાવથી જુદો જ રહે છે.

ગાઢનિદ્રામાં શરીર સૂઈ ગયું હોય પણ ત્યારેય આત્માને ખબર છે કે ઊંઘ લઈ રહ્યો છે. એટલે જ જાગ્યા પછી આપણે કહેતા હોઈએ છીએ કે આજે તો બહુ સારી ઊંઘ આવી ગઈ. સવાર ક્યાં થઈ તે ખબર ન પડી. Sound Sleep આવી. આત્માએ ઊંઘમાં એવી ગાઢ નિદ્રા અનુભવી છે, માટે જ જાગ્યા પછી યાદ છે.

વળી ઊંઘમાં સ્વપ્ન આવે, તે પણ જાગ્યા પછી કહીએ છીએ. એટલે સ્વપ્ન જોનાર અને તેને યાદ રાખનાર પણ કોઈ છે. સ્વપ્ન જુદી અવસ્થા છે અને તેને જાણનાર પણ જુદો છે. અને જાગ્રત અવસ્થામાં પણ પળ-પળની પ્રવૃત્તિનો સાક્ષી આમ ત્રણેય અવસ્થામાં એ અવસ્થાઓથી જુદો જ છે.

માટે જ અહીં ગુરુદેવ કહે છે હે શિષ્ય! આ સર્વ અવસ્થાઓમાં તેનાથી જુદો રહીને જાણે છે તે ચૈતન્ય લક્ષણવાન આત્મા છે. વળી તેની આ ચૈતન્ય નિશાની, જ્ઞાનસ્વભાવ રૂપ નિશાની સદૈવ તેની સાથે જ રહે છે. જડનાં ચિન્હો તો બદલાઈ પણ જાય, નાશ પણ પામી જાય, ખોવાઈ પણ જાય પણ ચૈતન્ય લોપાતું નથી.

તો બંધુઓ! આપણે ચૈતન્ય છીએ અને તે ચૈતન્ય સદા શરીરમાં વિલસી રહ્યું છે, તે આપણે ન ભૂલીએ. અહીં શ્રીમદ્જીએ ગાથામાં જે રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે એ એટલો સરળ છે કે સર્વસામાન્ય માણસ પણ સમજી શકે. આપણે સહુએ આપણા જીવનની સર્વ અવસ્થાઓનો અનુભવ કર્યો છે, અને સાથે સાથે એ પણ અનુભવ્યું છે કે આપણે એટલે કે તેને જાણનારો સદા જુદો જ રહ્યો છે, એ પણ અનુભવીએ છીએ. કોઈપણ પ્રકારની વિશેષ સાધના વગર જ આ દેહમાં રહેલ આત્માના અસ્તિત્વનો અનુભવ આપણે કર્યો છે. જેનાથી આત્માના હોવાપણાની શ્રદ્ધા દઢ થાય છે.

સદ્ગુરુદેવે શિષ્યને આત્માને દેહ, ઈન્દ્રિય, પ્રાણથી પોતાના વિશેષ એંધાણની સાથે ઓળખાવી દીધો, જેથી શિષ્યની શ્રદ્ધા મજબૂત બની છે.

આત્મા સૂક્ષ્મ છે તેથી તે ચર્મ-ચક્ષુઓથી પ્રત્યક્ષ નથી. પરોક્ષ તત્ત્વને જાણવાનાં બે સાધન છે.

૧) સ્વયંનું અતિશાયી જ્ઞાન અર્થાત્ પોતે જ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરે જેથી આત્મા જેવા પરોક્ષ તત્ત્વને જાણી શકાય.

૨) અતિશાયી જ્ઞાનીનાં વચન, સાધકને સાધનામાં સ્થિર કરવા માટે તેને કોઈ એક પરોક્ષ વિષયનો સાક્ષાત્કાર કરાવી દેવો જરૂરી છે. તીર્થંકર પરમાત્મા શિષ્યોને જાતિ-સ્મરણ જ્ઞાન કરાવી દેતા તેનાથી તેને આત્માના ત્રૈકાલિક અસ્તિત્વનું જ્ઞાન થઈ જતું અને તેઓ આત્માના વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે સાધનારત થઈ જતા; જેમ કે મેઘકુમાર.

આ લક્ષ્યે જ શિષ્યનું સમાધાન થઈ રહ્યું છે. હજુ આ જ વિષયમાં શિષ્યે કરેલી અન્ય શંકાઓનું સમાધાન અવસરે.....

e

## જાણનારને માન નહીં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના પરમ તત્ત્વની જિજ્ઞાસાવાળો સાધક જ કરી શકે છે. જેને પરમ જિજ્ઞાસા છે તેને સ્વને જાણવાની જિજ્ઞાસા તો હોય જ.

**'कोहम्' હું કોણ છું? અને 'सोहम्' હું તે છું. આ બે પદ આત્મવાદી દર્શનનાં બે ચક્ષુ છે. પહેલા પદમાં પોતાના અસ્તિત્વની જિજ્ઞાસા છે અને બીજામાં પોતાના અસ્તિત્વનો પ્રત્યક્ષ બોધ છે. 'સોહમ્' આ તર્કશાસ્ત્રનું પ્રત્યભિજ્ઞા પ્રમાણ-અતીત અને વર્તમાનનું સંકલનાત્મક જ્ઞાન છે.**

**શિષ્યે પૂછ્યું : આત્માનું લક્ષણ શું?**

**આચાર્યે ઉત્તર આપ્યો : 'સોહમ્' શરીર અહંકાર શૂન્ય છે. જેમ કે : હું કરું છું, મેં કર્યું, હું કરીશ. તે જ આત્મા (ચેતન)નું લક્ષણ છે.**

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માને જાણવાની જિજ્ઞાસાવાળો શિષ્ય, કોઈ પણ ઉપાયે આત્માને જાણવા માગે છે. તેથી જ અનેક પ્રકારની શંકાઓ ગુરુદેવ પાસે રાખી છે. એ કહે છે સંસારના સર્વ પદાર્થોને આંખ વડે જોઈ શકાય છે. જે રૂપી પદાર્થોનું અસ્તિત્વ છે, તે પદાર્થોને પ્રત્યક્ષ રૂપે અથવા આજના યુગમાં અનેક પ્રકારનાં સાધનો વડે પણ પ્રત્યક્ષ કરી લઈએ છીએ.

એ પદાર્થો ગમે તેટલા દૂર હોય તો પણ તેને જાણી લઈએ છીએ, તો આત્મા તો સહુથી વધારે નજીક છે, તો તે કેમ ન જણાય? જો તેનું અસ્તિત્વ હોય તો તે આટલો નજીક હોઈને ન જણાય એવું બને નહીં.

પણ કદાચ શિષ્યને એ જાણ નથી કે આ આંખો દૂરના પદાર્થોને જાણી શકે પણ અત્યંત નિકટ હોય તે પદાર્થને જાણવો મુશ્કેલ. જેમ કે આંખમાં આંજેલું કાજળ. એ આંખથી અત્યંત નિકટ છે, આંખમાં જ સમાઈ ગયું છે પણ આંખ તેને જોઈ શકતી નથી. આંખમાં આંજેલા કાજળને જોવા

માટે આયનાની જરૂર પડે. તેમ આ આત્મા એક તો ચર્મચક્ષુથી જોઈ શકાતો નથી અને બીજું તે આ શરીરના અણુએ અણુમાં વ્યાપ્ત છે માટે તેને જોવા માટે ચર્મચક્ષુ કામ ન કરે. અંદરનું જ કોઈ સાધન હોવું જોઈએ. અર્થાત્ આત્મા પોતે જ પોતાને જોઈ શકે.

ચર્મચક્ષુથી પ્રત્યક્ષ થનાર પદાર્થોનું અસ્તિત્વ અને ચર્મચક્ષુથી પ્રત્યક્ષ ન થાય તેનું નાસ્તિત્વ, આમ માનનાર શિષ્યને ગુરુદેવ કહે છે –

**ઘટ-પટાદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનારને માન નહિ, કહિયે કેવું જ્ઞાન....૫૫**

દેવાનુપ્રિય! આંખ તથા અન્ય ઈન્દ્રિયોથી તેં જગતના પદાર્થને જોયા છે, જાણ્યા છે, અનુભવ્યા છે તેથી તેને માને છે કે એ પદાર્થોનું અસ્તિત્વ છે, પણ હું તને પૂછું છું કે જે એમ કહી રહ્યો છે કે મેં આ પદાર્થને જોયો, જાણ્યો. હું આ પદાર્થને જોઉં છું, જાણું છું. હું આ પદાર્થને જોઈશ. જાણીશ. આ ત્રણેય કાળ આ પ્રતીતિ અંદરમાં વર્ત્યા કરે છે. તે 'હું' કોણ છે? જાણનારો છે કે બીજો કોઈ? દેહમાં તો એ 'હું' બુદ્ધિ જ નથી. જ્યારે જીભ વડે 'હું'નો ઉચ્ચાર કરીએ છીએ ત્યારે આપણું લક્ષ્ય 'હું' કહેવાથી દેહ નથી હોતો પણ દેહથી ભિન્ન બીજી કોઈ શકતિ હોય છે. તે જ જાણનાર છે.

જાણનાર આત્મા જ છે. અગાઉ કહી ગયા મુજબ આત્મા સિવાય બીજું કોઈ પણ જ્ઞાન શક્તિ ધરાવતું નથી, તેથી જાણનાર આત્મા જ છે. હે શિષ્ય! જેણે જાણ્યું તેને તું માને નહીં અને એના વડે જે જણાયા તેવા પદાર્થોને માને – આ કેવી જાતનું જ્ઞાન? જો જાણનારને માને નહીં તો પદાર્થો જણાશે જ નહીં. પણ પદાર્થો જણાય છે માટે જ જાણનાર આત્મા છે તે સિદ્ધ થાય છે.

બંધુઓ! દેહ તો જાણી શકતો નથી છતાં અનાદિ અધ્યાસના કારણે આપણે એમ જ માનતા આવ્યા છીએ. દેહને જ સર્વસ્વ માની આજ સુધી પ્રવૃત્તિ કરી અને તેથી જ પાપપ્રવૃત્તિ વધારે થઈ, માટે દેહાત્મ બુદ્ધિ ટાળવી આવશ્યક છે.

આખા વિશ્વ પર વિજય પ્રાપ્ત કરવાની અદમ્ય મહત્ત્વાકાંક્ષા લઈ ગ્રીસના બાદશાહ સિકંદર ભારત આવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. તેના ગુરુ એરિસ્ટોટલ ફિલોસોફર છે. સિકંદરની સર્વ વિનાશી અભિલાષાઓનું



એને દુ:ખ છે. સિકંદર સમજાવ્યો સમજે તેમ નથી. તેથી તેઓ સિકંદરને કહે છેઃ સિકંદર! તું ભારત જાય છે. મારા માટે એક ચીજ લેતો આવજે.' સિકંદરને થાય છે, મારા દેશમાં શું નથી કે હું ભારતથી કંઈ લાવું?

''ગુરુદેવ! એવું તે શું છે? જે ભારતમાં છે ને અહીં નથી?''

''સિકંદર! ભારતની સંસ્કૃતિ એક સંતોની સંસ્કૃતિ છે. બહુ જ પ્રાચીન સંસ્કૃતિ છે. ત્યાંથી મારા માટે એક સંતને લાવજે.''

''ગુરુદેવ! આપની વાત સાંભળી હસવું આવે છે. ભારતના સંતો તો નિર્વસ્ત્ર હોય. ઉઘાડા શરીરે ફરતા હોય. જેની પાસે એક કોડી પણ ન હોય એવા સંતને શું કરશો?''

''તું લાવજે ને?''

સિકંદર નીકળી પડ્યો. બંધુઓ! ગૌરવની વાત છે કે આપણે આ દેશમાં જન્મ્યા આ દેશે જેટલા સંતો પકવ્યા એટલા કોઈ દેશે પકવ્યા નથી. અહીંની સંસ્કૃતિ જ એવી છે કે અહીં જ મહાન સંતો પેદા થઈ શકે. અરે! સત્યુગની વાત નથી પણ આ કાળમાંય ભારતના ખૂણે – ખૂણે સમર્થ સંતો સાધનારત છે. હું કે તમે તો બે-ચાર-પાંચને જ ઓળખતા હોઈશું પણ આ દેશના કણ-કણમાં સંત પાક્યા છે. હિમાલયથી લઈને કન્યાકુમારી સુધી આપાદ-મસ્તક, સંતો ઠેર-ઠેર આજે પણ વિહરી રહ્યા છે. **'બહુરત્ના વસુંધરા'** સૂત્ર અહીં આ દેશમાં સાકાર થતું જણાય છે.

એરિસ્ટોટલ જાણતા હતા કે આત્માની ખુમારી લઈને નંગે બદન ઘૂમવાવાળા સંતો ભારતની પાવન ભૂમિમાં જ પેદા થાય છે. અન્ય ભૂમિમાં એ શક્તિ નથી, એ તેજ નથી, એ પવિત્રતા નથી કે જ્યાં સંતોને જન્મ લેવાનું મન થાય. મારું કહેવાનું એ નથી કે બીજા દેશોમાં ક્યાંય સંતો થયા જ નથી, બધા શેતાન જ છે. પણ અહીં આ દેશમાં આજે આટલો ભ્રષ્ટાચાર અને દુરાચાર હોવા પછી પણ આત્મસાધક સંતો થાય છે.

સિકંદર ભારત આવ્યો. યુદ્ધ થયું અને પાછો ફરી રહ્યો છે ત્યાં યાદ આવ્યું કે ગુરુદેવે એક સંતને લઈ જવા કહ્યું છે. અને માણસોને હુકમ કર્યો. માણસો ચારે બાજુ દોડ્યા અને એક એકાંત નીરવ સ્થાનમાં એક મસ્ત યોગી મળી ગયા. શરીર પર વસ્ત્ર નથી, રહેવા છાપરું નથી. એક વૃક્ષ નીચે ધ્યાનમાં રત બેઠા છે. સિકંદરના માણસો શું જાણે ધ્યાન શું છે? તેમણે

મોટા બાદશાહના નોકરો હોવાના કારણે અભિમાનભર્યા સ્વરમાં કહ્યું :

''એ સાંઈ! ચાલ, તને સિકંદર બોલાવે છે.''

પણ સંત તો ધ્યાનમાં હતા. કંઈ જ સાંભળતા નથી. એક, બે, ત્રણ વાર કહ્યું પણ સાંઈ શાના સાંભળે? એ તો આત્મમસ્તીમાં લીન છે. સંતને લીધા વિના તો પાછું જવાય નહીં, તેથી માણસો ત્યાં બેઠા. થોડીવારે ધ્યાન પૂરું થયું. આંખો ખોલી. એ જોઈને ફરી માણસો કહે છે:

''ચાલ, અમારી સાથે ચાલ!''

''કોણ છો તમે? ક્યાં લઈ જવા આવ્યા છો?''

''અરે! સિકંદર તને બોલાવે છે. ચાલ!''

''સિકંદર! કયા પ્રાણીનું નામ છે સિકંદર?''

''અરે! નથી જાણતો? વિશ્વવિજયી સિકંદર! જેના ચરણોમાં મોટા-મોટા રાજા-મહારાજાઓના મુગટ આળોટે છે તે મહાન સિકંદર!''

''જાવ! કહી દેજો તમારા સિકંદરને! હું ક્યાંય નથી જતો! હું તો મારામાં છું. હું શા માટે ક્યાંય જાઉં?''

''અરે, ચાલ! નહીં આવે તો શું થશે, જાણે છે?''

''જે થાય તે થાય. હું નહીં આવું!''

સિકંદરના માણસો પાછા આવ્યા. તેમને થાય છે, આ તે કોઈ માણસ છે? છે કોઈની પરવાહ? સિકંદર જેને યાદ કરે તેનાં નસીબ ઊઘડી જાય. અને આ કહે છે, જે થવું હોય તે થાય!

બંધુઓ! આ ભારતના સંત હતા. જેમણે ખરેખર ફકીરી સાધી હતી. **'ફિકરકી ફાકી કરે, ઉસકા નામ ફકીર'.** એ ન ગયા. પણ માણસોએ જઈ સિકંદરને કહ્યું જહાંપનાહ! આપનું નામ લઈને કહ્યું તો પણ સંત ન આવ્યા. સાંભળીને સિકંદરને ધક્કો લાગ્યો. અરે! આજ સુધી આવું બન્યું છે કદી! મારું નામ સાંભળે ને ન આવે? સિકંદરના અહં પર ઘા લાગ્યો, ઊભો થઈ ગયો અને માંડ્યો ચાલવા. પહોંચ્યો સંત પાસે. સુકલકડી શરીર પણ મુખ પર તેજ. આંખોમાં સૌમ્યતાની સાથે નિસ્પૃહતા! અભિમાની સિકંદરની આંખો આ ન જોઈ શકી. એ તો ઘમંડથી ઉન્મત્ત થઈને બોલ્યો –

''સાંઈ, ચાલો! મારા દેશમાં. હું તમને લઈ જઈશ!''



''કેમ? શું કરશો, ત્યાં લઈ જઈને?''

''અરે! મારી રિદ્ધિ-સિદ્ધિ તો જુઓ! અહીં તો ઉઘાડા શરીરે પડ્યા છો, કશુંય નથી તમારી પાસે! મારી સાથે આવો, રાજાશાહી ઠાઠથી રાખીશ. ચાલો, તમને સુખી કરીશ.''

''ઓહો! એવી રિદ્ધિ તો બહુ જોઈ. તેની તુચ્છતા મને લોભાવી નથી શકી. રહેવા દે! મારે નથી આવવું. તું તારે જા!''

સાંભળી સિકંદરને ક્રોધ વ્યાપી ગયો. મારી સામે બોલવાની હિંમત! એક નાચીજ વ્યક્તિ આટલી દલીલો કરે! કેમ સહન થાય? આવા છે આ સંત? અને ક્રોધથી બોલ્યો :

''સંત! હું કંઈ જ સાંભળવા નથી માગતો! ચાલો મારી સાથે!''

''ન આવું તો?''

''તો પછી જોઈ લેજો. પરિણામ સારું નહીં આવે! જોઈ છે મારી આ કટાર? એ કોઈનીય શરમ નહીં રાખે!''

અને સંત ખડખડાટ હસી પડ્યા! હસતા જ રહ્યાં. સિકંદર તો આભો બની ગયો! અરે! આની સામે મૃત્યુ છે અને આ હસે છે! એક અજાણ વ્યક્તિ કટાર લઈ સામે ઊભી છે, પણ તેને ભય નથી! શૂરવીર યોદ્ધાઓ પણ મૃત્યુને સામે જોઈ વિહ્વળ થઈ જાય. અનેકને મારનાર, પોતાની સામે મૃત્યુ આવે તે જોઈ નરમ ઘેંશ જેવો થઈ જાય અને આ જીર્ણ શરીરી સંત-ધક્કો મારું તો પડી જાય તેવો – હસી રહ્યો છે! અને સિકંદર જરાક નરમ પડ્યો. પૂછે છે :

''કેમ હસો છો? મૃત્યુનો ડર નથી તમને?''

''ના! તું કોઈ પણ હોય, તારી કટાર ગમે તેવી હોય, મને મારી ન શકે!''

''કેમ! કઈ માટીના બનેલા છો તમે? કે મારી કટાર મારી ન શકે?''

''હું કોઈ જુદી માટીનો નથી બન્યો! પણ મારું જે 'હું' છે તેને કોઈ મારી શકે નહીં. હા, આ દેહને મારો, દેહના કટકા કરો પણ તેમાં મારે શું? દેહ મરે તેથી હું કાંઈ ન મરું!''

સિકંદરે આવી ભાષા ક્યારેય સાંભળી નથી દેહ અને દેહની અંદર રહેનાર હું – બન્ને અલગ હોય એવી તેને સ્વપ્ને પણ ખબર નથી. એ પણ મહાન ફિલોસોફર એરિસ્ટોટલનો શિષ્ય હતો. પણ આવી વાતો એણે ક્યારેય સાંભળી ન હતી.

બંધુઓ! મેં એક વાર પહેલાં પણ તમને કહ્યું હતું કે ભારતનાં દર્શનોએ આત્મા વિષે જેટલા ઊંડાણમાં જઈ વિચાર્યું છે, જેટલું સંશોધન કર્યું છે એટલું વિશ્વના કોઈ દર્શને કર્યું નથી. એટલે જ સિકંદરને દેહ અને આત્માની ભિન્નતાની વાતો કદી કાનમાં પડી નથી. એ સમજી શકતો નથી કે સંત શું કહી રહ્યા છે! તે પૂછે છે :

''સાંઈ! આપ શું કહી રહ્યા છો? હું નથી સમજી શકતો આપની ભાષા!''

''ભાઈ! કોઈ નવી ભાષા નથી. તને જે અટપટું લાગે છે એ તો ભારતનો એકેએક બાળક પણ જાણે છે. દેહ અને આત્મા જુદા છે!''

''આત્મા? આત્મા શું છે?''

સિકંદર! તારી અંદર જે ચૈતન્ય શક્તિ છે, તું જે બોલી રહ્યો છે કે હું તમને મારીશ, એ તારો હું જ આત્મા છે!''

સિકંદર મહા બુદ્ધિમાન છે. કદી નથી સાંભળ્યું પણ વિચાર કરવા માંડ્યો કે ન સમજાય એવું હોવા છતાં પણ મારામાં 'હું' અનુભવતો હોઉં એવું લાગે છે. મારામાં પણ મારો હું બોલી રહ્યો છે. અને સિકંદરના ભાવ અને ભાષા ફરી ગયા. સંતનાં ચરણમાં ઝૂકી પડ્યો. આપોઆપ હાથ જોડાઈ ગયા. વિનમ્ર ભાવો વ્યક્ત થવા માંડ્યા. કહે છે :

''મહારાજ! આપ બોલો છો તે સમજતો નથી પણ સાંભળવું બહુ ગમે છે. માટે હજુ કંઈક કહો!'' સંતે જોયું, સિકંદર પીગળી રહ્યો છે. સમજવાની ભાવના લઈને બેઠો છે અને સમજશે, તેથી સંત કહે છે –

''ભાઈ! તું કહે છે, હું તમને મારી નાખીશ. તો તું આ શરીરને મારી શકે છે, મને નહીં!''

''તો શું તમે શરીર નથી?''

''ના! હું તો શરીરથી જુદો આત્મા છું. શરીરને જાણનારો, શરીરમાં જે કંઈ થાય તે જાણી શકું છું. પણ જાણ્યા પછી શરીરની વેદનાને અનુભવવી કે નહીં એ મારા હાથની વાત છે.''



''એમ? મહારાજ! એ કઈ રીતે બને?''

''બને રાજન બને! આત્મા શરીરને પોતાનું ન માને. એ જડ છે અને જડનો ધર્મ જડ બજાવે. શરીર શરીરમાં અને હું ચેતન મારામાં. આવો ભાવ આવી જાય તો શરીરમાં જે કંઈ થાય તેનું દુ:ખ ન વેઠવું પડે! આત્મા તો અમર છે. તે મરતો જ નથી.''

''તો શું મેં આજ સુધી લાખો માણસોને માર્યા, તો તેઓના આત્મા મર્યા નથી?''

''હા, સિકંદર! તેં અનેકને માર્યા. પણ તેઓ તો અમર આત્મા જ છે. તેથી મર્યા નથી. પણ વિશ્વવિજયી થવાની તારી ઉન્મત્ત અભિલાષાના કારણે, તે બધાને મારતાં, તને જે ક્રૂરભાવ આવ્યા તેનાથી થોકનાં થોક પાપ બંધાયાં!''

''પ્રભુ! તેનું પરિણામ શું?''

''બસ, એ બધું અહીં જ મૂકીને મરી જવાનું, અને મરીને નરકનાં દુ:ખોની ઘોર યાતના!''

''તો શું મારે દુ:ખ ભોગવવું પડશે?''

''હા, તેમાં શંકાને સ્થાન નથી. અમર આત્મા પુણ્ય-પાપ સાથે લઈને જાય અને તેનાં ફળ તેને ભોગવવાં જ પડે. ભાઈ! તેં ઘોર પાપો કર્યાં છે. એ તારે ભોગવવાં જ પડશે!''

અને બંધુઓ! સિકંદર સમજી ગયો. તેના ગુરુ એરિસ્ટોટલ, સંતને ગ્રીસમાં લઈ જઈ જે કરાવવા માગતા હતા, તે સંતના સમાગમે અહીં જ થઈ ગયું. સિકંદરે સંતના ચરણોમાં પોતાની કટાર મૂકી દીધી અને ત્યાં જ પ્રતિજ્ઞા કરી, કે હવે એક પણ જીવને નહીં મારું.

ભારતના સંત પાસેથી ભવોભવનું ભાથું લઈને, હળવો ફૂલ જેવો થઈ એ પાછો ફર્યો.

બંધુઓ! સંતે સિકંદરને જે સમજાવ્યું તે જ શ્રીમદ્જી આપણને સમજાવી રહ્યા છે, કે જાણનારો દેહની અંદર બેઠો છે, તે દેહથી અલગ છે.

જાણેલા પદાર્થનું અસ્તિત્વ જેટલું સત્ય છે એટલું જ જાણનારાનું અસ્તિત્વ પણ સાચું જ છે.

વળી પણ દેહ શા માટે આત્મા નથી, તે કહે છે –

**પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂલ દેહ મતિ અલ્પ;**

**દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ....૫૬**

જો દેહને આત્મા માનીએ તો એ વિકલ્પ કોઈ રીતે ઘટિત થતો નથી. કારણ જ્ઞાન એ આત્માનો ગુણ છે. તે કદી આત્માથી અલગ ન થાય. અલગ કરી પણ ન શકાય. અગ્નિમાંથી ઉષ્ણતા કે સાકરમાંથી મીઠાશ કાઢી શકાય જ નહીં અને કાઢી નાખો તો અગ્નિ-અગ્નિ ન રહે, રાખ થઈ જાય. સાકર-સાકર ન રહે. એમ આત્મામાંથી પણ જ્ઞાન કાઢી ન શકાય.

હવે દેહને આત્મા માનવાથી, સ્થૂલ દેહ હોય તેનામાં જ્ઞાન વધું હોવું જોઈએ અને કૃશ દેહમાં ઓછું જ્ઞાન હોવું જોઈએ. જેવડું શરીર એટલું જ્ઞાન. હાથી-ગેંડામાં માણસ કરતાં પણ વધુ જ્ઞાન હોવું જોઈએ પણ એમ નથી થતું. ૩૦૦ કીલો વજન ધરાવનાર માણસમાં એટલું જ્ઞાન હોય જ એમ નથી દેખાતું. બલ્કે ક્યારેક તો ખૂબ મોટા દેહવાળો માણસ સાવ બુદ્ધુ હોય અને દૂબળું પાતળું શરીર હોવા પછી પણ અમાપ જ્ઞાન હોય.

આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવું રૂડું શાસ્ત્ર દેનાર શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહ કેટલો દુર્બળ હતો છતાં જ્ઞાન તો અગાધ હતું. પૂર્વભવોનું જ્ઞાન પણ સાથે લઈને આવ્યા હતા. એવી જ રીતે ઘણા-ઘણા મહાન જ્ઞાની પુરુષોને આપણે જોયા છે કે શરીરે કૃશ હોવા પછી પણ તેમની જ્ઞાનગરિમા અદ્ભૂત હોય.

તેથી સિદ્ધ થાય છે કે શરીર તે આત્મા નથી. શરીરમાં જ્ઞાનગુણ નથી. પણ જોવા-જાણવાવાળો આત્મા દેહથી ભિન્ન છે અને સર્વ શક્તિમાન છે.

આમ ગુરુદેવે શિષ્યની આત્મવિષયક શંકાઓનું સમાધાન કરી દીધું. છતાં વધુ સ્પષ્ટીકરણ અવસરે....

e

## આત્માની શંકા કરે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, એ જ જીવ કરી શકે છે, કે જેને તે પોતે ચૈતન્ય છે, એ ભાન છે. આરાધનાના ભાવ ચૈતન્યમાં જ જાગી શકે, જડમાં નહીં. જડ અને ચૈતન્ય બન્ને સર્વથા ભિન્ન છે. જે ધર્મ ચૈતન્યમાં હોય તે જડમાં ન હોય અને જડમાં હોય તે ચૈતન્યમાં ન હોય.

દ્રવ્યદૃષ્ટિથી ભલે કેટલાક ગુણોની સમાનતા હોય પણ પોતાના હોવાપણાની જે વિશિષ્ટ શક્તિ છે તે બન્નેની જુદી જ હોય. નાટક સમયસારમાં કવિવર બનારસીદાસે જીવ અને અજીવનાં લક્ષણ બહુ જ સ્પષ્ટરૂપે બતાવ્યાં છે.

**સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ,**

**વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ....**

સમભાવ, આત્મસ્વરૂપમાં રમણતા, સ્વભાવથી ઊર્ધ્વગામિતા, જ્ઞાતા, અનંત સુખનો અનુભવકર્તા, સુખ-દુઃખનો વેદક સદા ચૈતન્યતા આ બધાં જ જીવનાં લક્ષણો છે.

**તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ,**

**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ....**

મનરૂપ, વચનરૂપ, કાયરૂપને ધારણ કરનારું, જડપણું, જેનું પરિણમન પણ જડ, હળવાપણું, ભારેપણું ગતિ કરવાપણું – આ બધાં જ અજીવનાં લક્ષણો છે.

આ જ વાત શ્રીમદ્જી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહે છે. શિષ્યને રહેલી દેહાત્મ-બુદ્ધિ, આત્માના હોવાપણા વિષે તથા આત્માના સ્વતંત્ર

અસ્તિત્વ વિષે શંકા જન્માવે છે. જીવની એ જ મોટી ભૂલ છે. જ્યાં સુધી દેહાદિથી આત્માનું ભિન્નત્વ ન સમજાય ત્યાં સુધી સત્ શ્રદ્ધા જાગ્રત થતી નથી. દર્શનમોહના ઉદયે આત્માના સાચા સ્વરૂપની પ્રતીતિ થતી નથી. માટે જ ઉપકારી ગુરુદેવ વારંવાર એક જ વાતને ફેરવી ફેરવીને જુદી-જુદી રીતે શિષ્યને સમજાવે છે. તેઓએ કહ્યું :

**જડ-ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;**

**એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ...૫૭...**

વત્સ! આગળ બતાવવામાં આવ્યું તેમ જડ અને ચેતન બન્નેનો સ્વભાવ પ્રગટ રૂપે જ જુદો સમજાય છે. અને જ્યાં સ્વભાવ જુદા ત્યાં પદાર્થ પણ જુદા. સ્વભાવનો અર્થ જ છે પોતાનું હોવાપણું. જેનું અસ્તિત્વ જુદા-જુદા સ્વભાવથી ઓળખાતું હોય તે બન્ને જુદાં જ હોય. અગ્નિ ઉષ્ણતાથી ઓળખાય અને પાણી શીતળતાથી. બન્નેના સ્વભાવ તદ્દન ભિન્ન, માટે બન્નેનાં અસ્તિત્વ પણ ભિન્ન.

વળી બન્ને વિરોધી પદાર્થો ચિરકાળ સુધી સાથે રહેવા છતાં પણ એક થઈ જતા નથી. સ્થૂળ પદાર્થોમાં પણ એમ છે અને સૂક્ષ્મ પદાર્થોમાં પણ એમ જ છે. જેમ કે એક મોટા વાસણમાં નાનાં-મોટાં ફળ નાખવામાં આવે. પહેલાં નાળિયેર, પછી એપલ, પછી લીંબુ, પછી સોપારી, પછી બોર, પછી મરી, પછી રાઈ, પછી ખસખસ – આમ આખુંયે વાસણ ભરી દેવામાં આવે અને તેને ઘણા સમય સુધી રાખી મૂકવામાં આવે, તો મોટાં ફળ તો જલદી અલગ પડી જશે. નાનાં ફળોને જુદાં પાડવામાં થોડી મહેનત થશે પણ જુદાં થાય ખરાં. અરે! રાઈ અને ખસખસ જુદાં પાડતાં દમ નીકળી જાય. છતાં જુદા પડી શકે. એક ન થઈ જાય.

તેમ આ આત્મા જડ એવા દેહ અને જડ એવાં કર્મો સાથે એક ક્ષેત્રાવગાહી અનાદિથી રહ્યો છે. પણ પોતે જડ થઈ ગયો નથી અને જડ કર્મો કે જડ દેહ પણ ચેતન થઈ ગયા નથી. શ્રીમદ્જીના જ શબ્દોમાં –



**જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ,**
**જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;**
**પ્રગટ અનુભવ રૂપ છે, સંશય તેમાં કેમ?....**

આ જ વાત શ્રી સહજાનંદસ્વામીએ પણ કહી છે –

**ક્ષીર – જલ ન્યાય અનાદિથી, તુજ સંબંધ જડ સાથ;**

**પણ તું – તું જડ – જડ સદા, સૌ-સૌ નિજ-નિજ નાથ....**

આમ ગુરુદેવે શિષ્યની સર્વ શંકાઓનું યથોચિત સમાધાન કરી તેની શ્રદ્ધામાં બેસાડ્યું કે જડ અને ચૈતન્ય બન્નેના સ્વભાવ તદ્દન ભિન્ન છે. બન્ને દ્રવ્યોનું અસ્તિત્વ પણ ભિન્ન છે. અને સદાકાળ ભિન્ન રહેવા જ સર્જાયેલા છે. માટે ચૈતન્ય તે આત્મા અને બાકીના સર્વ પદાર્થો જડ. તું ચૈતન્ય આત્મા છે. તારું અસ્તિત્વ સહુથી નિરાળું છે.

આટલું સમજાવ્યા પછી શિષ્યના અંત:કરણમાં આત્માના હોવાપણા વિષે ક્યાંય પણ શંકા રહી ગઈ હોય તો માર્મિક વચનો દ્વારા ગુરુદેવ કહે છે-

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,**

**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ...૫૮...**

શિષ્યે કહ્યું હતું : 'માટે છે નહીં આતમા' પોતા તરફથી સર્વ શંકાઓ રજૂ કરી, અંતે આત્મા નથી એમ શિષ્ય સમજ્યો હતો. ગુરુદેવે શિષ્યની એક-એક શંકાનું સમાધાન દીર્ઘદૃષ્ટિથી, માર્મિક દલીલોથી અને પ્રભાવશાળી વાણીથી કર્યું. ગુરુદેવ તત્ત્વજ્ઞાનની ઊંડામાં ઊંડી ગૂઢ વાતોનો ઉકેલ ખૂબ સરળતાથી કરે છે. શ્રીમદ્ રાજચંદ્રજીની વાણીની એ જ ખૂબી છે કે તેઓ કઠિનમાં કઠિન અને રહસ્યમય તત્ત્વોને સરળ અને સાદી ભાષામાં સમજાવી શકે છે. તેઓશ્રીના આખાયે સાહિત્યમાં આ ગુણ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

ગુરુદેવ શિષ્યને કહી રહ્યા છે, ભાઈ! મને બહુ મોટું આશ્ચર્ય થાય છે. તું કહે છે. 'માટે છે નહીં આતમા' તો આવો નિર્ણય દેનાર કોણ

છે? વળી આત્મા વિષે સંદેહ કરનાર કોણ છે? હું અને મારું આવી પ્રતીતિ કોને થઈ રહી છે? વિચારતાં જરૂર જણાશે કે આત્મા સિવાય બીજા કોઈને આવું સંવેદન થઈ શકે જ નહીં.

વળી નિયમ એ છે કે વિશ્વમાં જે પદાર્થનું અસ્તિત્વ હોય તેના વિષે જ તેના અસ્તિત્વ કે નાસ્તિત્વનો વિકલ્પ ઊઠે છે. જો આત્મા નામનું કોઈ તત્ત્વ સૃષ્ટિમાં હોત જ નહીં તો તેના નાસ્તિત્વનો વિકલ્પ ઊઠત જ નહીં. માટે આત્મા છે એ સિદ્ધ થાય છે. પોતે જ પોતાની શંકા કરી રહ્યો છે. આ વાત તો કેવી હાસ્યાસ્પદ છે! ક્યારેક ક્યાંય જોયું કે સાંભળ્યું છે કે કોઈ માણસ એમ કહે કે : ભાઈ! અહીં આવો તો! જરા જુઓ તો – હું છું કે નહીં? પદાર્થ કે બીજી કોઈ વ્યક્તિ માટે માણસ એમ પૂછતો હોય તો તે બરાબર જ છે. પણ પોતે પોતા માટે પૂછે એવા માણસને લોકો પાગલ જ કહે. એ મૂર્ખાની પંક્તિમાં જ બેસે. એ જ રીતે હે શિષ્ય! આ જીવ પુદ્‌ગલાનંદી થઈ, પુદ્‌ગલ સાથે એટલો ઓતપ્રોત થઈ ગયો છે કે પોતે પોતાને ભૂલી ગયો છે. પોતાનું ખરું રૂપ શું છે તેની તેને ખબર નથી. તેથી 'હું છું કે નહીં' એવી શંકા કરી હાંસીપાત્ર બને છે.

આ તો એવી વાત થઈ કે અરીસામાં પડતા પ્રતિબિંબને માનીએ અને અરીસાને ન માનીએ. અરીસામાં પડતા પ્રતિબિંબને સ્વીકારતા હો, પછી એ પોતાના દેહનું હોય અથવા કોઈ પણ પદાર્થનું, પણ જ્યાં પ્રતિબિંબનો સ્વીકાર થાય ત્યાં એ જેમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે તેનો પણ સ્વીકાર થઈ જ જાય છે. કારણ પ્રતિબિંબ અવકાશમાં પડતું નથી. કોઈ પણ ચમકતી વસ્તુ જોઈએ. એ અરીસો હોય, ધાતુ હોય કે પાણી હોય પણ એવી વસ્તુ વિના પ્રતિબિંબ હોઈ ન શકે. પ્રતિબિંબ સાથે એ પદાર્થનો સ્વીકાર થઈ જાય છે.

હે શિષ્ય! તને શંકા થાય છે, એ 'તું' તારી અંદર જ બેઠો છે. એનામાં રહેલો જ્ઞાનગુણ જ શંકા કરી રહ્યો છે. આત્મામાં જો જ્ઞાનગુણ ન હોત તો એ કોઈ પણ પ્રકારની શંકા પણ ન કરત અને જિજ્ઞાસા પણ ન સેવત. ગમે તેવો જડ પદાર્થ કદી કોઈ શંકા કે પ્રશ્ન ઉઠાવી શકતો નથી. જડમાં જ્ઞાનશક્તિ જ નથી. માટે જ શંકા કરી છે એ જ



આત્મા છે. જ્ઞાનગુણે કરી સહિત ચૈતન્ય દ્રવ્ય છે એ તું સમજી લે.

આ તો ભૂલેલો માણસ, પોતે પોતા વિષે શંકા કરે અથવા પોતાને જ ભૂલી જાય એવું થયું. પેલી વાત આપણે સાંભળી છે. દશ મિત્રો ફરવા નીકળ્યા. ફરતા ફરતા ઘણા દૂર નીકળી ગયા. વચમાં એક વિશાળ નદી આવી. બે કાંઠે પાણી ભર્યું છે. વરસાદની ઋતુ છે, અને ઉપરથી પૂર આવવાની સંભાવના છે. નદીમાં પાણી વધી રહ્યું છે. પણ યુવાની છે, સાહસ છે, દશેય મિત્રો સામે કાંઠે જવા પાણીમાં પડ્યા, ઝપાટાભેર સામા કાંઠે નીકળી ગયા. વિચાર કરે છે કે આવતા પૂરની નદીમાંથી ઊતર્યા તો કોઈ એકાદો રહી નથી ગયો ને? ગણી લઈએ.

એક યુવાન ગણવા માંડ્યો. એક, બે, ત્રણ અને નવ સુધી ગણાયા. દશમો નથી. બીજો કહે છે, તને ગણતા નથી આવડતું. હું ગણું. અને એણે નવ ગણ્યા. આમ બધાય ગણે છે પણ નવ જ થાય છે. સહુ એકબીજાના મોઢાં સામું જુએ છે. અરે! કોણ ખોવાણો આપણામાંથી? સમજણ પડતી નથી. દશ થતા નથી અને કોણ ખોવાયો તે ખબર પડતી નથી. પાણીમાં તણાતા પણ જોયો નથી. હવે કરવું શું? ચિંતામાં પડ્યા. એટલામાં ત્યાંથી એક વૃદ્ધ પુરુષ નીકળ્યા. એણે જોયું, યુવાનો ઊભા છે પણ મુખ પર મૂંઝવણના ભાવો છે. પૂછ્યું : 'ભાઈઓ! શું છે?' 'અરે! કાકા અમે દશ મિત્રો નદીમા ઊતર્યા, એમાંથી એક તણાઈ ગયો.' કાકા કહે : 'બરાબર ખબર છે? તણાતા જોયો?' 'ના, એ જ પંચાત છે ને! સમજણ પડતી નથી.' વૃદ્ધ અનુભવી હતા. તે કહે-ઊભા રહો. હું ગણું અને તેમણે ગણ્યા તો દશ થયા. કાકા કહે :

''અરે! ભાઈઓ! તમે તો દશ છો.''

''દશ છીએ? કાકા, અમે ગણ્યા તો નવ થયા!''

''ગણો જોઈએ ફરીથી!''

ફરીથી ગણ્યા તો પણ નવ થયા. કાકા બોલ્યા :

''અરે! મૂર્ખા! તું તને જ ગણતો નથી. તું થઈને દશ હતા કે તારા સિવાય?''

"ના, ના હું થઈને દશ."

"ત્યારે તારી જાતને સામેલ કરી દે એમાં! સહુને ગણે છે, તું તને જ ભૂલી જાય છે!"

બંધુઓ! આત્માના અસ્તિત્વનો અસ્વીકાર કરતા અજ્ઞાની જીવનું પણ આમ જ છે. એ માત્ર દૃષ્ટિગોચર થતા પદાર્થોને જ માને છે. ગુરુદેવે પણ એ જ કહ્યું હતું કે ઘટ, પટ આદિને માને છે અને તેના જાણનારને તું નથી માનતો?

શિષ્યને પોતાની ભૂલનું ભાન થાય છે અને ગુરુદેવે કહેલા તત્ત્વની વિચારણામાં ઊંડો ઊતરી જાય છે. એ વિચારમાંથી બહાર આવીને એ ગુરુદેવ સમક્ષ શું કહેશે તે અવસરે....

e

## ....અંતર કર્યે વિચાર!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતો જીવ આત્માને પામી જાય છે. બીજું બધું પામેલો જીવ, આત્માને ન પામે ત્યાં સુધી સ્થિર થતો નથી. બીજું પામે એ તો ગતિના કારણરૂપ બને છે. પરંતુ આત્માનું પામવું સ્થિરતાના હેતુભૂત બને છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માને સ્વીકારી તેને પામવાના ઉપાયો બતાવ્યા છે. જિજ્ઞાસુ શિષ્યે ગુરુદેવની સમક્ષ આત્માના અસ્તિત્વ વિષયક શંકાઓ રાખી અને ગુરુદેવ તર્કયુક્ત, પ્રમાણયુક્ત દલીલો વડે આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરી આપે છે. સમાધાન થતાં શિષ્યનું અંતઃકરણ પ્રસન્ન થઈ ઊઠે છે. તે આત્માવિષયક ઊંડી વિચારણા કરે છે. વિચારણાને અંતે શું થાય છે તે શિષ્યના શબ્દોમાં –

**આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;**
**સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર...૫૯...**

હે ગુરુદેવ! આપે આત્માના અસ્તિત્વની સિદ્ધિ અનેક પ્રકારે કરી. આપે કહ્યા પછી એ બધા જ તર્કોને મારા અંતરના ઊંડાણમાં જઈ મેં વિચાર્યા. ખૂબ વિચાર્યા. વારંવાર વિચાર્યા. અને વિચારતાં મને લાગ્યું કે આપે ફરમાવ્યું તેમ જ છે.

બંધુઓ! સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા પણ આપણે એ જ કહે છે કે જે તત્ત્વ સાંભળો કે વાંચો તેનો ખૂબ ઊંડાણથી વિચાર કરજો. તત્ત્વને સાંભળવામાં રુચિ છે, ગમે છે, એ સારું જ છે. પણ તે પછી તેના પર ઊંડી વિચારણા થાય તો જ એ શ્રદ્ધામાં ઊતરે. આ બહુ જ મહત્ત્વપૂર્ણ વાત છે કે જે તત્ત્વની અંતરના ઊંડાણમાંથી વિચારણા થઈ હોય ચિંતન થયું હોય એ જ આત્મામાં શ્રદ્ધારૂપે જામે છે અને ટકી

રહી શકે છે. કારણ જેમ-જેમ વિચારણા થાય તેમ-તેમ આત્મા પર સંસ્કાર પડતા જાય છે અને સંસ્કાર દૃઢ થતા જાય ત્યારે જ શ્રદ્ધારૂપે આત્મામાં સદાકાળ માટે સ્થાપિત થઈ જાય છે. આનું કારણ એ પણ છે કે જેના વિષે ઊંડું ચિંતન કરીએ, તે વિષયમાં અત્યંત એકાગ્ર થવું પડે છે. આજુબાજુના બધા જ વિકલ્પો છૂટતા જાય છે. મન, બુદ્ધિ ચિંતનમાં જ જોડાઈ જાય છે એટલે પડેલા સંસ્કાર મજબૂત બને છે.

બંધુઓ! આ જીવે જે વિષયના ખૂબ વિચારો કર્યા છે, ખૂબ મંથન કર્યું છે તે સંસ્કારો આપણામાં આજે પણ જામેલા દેખાય છે. આપણા રાગ-દ્વેષ કષાયના ભાવો કેટલા મજબૂત છે કે તેને તોડવાના પ્રયાસ પછી પણ તૂટતા નથી અને ગમે ત્યારે એ આત્મામાં પડેલા જ છે. એને જાગ્રત કરવા પડતા નથી. એ સંસ્કાર એવા મજબૂત છે કે **'હીરની ગાંઠ અને તેલનું ટીપું'** બારીક મજબૂત રેશમની ગાંઠ પડે અને તેના પર તેલનું ટીપું પડે એ પછી એ ગાંઠ કદીયે છૂટે નહીં. આપણે પણ કષાયોની ચીકાસ વડે વિભાવના સંસ્કારો એવા જ આત્મામાં જમાવ્યા છે. વારંવાર વિભાવને સેવ્યા છે.

રાગ-દ્વેષ કરીએ તો છીએ જ પણ વધુ ને વધુ કેમ કરતા રહેવું એના ઉપાયો શોધતા હોઈએ છીએ. અંતરમાં રાગભાવના પડી છે, તો એ રાગને પોષવાના હજાર ઉપાયો, એ જ વિચારણા, મન, વચન, કાયાની એ જ પ્રવૃત્તિ. એ જ દ્વેષભાવનાને પોષવાના પણ એટલા જ પ્રયત્નો. આમ જીવ આવી આવી અહમ્-મમની ભાવનાઓને અનાદિથી પોષતો આવ્યો છે, તેના જ વિચારો કરતો રહ્યો છે. તેથી એ સંસ્કાર નાની-મોટી કોઈ પણ યોનિઓમાં ગયો ત્યાં સાથે જ લઈ ગયો છે.

એક વારની વાત કહું. અમે ૧૯૬૯માં ઝરિયા, બિહાર, કોલ્ડ ફિલ્ડમાં ચોમાસુ હતાં. નાની સાંકડી ગલીમાં ઉપાશ્રય અને ૮-૧૦ ફૂટ સામે જ એક દેશી નળિયાવાળું મકાન. એક દિવસ ઉપાશ્રયની ગેલેરીમાંથી જોયું તો એક કાગડો ચાંચમાં રોટલી લઈને આવ્યો. ચારે બાજુ જોયું. કોઈ નથી જોતું એમ ખાતરી કરી, પગ નીચે રોટલી દબાવી, ચાંચથી નળિયું ઊંચું કર્યું. અને ફરી ખાતરી કરી કે કોઈ જોતું નથી અને તે પશ્ચિમ તરફ ઊડી ગયો. અને તરત જ પૂર્વમાં બેઠેલો બીજો કાગડો આ જોતો હશે, તે આવ્યો. નળિયું ઊંચું કરી રોટલી કાઢી, લઈને ઊડી ગયો. મૂકનાર કાગડો ફરી આવ્યો પણ રોટલી ન



હતી.

બંધુઓ! આ આંખે દેખ્યો અહેવાલ છે. જોઈને એમ થયું, અહીં તેને કોણે આ શીખવ્યું? એક છૂપાવે અને બીજો ચોરી કરે, આ છે ભવ ભવના સંસ્કાર! તમારા બાળકોને આવું શીખવો છો ને? વધારે ભાગ આપી કહો, જા, ખીસામાં નાંખી દે, બહાર જઈને ખાઈ લેજે. કોઈને કહેતો નહીં કે મને બે ચોકલેટ આપી. બીજાને એક જ આપી છે. આ સમયે બાળક ખુશ થાય અને તમે પણ હરખાવ. પણ આ સંસ્કાર જીવમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા જાય. આત્મા પર તેની અમીટ છાપ છોડતા જાય. એટલે જ આવા સંસ્કારો વગર શીખ્યે કે શીખવ્યે બધી જ યોનિમાં જોવા મળે છે.

આપણે આવા સંસ્કારોથી પરિચિત છીએ જ પણ હવે આત્માની શ્રદ્ધા, જિનવચનોની શ્રદ્ધાના અમીટ સંસ્કારો પાડવા છે. આવા સંસ્કારો, વિચારણાપૂર્વકના ન હોવાના કારણે જ આપણી શ્રદ્ધાને ડગતાં વાર નથી લાગતી. શ્રદ્ધાનાં મૂળ ઊંડા ઊતરતાં નથી. માત્ર ગતાનુગતિકથી ચાલી આવતી બાહ્ય રૂઢિઓ પરની શ્રદ્ધા જ હોય છે આપણામાં. પણ સમજ સહિતની શ્રદ્ધા જો હોય તો તે કોઈ પણ વિપરીત સંયોગોમાં પણ ડગે નહીં.

શિષ્યને આત્માના અસ્તિત્વ વિષયક સમાધાન થતાં તે પર ઊંડું ચિંતન કર્યું અને તે ગુરુદેવને કહી રહ્યો છે કે હે ગુરુદેવ! મેં વિચાર્યું, મને સમાધાન થયું. હવે હું આત્માના અસ્તિત્વ વિષે શ્રદ્ધાવાન થયો છું. આપની અમૂલ્ય વાણી અને અપાર અનુગ્રહે મારી દિવ્ય દૃષ્ટિ જાગ્રત થઈ રહી છે.

આમ કહી એ ગુરુદેવના ચરણમાં મસ્તક મૂકી ધન્યતા અનુભવતો, ગદ્ગદ કંઠે બોલી ઊઠે છે –

**છ છ પદોની મારી અંતર આરાધના**
**શાશ્વત સિદ્ધિને પમાય.... મારી અંતર આરાધના**
**પહેલું પદ તે મારો આત્મદેવ સત્ છે**
**સત્, ચિત્, આનંદ સ્વરૂપ.... (૨)**
**ચેતનાના ચમકારે ચોમેર વ્યાપતો.**
**જડમાં મળે ના એનું રૂપ... મારી અંતર આરાધના...**

ગુરુદેવ પ્રત્યે જાગેલી અસીમ શ્રદ્ધાએ શિષ્યના હૃદયનાં દ્વાર ખોલી

નાખ્યાં. તેના મનમાં આત્મા વિષે બીજી શંકાઓ પણ પડી છે. તે હવે રજૂ કરે છે –

**બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;**

**દેહયોગથી ઉપજે, દેહ વિયોગે નાશ...૬૦...**

શિષ્ય અભ્યાસી છે. અન્ય દર્શનોની તાત્ત્વિક માન્યતાને એ જાણે છે અને તેથી જ તેના મનમાં બીજી શંકા ઉત્પન્ન થઈ છે. બીજું પદ બતાવ્યું – 'આત્મા નિત્ય છે' પણ શિષ્ય કહે છે, ગુરુદેવ! આત્મા અવિનાશી હોય તેમ મને માન્યામાં આવતું નથી. આત્મા છે તે સ્વીકારી લીધું પણ દેહના ઉત્પન્ન થયા પછી આત્મા દેહમાં ઉત્પન્ન થાય અને દેહના નાશ સાથે નાશ થઈ જાય.

આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્વારા રચાયેલા 'વિશેષાવશ્યક મહાભાષ્ય' નામના ઉત્તમ ગ્રન્થનું એક પ્રકરણ છે ગણધરવાદ. તેમાં ભગવાન મહાવીરના ૧૧ ગણધરોએ દીક્ષા લીધા પહેલાં વેદને નહીં સમજવાના કારણે જે શંકાઓ કરી હતી તે અને પ્રભુએ કરેલ શંકાના નિવારણો આપ્યાં છે. તેમાં ત્રીજા વાયુભૂતિ નામના ગણધરે જીવ અને શરીર એક છે, એવો સંશય કર્યો છે અને પ્રભુએ તેનું નિરાકરણ કર્યું છે, તેની વિસ્તારથી ચર્ચા છે.

સંશય એ છે કે પૃથ્વી, પાણી, તેજ અને વાયુ આ ચાર ભૂતોના ભેગા થવાથી આ શરીર બને છે અને તેમાં આત્મા નામનું એક તત્ત્વ ઉત્પન્ન થાય છે. જેમ કે ધતૂરાનાં ફૂલ, ગોળ, પાણી વગેરેમાં અલગ-અલગ નશાનો ગુણ ન હોવા છતાં પણ જ્યારે એ બધા પદાર્થોને ભેગા કરવામાં આવે તો નશાની શક્તિ ઉત્પન્ન થઈ જાય છે. તેમ પૃથ્વી આદિ ચાર ભૂતોમાં ચૈતન્ય શક્તિ નથી છતાં જ્યારે તેનો સમુદાય થાય છે ત્યારે તેમાં ચૈતન્ય શક્તિ પ્રગટ થઈ જાય છે.

વળી દારૂ બનાવનાર જુદા-જુદા પદાર્થોમાં નશાની શક્તિ ન દેખાતી હોવા છતાં, પદાર્થોના ભેગા થવાથી નશાનો ગુણ તેમાં ઉત્પન્ન થાય અને અમુક સમય સુધી એ ગુણ રૂપે રહી પછી એ શક્તિનો નાશ થઈ જાય છે. તેમ ચાર ભૂતોમાં ચૈતન્ય નથી છતાં એ ભેગા થવાથી ચૈતન્યની ઉત્પત્તિ થાય અને અમુક કાળ પછી એ ચૈતન્યનો નાશ થઈ જાય.

આમ ચાર્વાકવાદીઓની આ માન્યતા છે. તેઓ પૃથ્વી આદિમાં ચૈતન્ય



નથી માનતા. જો તેમાં ચૈતન્ય માને તો તો સ્વતંત્ર આત્માનો સ્વીકાર થઈ જાય. માટે પૃથ્વી આદિ તત્ત્વોના સંયોગથી આત્મા ઉત્પન્ન થાય અને નાશ પણ પામે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પણ શિષ્ય એ જ શંકા ઉઠાવે છે, કે દેહનો યોગ થતાં અર્થાત્ દેહ બને પછી એમાં જીવ ઉત્પન્ન થાય અને દેહના નાશથી નાશ પામી જાય.

પણ વાસ્તવમાં એમ નથી. વાયુભૂતિ ગણધરની શંકાનું નિરાકરણ કરતાં પણ પ્રભુએ કહ્યું છે કે તમે પૃથ્વી આદિમાં ચૈતન્ય નથી માનતા, તો તે ભેગા થવાથી પણ તેમાં ચૈતન્ય ઉત્પન્ન થાય નહીં. ધતૂરાનાં ફૂલ-ગોળ આદિથી દારૂ બને છે અને તેમાં નશો ઉત્પન્ન થાય છે તેનું કારણ એ છે કે દારૂ જેમાંથી બને છે તે પદાર્થમાં પણ નશાનું તત્ત્વ છે. આપણે ભારે પદાર્થ જમીને ઊઠીએ કે તરત ઊંઘ આવવા માંડે છે. જેમ તલમાંથી તેલ નીકળે છે, કારણ તલના પ્રત્યેક દાણામાં તેલ છે. જો એમ નથી તો ગમે તેટલી રેતીને પીસો તો પણ તેલ ન નીકળે તેમ પૃથ્વી આદિ ભૂતોમાં ચૈતન્ય નથી માટે તેના સમૂહથી પણ ચૈતન્ય ઉત્પન્ન થાય નહીં. માટે ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. પ્રભુ મહાવીરે વાયુભૂતિ ગણધરને આ પ્રમાણે સમાધાન આપ્યું છે.

આવી ચાર્વાકની માન્યતાને કારણે આજે પણ કેટલાક લોકો એમ માનતા હોય છે કે માતાના પેટમાં રહેલા ગર્ભમાં ત્રણ મહિના સુધી જીવ નથી હોતો, પછી જ જીવ આવે છે. આ બહુ ભૂલભરેલી માન્યતા છે. જો ગર્ભમાં જીવ ન હોય તો તેનો વિકાસ જ ન થાય. જ્યાં વિકાસ છે ત્યાં જીવ છે. સહુથી પ્રથમ જીવ આવે છે અને પછી જ શરીરરચના શરૂ થાય છે. જીવ જે ક્ષણે માના ગર્ભમાં આવ્યો એ ક્ષણથી જ શરીરને બનાવવા માટે પરમાણુઓને ખેંચી કાર્યરત બની જાય છે. માટે ત્રણ મહિનાના ગર્ભમાં પણ જીવ હોય જ છે.

તો પહેલાં જીવ અને પછી શરીરની ઉત્પત્તિ થાય છે. શિષ્યના મનમાં ચાર્વાકદર્શનની વાતો રમે છે, તેથી તે આ માનવા તૈયાર નથી માટે જ કહે છે કે દેહની સાથે આત્મા ઉત્પન્ન થાય છે અને દેહ સાથે આત્માનો નાશ થાય છે. આત્માની નિત્યતાના વિષયમાં એક બીજી શંકા પણ છે તે એ છે :

**અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;**

**એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય...૬૧...**

બૌદ્ધમતના પ્રભાવથી શિષ્ય સર્વ પદાર્થની સાથે આત્માને પણ ક્ષણિક માનવા તૈયાર થયો છે. તે કહે છે – સંસારના સર્વ પદાર્થો ક્ષણિક છે. અને તે ક્ષણે ક્ષણે પલટાતા આપણે જોઈએ છીએ. એમ આત્મા પણ ક્ષણે ક્ષણે નાશ પામતો હોવો જોઈએ. અને તેથી જ આત્મા નિત્ય ન હોય.

પ્રત્યેક પદાર્થમાં પરિવર્તન થઈ રહ્યું છે જેને અવસ્થા કહો કે પર્યાય કહો. પર્યાય પણ બે પ્રકારના : એક સ્થૂળ પર્યાય અને બીજો સૂક્ષ્મ પર્યાય. આત્માનો વૈભાવિક પર્યાય રૂપ આ મનુષ્યનો દેહ, તે સ્થૂળ પર્યાય છે, કે જે અમુક વર્ષો સુધી મનુષ્ય રૂપે રહે છે. અને શરીરમાં ક્ષણે-ક્ષણે થતું પરિવર્તન કે જેના કારણે શરીર બાળક, યુવાન, વૃદ્ધ વગેરે અવસ્થાઓમાં પલટાય છે તે સૂક્ષ્મ પર્યાય.

દરેક પદાર્થમાં પળે-પળે પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે જેના કારણે જ નવો પદાર્થ જૂનો થાય અને અંતે જીર્ણ થઈ નાશ પામે છે. આજે એક મકાન ખૂબ મજબૂત બનાવ્યું, પછી તે સમયે-સમયે જૂનું થતું જાય અર્થાત્ તેમાં પર્યાયો પલટાયા કરે અને ૫૦-૧૦૦-૨૦૦ વર્ષે નાશ પામી જશે. આમ જગતના સર્વ પદાર્થોમાં ક્ષણે ક્ષણે વિનાશ થઈ રહ્યો છે. ઘણા પદાર્થોનો નાશ થતાં આપણે જોયો અને હજુ જોઈ રહ્યા છીએ.

શિષ્ય કહે છે, આત્મા પણ એક પદાર્થ છે. તેમાં પણ પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તો આત્મા પણ એક વાર નાશ પામી જશે માટે તે નિત્ય નથી.

આમ શિષ્યના અંતઃકરણમાં આત્માની નિત્યતા વિષે શંકા છે. તે એક તો, દેહની સાથે જ આત્માની ઉત્પત્તિ અને નાશ માને છે. બીજું સર્વ પદાર્થની ક્ષણભંગુરતાની જેમ આત્મા પણ ક્ષણભંગુર છે, તેમ માનવા પ્રેરાયો છે. હવે ગુરુદેવ પાસે સમાધાન ચાહે છે. ગુરુદેવ આનું સમાધાન કઈ રીતે આપશે, તે અવસરે....

e

# દેહ માત્ર સંયોગ છે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અધિકારી જીવ જ કરી શકે છે. અધિકાર વિના ભૌતિક ક્ષેત્રે પણ કંઈ મળતું નથી તો આધ્યાત્મિક ક્ષેત્રે તો કશું મળવાની સંભાવના જ નથી.

અધિકારી બનવા માટે પુરુષાર્થ જોઈએ. પુરુષાર્થ નહીં કરનારને આત્મિક સિદ્ધિ મળતી નથી. હા, ભૌતિક ક્ષેત્રે તો પૂર્વના પુણ્યરૂપ પુરુષાર્થથી ઘણુંયે મળી જાય. કરોડપતિ બાપને ત્યાં જન્મેલો બેટો કશુંય ના કરે તોયે મેવા-મીઠાઈ મળતા હોય, એ એના પૂર્વપુણ્યનું પરિણામ છે. પણ આધ્યાત્મિક સિદ્ધિ એ પુણ્યનું પરિણામ નથી. આ ક્ષેત્રે પૂર્વનાં પુણ્યો યોગ્યતા આપી દે. સાધના માટેના અનુકૂળ સંયોગો ઊભા કરી દે, પણ એ મળ્યા પછી જીવને બારમા ગુણસ્થાને પહોંચે ત્યાં સુધી પુરુષાર્થ આવશ્યક છે. માટે આધ્યાત્મિક ક્ષેત્રે જીવ સુષુપ્ત પડ્યો રહે એ ન ચાલે. સંસ્કૃતમાં એક સુભાષિત છે –

**उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः।**
**न हि सुप्तस्य सिंहस्य, प्रविशन्ति मुखे मृगाः।।**

પ્રત્યેક કાર્ય પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે. માત્ર મનોરથો સેવવાથી કોઈ કાર્ય પાર પડે નહીં. વનરાજ સિંહ સૂતેલો હોય તો તેના મુખમાં કોઈ પશુ જઈને પ્રવેશ કરે નહીં. અર્થાત્ સિંહને પણ પેટ ભરવા માટે મહેનત કરવી પડે છે. પુરુષાર્થથી જ કાર્ય સફળ થાય છે. કાર્ય જેટલું મહાન, પુરુષાર્થ એટલો જ પ્રબળ. કબીરે પણ કહ્યું છે –

**જિન ખોજા તિન પાઈયા, ગહરે પાની પૈઠ....**

જેણે જેણે સતનો આવિષ્કાર કર્યો તેઓ ઊંડાણમાં ઊતર્યા. અર્થાત્ આત્માના ઊંડાણમાં જઈ સંશોધન કર્યું ત્યારે જ પામી શક્યા. બંધુઓ!

છીછરામાં છબછબિયાં કરવાથી કાંઈ ન વળે, માત્ર છીપલાં અને શંખલાં જ હાથમાં આવે. માનવને એ ખબર હોવી જોઈએ કે મોતી પામવા માટે મરજીવા થઈને સમુદ્રના ગહન તળને સ્પર્શવું જોઈએ. મોતને મુઠ્ઠીમાં રાખી, જે જળ સાથે ખેલે તે જ મૂલ્યવાન મોતી પામે.

**સાગર કિનારે ઊભી વિચારું;**
**મોતી હશે ક્યાં જળના ઉદરમાં,**
**ક્ષણ એક દોડી મૂઠી ભરાણી;**
**મોતી નહીં હા! રંગીન છીપલાં,**
**હા! વ્યર્થ દોડી પામી ન મોતી;**
**સાગર જળે ન કદી હોય મોતી,**
**પૂરો વચન ત્યાં આવ્યા સ્મરણમાં;**
**ઊંડે જો ઊતરીશ પામીશ મોતી.**

આત્માને પામવા માટે પણ પરમ કોટીનો પુરુષાર્થ જોઈએ, માત્ર બાહ્ય ભાવે થોડાં તપ-ત્યાગ કરી લીધા તે ન ચાલે. એ તો છીછરામાં છબછબિયાં છે, પોતાના અંતરના ઊંડાણમાં ઊતરવું પડે; અંતરતમને ખૂબ જ ખોળવું પડે. સતત વિચારણા જ તત્ત્વને આત્મસાત્ કરાવે.

અહીં શિષ્યે ઊંડી વિચારણા કરી છે. તત્ત્વને પામવાની પ્રચંડ જિજ્ઞાસા તેનામાં છે, તેથી અંતરથી પુરુષાર્થ ઉપાડ્યો છે. તેમાં પ્રથમ તો સદ્ગુરુના ચરણમાં સમર્પણતા, વિનય અને નમ્રતા તથા જિજ્ઞાસાથી પૂછાતા પ્રશ્નની સત્યતા! એ ગમે તેમ પ્રશ્ન નથી પૂછતો, પણ તર્કયુક્ત, પ્રમાણ સહિતની તેની શંકાઓ છે. તેથી જ એ કહી રહ્યો છે કે દેહ અને આત્મા એક જ છે. આત્મા નામના તત્ત્વને તો સ્વીકાર્યું પણ તે દેહથી જુદું જ છે એવું નથી. કારણ દેહના એક-એક અણુમાં તેની ચેતના વ્યાપ્ત છે, દેહના કોઈ પણ ભાગમાં કાંઈ પણ થાય કે તરત સંવેદન તો થાય છે, કોઈ ભાગ સંવેદનરહિત નથી, તેથી દેહથી આત્મા અલગ નથી.

વળી દેહની ઉત્પત્તિ અને નાશ છે, માટે આત્માની પણ ઉત્પત્તિ અને નાશ છે. જગતના સર્વ પદાર્થો ક્ષણિક છે માટે આત્મા પણ ક્ષણિક છે. શિષ્ય કહે છે, આત્માને માનું તો ખરો પણ નિત્ય માની શકતો નથી. ગુરુદેવ પણ એક શંકાનું પૂર્ણ નિરાકરણ થયા પછી અને શિષ્યના અંતરની શ્રદ્ધા દૃઢ થયા પછી જ બીજા પદની જિજ્ઞાસા માટે શિષ્યને મૂક પ્રેરણા



આપે છે, પાયાને સુદૃઢ કરી પછી આગળના ચણતરને ગતિ આપે છે. ગુરુદેવ આ ભાવો સાથે શંકાનું સમાધાન કરે છે –

**દેહ માત્ર સંયોગ છે, વળી જડરૂપી દૃશ્ય;**
**ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય...૬૨...**

હે શિષ્ય! તું કહે છે, દેહની ઉત્પત્તિ સાથે આત્મા ઉત્પન્ન થાય છે અને દેહના નાશથી આત્માનો નાશ થાય છે. પણ પહેલાં તો એ જાણી લેવું જરૂરી છે કે દેહ એ શું છે?

દેહ, પરમાણુઓના સંયોગથી ઉત્પન્ન થયેલો પદાર્થ છે. માનવદેહનો વિચાર કરીએ તો માતાના ઉદરમાં આવેલો જીવ રુધિર અને વીર્યનો પ્રથમ આહાર કરે છે, જે પૌદ્ગલિક છે અને તે પછી પોતાની શક્તિ વડે એ આહારનાં પુદ્ગલ, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન, આમ જુદી-જુદી શક્તિ રૂપે પરિણમાવે છે, જેને પર્યાપ્તિ કહેવાય છે. જીવ પૂર્વકર્મોને સાથે લઈને આવ્યો છે. તેમાં એક પર્યાપ્તિ નામકર્મ પણ હોય છે. એ કર્મની શક્તિ એ છે કે જીવ જે યોનિમાં ગયો ત્યાં તેને આ છ માંહેની જેટલી શક્તિ પામવાની યોગ્યતા છે એટલી ઉત્પત્તિ સમયથી જ ભેગી થવા માંડે છે. એક માનવદેહને આ બધી જ શક્તિઓ મળે છે. આત્મા તો આત્મા રૂપે જ માના ઉદરમાં આવ્યો હોય. તે પછી માના શરીરમાંથી એ-એ જાતના પરમાણુઓને નિરંતર ખેંચતો જ રહે અને પોતાના શરીરરૂપ પરિણમાવતો રહે. નવ મહિના ત્યાં રહી કેટલું મોટું શરીર એ બનાવી લે.

જન્મ્યા પછી પણ વાતાવરણમાં પડેલા પરમાણુઓના નાના-મોટા સ્કંધોને ગ્રહણ કરે. આહાર-પાણી રૂપે જે પદાર્થોને ગ્રહણ કરે એ પણ પુદ્ગલના જ સ્કંધો. આમ આત્મા પોતાનું શરીર પુદ્ગલોના સંયોગે કરી બનાવે છે.

પરમાણુઓનું પરિણમન પણ સંયોગે કરીને થાય છે. પરમાણુ પોતે, પોતા રૂપે સત્ છે એટલે અસ્તિત્વવાન પદાર્થ છે. તેથી તેનામાં નિરંતર પરિણમન થયા જ કરે છે. તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે –

**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**

જે સત્ છે તે નિત્ય છે અને તેમાં ઉત્પત્તિ અને વિનાશરૂપ પર્યાયો થયા કરે છે. પરમાણુઓમાં રહેલ સ્નિગ્ધતા અને ૠક્ષતાના કારણે બે

પરમાણુ મળી દ્વયણુક અને ત્રણ પરમાણુ મળી ત્ર્યણુક બને છે. એમ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓ આપસ-આપસમાં જોડાય છે અને ફરી વિખરે છે. આ પરિણમન ચાલુ છે.

આમ જીવે ધારણ કરેલો દેહ તે પરમાણુઓનો સંયોગ છે.

બીજી રીતે સંયોગનો અર્થ એવો થાય છે કે આત્મા દેહ સાથે સંયોગ સંબંધે રહેલો છે. સંબંધ બે પ્રકારના, એક તાદાત્મ્ય સંબંધ અને બીજો સંયોગ સંબંધ.

તાદાત્મ્ય સંબંધ એટલે એકના વિના બીજાનું ન હોવું તે, જેમ કે ધુમાડો. અગ્નિ હોય તો જ ધુમાડો હોય. જ્યાં અગ્નિ નથી ત્યાં ધુમાડો પણ નથી. ધુમાડો અગ્નિ વગર સંભવી જ ન શકે. માટે ધુમાડાનો અગ્નિ સાથેનો સંબંધ અવિનાભાવ સંબંધ છે એટલે કે તાદાત્મ્ય સંબંધ છે.

પણ આત્મા અને દેહનો સંબંધ એવો નથી. આત્મા હોય તો જ દેહ હોય એવું નથી. આત્મા વગરના દેહ એટલે કે મૃત કલેવર આપણે જોયા છે. ત્યાં દેહ તો હોય પણ આત્મા નથી હોતો. એ જ રીતે આત્મા હોય પણ દેહ ન હોય, એ પણ સિદ્ધદશામાં સંભવે છે. માટે દેહ અને આત્માનો અવિનાભાવ સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે. આયાસથી કે અનાયાસે ભેગા થઈ જવું તે સંયોગ સંબંધ છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ પણ છે. આમ ગુરુદેવ શિષ્યને દેહનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે એક તો દેહ છે તે સંયોગ છે.

વળી દેહ જડ છે એટલે કે ચેતનરહિત છે. બીજું જડનાં જે લક્ષણો, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ આ બધાં દેહમાં જોવા મળે છે. એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીનાં સર્વ શરીરોમાં વર્ણાદિ હોય જ છે. પુદ્ગલ પરમાણુઓ જડ છે તેથી તેનાથી બનેલો દેહ પણ જડ છે.

દેહ રૂપી છે. તેનું કોઈ ને કોઈ રૂપ છે. દેખી શકાય એવો છે. આપણે જે કંઈ જોઈએ છીએ તે બધા દેહને જોઈએ છીએ. જીવ તો દેખાતો નથી. કીડી-મકોડી વગેરેને જોઈ, આ જીવ છે એમ જ્યાં કહીએ છીએ, ત્યાં પણ તેના દેહને સંબોધીને કહીએ છીએ.

દેહ દશ્ય છે. અર્થાત્ બીજા વડે જોઈ શકાય છે. આત્મા દેહને જુએ છે. કારણ જાણવું અને જોવું તે આત્માનો સ્વભાવ છે. તેથી આત્મા સર્વને જુએ છે. પણ આત્માને કોઈ જોઈ શકતું નથી. આમ દેહ તો ચક્ષુનો વિષય



છે. આત્મા જ્ઞાતા છે તો દેહ જ્ઞેય છે.

ગુરુદેવ શિષ્યને ફરમાવે છે : દેહ સંયોગ સંબંધે છે. જડ છે. સ્થૂળ સ્વભાવવાળો છે. તેનું રૂપ છે અને ચક્ષુથી જોઈ શકાય છે. હવે આવા દેહની ઉત્પત્તિ સાથે, તેનાથી સર્વથા જુદાં લક્ષણવાળો આત્મા, તેમાં ઉત્પન્ન થતો હોય અને દેહના નાશથી નાશ પામતો હોય તો હે શિષ્ય! હું તને પૂછું છું કે **''ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?''**

દેહની ઉત્પત્તિ અને નાશ તો જાણી શકાય છે. પણ દેહમાં ઉત્પન્ન થયેલા આત્માને કોણ જાણી શકે? આ આત્મા ઉત્પન્ન થયો એમ દેહ તો કહી શકતો નથી. કારણ એ જડ છે. જ્ઞાનગુણ તેનામાં નથી. વળી જે પોતાની ઉત્પત્તિ પણ જાણતો નથી તો આત્માની ઉત્પત્તિ કેમ જાણી શકે? જો તું એમ કહેતો હોય કે આત્માએ જ આત્માની ઉત્પત્તિ જાણી લીધી તો એ પણ યોગ્ય નથી. તારા મતે આત્મા નિત્ય નથી. અને જો આત્મા-ચેતનની ઉત્પત્તિને જાણે તો એ નિત્ય સિદ્ધ થઈ જાય. જેમ ઉત્પત્તિના વિષયમાં તેમ જ નાશના વિષયમાં. ચેતન દેહના નાશને જાણી શકે પણ આત્માના નાશને દેહ જાણી શકતો નથી, એટલે જ આત્માની ઉત્પત્તિ અને લયને જાણનાર કોઈ નથી. માટે હે શિષ્ય! દેહની ઉત્પત્તિ સાથે આત્મા ઉત્પન્ન થતો હોય એવું અને દેહના નાશ સાથે આત્મા નાશ પામતો હોય એવું કોઈએ જોયું નથી. આનું કારણ આપતાં શ્રી સદ્ગુરુ ફરમાવે છે –

**જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;**
**તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન...૬૩...**

દેહ જડ હોવાના કારણે આત્માની ઉત્પત્તિ અને આત્માનો નાશ જાણી ન શકે. હવે હે શિષ્ય! જો તું એમ કહે કે આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ આપ કહો છો, માટે તેણે પોતે જ પોતાની ઉત્પત્તિ અને નાશ જાણી લીધો. પણ આ સંભવિત નથી.

ઉત્પત્તિ થયા પહેલાં તો આત્મા હતો નહીં. હવે જ્યારે એ ઉત્પન્ન થઈ રહ્યો છે ત્યારે શું જાણતો-જાણતો ઉત્પન્ન થાય? એવું તો ન બને! અને છતાં માની લઈએ તો પણ નાશને જાણનારો કોણ? જાણનારનો નાશ થઈ ગયો. એ તો હવે રહ્યો નથી તો મારો નાશ થઈ ગયો એમ કોણ કહે? માટે આત્માએ જ પોતાની ઉત્પત્તિ અને નાશ જાણ્યો તેમ કહેવું તે યુક્તિ સંગત નથી.

માટે હે શિષ્ય! જે જાણનાર છે તે જ્ઞેય એવા પદાર્થથી જુદો જ હોય તો જ જાણી શકે. માટે ચેતન તે જ્ઞાતા અને તેથી પર તે સર્વ જ્ઞેય. માટે જડ એવા દેહને જાણનાર, દેહથી જુદો જ હોવો જોઈએ, અને તે એમ જ છે, શ્રીમદ્જીના શબ્દોમાં –

**''દેહની ઉત્પત્તિ અને દેહના લયનું જ્ઞાન જેના અનુભવમાં વર્તે છે તે; તે દેહથી જુદો ન હોય તો કોઈપણ પ્રકારે દેહની ઉત્પત્તિ અને લયનું જ્ઞાન થાય નહીં. અથવા જેની ઉત્પત્તિ અને લય, જે જાણે છે, તે તેથી જુદો જ હોય, કેમ કે તે ઉત્પત્તિ-લયરૂપ ન ઠર્યો પણ તેનો જાણનાર ઠર્યો. માટે તે બેની એકતા કેમ થાય?''**

અરે! ક્યારેક મૃત્યુશય્યા પર સૂતેલ વ્યક્તિને આભાસ થઈ જાય કે હવે પોતે જઈ રહ્યો છે. એ કહે પણ ખરો કે હું જાઉં છું, બસ, આટલા વાગ્યા પછી નહીં હોઉં. અમારા પ્રાતઃસ્મરણીય પુજ્ય દાદી ગુરુણીજી મોતીબાઈ મહાસતીજીને આ ખ્યાલ આવી ગયો હતો. તેઓએ અગાઉ જ કહી દીધું હતું. જે રાત્રે તેમણે દેહ છોડ્યો તે અગાઉ જ કહી દીધું કે રાત્રે બે ને વીસે હું જઈશ. સાંજે સંથારો પણ કરી લીધો. ને બે ઉપર પાંચ-સાત-દશ મિનિટ થઈ ત્યાં સુધી બોલતાં પણ હતાં. છેવટે પૂછ્યું પણ ખરું કે બે ને વીસ થઈ ગઈ? થોડી મિનિટો બાકી હતી, અને બે-વીશે તેમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો.

આવી જાગૃતિ બહુ ઓછા જીવોને હોય. પણ દેહ છોડ્યા પછી એ કહેતા નથી કે મારો નાશ થય. હા, જાતિસ્મરણ અથવા અવધિજ્ઞાન થયું હોય તો પોતાના પૂર્વભવોના શરીરને ક્યારે ગ્રહણ કર્યા. અને ક્યારે છોડ્યાં કે ભવિષ્યમાં ક્યારે, કયું શરીર ગ્રહણ કરશે અને છોડશે તે જાણી શકે. પણ તે શરીરથી પોતે ભિન્ન છે માટે જ જાણી શકે.

અહીં ગુરુદેવ શિષ્યને એ જ સમજાવી રહ્યા છે કે હે શિષ્ય! જેની ઉત્પત્તિ અને લય જાણવો છે, તેનાથી જાણનાર જુદો હોય તો જ જણાય, અને આત્માના ઉત્પત્તિ-લય કોઈ જાણી શકતું નથી માટે આત્મા ઉત્પન્ન થતો નથી તેમ નાશ પણ પામતો નથી, તેથી તે નિત્ય છે.

આમ ગુરુદેવે શિષ્યની આત્માની નિત્યતા વિષે, જે શંકા હતી તેને સમજાવી છે. હજુ આ શંકા તદ્દન નિર્મૂળ થઈ જાય તે માટે વધુ સચોટ તર્કો દ્વારા ગુરુદેવ સમજાવશે.

## ....તેથી નિત્ય સદાય!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ચૈતન્ય એવા આત્માને જડથી જુદો જણાવી નિજાનંદની અનુભૂતિ કરાવે છે. જ્ઞાન એ ચૈતન્યનો અસાધારણ ગુણ છે અને તેથી જ ચૈતન્ય, ચૈતન્ય છે.

આત્માની અનુભૂતિ પોતાના જ્ઞાન વડે જ આત્માએ કરવાની છે. આ જ્ઞાન એટલે કોઈ ગ્રન્થોનું જ્ઞાન નહીં, શબ્દાત્મક જ્ઞાન નહીં, વાંચેલું કે સાંભળેલું જ્ઞાન નહીં, પણ આત્મામાં રહેલ વેદક શક્તિ દ્વારા જ ચૈતન્યને અનુભવવાનો છે.

સમ્યગ્દર્શન પામેલો જીવ નિજ આત્માને અનુભવતો હોય, પણ એ અનુભૂતિ ખંડ-ખંડ હોય. ક્યારેક થાય, ક્યારેક ન થાય. આત્મવિકાસની વધતી દશામાં કેવળજ્ઞાન સુધી પહોંચે ત્યારે આજ સુધી થયેલો ખંડ-ખંડ અનુભવ અખંડ રૂપે થાય છે. અને પછી તેમાં નિરંતર જીવ ટકી રહે છે.

આ અખંડ અનુભૂતિ તો જ સંભવે, જો આત્મા નિત્ય હોય. આત્મા ક્ષણિક હોય, નાશવંત હોય તો તેની અખંડ અનુભૂતિ થઈ શકે જ નહીં. અરિહંત પરમાત્માએ આવી અખંડ અનુભૂતિને માણી અને પછી શાસ્ત્ર પ્રરૂપ્યાં. તેઓ કહે છે કે અમે તથા જેટલા જીવ સિદ્ધિને પામી ગયા તે સહુએ આત્માનો અખંડ અનુભવ કર્યો છે અને અત્યારે પણ કરી રહ્યા છીએ. એ જ આત્માની નિત્યતાનું પ્રમાણ છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં, શિષ્યે આત્માની નિત્યતા વિષે સંદેહ ઊભો કર્યો છે અને ઉપકારી ગુરુદેવ શિષ્યને સમજાવી રહ્યા છે. અનેક પ્રમાણયુક્ત દલીલોથી આત્માનું નિત્યત્વ સિદ્ધ કરી રહ્યા છે. આગળની ગાથામાં એ જ મર્મને સમજાવાશે. અહીં આપણને આ વિષય રીપીટેશન થતો લાગે છે. પ્રશ્ન થાય કે શ્રીમદ્જી જેવા આત્મજ્ઞાની મહાપુરુષ શા માટે ફરીફરીને એ

જ વાત કહી રહ્યા છે?

તેઓ જાણતા હતા કે જનસમાજને આત્માની નિત્યતા વિષે શંકા સંભવે છે. કેટલાક લોકો કહેતા હોય છે કે કોને ખબર છે પરભવ છે કે નહીં? મરીને ક્યાંય જન્મ લેવાનો છે કે નહીં? લોકો કહેતા હોય છે કે સ્વર્ગ-નરક જેવું કંઈ નથી. આ તો સ્વર્ગની લાલચે માણસ સારાં કર્મો કરે, બીજાની ભલાઈ કરે, સદાચારી જીવન જીવે. અને નરકનાં અસહ્ય દુ:ખોનું વર્ણન કર્યું હોય તો નરકના ભયે પાપ-પ્રપંચ ન કરે, કોઈને ત્રાસરૂપ ન બને, દુરાચારને છોડી દે માટે જ ડાહ્યા માણસોએ સ્વર્ગ-નરકની કલ્પના ઊભી કરી છે, બાકી સ્વર્ગ અને નરક બધું અહીં જ છે.

કોઈ માણસ બધી રીતે દુ:ખી હોય, શરીરમાં ભયંકર બીમારીઓ હોય, માનસિક ત્રાસ હોય, કૌટુંબિક જનોનો અસહકાર હોય, આર્થિક ભીંસમાં આવી ગયો હોય, સમાજમાં કિંમત ન હોય, આમ ચારે બાજુથી ઘેરાયેલો હોય ત્યારે આપણે કહેતા હોઈએ છીએ કે જીવતાં નરક ભોગવે છે. જુઓ, નરક અહીં જ છે.

પણ આમ માનનારાઓએ વિચારવું ઘટે કે કેટલાક માણસો ખૂબ અધમ, પાપી, દુરાચારી, વ્યસની-બધી જ વાતે પૂરા હોય, તેના એકના કારણે કેટલાય જીવો દુ:ખી હોય છતાં એવો માણસ બધી જાતનાં ભૌતિક સુખ ભોગવતો હોય. તેનાં કરેલાં આ પાપો ભોગવવાં તો પડે જ ને? તો એ ભોગવવા માટેની વ્યવસ્થા થઈ ચૂકી હોય છે.

બંધુઓ! જીવ જ્યારે, જે ભાવે જેટલાં કર્મો કરે છે ત્યારે જ તેનું ફળ ક્યાં-ક્યારે કેવું અને કેટલું ભોગવવાનું છે તે સાથે-સાથે નક્કી થઈ જાય છે. પહેલાં બધાં કર્મો ભેગાં થાય અને પછી કયામતનો એક દિવસ આવે ત્યારે જીવે ક્યાં જવાનું છે અને શું ભોગવવાનું છે તે ભગવાન નક્કી કરીને કહે છે એવું નથી બનતું. અહીં તો ક્ષણ-ક્ષણ કયામતની જ છે, ક્ષણે-ક્ષણે કર્મ બંધાય અને ક્ષણે-ક્ષણે તેનું ફળ નક્કી થઈ જાય.

તો કર્મ અનુસાર સ્વર્ગ અને નરક પણ નક્કી થઈ જાય છે. કદાચ તમે નરક કે સ્વર્ગને કોઈ સ્થાન ન માનતા હો, પણ એ તો જાણો છો ને કે અહીં કોઈ માણસ મોટો ગુનો કરે તો તેના ગુનાની શિક્ષા માટે કેટલી બધી વ્યવસ્થા તમે જ ઊભી કરી છે! પોલીસ, જેલ, કોર્ટ, વકીલ, જજ, ચુકાદો અને સજા! કહો, તમારી ઊભી કરેલી આ વ્યવસ્થાને અનુસરવું



પડે છે કે નહીં? ને સજા ભોગવવા જેલમાં ગુનેગારને લઈ જવાય કે તેને ઘરમાં રાખીને જ સજા આપે? એમ નથી થતું! સમાજની નજરે ગુનેગાર ઠરેલ વ્યક્તિને કાળ-કોટડીમાં પુરાવું પડે અને ફાંસી સુધીની સજા મળે તો તે પણ ભોગવવી જ પડે, તેમાં ચાલે નહીં. બંધુઓ! આત્માએ કરેલાં કર્મોનું પણ એમ જ છે. તેને ભોગવવા નરક, નિગોદ અને તિર્યંચ જેવા ગતિરૂપ સ્થાનો છે અને ત્યાં જીવને જવું પડે છે. એ જ રીતે પુણ્યકર્મ કરવાવાળાને પણ સ્વર્ગ કે મનુષ્ય જેવી ગતિ મળે જ્યાં સુખ ભોગવે છે.

આ બધું ત્યારે જ ઘટી શકે, જો આત્મા નિત્ય હોય, શ્રીમદ્જી વારંવાર આ ભાવોનું રીપીટેશન ગાથાઓમાં કરે છે તેની પાછળનું કારણ એ જ છે કે માણસો આત્માની નિત્યતા સ્વીકારતા નથી. તેઓની સમક્ષ આત્માનું નિત્યત્વ સિદ્ધ કરી, પોતે જ નિત્ય એવો આત્મા છે એ શ્રદ્ધાને જાગ્રત કરવી છે.

આત્માની નિત્યતા ફરી સિદ્ધ કરવા માટે શ્રીમદ્જી કહે છે –

**જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;**
**ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ...૬૪...**

જગતમાં જેટલા દેહાદિ સંયોગો છે તે દૃશ્ય છે. અર્થાત્ જોઈ શકાય તેવા છે અને તે અનુભવરૂપ આત્માના જ્ઞેય પદાર્થો છે. પણ આત્મા કોઈ સંયોગથી ઉત્પન્ન થવા યોગ્ય નથી. આત્મા છે ત્યાં વિકાસ છે. એક નાનું એવું બીજ જમીનમાંથી તત્ત્વને ગ્રહણ કરી, અંકુરિત થઈ વૃક્ષ રૂપે વિકસિત થાય છે. બીજમાં ચૈતન્ય છે તેથી તે આસપાસના સંયોગે શરીરની રચના કરી લે છે, પણ જડ પદાર્થો ગમે તેટલા મળ્યા પછી પણ તેમાંથી જીવની ઉત્પત્તિ થઈ શકે નહીં. વિજ્ઞાનની પ્રયોગશાળામાં અનેક રસાયણો ભેગાં કરી એકમાંથી અન્ય પદાર્થ બની શકે અર્થાત્ પદાર્થનું રૂપાંતર થાય. પણ કદી ક્યાંય સાંભળ્યું નથી કે વિજ્ઞાને અમુક પદાર્થો ભેગા કરી, તેમાંથી જીવની ઉત્પત્તિ કરી હોય.

અરે! ટ્યુબબેબીને વિષે વિચારો તો પણ માના ઉદરમાં જીવને આવીને ઉત્પન્ન થવા માટે જે સ્થિતિ આવશ્યક છે તે જ સ્થિતનું નિર્માણ એ જ વીર્ય અને રુધિર વડે બહાર કરવામાં આવે ત્યારે જ તેમાં જીવ આવીને સ્થાન ગ્રહણ કરે છે.

જીવ કોઈનો બનાવ્યો બનાવાતો નથી. નાનું બીજ ઊગીને વટવૃક્ષ થઈ શકે, પણ વિજ્ઞાને શોધેલાં સાધનોને જમીનમાં હજારો વર્ષ સુધી દાટી રાખો, તે ધૂળ થઈ જશે પણ એક તસુભરનો અંકુર તેનામાં નહીં ફૂટે! આમ સંયોગોથી જીવની ઉત્પત્તિ થઈ શકે નહીં.

હા, આત્માને આવીને ઉત્પન્ન થવા યોગ્ય યોનિ તૈયાર થઈ શકે, જેમાં આત્મા જન્મ ધારણ કરે. જેમ કે માનવના શરીરમાંથી નીકળતાં મળમૂત્ર આદિ શરીરથી નીકળી પછી ૪૮ મિનિટમાં તેમાં જીવો ઉત્પન્ન થાય. અર્થાત્ ૧૪ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવને જન્મ લેવા લાયક પરિસ્થિતિ છે તેથી તે સંયોગ મળતાં એ જીવો તેમાં જન્મે અને તેમાં જ મરે. પણ આવા સંયોગોથી કોઈ નવો જ આત્મા તેમાં ઉત્પન્ન થાય એવું ન બને.

વળી આ બધા સંયોગોને જીવ જાણી શકે છે. તેના નાશને પણ જાણી શકે છે. પણ પોતે કોઈ પણ પ્રકારના સંયોગથી ઉત્પન્ન થતો નથી. એ જ એના નિત્યત્વની સાબિતી છે. વળી આ વિષયમાં કહે છે –

**જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય...૬૫...**

આજ સુધીના અનુભવમાં કોઈએ ક્યારેય એ જોયું નથી કે કેટલાક જડ પદાર્થો મેળવવામાં આવે અથવા કોઈ એક જડ પદાર્થમાંથી ચેતનની ઉત્પત્તિ થઈ હોય અને એ જ રીતે ચેતનમાંથી જડની ઉત્પત્તિ થઈ હોય.

પહેલાં કહ્યું તેમ આત્મા આવીને જન્મ ધારણ કરી શકે એવી સામગ્રી મળી શકે. મનુષ્યરૂપે જન્મવું હોય તો માતાનું ઉદર અને વીર્ય-રુધિર રૂપ સામગ્રી જોઈએ, તેમાં જીવ જન્મ લે. પણ જડ પદાર્થોથી ચેતનનું નવું ઉત્પાદન ન બની શકે. આજે વિજ્ઞાને 'રોબોટ' બનાવ્યો, જેમાં માનવશરીરનાં સર્વ અંગ-ઉપાંગ મૂક્યા. તેને હાલતો-ચાલતો કર્યો. તેની પાસેથી માનવશરીર કરતાં પણ વધુ કામ લીધું, પણ એક ખામી રહી ગઈ કે તેમાં જીવત્વ ન મૂકી શકાયું! જડ પરમાણુ રૂપે નિત્ય હોવા પછી પણ વિજ્ઞાન તેમ રૂપાંતરો કરી શકે પણ જીવને ઉત્પન્ન તો નથી કરી શકતું પણ તેમાં રૂપાંતર પણ કરવા વિજ્ઞાન સમર્થ નથી.

બંધુઓ! વિચાર કરો. તમારા ઘરમાં નાના-મોટા અસંખ્ય જડ પદાર્થો છે, ક્યારેય તમે જોયું કે એ જડ પદાર્થમાં જીવ આવ્યો અને તે તમારી જેમ



હાલવા-ચાલવા-બોલવા માંડ્યો? હા, અમુક પદાર્થમાં જીવ-જંતુ થઈ જાય, પણ એ તો પહેલાં બતાવ્યું તેમ તેને જન્મવા યોગ્ય યોનિ મળી. પણ વર્ષોથી ઘરમાં રહેલ તમારું કબાટ પોતે કોઈ માનવરૂપ કે જીવરૂપ બન્યું હોય તેવું ક્યાંય સાંભળ્યું નથી.

એવી જ રીતે ચેતન પોતે ચેતન મટીને જડ થઈ જાય એવું પણ જોયું નથી. હા, એમ લાગે કે માનવ કે કોઈ પશુ, પંખી, જંતુ મરી જાય અને તેનું શરીર પડ્યું રહે તો આપણે એમ માનીએ કે થોડી વાર પહેલાં આ હાલતું-ચાલતું હતું ને હવે જડ થઈ ગયું. પણ એમ નહીં. એ જડ થઈ નથી ગયું. જડ રહી ગયું. ચેતન એમાં હતું એ ચાલ્યું ગયું, એટલે જડ શરીર પડી રહ્યું. ચેતન અને જડ જુદાં થઈ ગયાં.

જડ પદાર્થ સ્થૂળ દૃષ્ટિથી પરમાણુઓના પ્રચયથી બનાવી શકાય. પણ જડનું મૂળભૂત રૂપ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ છે. વિજ્ઞાને ઘણી શોધ કરી, જડની શક્તિઓને માપી તેનો ઉપયોગ કર્યો પણ એકેય પરમાણુને વિજ્ઞાન બનાવી શક્યું નથી. બનાવી શકે જ નહીં. વિજ્ઞાન પણ સ્વીકારે છે કે વિશ્વમાં શક્તિનો કદી નાશ થતો નથી. ચેતન અને જડ બન્ને શક્તિરૂપે છે. નિસર્ગમાં તેનું અસ્તિત્વ સ્વતઃ છે, સહજ છે. તે બન્ને શક્તિઓનું પરિણમન થયા કરે પણ તેનો સર્વથા નાશ ન થાય.

જડના પર્યાયોનું પરિવર્તન થવામાં આપણે નિમિત્ત બની શકીએ પણ મૂળ જડ દ્રવ્યને બનાવી ન શકાય. જેમ કે કોટન વસ્ત્ર એ પ્રથમ વનસ્પતિરૂપ હતું. કપાસના કાલામાંથી રૂ બન્યું, તેમાંથી સૂતર અને તેમાંથી વસ્ત્ર. આપણાં વસ્ત્રને કોઈ કહે કે આ તો વનસ્પતિનો છોડ છે તો આપણને સાંભળવામાં અટપટું લાગશે. પણ ખરેખર પહેલાં એનો વનસ્પતિરૂપ પર્યાય હતો. હવે વસ્ત્રરૂપ પર્યાય બન્યો. તો આપણે તેના પર્યાય તો બદલી શકીએ પણ પરમાણુઓને ઉત્પન્ન કરી શકીએ નહીં.

માટે જ જડથી ચેતન અને ચેતનથી જડ બની શકે નહીં. બન્ને દ્રવ્યોનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે કાયમ રહેવા સર્જાયેલું છે. હવે ફરી અસંયોગી જીવની નિત્યતાને વધુ તર્ક સહિત સિદ્ધ કરતાં ગુરુદેવ ફરમાવે છે –

**કોઈ સંયોગથી નહીં, જેની ઉત્પત્તિ થાય,**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય...૬૬...**

દેહ, સંયોગી પદાર્થોથી ઉત્પન્ન થાય છે. પરમાણુઓનાં અનંત પ્રદેશી સ્કંધોને ગ્રહણ કરી, જીવ દેહની રચના કરે છે અને પછી આ દેહને ટકાવી રાખવા માટે આહાર દ્વારા અને રોમ દ્વારા પરમાણુઓને ગ્રહણ કર્યા કરે છે. આમ દેહાદિ પદાર્થો સંયોગોથી ઉત્પન્ન થયેલા છે. પણ ચૈતન્ય એવો આત્મા કોઈ સંયોગોથી ઉત્પન્ન થવા યોગ્ય નથી, એ આગળની ગાથાઓમાં બતાવી દીધું.

નિયમ એ છે કે જેની ઉત્પત્તિ, તેનો નાશ. ઉત્પન્ન ન થાય તે નાશ પણ ન પામે. આપણી નજરે દેખાતા પદાર્થોની ઉત્પત્તિ આપણે જોઈ છે અને નાશ પણ જોયો છે. ગમે તેવા મજબૂત પદાર્થો હોય તેને બનતા જોયા અને કેટલાક કાળ પછી તે નાશ પણ પામે છે. મજબૂત હોય તો તેને રહેવાની સમયમર્યાદા વધુ હોય, છતાં તેની મર્યાદા હોય. આજે દુનિયાની અજાયબીઓમાં એવાં વૃક્ષ હશે તે ૨૦૦-૫૦૦ વર્ષ જૂનાં હશે. અરે પિરામિડો પણ લાંબા સમયના હશે. ભગવાન બાહુબલિની ભવ્ય પ્રતિમા પણ ૧૦૦૦ વર્ષોથી ઉભી છે, પણ તમારી પાસે કોઈ એવો રેકોર્ડ છે કે કોઈ વસ્તુ લાખ વર્ષની કે કરોડ વર્ષની જૂની આજે પણ હોય! હા, માનવશરીર કે પશુશરીરના અવશેષો મળી આવે છે તો પણ તેની ટાઈમ લિમિટ હોય. તેનો સમય પણ નક્કી થઈ શકે છે. આમ જગતના પદાર્થો સંયોગોથી ઉત્પન્ન થાય છે માટે તેનો નાશ પણ છે.

પણ કોઈ વૈજ્ઞાનિકે અથવા મહાપુરુષે ક્યાંયથી આત્માના અવશેષો શોધ્યા છે ખરા? મળ્યા છે કોઈને? નહીં!

તો આત્માનો નાશ થઈ તે કોઈ અવશેષ રૂપમાં કે અન્ય કોઈ પદાર્થ રૂપમાં પરિણમતો નથી, તે જ તેની નિત્યતા છે.

અહીં સુધી ગુરુદેવે ઉત્પત્તિ અને વિનાશની વાત કહી, આત્માની નિત્યતા સિદ્ધ કરી. હવે પછી દેહ ધારણ કરેલ આત્માની નિત્યતા કઈ રીતે સિદ્ધ થાય છે તેનું વિવેચન આગળ કરશે.

e

## પૂર્વજન્મ સંસ્કાર તે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માની નિત્યતાના કારણે થતી સિદ્ધિનું સહાયક સાધન છે. આત્મા નિત્ય છે માટે જ મોક્ષનું મૂલ્ય છે, આરાધનાનું મૂલ્ય છે.

આગમોમાં આરાધનાની આટલી મહત્તા બતાવી, આરાધક જીવોની મહાનતા બતાવી અને આરાધનાના અંતે થતી સિદ્ધિને સર્વોચ્ચ ધ્યેય રૂપે બતાવી. આ બધાની પાછળ આત્માની નિત્યતાનો ધ્વનિ સમાયેલો છે. આત્મા નિત્ય છે એટલે જ શાશ્વત અને અનંતકાળનાં સુખપ્રાપ્તિનો ધર્મ પુરુષાર્થ છે, અન્યથા ધર્મક્ષેત્ર અને આરાધનાનો માર્ગ શા માટે અસ્તિત્વમાં આવે?

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માવિષયક શંકાઓ અને તેનાં સમાધાન કરવા પાછળનો ધ્યેય એ છે કે જૈન પરંપરા, આત્માની અંતિમ અવસ્થા રૂપ પરમાત્મ દશાને માને છે. તે દશાની પ્રાપ્તિ સર્વ જીવો કરી શકે છે. વળી આ માન્યતા માત્ર મૌખિક, બૌદ્ધિક કે કાલ્પનિક નથી પણ અનંત જીવો પરમાત્મદશાને પ્રાપ્ત કરી ગયા, તેઓ આજે પણ નિત્ય એવી સ્વભાવદશાનો અનુભવ કરી રહ્યા છે.

જીવની બે દશા – વિભાવદશા અને સ્વભાવદશા. જીવને વૈભાવિક પરિણમનો થયા કરે તે સ્થૂળ પર્યાય હોય તો પણ લાંબા કાળ સુધી ટકે નહીં. તેનો નાશ થઈ જ જાય. જ્યારે આત્માના સ્વાભાવિક પર્યાયે પરિણમતો આત્મા, વિકાસક્રમમાં આગળ વધે ત્યારે જ્યાં સુધી પરિપૂર્ણ વિકાસદશા સુધી નથી પહોંચ્યો, ત્યાં સુધી હીયમાન અન વર્ધમાન બન્ને પરિણામો થયા કરે. તે છેક અગિયારમા ગુણસ્થાન સુધી, પણ જો આગળ વધી ગયો અને સંપૂર્ણ સ્વાભાવિક દશારૂપ વીતરાગતાને પામી ગયો, તો

પછી અસ્થિરતા નહીં, હીયમાન પરિણામ નહીં, બસ, પછી તો સદા તેમાં જ સ્થિર. આમ સ્વાભાવિક દશા પણ નિત્ય છે.

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો આત્માનું સ્વરૂપ જ્ઞાનમય છે. એ જ્ઞાનગુણ પણ નિત્ય છે. જ્ઞાનગુણના પરિણામસ્વરૂપ જાણવાની શક્તિ તથા વેદકતાની શક્તિ સર્વ જીવ ધરાવે છે. એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી સર્વ જીવનો જ્ઞાનગુણ કાર્યરત જ હોય છે. આપણે કીડી-માખી-મચ્છર વગેરે જીવોને પીડાથી તરફડતા જોયા છે. તે પરથી સમજી શકાય છે કે તેઓને દુઃખનું સંવેદન થઈ રહ્યું છે. આ સંવેદન જડ પદાર્થોને નથી થતું, કારણ તેનામાં જ્ઞાનગુણ નથી.

જ્ઞાનગુણના કારણે થતું સંવેદન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ત્રણેય સ્તરે થાય છે. આપણો સહુનો અનુભવ છે કે આપણે શારીરિક અને માનસિક બન્ને સુખ-દુઃખના અનુભવ કર્યા છે પણ આધ્યાત્મિક વેદન શું છે તેની ખબર નથી.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તો જીવ શરીર અને મનનાં સુખ-દુઃખનાં સંવેદનોને જ જાણી શકતો હોય, પણ એકવાર ભેદ-વિજ્ઞાન થયા પછી આત્મસ્વરૂપના આનંદને માણે, નિજાનંદની મસ્તીને અનુભવે. એ આધ્યાત્મિક સુખનું વેદન છે. એ જ રીતે આધ્યાત્મિક દુઃખનું પણ વેદન હોય! એ કઈ રીતે? આત્માનો સ્વભાવ તો માત્ર સુખ ને સુખ જ છે તો તેમાં દુઃખનું વેદન કેમ?

જુઓ! એક જીવ સમકિત દશાને પામી, આત્માનો આનંદ લૂંટતો હોય. સાધના દ્વારા આત્મિક વિકાસક્રમમાં પ્રગતિના પંથે પણ હોય, પણ એવા જીવનેય વધુ વિકાસ કરવાની તાલાવેલી છે. તેમાં પુરુષાર્થ પછી પણ વિકાસ ન સાધી શકે તો તેનો ખેદ વર્તતો હોય. ચોથા ગુણસ્થાન પ્રાપ્ત જીવને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રાપ્ત ન થાય તો આત્મામાં ખેદ, ત્યાં સુધી પહોંચેલાને બારમે ન પહોંચવા માટેનો ખેદ હોય. આ ખેદદશા વર્તે તે આધ્યાત્મિક દુઃખનું સંવેદન છે.

પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીએ આવો ખેદ અનુભવ્યો છે. તેમનાથી નાના, પ્રભુના નવ ગણધરો તથા પોતાનાથી જ બોધ પામેલા, પોતાના અનેક શિષ્યો કેવળ પામી મોક્ષ પધારી ગયા અને પોતે છદ્મસ્થ દશામાં છે. એ દુઃખ એમણે કંઈ કેટલીયે વાર પ્રગટ કર્યું છે. પ્રભુને પૂછ્યું છે. 'પ્રભુ, મને કેવળ કેમ નહીં?' આ છે સર્વોચ્ચ કક્ષાનું આધ્યાત્મિક દુઃખનું સંવેદન.



આત્માની વેદકશક્તિ શરીર, મન અને આત્મા ત્રણેય ભૂમિકા પર કામ કરે છે.

જીવ પદાર્થ રૂપે નિત્ય છે, તેની સ્વરૂપદશા રૂપે નિત્ય છે, જ્ઞાનગુણ રૂપે નિત્ય છે. પોતે નિત્ય છે, સાથે તેના ગુણો પણ નિત્ય છે.

ગુરુદેવે જીવની નિત્યતાની સિદ્ધિ કરી બતાવી છે. હવે જીવ વારંવાર જન્મ-મરણ કરે છે, અને ત્યાં વિવિધતાઓ દેખાય છે તે પણ નિત્યતાની જ સાબિતી છે, એ બતાવતાં ગુરુદેવ કહે છે –

**ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;**
**પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય...૬૭...**

વિશ્વફલક પર વિહરતા નાના મોટા જીવોમાં અનેક પ્રકારની વિવિધતાઓ નજરે પડે છે. આ જીવોની ગતિ જુદી-જુદી, કોઈ તિર્યંચ તો કોઈ મનુષ્ય, દેવ અને નારકી તો અહીં દેખાતા નથી. જાતિ જુદી, કોઈ એકેન્દ્રિય, કોઈ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય તો કોઈ પંચેન્દ્રિય. સ્થિતિ પણ જુદી. કોઈનું આયુષ્ય લાંબુ તો કોઈનું ટૂંકું. સહુના રૂપ-રંગ, આકાર-પ્રકાર જુદા જુદા. આ બધી બાહ્ય-ભિન્નતા, શરીરની દૃષ્ટિએ ભિન્નતા દેખાય છે.

એ જ રીતે મનનો-સ્વભાવનો-સંસ્કારનો વિચાર કરીએ તો એ પણ વિવિધ. કોઈનું મન વિશાળ, તો કોઈનું સંકુચિત. કોઈનું મન સાત્ત્વિક, કોઈનું રાજસી તો કોઈનું તામસી. કોઈનું ચિત્ત સરળ તો કોઈનું પ્રપંચી. આવી મનની વિવિધ ભિન્નતાઓ જોવા મળે. એ જ રીતે કોઈનો સ્વભાવ અતિ ઉગ્ર, કોઈનો થોડો ઉગ્ર, કોઈનો મૃદુ, કોઈ લોભી, કોઈ માયાવી, કોઈ પાખંડી તો કોઈ શુદ્ધ અને મંદ કષાયી. કોઈના સંસ્કારો હલકા તો કોઈના સભ્ય. આ બધું એક એક માણસનું, પ્રાણીનું, પક્ષીનું કે જીવ-જંતુનું નિરીક્ષણ કરતાં જોવા મળે છે.

ત્યારે સહેજે એ પ્રશ્ન ઉદ્ભવે કે આમ કેમ? મનુષ્ય તરીકે, સર્વ

મનુષ્ય હોવા છતાં પણ, તેમજ પ્રાણી તરીકે બધાં જ પ્રાણી તરીકે બધાં જ પ્રાણી હોવા પછી પણ આ ભિન્નતા શા માટે? સર્પ ઝેરી, વાઘ ક્રૂર, ચિત્તો હિંસક, કબૂતર ભયભીત, ગાય ગભરુ – આવું કેમ? તથા એક જ મા-બાપનાં ચાર સંતાનોમાં પણ વિશેષ પ્રકારની તારતમ્યતા કેમ?

વિજ્ઞાન આનો જવાબ શોધે અને બાળકનાં માતા-પિતાના સ્વભાવ, પ્રકૃતિ, રૂપ-રંગ વગેરે બાળકમાં હોય. પણ એ તો મા-બાપ સાથે સામ્યતા હોય ત્યાં સુધી જ. પણ મા-બાપમાં ન હોય તે બાળકમાં હોય, તેનું કારણ શું? ત્યારે વિજ્ઞાન જવાબ આપી શકે નહીં. ડોક્ટરો પણ એમ કહે કે કુદરતી છે આ બધું? પણ કુદરત શું? અને એણે આમ કેમ કર્યું? બે સગા ભાઈઓમાં આટલી વિભિન્નતાનું સર્જન કરવા પાછળ કુદરતનો શો હેતુ હતો? તો વિજ્ઞાન ચૂપ! પણ જૈનદર્શનની કર્મ ફિલોસોફી આનો જવાબ આપે છે.

કોઈ પણ બે જીવનાં કર્મો સરખાં નથી હોતાં. જ્યાં-જ્યાં જીવને જેવું વાતાવરણ, જેવા સંયોગ મળ્યા એ-એ પ્રકારે એ વર્ત્યો છે અને એવાં કર્મો જીવે બાંધ્યાં છે. એકસરખા વાતાવરણમાં પણ જીવ પોતાની યોગ્યતા પ્રમાણે કર્મ-બંધન કરતો રહે છે. એક જ માના પેટે જન્મેલ બે બાળકના સ્વભાવ-પ્રકૃતિ જુદાં છે. તે બન્નેએ પૂર્વભવે મા-બાપ સાથે તથા એક-બીજા સાથે કોઈ વિશિષ્ટ ઋણાનુબંધના સંબંધો બાંધ્યા છે. પણ કર્મ તો જુદાં-જુદાં જ કર્યાં. અને એ કર્મસંસ્કાર બનીને જીવ સાથે જોડાઈ જાય છે. તેથી જીવ તેને પોતાની સાથે લઈને જાય છે. ત્યાં એ સંસ્કાર જાગ્રત થતાં તેવા-તેવા પ્રકારના તેનાં સ્વભાવ-પ્રકૃતિ દેખાય છે.

આ જન્મે જે સંસ્કાર આપણામાં દેખાય છે તે મોટા ભાગના પૂર્વભવોથી સાથે લઈને જ આવ્યા છીએ. થોડા સંસ્કારો અહીંના વાતાવરણમાં મળે છે. પણ એવું વાતાવરણ મળવામાં પણ ગત-જન્મોનાં કર્મો જ કારણભૂત છે. જેવાં કર્મો કર્યાં છે તેવું વાતાવરણ અહીં મળે અને તેથી એવા જ સંસ્કાર અહીં પણ પડે.

વળી બીજી વાત. એક તંદુરસ્ત માતા, રોગી બાળકને જન્મ આપે. વિજ્ઞાન એનું કારણ શોધે. માતામાં ન મળે ત્યારે ઈશ્વર પર છોડે. પણ



આપણે વિચારીએ એ વાતને કે આમ કેમ થયું? ક્યારેક તો બાળક જન્મથી ભયંકર બીમારી લઈને આવે. ત્રણ દિવસના બાળક પર ઑપરેશન કરવું પડે. ત્યારે બંધુઓ! આપણને એમ થાય. અરેરે! બિચારું બાળક! હજી તો જન્મ્યું જ છે. એણે એવાં શું પાપ કર્યાં કે આ ભોગવવું પડે છે? અને ખરેખર! એ બાળકે અહીં આવીને કંઈ જ કર્યું નથી. એનાં મન, વચન અને કાયા ત્રણેય એવાં અવિકસિત છે કે તે કંઈ પાપ કરી શકે નહીં. તો પછી થયું શું?

આનો ઉકેલ બુદ્ધિ ન આપી શકે! આમાં બે વાત છે : કાં તો જીવ પૂર્વ જન્મમાં જ્યાં હતો ત્યાં આવા પ્રકારની બીમારી ભોગવતો હતો. કર્મ પૂરાં થયાં નહીં અને આયુષ્ય પૂરું થઈ ગયું ત્યાં તેનું મૃત્યુ થઈ ગયું અને બીમારી સાથે લઈને આવ્યો. તેથી જન્મવાની સાથે જ રોગિષ્ટ દેખાયો. અથવા તેનાં કર્મો સાથે લઈને આવ્યો છે તે કર્મો જન્મતાની સાથે જ ઉદયમાં આવ્યાં, જે ભોગવ્યા વિના છૂટકો નથી. જીવ જે કંઈ છે તે સંસ્કાર આત્મા પર અંકિત થઈ જ જાય છે.

અંકિત થયેલા સંસ્કાર આ ભવમાં જાગી ઊઠે છે. આપણે વિચારીએ! જન્મ્યા પછી આપણને કેટલું શીખવવું પડ્યું અને કેટલું શીખવ્યા વિના જ કરવા માંડ્યા? માટે ભાગે શરીરની ક્રિયા-બેસતાં-ઊભા રહેતાં, ચાલતાં-બોલતાં – આ બધું તો શીખવ્યું ત્યારે શીખ્યા. પણ ગુસ્સો કરતાં, જીદ કરતાં, રસાસ્વાદ લેતાં, આહાર લેવો છે એવું ભાન કોણે શીખવ્યું? માએ કહ્યું હતું કે બેટા! ભૂખ લાગે એટલે રડવા માંડજે, તો જ ખાવા મળશે! ના, એ તો આપણે માને સમજતાં શીખવ્યું કે હું રડું ત્યારે તારે સમજી લેવું કે કાં તો મને ભૂખ લાગી છે અને કાં તો મારા શરીરમાં પીડા છે! આવા સંસ્કારો સાથે લઈને આપણે આવ્યા.

અરે! કૂતરાનાં નાનાં-નાનાં ગલૂડિયાં જોયાં છે? એ પણ અજાણ્યાને જોઈને ભસવા માંડે. કોણે શીખવ્યું? સર્પને ફૂંફાડો મારતાં કોણે શીખવ્યું? આમ પ્રાણીમાત્રમાં જે-જે વિશિષ્ટતાઓ દેખાય છે તે પોતામાં રહેલા સંસ્કારોને જ કારણે!

જમીનમાં ધરબાયેલું બીજ, જેવું જમીનમાં દટાય કે બીજી જ ક્ષણથી

જમીનનો રસ ખેંચવા માંડે, નિરન્તર આ પ્રક્રિયા ચાલુ જ હોય. પરિણામ આપણે સહુ જાણીએ છીએ કે વડનું એક બીજ વિશાળ વટવૃક્ષ ઊભું કરી દે છે. અરે! એક જ નહીં અનેક વડનું સર્જન કરે છે કે મૂળ વૃક્ષ કયું હશે તે શોધવું ભારે પડે! આ શાનાથી થયું? બીજમાં રહેલી પ્રચંડ આહારસંજ્ઞાએ વિકસિત થઈ આ સર્જ્યું.

આમ આખાયે સંસારની જીવંત સૃષ્ટિમાં એ જ જોવા મળે છે કે જે કંઈ સાથે લઈને જીવ આવ્યો છે તથા તેના કારણે અહીં તેનામાં જે કંઈ તારતમ્યતા દેખાય છે તે પૂર્વભવોના સંસ્કાર જ છે.

આ ગાથા દ્વારા ગુરુદેવ શિષ્યને એ જ સમજાવવા માગે છે કે હે વત્સ! સહુ જીવોમાં દેખાતી વિભિન્નતા તેના ગત જન્મોના સંસ્કાર છે. તેનાથી એ ફલિત થાય છે કે આ તેનો પહેલો જન્મ નથી. પૂર્વે પણ વિવિધ યોનિઓમાં જન્મ ધારણ કરીને આવ્યો છે. હવે પૂર્વજન્મ ધારણ કર્યો અને તેના સંસ્કાર અહીં લઈને આવ્યો, તેનો અર્થ જ એ છે કે જે આત્મા શરીરમાં છે, તે જ આત્મા ગત જન્મોના શરીરમાં પણ હતો. જો બન્ને જન્મોનો આત્મા એક ન હોય તો સંસ્કારો કોની સાથે આવ્યા? કારણ એક આત્માએ કરેલાં કર્મ અન્ય આત્મા ભોગવતો નથી. જે કરે તેની સાથે જ જાય અને તે જ ભોગવે.

પૂર્વજન્મનું શરીર સાથે નથી આવ્યું. તેનો તો નાશ થઈ ગયો. પણ શરીરના નાશ પછી પણ આત્મા કાયમ રહ્યો તેથી જ તેણે સંસ્કાર સાથે લઈને આ જન્મ ધારણ કર્યો.

આથી સિદ્ધ થાય કે આત્મા નિત્ય છે, અવિનાશી છે. આત્માની નિત્યતા સિવાય આ બધું સંભવી શકતું જ નથી.

હવે આત્માની નિત્યતાને સિદ્ધ કરતાં વધુ તર્ક ગુરુદેવ કેવી રીતે આપશે તે અવસરે....

e

## આત્મચિંતન

''હું.... આત્મા ....છું....હું આત્મા....છું....''

શુદ્ધતા....એ મારો સ્વભાવ....

હું ચૈતન્ય...., ચેતના....એ મારું સ્વરૂપ....એ ચૈતન્યમાં....અશુદ્ધતા હોય નહીં ....મારું....વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ છે....વર્તમાનમાં દેખાતું.... અનુભવાતું....રાગ-દ્વેષના મેલથી મલિન થયેલું....અશુદ્ધ સ્વરૂપ....એ મારું નથી....

રાગ-દ્વેષ....એ મારા નથી....રાગ-દ્વેષના કારણે થતા ભાવો....એ પણ મારા નથી.... રાગ-દ્વેષના કારણે થતી પ્રવૃત્તિ....એ પણ મારી નથી....એ સર્વથી ભિન્ન...., સર્વથી અલગ...., સ્ફટિકજેવી નિર્મળ દશા.... તે મારી દશા.... કર્મના કારણે થયેલી અશુદ્ધ દશા....તે મારે માટે ત્યાજ્ય છે....

મારે....મારા શુદ્ધ સ્વરૂપની ....પ્રાપ્તિ કરવી છે....મારે....મારી શુદ્ધતાનો....અનુભવ કરવો છે....એ અનુભવ કરવા માટે....મારા....અસલી સ્વરૂપને ઓળખી....તેમાં સ્થિર થવાનો પ્રયાસ કરું....

આ આત્મા....સર્વકાળે....સર્વત્ર....સ્વતંત્ર છે.... રાગ-દ્વેષનાં બંધનો.... તેને જકડી શકે નહીં....રાગ-દ્વેષના મેલથી એ મલિન....બની શકે નહીં ....પુદ્‌ગલના સંગે....એ પુદ્‌ગલ થાય નહીં ....વિભાવના પરિણમને ....એ વિકૃત બને નહીં.... વિકૃતિથી રહિત....નિત્ય સ્વભાવદશામાં રહેવા ટેવાયેલો આત્મા ....સર્વથા શુદ્ધ છે....

મારે ....મારા શુદ્ધ સ્વરૂપનો ....અનુભવ કરવો છે.... શુદ્ધ સ્વરૂપને.... માણવું છે.... આજ સુધીના અનુભવો વિકૃતિમાંથી નીકળેલા છે....અશુદ્ધિમાંથી

આવેલા છે.... આત્માની સ્વાભાવિક દશાનો અનુભવ.... જીવે કર્યો નથી....

મારે....મારી સ્વાભાવિક શુદ્ધ દશા...., નિર્મલ દશા...., સ્ફટિક જેવી સ્વચ્છ દશાનો અનુભવ કરવો છે....

એ માટે હું....મને જાણી લઉં...., મને ઓળખી લઉં...., મારામાં ઠરી જાઉં...., મારામાં સ્થિર થઈ જાઉં...., મારામાં સમાઈ જાઉં...., આત્મામાં સ્થિર થવા માટે.... શુદ્ધ દશાનો અનુભવ કરવા માટે....આત્માનું ચિંતન ....થોડી ક્ષણો ....વધુ ....એકાગ્ર....થઈ....વધુ ઊંડાણમાં જઈ.... કેવળ આત્માનું ચિંતન કરીએ....

''હું.... આત્મા ....છું ....હું આત્મા....છું

''ૐ.... ''શાંતિ''....''શાંતિ'' .... ''શાંતિ''.

e



# આત્મા દ્રવ્યે નિત્ય છે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માના નિત્ય સ્વરૂપની અનુભૂતિ કરાવી તે જ નિત્ય સ્વભાવમાં સ્થિર કરે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માની નિત્યતાને સિદ્ધ કરતી અનેક દલીલો આપી, ગુરુદેવે શિષ્યની શંકાઓનું સમાધાન કર્યું. હજુ શિષ્યના મનમાં સંદેહ છે. જો સર્વ વસ્તુ ક્ષણિક હોય તો આત્મા પણ ક્ષણિક હોવો જોઈએ. કારણ આત્મા વસ્તુ છે. આત્માને વસ્તુ કહો, દ્રવ્ય, પદાર્થ તત્ત્વ કહો – બધા પર્યાયવાચક શબ્દો છે. તેથી જ અહીં આત્માને વસ્તુ માની ક્ષણિક કહ્યો છે.

આ શંકાનું જૈનદર્શનની દાર્શનિક વિચારધારાને લક્ષ્યમાં રાખી, ગુરુદેવ સમાધાન આપે છે –

**આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;**
**બાળાદિ વય ત્રણનું, જ્ઞાન એકને થાય...૬૮...**

આત્મા દ્રવ્ય છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. વળી દ્રવ્ય ઉત્પાદ, વ્યય ધ્રૌવ્યયુક્ત છે. આત્મામાં પર્યાયનું ઉત્પન્ન થવું તે ઉત્પાદ, તે પર્યાયનો નાશ થવો તે વ્યય, અને એ બન્ને અવસ્થાઓ વખતે આત્માનું પોતાના સ્વરૂપરૂપે તેમાં રહેવું તે ધ્રૌવ્ય. ધ્રુવતા એટલે કે સ્થિરતા, દ્રવ્યનું પોતામાં, પોતારૂપે રહેવાપણું તે સ્થિરતા. આત્મામાં ગમે તેટલા પર્યાયો ઉત્પન્ન થાય અને નાશ પામે પણ આત્મા બદલાતો નથી. એ જેવો છે તેવો જ રહે છે. અનંતકાળથી જે દ્રવતો રહ્યો છે, ભવિષ્યમાં અનંતકાળ સુધી દ્રવ્યા કરશે અને વર્તમાનમાં દ્રવી રહ્યો છે છતાં એટલો ને એટલો

જ રહે તે દ્રવ્ય.

સુવર્ણના દૃષ્ટાંતથી આને સમજીએ. સુવર્ણના ઘડાતાં જુદા જુદા ઘાટમાં સુવર્ણ તે મૂળ દ્રવ્ય છે ને જુદા જુદા ઘાટ તે પર્યાય છે. સુવર્ણનું એક આભૂષણ બનાવ્યું તે આભૂષણ રૂપ પર્યાયની ઉત્પત્તિ થઈ. ફરી એ આભૂષણને ગાળી નાખીને બીજો ઘાટ આપવામાં આવ્યો તો પૂર્વે આપેલા ઘાટનો નાશ થયો અને નવા ઘાટની ઉત્પત્તિ થઈ. પણ બન્નેમાં સુવર્ણ તો એનું એ જ રહ્યું. આભૂષણમાં પરિવર્તન થયું પણ તેમાં રહેલ સુવર્ણ બદલાયું નહીં. એ જ એની ધ્રુવતા.

બીજી રીતે દ્રવ્યની વ્યાખ્યા કરતાં કહ્યું –

**गुण पर्यायवत् द्रव्यम्**

ગુણ અને પર્યાયના આશ્રયરૂપ છે તે દ્રવ્ય છે. દ્રવ્યની સાથે સદા રહેનાર, અવિનાશી ધર્મ તેને ગુણ કહે છે અને દ્રવ્યમાં સમયે-સમયે અવસ્થારૂપ પરિણમન થાય છે; તે પર્યાય છે. પર્યાય દ્રવ્યના પણ હોય અને ગુણના પણ હોય. તે પર્યાયોનું પરિણમન થયા કરે પણ દ્રવ્ય કે ગુણ ના બદલાય.

જેમ કે ઉદધિ, પાણી દ્રવ્ય છે. તેમાં સમયે-સમયે તરંગો ઊઠે છે તે તેનો પર્યાય છે. તરંગો ઊઠે ને શમી જાય. પણ તેથી પાણીમાં કંઈ પરિવર્તન આવતું નથી. તે જેમ છે તેમ જ, જેટલું છે એટલું જ રહે છે. તેમજ પાણીમાં રહેલી શીતલતા પણ તરંગોના આવવાથી બદલાઈ જતી નથી. પાણી એ દ્રવ્ય છે. શીતલતા એનો ગુણ છે, અને તરંગો એ પર્યાય છે. પાણીરૂપ દ્રવ્ય એમ ને એમ રહ્યું. શીતલતારૂપ ગુણ પણ એમ ને એમ રહ્યો પણ પર્યાયરૂપ તરંગો આવે છે અને જાય છે, તે બદલાયા કરે છે.

તરંગો પાણીમાં આવે છે માટે તે પાણીના પર્યાયો થયા. શીતલતામાં હાનિ-વૃદ્ધિ થવી, હવામાનના કારણે પાણી ક્યારેક ઉષ્ણ થઈ જાય તો ક્યારેક વધુ શીતળ થઈ જાય, એ છે ગુણનો પર્યાય. પાણી ઉષ્ણ થવા પાછળનું કારણ અન્ય દ્રવ્યનો સંયોગ હોય. સૂર્યનો તાપ હોય કે કોઈ પણ પ્રકારનો અગ્નિ હોય, પણ એ સંયોગના દૂર



થવાથી પાણી ફરી પોતાની મૂળ શીતળતાને પ્રાપ્ત કરી લે. પાણીમાંથી શીતળતાનો ગુણ ક્યારેય નાશ ન પામે.

આમ દ્રવ્યના પર્યાય તથા ગુણના પર્યાય થયા જ કરે. એક ક્ષણ પણ અટકે નહીં. પર્યાયરહિત દ્રવ્ય ન હોય અને દ્રવ્યરહિત પર્યાય ન હોય. એ જ રીતે ગુણરહિત દ્રવ્ય ન હોય અને દ્રવ્યરહિત ગુણ ન હોય. વળી એ જ ન્યાયે ગુણમાં પણ પર્યાય હોય.

આ સ્થિતિ જડ-ચેતન બન્ને દ્રવ્યોમાં રહે જ છે. સ્થૂળ પર્યાયો દૃષ્ટિ-ગોચર થાય પણ સૂક્ષ્મ પર્યાયો ઘણા લાંબા સમય પછી, દ્રવ્યમાં થતા પર્યાયાત્મક ફેરફારના કારણે જ જાણી શકાય, અન્યથા દેખાય નહીં.

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને આત્મદ્રવ્યમાં સમજીએ. આત્મા દ્રવ્ય છે. દ્રવ્ય છે ત્યાં પર્યાય છે. તેથી આત્મામાં પણ ઉત્પાદ – વ્યય થયા કરે છે. ગતિરૂપ શરીરને ધારણ કરવા તે આત્માનો વૈભાવિક પર્યાય છે. આત્મા પોતે મનુષ્યાદિ નથી. આત્માના શુદ્ધ સ્વરૂપમાં દેહાદિ ધારણ કરવાપણું નથી, પણ શરીરને ધારણ કરવું તે કર્મોના કારણે છે. જ્યાં સુધી કર્મ સહિત આત્મા છે ત્યાં સુધી એ અનેક દેહ ધારણ કરે છે. જેટલા દેહ ભૂતકાળે ધારણ કર્યા, વર્તમાને જે દેહમાં છે અને ભવિષ્યમાં જેટલાં શરીરો ધારણ કરશે તે બધાં જ આત્મદ્રવ્યના વૈભાવિક પર્યાયો છે. એક દેહનો નાશ થાય છે, અને બીજો દેહ ધારણ કરે છે. મૃત્યુ થાય એટલે એક દેહ છૂટી જાય એટલે નવો દેહ ઉત્પન્ન થાય. આ દશામાં આત્મા તો બન્ને દેહમાં એનો એ જ રહે. જેમ સુવર્ણનાં આભૂષણોના બદલાતા ઘાટમાં સુવર્ણ એનું એ જ રહે, તેમ આત્મા બદલાતાં શરીરમાં એનો એ જ રહે. અર્થાત્ આત્મા દ્રવ્ય અને બદલાતા દેહ તે તેના પર્યાયો.

વળી એક જ શરીરમાં અવસ્થાઓ બદલાય. સર્વ પ્રથમ બાળક હોય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય. શરીરની આ અવસ્થાઓમાં આત્મા એ નો એ જ રહે. આત્માની અવસ્થાઓ થઈ નથી. જેણે બાળપણને જાણ્યું ને માણ્યું એ જ યુવાનીને જાણે છે ને ભોગવે છે

અને એ જ વૃદ્ધાવસ્થાને જાણે છે ને વેઠે છે. આ ત્રણેય અવસ્થાનો અનુભવ એ જ આત્માએ કર્યો. તેને બધું જ યાદ છે. શરીરની અવસ્થાઓ બદલાઈ પણ પોતે બદલાયો નથી. એ જ સાબિતી છે કે આત્મા ધ્રૌવ્ય છે અર્થાત્ નિત્ય છે અને અવસ્થાઓ ઉત્પાદ-વ્યય સ્વભાવવાળી એટલે અનિત્ય છે.

આત્મા દ્રવ્ય છે અને જ્ઞાનાદિ તેના ગુણો પણ પરિણમનશીલ છે અર્થાત્ તેમાં પણ પર્યાયોનો ઉત્પાદ-વ્યય થયા કરે છે.

જ્ઞાન એ જાણનાર શક્તિ છે. આત્માનું જ્ઞાન આત્માને જ જાણે, આત્માને અનુભવે તે તેનો સ્વાભાવિક પર્યાય છે. જ્ઞાન અંતર્મુખ થાય ત્યારે આત્માને જાણે, પણ બહિર્મુખ થાય ત્યારે ઈન્દ્રિયોના વિષયોને પ્રવર્તતું જ્ઞાન, જગતના પદાર્થોને ઈન્દ્રિયો દ્વારા જાણે, એ જ્ઞાનનો વૈભાવિક પર્યાય છે. જગતને જાણવું તે આત્માના સ્વભાવરૂપ જ્ઞાનનો હેતુ નથી. પણ કર્મોના ઉદયનું નિમિત્ત પામીને જ્ઞાનનો બહિર્મુખ વ્યાપાર થાય છે ત્યારે તે જગત સાથે જોડાય છે. જગત સાથે જોડાયેલું જ્ઞાન જડ પદાર્થોને જાણે, છતાં પોતે જડરૂપ થઈ જતું નથી. સમયે-સમયે, અન્ય-અન્ય પદાર્થોને જાણે, તે તેનો સમયે-સમયે બદલાતો પર્યાય છે. આ પર્યાયો ઉત્પન્ન થાય અને નાશ પામી જાય, પણ જ્ઞાનગુણ કદી ઉત્પન્ન થાય નહીં અને નાશ પામે નહીં. ક્યારેક સ્મૃતિદોષના કારણે મેળવેલું જ્ઞાન વિસરાઈ જાય. અને ત્યારે એમ લાગે કે જ્ઞાન નાશ પામી ગયું, પણ એમ થતું નથી. જીવના ગુણરૂપ જ્ઞાન છે. તે પાણી અને પાણીના સંબંધે, જીવ સાથે રહ્યું છે. જેમ પાણીની શીતલતા, કરોડો ઉપાયે પણ સર્વથા નાશ પામતી નથી તેમ આ જીવ નિગોદ જેવા અતિ સૂક્ષ્મ શરીરને ધારણ કરે છતાં આત્મામાં રહેલો જ્ઞાનગુણ સર્વથા આવરિત થતો નથી.

સૂક્ષ્મ શરીરમાં જ્ઞાનને વ્યક્ત થવાનાં બાહ્ય સાધનો નથી. તેથી જ્ઞાન અવ્યક્ત જ રહે છે. છતાં જ્ઞાન નથી એમ કહી શકાય નહીં. જીવનું જીવત્વ જ જ્ઞાનના હોવાની સાબિતી છે.

કર્મસંયોગે જીવ જ્ઞાનાદિ ગુણના વિકારરૂપ પરિણમે છે, છતાં તે



વિકારરૂપ બની જતો નથી. આ છે ગુણની ધ્રૌવ્યતા અને ગુણમાં પરિણત થતા પર્યાયોનો ઉત્પાદ અને વ્યય. તેથી જ જેમ આત્મા સત્ છે તેમ તેના ગુણો પણ સદા અસ્તિત્વવાન છે.

આટલું વિવેચન કરવા પાછળનો હેતુ, આત્મા ક્ષણિક નહીં પણ નિત્ય પદાર્થ છે; એ બતાવવાનો છે. ગાથામાં ગુરુદેવ એ જ કહે છે કે આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે પલટાતો હોવાથી અનિત્ય છે. શરીરની બાલ્યાવસ્થારૂપ પર્યાયો બદલાયા પછી પણ આત્મા બદલાતો નથી. એ બધી જ અવસ્થાઓનું જ્ઞાન એક આત્માને જ રહે છે.

જો આત્મા ક્ષણિક હોય તો તેને વર્તમાન પર્યાય સિવાય બીજું કશું જ જ્ઞાન હોય નહીં. ભૂત-ભવિષ્યને જાણનારો જ નષ્ટ થઈ ગયો તો કોણ જાણે? માટે આત્મા ક્ષણિક નથી પણ નિત્ય છે. આ વિષયની વધુ સ્પષ્ટતા અવસરે....

e

## વદનારો તે ક્ષણિક નહીં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માના મૌલિક સ્વરૂપને પ્રગટ કરે છે. કૃત્રિમ રૂપોને સહારે ભવમાં ભટકનાર આત્માએ એ રૂપોને જ પોતાનાં માની લીધાં. પોતાના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ એને થઈ નથી, તેથી જ આત્મા-વિષયક ભ્રાંતિ પણ ગઈ નથી.

શંકા કરનાર શિષ્ય પણ કોઈ ભ્રમના કારણે જ આત્માના સ્વરૂપને નિત્ય ન સ્વીકારતાં, ક્ષણિક માનવા પ્રેરાયો છે. સંસારના દેખાતા સર્વ પદાર્થ ક્ષણિકતાની અનુભૂતિ કરાવે છે. એ જોઈને એણે ગુરુદેવને કહ્યું હતું કે આત્મા નિત્ય હોય એમ લાગતું નથી. શરીરથી સર્વ અવસ્થાઓમાં આત્મા બદલાયા વગર એનો એ જ રહે છે એ સિદ્ધ કર્યા પછી, એ જ બાબતને વધુ સ્પષ્ટ કરે છે.

**અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;**

**વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર...૬૯...**

હે શિષ્ય! તેં તારા દેહમાં આત્મા છે એ તો સ્વીકાર્યું જ છે. તું કહે છે, આત્મા ક્ષણિક છે. તો હું તેને પૂછું છું કે આત્મા ક્ષણિક છે એમ બોલનારો, તારો આત્મા છે કે બીજો કોઈ? અંદરથી કોણ બોલે છે? જો તારો આત્મા જ બોલતો હોય તો એણે ક્યારે જાણ્યું કે આત્મા ક્ષણિક છે? તારા મતે એ ક્ષણિક છે તો જાણનાર આત્મા તો નાશ પામી ગયો. કહેનાર બીજો કોઈ છે કે જેણે જાણ્યું નથી. તો એની કહેલી વાત કેવી રીતે માનવી? જાણ્યા વિના કહેતો હોય તેની વાત માનવા લાયક જ ન હોય, અને જો એ જાણીને પછી કહેતો હોય તો તે ક્ષણિક ન હોય. કારણ કે જાણવામાં ઓછામાં ઓછી એક ક્ષણ તો લાગે જ. કહેવામાં પણ એક ક્ષણ લાગે. જેણે જાણ્યું છે તે જ કહે છે તો તેવી સ્થિતિ બે ક્ષણની થઈ ગઈ.



તો સર્વ વસ્તુ ક્ષણિક છે માટે આત્મા પણ ક્ષણિક છે તે સિદ્ધાંત ઊભો રહી શકતો નથી.

આપણા સહુનો અનુભવ છે કે આપણે જે કંઈ બોલીએ છીએ પહેલાં વિચારીએ છીએ, પછી બોલીએ છીએ. જે ક્ષણે વિચારીએ એ જ ક્ષણે કહી શકતા નથી, વિચારવાની ક્ષણ જુદી અને કહેવાની ક્ષણ જુદી. પહેલી ક્ષણે જેણે વિચાર્યું છે તે જ બીજી ક્ષણે કહી શકે. બંને જુદા હોય તો કોઈ કદી વિચારોને વ્યક્ત કરી શકે નહીં. વિચાર પણ નાશ પામી ગયા અને વિચારનાર પણ નાશ પામી ગયા. કોણ કહે? શું કહે?

એ જ રીતે આપણા આત્મામાં જાગતા ક્રોધાદિના ભાવો પણ એક ક્ષણે જાગે અને બીજી ક્ષણે તેને વ્યક્ત કરીએ છીએ. અરે! એટલું જ નહીં, ક્રોધ-ક્ષમા, ગમો-અણગમો, હાસ્ય-શોક આદિ ભાવો પણ, કેટલાક દિવસો, મહિનાઓ કે વર્ષો પહેલાંના આપણે કોઈને કહેતા હોઈએ છીએ. અમુક સમયે, અમુક પદાર્થ મને બહુ ગમ્યો હતો, આજે પણ ગમે છે. આ ક્યારે કહી શકાય? જ્યારે એ ગમ્યો, ત્યારથી આજ સુધી જેને ગમ્યો છે તેનું અસ્તિત્વ હોય તો! અન્યથા નહીં.

આમ દરેક દૃષ્ટિથી વિચારતાં, સર્વ પદાર્થોની ક્ષણિકતાનું જ્ઞાન કરીને, કહેનાર પોતે ક્ષણિક હોય એમ જણાતું નથી. આપણા જીવન-વ્યવહારમાં પણ એ અનુભવ થતો હોય છે. તેથી આત્મા ક્ષણિક નહીં પણ દેહમાં હોવા પછી પણ દેહથી જુદો અને સદા નિત્ય છે.

આત્માને ક્ષણિક માનવા જતાં કર્મ ફિલોસોફીનો સિદ્ધાંત પણ ઊડી જશે. કર્મ કરનાર અને ભોગવનાર બંને એક જ હોય, જુદા નહીં. કર્મ જ્યારે બંધાય ત્યારે ને ત્યારે ફળ આપે અને ન પણ આપે. મોટા ભાગનાં કર્મો લાંબા સમય પછી ભોગવવાનાં હોય છે. જેણે બાંધ્યાં છે એ લાંબા સમય સુધી અસ્તિત્વમાં હોય તો જ એ ભોગવે. નહીં તો કોણ ભોગવે? વ્યાવહારિક જગતમાં પણ આમ નથી હોતું તો આત્મિક જગતમાં તો ન જ હોય, કારણ વ્યાવહારિક જગતના મૂળભૂત સિદ્ધાંતરૂપી નીતિ-નિયમો, આ આત્મ-સાધના માટેની ભૂમિકા જ છે. આત્મિક જગત સ્વયંસંચાલિત છે, તેમાં મીનમેખ નથી. આ દૃષ્ટિએ પણ આત્મા નિત્ય છે.

આત્માની નિત્યતાની સિદ્ધિ એ આપણા માટે અત્યંત ઉપકારી સાધન છે. જે વ્યક્તિના અંતરમાં આ શ્રદ્ધા દૃઢ થઈ જાય તેને મૃત્યુનો ભય ટળી

જાય. મરવાનો તો ખરો, પણ તેનામાં એ સમજણ દૃઢ હોય કે મરે છે તે દેહ છે, હું મરતો નથી. હું તો અજરામર છું. એ તો મસ્ત થઈને ગાતો હોય :

**સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મ સ્વરૂપ;**
**દેહ મરે છે હું નથી મરતો, અજર અમર પદ મા...રું...**

આવો દૃઢ વિશ્વાસ જેના અંત:કરણમાં હોય તેણે ભયને જીતી લીધો હોય. દેહ અને આત્મા અલગ થાય તો થાય, એમાં મારે શું? આત્માનો દેહમાં રહેવાનો સમય પૂરો થાય એટલે એ દેહ છોડીને ચાલતો થાય. તેમાં ખોટું શું? જ્યાં જેને જેટલું રહેવાનું હોય એટલું જ રહે, રહી શકે. સમય થતાં જવાનું જ હોય! આવી સમજણ શ્રદ્ધાવાન જીવને ઉપકારક નીવડે. સહજાનંદસ્વામીએ આ ભાવો એક પદમાં સુંદર રીતે ફરમાવ્યા છે –

**નિત્ય છું નિત્ય છું આતમા નિત્ય છું,**
**તો પછી મરણ ભય કેમ મ્હારે – ?**
**ભલે મરે શત્રુઓ, રાગ દ્વેષાદિઓ,**
**અમર પરમાણુ જીવ મરે ન ક્યારે...૧**
**વીર્યરજથી બન્યું. માટીનું ઢેકું આ,**
**જાય શમશાનમાં જડ-સ્વભાવે;**
**ક્ષણે-ક્ષણે મલી-બિખરી દશા પલટે પણ**
**નિત્ય પરમાણુ નિજ ધર્મ દાવે....૨**

હું આત્મા છું અને નિત્ય છું. હવે મરણનો ભય રાખવાની જરૂર જ શી છે? રાગ-દ્વેષાદિના ભાવો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ મારા શત્રુ છે. એ મરતા હોય તો ભલે મરે. મારે રાગનોય ખપ નથી અને દ્વેષનોય ખપ નથી. હું એટલે આત્મા અને જડ પુદ્‌ગલનું મૌલિક સ્વરૂપ પરમાણુ. આ બંને કદી મરતા નથી. બન્ને અમર જ છે.

મરે છે તે દેહ છે, કારણ તે જડ પુદ્‌ગલોના સમૂહથી બન્યો છે. તેથી તેને નષ્ટ થવું જ પડે. દેહ મરે અને તેને બાળવામાં આવે છે. જો દેહ ચેતન હોત તો તેને મરવું ન પડત, બળવું ન પડત. પણ સમયે-સમયે મળતા અને વીખરતા પરમાણુઓના સ્કંધથી બનેલા શરીરની દશા બદલાય છે. તેનામાં અનેક પરિવર્તનો આવે અને અંતે તેને રાખ થવું પડે પણ પરમાણુનો કદી નાશ થાય નહીં.



આમ જેને અનુભવ-મૂલક આત્માની નિત્યતાનો સચોટ વિશ્વાસ છે તે આત્મા દેહના મરણનો ભય ન સેવે. પણ મરવું છે તે નિશ્ચિત છે તો તેની તૈયારી કરી લે. ખરેખર તો માનવ જન્મે ત્યારથી તેને મરણની તૈયારી કરવાની છે. જરૂર આ વાત થોડી અટપટી લાગશે, પણ જન્મ પછી ક્યારે મરણ આવશે તેની ખબર નથી. તેથી પ્રત્યેક પળે સાવધાન રહેવું આવશ્યક છે. જ્યારે મૃત્યુ આવે ત્યારે હસતો-હસતો જઈ શકે. કોઈ મોહ કે મમત્વ તેને સતાવતું ન હોય. મરણ વખતે ભલામણો કરવાની બાકી ન હોય. પણ મરણ આવી રહ્યું છે એવો સંકેત મળતાં, બધું જ છોડી પોતામાં સ્થિર થઈ જાય. આત્મ-પ્રભુ સિવાય બીજું કંઈ યાદ ન આવે.

આવી તૈયારી કરવા માટે જીવની નિમિત્તાધીન વૃત્તિ છે તેને બદલવી પડશે. નાનાં-મોટાં કોઈ પણ નિમિત્તો જીવને વ્યાકુળ ન કરી મૂકે એ માટે પોતે પોતાને કેળવણી આપવી પડશે. જેમ-જેમ જીવ કેળવાતો જાય તેમ-તેમ પોતામાં સ્થિર થતો જાય. મોહ-મમત્વનાં નિમિત્તોને આધીન થવાનું છોડી દે, રાગ-દ્વેષનાં નિમિત્તોમાં ભળવાનું છોડી દે. બસ આ બે કામ માટે રોજની પ્રેક્ટિસ, રોજનો અભ્યાસ થશે તો મરણ આવશે ત્યારે એ સાજ સજી તૈયાર જ હશે. બંધુઓ! આ છે મરણની તૈયારી, પોતે પોતામાં તૈયાર થઈ જાય. બસ, પછી બીજું કશું કરવાનું રહેતું નથી!

અહીં ગુરુદેવે શિષ્યને આત્માની નિત્યતા વિષે સચોટ તર્કો આપી તેના માથામાં એ બેસાડ્યું કે આત્મા દેહથી જુદો છે, નિત્ય છે. અને શિષ્યની શ્રદ્ધા પણ આ સ્વીકારે છે. ઉપકારી ગુરુદેવના ચરણમાં મસ્તક ઝુકાવી શિષ્ય ઊભો છે. ત્યાં જ ગુરુદેવ હવે શિષ્યના આત્માની નિત્યતાવિષયક એક પ્રશ્ન પૂછી, તેના જ મુખે કહેવડાવવા માગે છે કે ગુરુદેવ! આત્મા નિત્ય છે, નિત્ય છે, નિત્ય છે, અને તે સ્વીકારું છું.

હવે એ પ્રશ્ન અવસરે....

e

# ...કેમાં ભળે તપાસ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવમાં રહેલા અમરત્વ ગુણને પ્રગટાવે છે. જન્મ-જરા-મરણ શરીર સાથે સંકળાયેલી ચીજો છે. અસંગી એવા આત્માને શરીર નથી, જન્મ નથી, જરા નથી, મરણ નથી, આત્માના મૌલિક સ્વરૂપમાં આવી પરિસ્થિતિઓનો સંભવ નથી.

કર્મને વશ થઈ, કર્મે જેવા ખેલ ખેલાવ્યા એવા તે ખેલતો રહ્યો. પરિણામે આત્માના સ્વભાવમાં જે નથી એમાં જ એને રહેવું પડ્યું. એ જ કરવું પડ્યું. આપણા આખાયે ભૂતકાળને તપાસી લઈએ તો જીવે બીજું કાંઈ કર્યું કે ના કર્યું, પણ જન્મ-મરણ તો કર્યાં જ છે. જ્યાં જન્મો લીધા, ત્યાં જે ફરજો હતી તે બજાવી કે નહીં, જવાબદારીઓ નિભાવી કે નહીં, કોઈ સારાં-માઠાં કાર્યો કર્યાં કે નહીં, પણ જન્મ અને મરણ તો કર્યાં જ છે. કર્મોને સહારે ઉદય અને અસ્ત પામ્યો જ છે.

જીવની પશુયોનિમાં પણ કંઈક ફરજ હોય છે. આંગણે બાંધેલી ગાયનું સારી રીતે પાલન-પોષણ કરે તો એ ગાય પાસેથી દૂધની અપેક્ષા રહે જ અને દૂધ આપવું એ ગાયની ફરજ થાય. કૂતરાને પાળ્યો હોય તો ઘરની રક્ષા કરવી તે તેની ફરજ થાય. નોકરને પગાર આપો તો જવાબદારીપૂર્વક કામ કરવું તે તેની ફરજ થાય. આમ જુદા-જુદા જન્મમાં જુદી-જુદી ફરજો હોય જ છે. પણ બધી જ વાર જીવ આ ફરજો બજાવતો હોય એવું નથી હોતું. કદાચ ચૂકી પણ ગયો હોય. પરંતુ જન્મ લેવાનું અને મરણ પામવાનું તો તે ચૂક્યો જ નહીં.

જન્મ-મરણ પણ કેટલા? અનંત. જેની કોઈ ગણતરી થઈ શકે તેમ નથી. જાણો છો બંધુઓ! સાધારણ વનસ્પતિ એટલે કે કંદમૂળના જીવો



કાચી બે ઘડીમાં .૬૫,૫૩૬ ભવ કરે છે. એટલી વાર જન્મે, અને મરે! વિચાર કરો, ૪૮ મિનિટથી પણ ઓછા સમયમાં આટલી વાર જન્મે, મરે-તો તેનો જીવનકાળ કેટલો? આપણે એક-બે-ત્રણ ગણવા માંડીએ તો પણ કદાચ એટલી વારમાં ૬૫,૫૩૬ ગણી ન શકીએ. વળી આટલા નાના જીવન-કાળમાં એ શું કરતો હશે? આપણી સ્થૂળ બુદ્ધિ તો એમ કહે કે કાંઈ ન કરે? કાંઈ કરવાનો સમય જ ક્યાં હોય? પણ જ્ઞાનીઓ કાળને સમયની દૃષ્ટિએ માપે છે. તેમના સૂક્ષ્મતમ જ્ઞાનમાં જીવની સમય-સમયની પ્રવૃત્તિની ગણતરી છે. તેથી તો તેઓ કહે કે એ જીવ, તેના એક જન્મમાં અનંત કર્મો ભોગવે, અનંતની નિર્જરા કરે અને અનંત કર્મો બાંધે! આ વાત આપણા મગજમાં બેસે નહીં. કેમ થઈ શકે? ક્યાં જીવનનો અતિ અલ્પ સમય અને ક્યાં ભોગવાતાં, નિર્જરા થતાં અને બંધાતાં અનંત કર્મ!

પણ બંધુઓ! નિગોદના આ જીવને આગળ પ્રવાસ કરવો છે. ઊંચું આવવું છે. અનંતકાળથી એમાં પડ્યો છે પણ ઉપર ઊઠવાનો કામી છે. એ ત્યારે જ બને કે એના અનંત-અનંત પાપકર્મોની નિર્જરા થઈ જાય. નિર્જરાના બળે જ એ આગળ વધે, ભલે સમજણપૂર્વકની નિર્જરા ન કરતો હોય પણ છેદન-ભેદન આદિ દુ:ખો પરાધીનપણે સહન કરે તેથી કર્મની નિર્જરા થતી જાય અને છે ત્યાંથી આગળ વધવા લાયક બને. તો આમ અનંત કર્મ ભોગવે અને અનંતની નિર્જરા કરે. આ જ છે તેના વિકાસનું સાધન. સહુ જીવોને જ્યાં ઉપર ચડવું છે ત્યાં સાધન તો જોઈએ જ. નીચે ઊતરવા માટે તો કદાચ ભૂસકો મારીને પણ માણસ નીચે આવી જાય. તેમાં બહુ શ્રમ ન કરવો પડે. પણ ઉપર ચડવા માટે તો મજબૂત આધાર જોઈએ. આ જીવો પણ નિર્જરાના બળે જ ઉપર ચડે છે.

જીવનના આટલાં અલ્પકાળમાં એ કેટલાં અને કયા કયા કર્મો બાંધે એ પણ વિચારણીય છે. પ્રત્યેક જીવ સમયે-સમયે સાત કર્મ બાંધે જ છે. આ જીવો પણ એ સાતેય કર્મો બાંધે. એના જીવનકાળનું માપ નીકળી તો ન શકે. પણ સ્થૂળ દૃષ્ટિથી વિચારીએ તો એક સેકન્ડમાં લગભગ ૨૨ થી ૨૩ ભવ કરે. હવે કર્મ ફિલોસોફીનો એક એવો નિયમ છે કે કોઈ પણ જીવ તેના બીજા જન્મનું આયુષ્ય બાંધ્યા પછી જ મરે. એ પહેલાં મરે નહીં. આ જીવોનું પણ એમ જ થાય, એટલે એ તેના જીવનના અતિ ટૂંકા

કાળમાં બીજા જન્મનું આયુષ્ય બાંધે પછી મરે. તેથી તેણે આઠેય કર્મો બાંધ્યાં, સમયની ગણતરીથી તો એનું આયુષ્ય અસંખ્ય સમયનું હોય.

આ વિષય બહુ જ સ્પષ્ટતાથી સમજવા જેવો છે. એક પ્રશ્ન હજુ થાય કે નિગોદનો જીવ તેની કેટલી કેપેસિટી? એ કર્મ બાંધે શાનાથી? હા, બંધુઓ! આપણે ત્યાં કર્મબંધનાં મુખ્ય પાંચ કારણો કહ્યાં, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ જીવમાં આ પાંચેય કારણ મોજૂદ છે. એ સમકિતી હોય નહીં. વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતો ન હોય, પ્રમાદમાં તો પડ્યો છે. ક્રોધાદિ કષાયો પણ બધા જ એનામાં હોય અને યોગ માત્ર એક છે કાયાનો. તો કર્મબંધનાં બધાં જ કારણો હાજર છે. હા, એ વાત ખરી કે તેનો વિકાસ બહુ જ અલ્પ છે તેથી આ બધાં કારણો પણ એટલાં પ્રબળ ન હોય. આવાં કારણોથી આપણે જેટલાં ને જેવાં નિકાચિત કર્મો બાંધી શકીએ એવાં એ ન બાંધી શકે છતાં કારણો પડ્યા છે. વળી રાગ દ્વેષ-પણ અવ્યક્ત રૂપે છે તેથી કર્મો બાંધી શકવાની યોગ્યતાવાળો એ જીવ છે.

બંધુઓ! આ તો માત્ર નિગોદના જીવોની વાત કરી પણ એ સિવાય ચારેય ગતિમાં રહેલા જીવો કર્મો સાથેની આ રમત રમ્યા કરે છે. તેમાંથી ઊંચા આવતા જ નથી. કહેવાનું એ હતું કે જીવે અનેક જન્મ ધારણ કર્યા તેમાં એ કોઈ પ્રગતિ કરી શક્યો કે નહીં? પોતાની ફરજોને બજાવી શક્યો કે નહીં? સામાજિક દૃષ્ટિએ સેવા આપી શક્યો કે નહીં? આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મ-વિકાસ સાધી શક્યો કે નહીં? આ બધું કર્યું કે ન કર્યું પણ જન્મ અને મરણ તો કર્યાં જ છે. ક્યારેય રોકાયો નથી.

તેમાંથી છૂટવા માટે, જન્મ-મરણના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવા માટે જ આપણા અનંત કરૂણા-નિધાન પ્રભુએ માર્ગ બતાવ્યો છે. આધ્યાત્મિકતાના અતિ ગહન તત્ત્વોને આપણી સામે મૂક્યાં છે. તેઓ પ્રકાશે છે કે આત્મા અમર છે. એને જન્મ-મરણ નથી એ સમજો, એને શ્રદ્ધો, એને આરાધો અને જન્મ-મરણની સાંકળને તોડી નાખો અને આત્મા સદા-સર્વદાને માટે અમર થઈ જશે.

આ તથ્યને સમજાવવા માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદોની ચર્ચા કરી છે. બધાં જ પદો અતિ મહત્ત્વપૂર્ણ છે. તેમાં આત્માની નિત્યતાની સિદ્ધિ કરી, આપણા પરમાત્મભાવને પ્રગટ કરવાની પ્રેરણા આપે છે. જો



આત્મા નિત્ય છે તો જ તેનું પરમાત્મત્વ પ્રગટ થઈ શકે. કારણ એકવાર આત્મા-પરમાત્મા બની ગયો, પછી એ અનંત કાળ સુધી એ જ સ્વરૂપમાં રહે છે. આનંદઘનજી મહારાજે ગાયું છે કે –

**રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે**

**ભાંગે સાદિ અનંત ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે....**

સાહિબ અર્થાત્ આત્મામાં રહેલ પરમાત્મ શક્તિ એકવાર જીવ એ શક્તિને રીઝવી પોતાની કરી લે તો પછી અનંતકાળ સુધી એ આત્માની જ થઈને રહે. એ સંગ ન છોડે. આવી અમાપ તાકાત છે આ નિત્ય આત્મામાં. જો એકવાર એ સર્વથા સ્વભાવે પરિણમવા માંડે તો પછી કદી વિભાવ તેને સ્પર્શી શકે નહીં. જન્મ-મરણના ફેરા સમાપ્ત થઈ જાય.

શિષ્યની શંકાનું નિરાકરણ થઈ ગયું છે. આત્મા નિત્ય છે એ શ્રદ્ધામાં બેસવા માંડ્યું છે. સંતોષનું સ્મિત તેના ચહેરા પર ફરકી રહ્યું છે. ત્યારે ગુરુદેવ જડ અને ચેતનના અંતિમ પરિણમન વિષે પ્રશ્ન ઉપસ્થિત કરે છે. તેઓ શિષ્યને પૂછે છે –

**ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;**

**ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ...૭૦...**

વિશ્વનો એક સનાતન સિદ્ધાંત છે કે જે વસ્તુ છે તેનો કદી નાશ થતો નથી અને જે નથી તેની કદી ઉત્પત્તિ થતી નથી. ઉત્પત્તિ અને વિનાશ દેખાય છે તે માત્ર તે-તે પદાર્થની અવસ્થાઓનો. પદાર્થમાં એક અવસ્થા ઊભી થાય છે અને સમયનું નિમિત્ત પામી તે અવસ્થાનું રૂપાંતર થાય છે; જેમ કે માટીનો ઘડો.

ઘડો એ કોઈ પોતામાં સ્વતંત્ર પદાર્થ નથી. કાલે કાંઈ જ ન હતું અને આજે ઘડો ઉત્પન્ન થઈ ગયો તેમ નથી થયું. ઘડો બનવા પહેલાં માટી હતી. માટીને કોઈએ બનાવી નથી પણ તે પરમાણુરૂપે છે જ. માટીના પિંડમાંથી ઘડો બન્યો. અર્થાત્ પરમાણુઓનો માટીરૂપ પર્યાય હતો તે ઘડારૂપ થયો. એ જ ઘડો ફૂટી જાય ત્યારે તેનાં ઠીકરાં થઈ જાય. તેમાંથી ભૂકો થઈ જાય. તેમાંથી પણ બારીક પાવડર થઈ જાય. અંતે વાતાવરણમાં ફેલાઈ જાય. ઘડાના નાશની જુદી-જુદી અવસ્થાઓ થયા પછી છેલ્લે એ

પરમાણુરૂપે તો રહી જ જાય. પરમાણુઓનો નાશ થાય નહીં. પુદ્ગલોના મોટામાં મોટા સ્કંધોનું નાશરૂપ અંતિમ પરિણમન એટલે જ પરમાણુ. પરમાણુઓ પછી કોઈ આગળ અવસ્થા નથી. પરમાણુઓનો નાશ ન થાય, તેમ તેની ઉત્પત્તિ પણ થાય નહીં.

દુનિયાની કોઈ પણ શક્તિ પરમાણુને ઉત્પન્ન ન કરી શકે કે નાશ પણ ન કરી શકે. વળી જડ શક્તિ પરમાણુને જોઈ પણ ન શકે. બંધુઓ! તમે જાણતા હશો કે વિજ્ઞાને ચેલેન્જ કરી હતી કે ધર્મશાસ્ત્રો જે પરમાણુને નથી જોઈ શક્યા તે અમે Microscope વડે જોઈ લીધો. તેથી શાસ્ત્રો જૂઠાં છે. પણ વિજ્ઞાને શોધેલો પરમાણુ તૂટી ગયો, તેના ભાગ થઈ ગયા. પરમાણુ તે એનું જ નામ કે જેના બે ટુકડા થઈ શકે નહીં. એ પુદ્ગલનો અંતિમ હિસ્સો છે. વિજ્ઞાને જે જોયો હતો એ તો અનેક પરમાણુઓ મળીને બનેલા સ્કંધને જોયો હતો, પરમાણુને નહીં.

વૈજ્ઞાનિકોની લેબોરેટરીમાં ઘણાં શક્તિશાળી સાધનો હોવા પછી પણ એ બધાં જ સાધનો જડ. જડની શક્તિ સીમિત હોય અને ચેતનની અસીમ. તેથી જ આપણા કેવળજ્ઞાની ભગવંતોએ પુદ્ગલના અંતિમ ભાગરૂપ અણુને જોઈ લીધો! વિચાર તો કરો બંધુઓ! કેવળી પરમાત્માની શક્તિ કેવી જબરજસ્ત હશે કે જે વસ્તુને જોવા-જાણવા માટે વિજ્ઞાન કરોડો નહીં, અબજો રૂપિયાનું પાણી કરે છે, આખી ને આખી જિંદગી ખર્ચી નાખે છે, સર્વસ્વનો ભોગ આપે છે છતાં નથી જોઈ શકાતી તે વસ્તુને, અરે! માત્ર વસ્તુ જ નહીં, વસ્તુના ગુણ અને તેમાં થતા સમય-સમયના પર્યાયોને સમય માત્રમાં જોઈ લે! કેવળજ્ઞાનમાં એક સાથે આખું વિશ્વતંત્ર એક સમયમાં ઝળકે! તે કેવળી પરમાત્માની લેબોરેટરી કેવડી? પ્રયોગો કેવા! શક્તિ કેટલી?

બંધુઓ! અનંતના આરાધક આત્માઓ અનંતને પામી ગયા. કેવળીએ પ્રગટ કરેલી બધી જ શક્તિઓ અનંત! જ્ઞાન અનંત, દર્શન અનંત, વીર્ય અનંત અને સુખ અનંત! અનંતને પામવાવાળા જ અનંત દ્રવ્યોને જાણી શકે. અરે! દ્રવ્યની અનંતતાને જાણી શકે! દ્રવ્યની અનંત શક્તિઓને માપી શકે!

કેવળી પરમાત્માએ જોયેલા પરમાણુને સીમિત વૈજ્ઞાનિક શક્તિઓ શું માપી શકે? તેથી જ કેવળી પરમાત્માએ કહ્યું કે પરમાણુ કોઈથી ઉત્પન્ન



નથી થતો અને નાશ પણ પામતો નથી. દેખાતા વિનાશકારી પદાર્થો એ બધા જ પરમાણુઓના સ્કંધો છે. સ્કંધો તૂટે છે, નાશ પામે છે અને તેની અંતિમ અવસ્થારૂપ પરમાણુરૂપે અનાદિકાળથી આ વિશ્વમાં રહ્યા છે અને અનંતકાળ સુધી રહેશે.

ગુરુદેવ શિષ્યને કહી રહ્યા છે હે વત્સ! જડનું સૂક્ષ્મતમ સ્વરૂપ મેં તને બતાવ્યું. હવે હું તને પૂછું છું કે તારી માન્યતા મુજબ જો ચેતન – આત્માનો નાશ થતો હોય તો તેનું અંતિમ પરિણામ શું? તે તું મને બતાવ!

શિષ્ય વિચારમાં પડ્યો. ગુરુદેવના પ્રશ્નનો શો જવાબ હોઈ શકે! તેને ગણધર ગૌતમે, પ્રભુ વીરને પૂછેલો પ્રશ્ન યાદ આવ્યો. ગૌતમે પ્રભુને પૂછ્યું હતું કે આ જીવની ઉત્પત્તિ ક્યારે થઈ? શેમાંથી થઈ? કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકર મહાવીરે ભૂતકાળના એક પછી એક પડ ઉખેળવા માંડ્યા. અનંતકાળ સુધી પાછળ દૃષ્ટિ કરી પણ શેમાંથીય જીવ ઉત્પન્ન થયો દેખાયો નહીં. આત્માનું સ્વતઃ અને સહજ હોવાપણું જ એમના જ્ઞાનમાં દેખાયું. શ્રી પ્રભુએ ગૌતમને ફરમાવ્યું : ગૌતમ! મારા જ્ઞાનમાં જીવની ઉત્પત્તિ દેખાતી જ નથી! માટે તે અનાદિ છે! જેની આદિ નથી તે અનાદિ! અને જેનો અંત નથી તે અનંત.

સાથે જ ગૌતમનો બીજો પ્રશ્ન હતો, પ્રભુ! તો જીવનો અંત ક્યારે? અને અનંતજ્ઞાનસંપન્ન વિભુએ ભવિષ્યકાળના પરદાઓને વીંધીને પોતાની દિવ્ય દૃષ્ટિ દૂર-સુદૂર અનંત ભવિષ્ય સુધી દોડાવી. પણ જીવનાં અનેક જનમ-મરણ જોયા પછી, સ્વાભાવિક પરિણતિમાં પરિણમતો ભવ્ય જીવ જોયો, અંતે મુક્ત થતો જોયો અને મુક્ત થયા પછી અનંતકાળ સુધી એ જ પરમોચ્ચ અવસ્થામાં વિરાજતો જોયો અને પ્રભુનો ધીર-ગંભીર ઘોષ ગૌતમે સાંભળ્યો. ગોયમા! જીવ અન્-અંત છે! તેનો કદી નાશ થતો નથી.

આમ જીવ અનાદિ અનંત! શિષ્યના સ્મરણપટ પરથી આ આખુંય ચિત્ર પસાર થયું. શિષ્ય સ્તબ્ધ થઈ ગયો. ગુરુદેવના પ્રશ્નોનો ઉત્તર તેની પાસે નથી. તેથી નત-મસ્તકે, ગુરુચરણમાં વિનયાનવત્ થઈ ઢળી પડ્યો.

ગુરુદેવનું અંતઃકરણ પ્રસન્ન થઈ ઊઠ્યું. શિષ્યની શ્રદ્ધામાં ચેતનનું

નિત્યત્વ કોતરાઈ ગયું. સ્વાભાવિક નિત્યતાને વધુ દૃઢ કરવા એક સાધક કવિ કહે છે –

**અગ્નિ કાષ્ઠ–આકારે રહે પણ, થાય ન કાષ્ઠ એ વાત નક્કી... હાં.**
**શાકે લૂણ દેખાય નહીં પણ, અનુભવાય તે સ્વાદ થકી...હું...**
**શરીરાકાર રહી શરીર ન થાઉં, લવણ જેમ જણાઉં સહી...હાં...**
**રત્નદીપ જેમ સ્વ-પર પ્રકાશક, સ્વયં-જ્યોતિ છું પ્રગટ અહીં...હું...**
**અગ્ન જેમ ઉપયોગ ચીપિયે, પકડાઉં કોઈ સજ્જનથી...હાં...**
**પ્રયોગથી વીજળી માખણ જેમ, સહજાનંદ ઘન અનુભવથી...હું...**

અરણીના લાકડામાં રહેલ અગ્નિ, વર્ષો સુધી લાકડામાં રહે, પણ તે અગ્નિ મટી લાકડું ન બની જાય. આખાયે લાકડાના અણુ-અણુમાં વ્યાપ્ત થઈને રહેલ હોય તેને લાકડાથી જુદો પાડવા માગો તો ન પડી શકે. એ શક્તિ રૂપે એમાં હોય જ, છતાં કાષ્ઠના આકારનો ન થઈ જાય. કાષ્ઠના ગુણ-ધર્મોને ન સ્વીકારી લે. વળી શાકમાં નાખેલું મીઠું દેખાતું નથી. એ સિવાયના હળદર, મરચું, ધાણાજીરું, તેલ વગેરે પદાર્થો જોઈ શકાય. પણ મીઠું છે કે નહીં તે જોવા માટે શાક ચાખવું પડે. સ્વાદથી જ ખબર પડે. આંખે ન દેખાતું મીઠું શાકમાં છે તે સ્વાદના અનુભવથી જાણી શકાય છે.

એ જ રીતે આત્મા કહે છે હું અનાદિથી શરીર સાથે રહું છું. જેવા આકારનું શરીર હોય તેવા આકારમાં રહું. હાથીના શરીરમાં હોઉં તો એવો આકાર અને કંથવાના શરીરમાં હોઉં તો એવો આકાર. જેટલાં શરીર બદલાય એટલા આકાર બદલાય, પણ તેથી હું શરીર બની જાઉં નહીં. આજ સુધી શરીરરૂપ બન્યો નથી અને કદીયે બનીશ નહીં.

વળી શાકમાં મીઠું દેખાય નહીં છતાં સ્વાદથી અનુભવાય છે, તેમ હું શરીરમાં છું તે આંખથી દેખાઉં નહીં, અન્ય ઈન્દ્રિયોથી જણાઉં નહીં, પણ હું સ્વપર પ્રકાશક છું. મને જોવા બીજા પ્રકાશની જરૂર નહીં. રત્નને જોવા કે દીપકને જોવા બીજા પ્રકાશની જરૂર નથી, તેમ હું સ્વયં જ્યોતિ સ્વરૂપ છું. આવા મારા પ્રગટ ચૈતન્ય લક્ષણથી જ મને જાણી શકાય. મને પકડવાની – જાણવાની પણ પદ્ધતિ છે. એમ ને એમ ના પકડાઉં.

જેવી રીતે કોલસાના અંગારા હાથમાં નથી લેવાતા પણ તેને



પકડવા ચીપિયાની જરૂર પડે છે, તેમ 'હું' પણ આત્માના જ્ઞાનોપયોગ વડે જ પકડમાં આવું છું અને તે પણ કોઈ 'સજ્જન' પુરુષ જ પકડી શકે. સત્ + જન = સજ્જન. જે મનુષ્યને સતને જાણવાની પ્રબળ તાલાવેલી લાગી છે તે જ સજ્જન. એવા સજ્જન પુરુષનો ઉપયોગ જ જાગ્રત હોય તેથી તે જ મને પકડી શકે.

પાણીમાં રહેલ વીજળી અને દૂધમાં રહેલ માખણ, પ્રયોગ દ્વારા જ મેળવી શકાય છે. મહેનત ન થાય તો તત્ત્વ હાથમાં આવે નહીં. પાણીમાંથી વીજળી મેળવવા કેટલા મોટા અને કેટલી સંખ્યામાં મશીનો! કેટલો સમય, શક્તિ અને સંપત્તિનો ખર્ચ! એ બધું યોગ્ય રીતે કરવામાં આવે તો જ પાણીમાંથી વીજળી મળી શકે, અન્યથા કરોડો વર્ષો સુધી પાણી એમ જ પડ્યું રહે. કંઈ જ ન પામી શકાય. દૂધમાંથી માખણ મેળવવા માટે પણ એટલો જ પુરુષાર્થ તો જ મળે! એ જ રીતે દેહમાં રહેલા આત્માને પણ પામી શકાય છે. સહજ આનંદના પિંડરૂપ આત્માને અનુભવપ્રયોગ દ્વારા જ પામી શકાય.

આમ મહાપુરુષો સમજાવે છે તે આત્મા અનુભવગમ્ય છે. ઈન્દ્રિય કે મનની પકડમાં આવે નહીં એવો ઈન્દ્રિયાતીત પદાર્થ છે. ગુરુદેવે આપેલ સર્વ સમાધાનો શિષ્યને રુચ્યાં, તેના પર શ્રદ્ધા થઈ અને તેને આત્મસાત્ કર્યાં. તેથી શિષ્યના મુખેથી ઉદ્ગાર સરે છે :

**બીજું પદ તે મારો આત્મા અવિનાશી છે**
**ધ્રુવ ને શાશ્વત સ્વરૂપ... ૨**
**દેહ-દેહીની અભેદ ભિન્નતા...(૨)**
**મ્યાનમાં સમશેર રૂપ...મારી...**

આત્માની નિત્યતાને શ્રદ્ધતો શિષ્ય આગળ શું શંકા કરે છે તે અવસરે....

e

# ....તેથી જીવ અબંધ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કર્મ-કલંકનો નાશ કરનારી છે. વિશુદ્ધ આત્માને કર્મ એ કલંક છે. અને કર્મ છે ત્યાં જ સંસાર છે. કર્મનો નાશ થતાં સંસારનો નાશ થઈ જાય છે.

જિજ્ઞાસુ શિષ્યના અંતરમાં ઉદ્ભવેલી બે શંકાઓનું સમાધાન થઈ ચૂક્યું છે. 'આત્મા છે, અને તે નિત્ય છે.' આ શ્રદ્ધા અંતઃકરણમાં ઊંડી ઊતરી ગઈ છે. વિચારક શિષ્ય આ બંને પદો પર વધુ વિચારણા કરે છે. દ્રવ્યાત્મક અને પર્યાયાત્મક દૃષ્ટિની વિચારણા એના મનમાં બીજી શંકાઓ જન્માવે છે.

દ્રવ્યથી આત્મા નિત્ય છે છતાં વિવિધ પર્યાયોરૂપે પરિણમે છે. જે જગતના સર્વ જીવોને જોતાં પ્રતિભાસે છે. વળી સર્વ જીવોમાં વિભિન્નતાનો પાર નથી. આ વિભિન્નતાનું કંઈક મજબૂત કારણ હોવું જોઈએ. કારણ વિના કોઈ કાર્ય સંભવી શકે જ નહીં. આવો વિચાર કરતાં શિષ્યના મનમાં એ સત્ય જાગ્રત થયું કે જીવોના ભિન્ન-ભિન્ન પર્યાયોનું કારણ કર્મ જ હોવું જોઈએ.

જો કારણમાં કર્મ હોય તો કર્મ કોણ કરે? શું આત્મા જ કર્મ કરતો હશે? કે કોઈ અન્ય? આ શંકામાં નિમિત્તભૂત છે સાંખ્યાદિ દર્શન. કારણ સાંખ્ય દર્શન, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ ભૂત, પાંચ તન્માત્રા, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર – આ ચોવીસ તત્ત્વો અને પચ્ચીસમા પુરુષને તત્ત્વરૂપ માને છે. તેમાં પુરુષ અર્થાત્ આત્માને અકર્તા અને અભોક્તા માને છે. તેથી શિષ્યને એ શંકા છે કે આત્મા કર્મનો કર્તા હોય કે નહીં? તે વિષે વિચારતાં જે-જે પ્રશ્નો ઊઠ્યા તે ગુરુદેવની સમક્ષ રાખે છે.



**કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,**
**અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ...૭૧...**

હે ગુરુદેવ! જીવ કર્મનો કર્તા હોય એમ જણાતું નથી. પણ કર્મ જ કર્મનો કર્તા હોય. જીવ પર કર્મો સત્તામાં પડ્યાં છે તે કર્મો જ પોતાની પરિસ્પંદના વડે બીજાં કર્મોને ખેંચતાં હોય. માટે કર્મથી, કર્મ સાથે કર્મ બંધાય. કારણ આત્મા ચૈતન્ય છે અને કર્મ જડ છે, વળી કર્મ જેનાથી થાય છે તે મન-વચન કાયાના યોગ પણ જડ છે. જડ દ્વારા થયેલી પ્રવૃત્તિ જડ કર્મોને ગ્રહણ કરે છે. તો જડ કર્મો, જડ સાથે જ બંધાય. જડ-ચેતન સાથે કઈ રીતે બંધાય? એક દોરી વડે કોઈ પણ વસ્તુને બાંધો, તો દોરીની ગાંઠ દોરી સાથે જ પડે, એ વસ્તુ સાથે ન પડે. કૂતરાના ગળામાં સાંકળ નાખો તો સાંકળનું ગઠબંધન સાંકળ સાથે થાય, કૂતરાના ગળા સાથે ન થાય. એ જ રીતે જડ કર્મો, ચેતન આત્મા સાથે ન બંધાય પણ જડ કર્મો સાથે જ બંધાય.

વળી આત્મા અરૂપી અને જ્ઞાનીની દૃષ્ટિએ કર્મરૂપી. તો અરૂપી સાથે રૂપીનું બંધન ન થાય. રૂપીથી રૂપી બંધાય. કર્મો સાથે જ કર્મો બંધાય એ તર્ક યુક્તિયુક્ત લાગે છે.

જો આમ નથી, તો કર્મનું આત્મામાં આવવું એની મેળે થયા કરે છે. કર્મનો એ સ્વભાવ હોવો જોઈએ કે અનાયાસે, આત્માના કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના જ આત્મામાં આવ્યા કરે. પણ આમ માનતાં, આત્માનું કર્તુત્વ સિદ્ધ થતું નથી. એમ પણ નહીં તો જીવનો જ સ્વભાવ હશે કે એ કર્મ કર્યા જ કરે. પણ આ વાત માનવા જતાં જીવના મોક્ષની સંભાવના નથી લાગતી. કારણ સ્વભાવ તે એનું નામ જે દ્રવ્યથી કદી અલગ ન થાય. તેથી જીવ હંમેશાં કર્મ કર્યા જ કરે તો મુક્તિ થઈ શકે નહીં.

જો આ બધા વિકલ્પો યોગ્ય ન હોય તો –

**આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;**
**અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ...૭૨...**

આત્મા અસંગ સ્વભાવી છે. શુદ્ધ-બુદ્ધ-નિર્મળ છે. રાગ-દ્વેષ તે તેનો સ્વભાવ નથી. આવો શુદ્ધ સ્વરૂપી આત્મા કર્મ કઈ રીતે કરે? માટે સત્ત્વ, રજસ અને તમસ્ આવી ત્રિગુણાત્મક પ્રકૃતિ છે તે જ કર્મ કર્યા કરતી હોય, તેમાં આત્માને કંઈ લેવા દેવા નહીં. તેથી બંધ તો પ્રકૃતિને થયો, આત્મા અબંધ છે.

આ માન્યતા પણ સાંખ્ય-વેદાંત દર્શનોની છે. શિષ્ય એ માન્યતાના આધારે જ આવી શંકા ઉઠાવે છે. તથા યોગ-નૈયાયિક દર્શનવાદીઓ આત્માના અસ્તિત્વને સ્વીકારતા હોવા છતાં સૃષ્ટિકર્તા રૂપ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. તેથી જગતમાં જે કંઈ થઈ રહ્યું છે તે ઈશ્વની પ્રેરણાથી જ થઈ રહ્યું છે. તેમાં જીવ જે કર્મ કરે છે તે પણ ઈશ્વરની પ્રેરણાથી જ કરે છે. આવી માન્યતા પણ છે. આ વાત શિષ્યના મનમાં બેઠી છે તેથી એ કહે છે કે જીવ કશુંય કરતો નથી પણ ઈશ્વર તેની પાસે કરાવે છે. તેથી આત્મા તો અબંધ જ ઠરે છે. કોઈપણ તર્ક વડે આત્મા કર્મનો કર્તા સાબિત થતો નથી અને એમ જ હોય તો મોક્ષ ઉપાયનો પણ કોઈ હેતુ નથી –

**માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;**
**કર્મ તણું કર્તાપણું, કાં નહીં, કાં નહીં જાય...૭૩...**

શિષ્ય કહે છે, ગુરુદેવ! ઘણું વિચાર્યા પછી એમ લાગે છે કે (૧) કાં તો જીવ કર્મનો કર્તા નથી અથવા (૨) કર્મનો કર્તા છે તો એ કર્તાપણું તેનું કાયમનું છે.

પ્રથમ વિકલ્પ વિચારતાં કર્મનું કર્તાપણું જીવમાં ઘટિત ન થતાં અન્ય-અન્યમાં ઘટે છે. ૧) કર્મ – કર્મનો કર્તા છે. ૨) કર્મનો સહજ સ્વભાવ છે કે તે આત્મા પર આવ્યા કરે છે. ૩) પ્રકૃતિ જ કર્મબંધ કરે છે અને ૪) ઈશ્વરપ્રેરિત કર્મ બંધાય છે.

આ ચારેય કારણોને જોતાં એમ લાગે છે કે જો જીવ કર્મ કરતો નથી, તે અકર્તા છે તો તે બંધાયેલો પણ નથી. જે બંધાયેલો છે તેને મુક્ત થવાની ઈચ્છા હોય. પણ બંધન નથી તેને મુક્તિ પણ શાની? તેથી તે મોક્ષનો પુરુષાર્થ શા માટે કરે? વળી જે કંઈ કરી શકતો જ ન હોય તે



મોક્ષનો પુરુષાર્થ પણ કેમ કરી શકે? તેનામાં કંઈ પણ કરવાનું સામર્થ્ય જ નથી.

બીજો વિકલ્પ, આત્મા કર્મનો કર્તા છે. તો તે તેનો સ્વભાવ ઠરે છે. જે સ્વભાવ છે તે જીવથી જુદો ન પડે. તો કર્મનું કરવાપણું જીવમાં હંમેશાં રહે જ, તે જીવથી દૂર ન થાય અને એમ જ છે તો પણ જીવનો મોક્ષ ન સંભવે.

માટે હે ગુરુદેવ! આપ મોક્ષના પુરુષાર્થની પ્રેરણા આપો છો તે પણ વ્યર્થ ઠરે છે. મારા મનની આ બધી જ શંકાઓ મને મૂંઝવી રહી છે માટે આપ કૃપા કરી મને સમાધાન આપો.

અહીં શિષ્યના પ્રશ્નોથી, એની તત્ત્વવિચારણાથી એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે શિષ્ય દર્શનનો અભ્યાસી છે પણ દાર્શનિકોની પરસ્પર વિરોધી માન્યતાઓથી તે મૂંઝાઈ ગયો છે. ગુરુદેવ તત્ત્વાનુભવી છે. ધર્મનાં ઊંડાં રહસ્યોનાં જાણકાર છે. તેઓ સમજે છે કે દર્શનની ચરમ પરિણતિ ધર્મ છે. જ્યાં દર્શન વિરોધી મતોના કારણે અસમંજસતા ઊભી કરે છે ત્યાં ધર્મ પરસ્પર સામંજસ્ય સ્થાપી તત્ત્વનાં રહસ્યો સરળતાપૂર્વક સમજાવે છે, એટલે જ ધર્મમય તત્ત્વને જાણવા માટે શિષ્ય ગુરુદેવને વિનવી રહ્યો છે.

શિષ્યની વિનંતીનો સ્વીકાર કરી ગુરુદેવ શું ફરમાવશે તે અવસરે....

e

AT-BOOK-3

# હોય ન ચેતન પ્રેરણા....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનાર જીવ ક્રમશઃ અકર્તા ભાવને પ્રાપ્ત થતો જાય છે. આત્મ-વિશુદ્ધિ વધતી જાય, તેમ-તેમ વધતી આત્મસ્થિરતા નિષ્કામતામાં પરિણમે અને કર્મબંધ ઓછા થાય. જીવના સત્ પુરુષાર્થ વડે જ આ સાધી શકાય છે. જીવ વિરાધક માર્ગે પુરુષાર્થ કરે તો કર્મોના થોક વધતા જાય પણ આરાધક માર્ગમાં પુરુષાર્થી બને તો કર્મનો નાશ થવા સાથે નવા કર્મબંધ પણ ઓછા થાય.

જિજ્ઞાસુ શિષ્યના મનમાં એ જ શંકા છે કે શું કર્મબંધનો પુરુષાર્થ જીવ વડે જ થાય છે કે અન્ય કોઈ કારણ છે? અર્થાત્ જીવ કર્મનો કર્તા છે કે નહીં? આ પ્રશ્ન ગુરુદેવ સમક્ષ રાખ્યો છે. ગુરુદેવ ઉત્તર આપે તે પહેલાં આપણે આ વિષયમાં થોડો વિચાર કરીએ-જીવના કર્તાપણા વિષે જુદી-જુદી દૃષ્ટિથી વિચારવું આવશ્યક છે. જૈન પરંપરાનો સ્યાદ્વાદ સિદ્ધાંત નયાત્મક છે. પ્રત્યેક વસ્તુને જુદા-જુદા નયોથી અભ્યાસીને જ નિર્ણય આપે છે. તેમાં મુખ્ય નય બે, વ્યવહારનય અને નિશ્ચયનય. વળી તેના વિવિધ પ્રકાર. વ્યવહારનયથી બે પ્રકારે વિચારાય.

૧) વ્યવહારનયે આત્મા, જડ કર્મનો કર્તા છે. કર્મસહિત આત્મા રાગ-દ્વેષ કરે છે. કર્મના ઉદયે જીવને રાગ પણ થાય અને દ્વેષ પણ થાય. રાગ-દ્વેષમાં જીવ ભળી જઈ પોતે રાગરૂપે પરિણમવા માંડે. તેથી આત્મ-પ્રદેશમાં સ્પંદન થાય અને એ સ્પંદન, શરીરે તેલ લગાવેલ માણસ ધૂળની રજને ગ્રહણ કરી લે છે તેમ – વાતાવરણમાં રહેલ કર્મ યોગ્ય પરમાણુઓને



ગ્રહણ કરે છે, અને તે આત્મા સાથે ક્ષીર-નીરની જેમ બંધાઈ જાય છે. આમ એ જડ કર્મનો કર્તા થયો.

૨) વ્યવહારનયે આત્મા ગ્રામ, નગર, ઘટ-પટ આદિ પદાર્થોનો કર્તા છે. વ્યવહારમાં જેટલા પદાર્થો બને છે તે કોઈકના દ્વારા બનતા આપણે જોઈએ છીએ. વળી એ જાતનો શબ્દપ્રયોગ પણ થાય છે કે આ ઘડો કુંભારે બનાવ્યો. આ મકાન કડિયાઓએ બનાવ્યું. આ કામ મેં કર્યું, એમ ઉપચારથી, આમ જ વ્યવહાર થાય છે. વાસ્તવમાં જોઈએ તો જે કાર્ય જે પરમાણુઓથી બન્યું તે પરમાણુઓ તે-તે રૂપ પરિણમવાની યોગ્યતાવાળા હતા અને વ્યક્તિનું નિમિત્ત પામીને પરિણમ્યા. જેમ કે માટીનો ઘડો બન્યો. માટીમાં ઘડો બનવાની યોગ્યતા હતી અને કુંભાર તેનું નિમિત્ત બન્યો અને વ્યવહારથી એમ જ કહેવાય કે ઘડો કુંભારે બનાવ્યો. તો વ્યવહારનયે આત્મા પદાર્થોનો કર્તા છે.

૩) અશુદ્ધ નિશ્ચયનયે આત્મા ચેતન કર્મોનો કર્તા છે. વાસ્તવમાં કર્મો તો જડ છે. પણ જડ કર્મોનું નિમિત્ત પામી આત્મામાં રાગાદિ ભાવો થાય છે, આત્મા તે ભાવોને કરે છે. તેથી રાગાદિને ચેતન કર્મ કહ્યાં. આ રાગાદિ એ જીવનો પોતાનો સ્વભાવ નથી, પણ જીવનો વિકાર છે. તેથી અશુદ્ધ નિશ્ચયનયે આત્મા રાગાદિનો કર્તા છે.

૪) શુદ્ધ નિશ્ચયનયે આત્મા નિજ સ્વભાવરૂપ અનંત જ્ઞાનાદિનો કર્તા છે. અનંતજ્ઞાન આત્માનો ગુણ છે. ગુણમાં પર્યાયો થયા કરે છે. જીવ જ્ઞાનના પર્યાયોને કરે છે તેથી શુદ્ધ નિશ્ચયનયે એ જ્ઞાનાદિનો કર્તા છે.

૫) પરમ શુદ્ધ નિશ્ચયનયે આત્મા અકર્તા છે. આત્મા તેના સહજ સ્વરૂપમાં અખંડ અને અવિકારી છે. સ્વભાવ છે તે ત્રિકાળી સત્ય છે. તેને કરવો પડે નહીં. પાણીમાં રહેલી શીતળતા પાણીમાં હોય જ. શીતળતા માટે પાણીને કંઈ કરવું પડતું નથી. તેમ આત્મામાં રહેલ ત્રિકાળી સ્વભાવ પરમ પરિણામિક ભાવ છે તે માટે તેને કંઈ કરવાપણું નથી. તેથી પરમ શુદ્ધ નિશ્ચયનયે આત્મા અકર્તા છે.

આ રીતે જીવ સાથે કર્તાપણું કેટલીક દૃષ્ટિથી ઘટી શકે છે અને કેટલીક દૃષ્ટિથી જીવ અકર્તા છે. સ્યાદ્વાદ સિદ્ધાંત જીવને કર્તા અને અકર્તા બંને માને છે. નાટક સમયસારમાં બનારસીદાસ આ તત્ત્વ સમજાવે છે –

**ગ્યાન સરુપી આતમા, કરે ગ્યાન નહિ ઔર**
**દરબ કરમ ચેતન કરૈ, યહ વિવહારી દૌર....**

જ્ઞાન સ્વરૂપી આત્મા જ્ઞાન સિવાય બીજું કંઈ કરતો નથી પણ જે એમ કહેવાય છે કે દ્રવ્યકર્મ ચેતન કરે છે તે વ્યવહારનયથી છે. બનારસીદાસ પણ નિશ્ચયથી આત્માને જ્ઞાનનો કર્તા કહે છે અને વ્યવહારથી કર્મનો કર્તા કહે છે.

આ બધી જ માન્યતાઓને લક્ષ્યમાં રાખી ગુરુદેવ પોતાના તરફથી શિષ્યને સમાધાન આપે છે :

**હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?**
**જડ સ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ...૭૪...**

શિષ્યે શંકા કરતાં કહ્યું હતું કે 'કર્તા જીવ ન કર્મનો' તેના ઉત્તરમાં ગુરુદેવ ફરમાવે છે કે અવકાશમાં રહેલ કર્મવર્ગણાનાં પુદ્ગલોને આત્મા તરફ ખેંચાઈને આવવામાં કોણ પ્રેરિત કરે છે ? આત્મામાં જ્યારે રાગદ્વેષનાં સ્પંદન થાય, આત્મા કંઈક ભાવ કરે ત્યારે એ ભાવોના તરંગો બહાર આવે છે, અને અવકાશમાં વિહરતાં કર્મવર્ગણાનાં પુદ્ગલોમાં ખળભળાટ પેદા કરે છે. તે તો બિચારાં પોતાની સહજ સ્થિતિથી વાતાવરણમાં વિહરતાં હોય, બહારથી શરીરને સ્પર્શી-સ્પર્શીને ચાલ્યાં જતાં હોય, શરીર-મન કે આત્માને કંઈ અસર કરતાં ન હોય, પણ આત્માના રાગાદિ ભાવોના તરંગો શરીરથી બહાર આવી કર્મવર્ગણાનાં પુદ્ગલોને આત્મા સાથે જોડવા પ્રેરિત કરે છે. તેથી કર્મ પુદ્ગલો ખેંચાઈને આત્મા સાથે લાગી જાય છે. આત્માની પ્રેરણા વગર આ થતું નથી.

આત્મામાં પડેલાં કર્મો પણ જડ છે. એ આત્માને ઉદયમાં આવે પણ



જીવ જો રાગાદિ ભાવો ન કરે તો માત્ર જડ કર્મોના ઉદયથી અન્ય કર્મોનો આશ્રવ થતો નથી. આત્મા પર પડેલાં અનંત-અનંત કર્મો ગમે તેટલાં શક્તિમાન હોય પણ તેના પોતામાં પ્રેરક શક્તિ નથી કે બહારનાં કર્મ પુદ્ગલોને પ્રેરિત કરે અને પોતા તરફ ખેંચે. આ દૃષ્ટિથી જીવ કર્મનો પ્રેરક ગણાયો પણ કર્તા નહીં.

જડ પદાર્થોમાં આ શક્તિ નથી. એ કોઈને પણ કોઈ રીતે પ્રેરિત કરી શકે નહીં. તમારી પાસે શાસ્ત્રનો ઉત્તમ ગ્રન્થ છે. તે વર્ષો સુધી ઘરના કબાટમાં પડ્યો રહે પણ અંદરથી તમને સ્વાધ્યાય કરવાના ભાવ ન જાગે અને ગ્રન્થ હાથમાં ન લ્યો તો ગ્રંથ તમને પ્રેરણા આપે નહીં કે ભાઈ ! મને લે અને વાંચ. એ જ રીતે તમને ક્રોધ આવ્યો છે, પાસે લાકડી પડી છે, તો એ ઊછળીને તમારા શત્રુને વાગતી નથી પણ તમે હાથેથી ઉપાડીને ફેંકો તો જ એ કાર્ય કરે છે. અરે ! કોઈ માણસ, શસ્ત્રોનું ગોડાઉન ભર્યું છે તેમાં જઈ, કોઈ માણસનું ખૂન કરી નાખે તો એક પણ શસ્ત્ર, પોતાની જગ્યાએથી ઊપડી તેને સજા આપે નહીં. કાયદાનાં હજાર પુસ્તકો પડ્યાં છે, તેની વચ્ચે જઈ ભયંકર અપરાધ કરનારની સાક્ષી, એ પુસ્તકો બની શકતાં નથી. આમ જડ પદાર્થમાં કોઈને પ્રેરિત કરવાની શક્તિ નથી.

જો એમ હોત તો ઘટ-પટ આદિ પદાર્થોમાં પણ રાગાદિ આવત અને તે પણ કર્મ બાંધવા માંડત, પણ આપણે કદી કોઈ જડ પદાર્થમાં ક્રોધ થતો જોયો નથી કે નથી એવા બીજા કોઈ ભાવો જોયા.

આમ કર્મબંધ આત્માની પ્રેરણાશક્તિથી જ થાય છે. એ શક્તિ જડમાં નથી. માટે જીવ કર્મનો કર્તા છે, અને સાથે બીજી વાત શિષ્યે કહી હતી કે 'કર્મ જ કર્તા કર્મ' એ પણ યોગ્ય ઠરતી નથી. ઉપર કહ્યું તેમ તેનામાં પ્રેરકશક્તિ નથી.

હવે શંકા કરનાર શિષ્યે ગાથાના ત્રીજા-ચોથા પદમાં જે કહ્યું હતું કે 'અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ'. આ બંને વિકલ્પોનું ગુરુદેવ નિરાકરણ કરે છે :

## જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
## તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવ ધર્મ...૭૫...

કર્મ પોતાના સહજ સ્વભાવથી જ આત્મા સાથે બંધાય છે. એ વિકલ્પ કોઈ પણ રીતે ઘટિત થતો નથી. પહેલાં કહ્યું તેમ આત્મા રાગાદિ ભાવો કરે તો જ કર્મ ખેંચાય છે. રાગાદિ ભાવરૂપ ભાવકર્મ આત્મા કરે છે અને કર્મ પુદ્‌ગલરૂપ દ્રવ્યકર્મો જ્ઞાનાવરણીયાદિરૂપે પરિણત થાય છે. ભાવકર્મ કારણ છે, અને દ્રવ્યકર્મો તેનું કાર્ય છે. કારણ વિના કાર્ય સંભવે નહીં. તેથી કર્મો અનાયાસે આત્માને વળગી શકે નહીં. જો ચેતન રાગાદિ ન કરે તો કર્મો થાય નહીં.જે જીવો મોક્ષે પધાર્યા તે જીવો પણ જ્યાં સુધી રાગાદિ ભાવો કરતા હતા ત્યાં સુધી કર્મોનાં બંધનથી બંધાયેલા હતા અને નવાં કર્મો ઉપાર્જન કરતા જ હતા પણ જ્યારથી ચેતનના રાગાદિ ભાવરૂપ પ્રેરણા બંધ થઈ કે કર્મો રોકાઈ ગયાં.

આપણાં શાસ્ત્રોમાં એવા અનેક જીવોનાં દૃષ્ટાંતો છે. મુનિ ગજસુકુમારને Instant મુક્તિ જોઈતી હતી અને તેઓએ પ્રભુ પાસે ભાવો પ્રગટ કર્યા. પ્રભુ, લાંબા સમય સુધી પુરુષાર્થ કરું અને પછી મુક્તિ મળે એવું મારે નથી જોઈતું પણ મને તો Instant મુક્તિ જોઈએ છે. પ્રભુએ ફરમાવ્યું : 'જા, સ્મશાનમાં જઈ, સર્વ પરભાવોને છોડી આત્મ-સ્વરૂપની રમણતામાં મગ્ન થઈ જા અને મુક્તિ લઈ લે.'

ગજસુકુમાર સ્મશાનમાં પધાર્યા. ચેતનાને પોતાનામાં જ વાળી દીધી, તેને મનાઈ કરી દીધી કે 'તારી પ્રેરણાશક્તિને સંકેલી લે અને કંઈ પણ થાય, રાગાદિ નહીં કરવાના.' બસ, ચેતન સમજી ગયો અને તેણે પોતાનો વ્યાપાર સંકેલી લીધો. પણ આત્મા પર પડેલાં કર્મો ચૂપ કેમ બેસે! એમણે તો પોતાનો પ્રભાવ બતાડવા માંડ્યો. આત્મા શરીર પર રાગ કરે અને નિમિત્ત પર દ્વેષ કરે, એવો ઉદય આવ્યો. પણ ચેતન પોતાનામાંથી એક તસુ ભાર ખસી શકે તેમ ન હતો. મનાઈ હુકમ હતો. અને તેણે ઉદયને ગણકાર્યો નહીં. તે તરફ જોયું જ નહીં. પોતે કંઈ કર્યું જ નહીં.માત્ર પોતે



પોતામાં જ રહ્યા અને ગજસુકુમારને Instant મોક્ષ મળી ગયો.

બધાં જ નિમિત્તો, કર્મબંધ કરાવે તેવાં હતાં પણ 'જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ' આ ઉક્તિને તેમણે સાર્થક કરી બતાવી.

ગુરુદેવ પણ એ જ ફરમાવે છે કે આમ હોવાથી કર્મ પોતાની મેળે અનાયાસ આત્મા સાથે બંધાય તેવો તેનો સહજ સ્વભાવ ઠરતો નથી.

બીજી વાત, જો તું એમ કહે છે – કર્મ કર્યા કરવાં તે જીવનો ધર્મ છે તો તે વાત પણ યુક્તિ-સંગત નથી. ધર્મ તે એનું નામ કે જે દ્રવ્યથી જુદો ન પડે. સાકરની મીઠાશ તેનાથી કદી અલગ થતી નથી. કોટિ ઉપાયે પણ તેમ થઈ શકે નહીં. એ જ રીતે કર્મ કરવાં એ જો જીવનો ધર્મ જ હોય તો કર્મબંધ કરતો આત્મા કદી અટકે નહીં અને કદી કોઈ જીવનો મોક્ષ સંભવે નહીં. એ કરેલાં કર્મોથી અકળાય નહીં, કારણ સ્વભાવ સહજ હોય.

વળી આત્મા કર્મને ગ્રહણ કરનાર કર્તા છે અને કર્મ ગ્રાહ્ય પદાર્થ છે. તો ગ્રાહક અને ગ્રાહ્ય પદાર્થ ક્યારેય એક થઈ જતા નથી. બંનેનો અવિનાભાવ સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે. તેથી હંમેશાં સાથે રહેનાર નથી. વળી આત્માના શુદ્ધ સ્વરૂપમાં કર્મનું કર્તાપણું નથી. આ તો અજ્ઞાને કરી જીવ એ પરિણમને પરિણમે છે. તો અજ્ઞાન એ મોટામાં મોટો ભ્રમ છે. કર્મ કદી કાયમ ટકી શકે નહીં અને એ સર્વથા ત્યાજ્ય જ છે.

આમ કર્મનું કર્તાપણું એ જીવનો ધર્મ નથી. અહીં શિષ્યે કરેલી બે શંકાઓનું નિરાકરણ ગુરુદેવે કર્યું. એક કર્મને સહજ સ્વભાવે આત્મામાં આવવાપણું તેણે માન્યું હતું તે અને બીજું, કર્મ કરવા એ જીવનો ધર્મ છે.

હજુ આ વિષયમાં શિષ્યે ઊભા કરેલ બીજા પ્રશ્નો છે. તેનું સમાધાન સદ્‌ગુરુદેવ કેમ આપશે તે અવસરે.....

e

# અસંગ છે પરમાર્થથી....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, ચૈતન્યની અનુભૂતિ કરાવે છે. ચૈતન્યનું અર્થક્રિયાકારિત્વ શું છે તે સમજાવે છે. દરેક દ્રવ્યને પોતાની સહજ સ્થિતિમાં જે પરિણમન છે તે તેનું અર્થક્રિયાકારિત્વ છે અર્થાત્ દ્રવ્યમાં સાર્થક ક્રિયા થઈ રહી છે.

શિષ્યના મનમાં ઉદ્‌ભવેલી શંકા પાછળ આ રહસ્ય છે કે આત્મા કંઈ પણ કરવા સમર્થ છે કે નહીં? આત્માનું ચૈતન્યત્વ ક્યાં સુધી કાર્યકારી છે? આજ સુધી જીવે જડની ક્રિયાઓને જ જાણી છે. આત્માની ક્રિયા વિશે અજાણ છે માટે જ આ શંકા થવી સ્વાભાવિક છે.

ગઈ કાલે જ એ વાત આપણે વ્યવહારનય અને નિશ્ચયનયથી વિચારી. આત્માનું ભિન્ન-ભિન્ન પ્રકારે કર્તુત્વ અને અંતે અકર્તુત્વ છે. તેમજ શિષ્યની શંકાઓનું સમાધાન પણ ગુરુદેવે આપ્યું. ચેતન પ્રેરણા કરે તો જ કર્મ થાય અને જો કંઈ ન કરે તો કર્મ થાય નહીં. બહુ સીધો હિસાબ છે. રાગ-દ્વેષ જીવનો સ્વભાવ નથી છતાં વિભાવમાં જઈ એ કર્યા જ કરે છે અને તેથી કર્મો આવ્યાં જ કરે છે. રાગાદિ ભાવો કરવાનું જીવ છોડી દે પછી કર્મ નહીં આવે.

આ જ વિષયમાં શિષ્યે કહ્યું હતું કે 'આત્મા સદા અસંગ' છે. અસંગી આત્મા સર્વ સંગથી રહિત હોય પછી એ કર્મ કઈ રીતે ઉપાર્જન કરે? ગુરુદેવ ઉત્તર આપે છે.

**કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?**
**અસંગ છે પરમાર્થથી પણ, નિજ ભાને તેમ...૭૯...**

અસંગભાવ એટલે સર્વ-સંગ પરિત્યાગ. જેને બીજા શબ્દોમાં નિગ્રંથ દશા કહેવાય છે. બાહ્ય-અભ્યંતર ગ્રંથિનું છૂટી જવું તે છિ નિર્ગ્રંથતા. શ્રીમદ્‌જીએ પણ નિર્ગ્રંથદશા એટલે સર્વ સંબંધોના તીક્ષ્ણ બંધનનો ત્યાગ એમ કહ્યું છે.

ગ્રંથ એટલે ગાંઠ, બાહ્ય અને આભ્યંતર ગાંઠોનો ઊંડો સંબંધ છે. જીવ જ્યાં જન્મ ધારણ કરે, તેમાંય મનુષ્યભવમાં આવે ત્યાં તેના કેટલાક સંબંધો અનાયાસે હોય છે કે જે આ જન્મમાં બાંધવા પડતા નથી. જે પૂર્વજન્મના ઋણાનુબંધના કારણે જ મા-બાપ, ભાઈ-બહેન અને અન્ય કુટુંબીજનો સાથેના સંબંધો જન્મતાંની સાથે જ બંધાઈ જાય છે. સ્નેહી-મિત્રો વગેરેના સંબંધો સમજપૂર્વક બાંધતો હોય છે. અર્થાત્ કંઈક ગાંઠ વાળી. શાની ગાંઠ વાળી? જેની સાથે સંબંધ બાંધ્યો તેના રાગ ભાવ સાથે પોતાના રાગની ગાંઠ વળે ત્યારે જ સંબંધ બંધાય છે. એ જ રીતે શત્રુતાના સંબંધો પણ છે. ત્યાં જીવ દ્વેષની ગાંઠ વાળે છે આ છે ગ્રંથિ. જીવને નિર્ગ્રંથદશાની પ્રાપ્તિમાં આ ગાંઠો નડે છે.

આત્માના ધ્યાનમાં પરોવાઈ જવું હોય તો પરોવાઈ શકતો નથી. સોયમાં પરોવવાના દોરામાં ગાંઠ હોય તો દોરો સોયમાં આવે નહીં. અરે! પરોવ્યા પછી દોરામાં ગાંઠ પડી તો કપડું સીવો તેમાં એ દોરો પસાર થઈ શકે નહીં! બંધુઓ! જ્યાં-જ્યાં ગાંઠો છે ત્યાં-ત્યાં આમ જ છે. ગાંઠ વિકાસને રૂંધી નાંખે છે. આગળ વધવા દે નહીં. પણ આપણી અવળાઈ તો જુઓ! જીવને રાગ-અને દ્વેષ બંન્નેની ગાંઠો વધારવી ગમે છે. રાગના જેટલા સંબંધો વધે તે વધારવાની ઈચ્છાવાળો છે, અને દ્વેષના સંબંધોને વધુ મજબૂત કરવાની ભાવનાવાળો છે આ જીવ.

આ રાગ-દ્વેષની ગાંઠોને ઢીલી પાડી છોડી નાખવાનો કે કાપી નાખવાનો પુરુષાર્થ એ જ નિગ્રંથ-દશા પામવાનો પુરુષાર્થ છે. સાથે-સાથે આંતરિક નિર્ગ્રંથતા પણ પ્રાપ્ત કરવાની છે. તે વિભાવોનો ત્યાગ એટલે કે રાગ-દ્વેષના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે. આમ રાગ-દ્વેષની મંદતા તે જ નિગ્રંથ દશા. એ છે સર્વ સંગ પરિત્યાગ. બહારથી સ્નેહી સ્વજનો પરિગ્રહ આદિનો ત્યાગ અને અંતરથી રાગાદિ મમત્વનો ત્યાગ. આવી અસંગ દશા જીવમાં આવે ત્યારે જ તેને સ્વનો અનુભવ થાય.

સર્વોચ્ચ અસંગ દશામાં તો એક કર્મ પરમાણુની પણ સ્પર્શના રહેતી નથી. શ્રીમદ્જીના જ શબ્દોમાં –

**એક પરમાણુ માત્રની ન મળે સ્પર્શતા,**
**પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો....**

જ્યાં જીવને સર્વ પરમાણુઓનો સંગ છૂટી જાય છે-એ છે અસંગ દશા. કર્મ પરમાણુઓથી ઘેરાયેલો જીવ જ સંસારમાં ભમે પણ આત્મવિકાસની સર્વોચ્ચ સ્થિતિમાં કર્મ સહિત, સર્વ પરમાણુઓ છૂટી જાય. મન-વચન-કાયા અને કર્મ જે સર્વ પુદ્‌ગલ રૂપ છે તે ચૈતન્ય આત્માથી સર્વથા અલગ થઈ જાય છે. ત્યાં આત્મા સંપૂર્ણ કલંકરહિત થાય છે અને અખંડ, નિશ્ચલ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આનું નામ છે સર્વથા નિગ્રંથદશા, અને એ છે અસંગ દશા.

ગુરુદેવ ફરમાવી રહ્યા છે કે જો જીવની આ દશા હોત તો તેને એ દશાનો અનુભવ જરૂર થયો હોત. પણ આજ સુધીનો અનુભવ શું છે? આત્માને કોઈ રંગ કે સંગ ન લાગ્યો હોય એવો અનુભવ કર્યો છે ખરો?

બંધુઓ! આપણે આપણા જીવનકાળના અનુભવનો વિચાર કરીએ તો સર્વ અનુભવો વ્યક્તિ કે વસ્તુના સંગથી જ જન્મેલા છે. પરપદાર્થની પ્રીતિ અને તેની સાથેનો ગાઢ સંયોગ જ આવા અનુભવોનું કારણ બન્યાં છે. વિશ્વમંચ પર આ સિવાય કયા અનુભવો છે? વધુ ઉંમરવાળો વ્યક્તિ એમ કહે કે હું ઘણો અનુભવી છું. મેં ઘણી લીલી-સૂકી જોઈ નાંખી. તે બધું શું છે? ધન મેળવ્યું કે ગુમાવ્યું! સંસારના સંબંધોમાં સુખ મળ્યું કે દુઃખ મળ્યું. જગતના પદાર્થોને જોયા, જાણ્યા અને માણ્યા. બસ, આ જ છે જીવનનો અનુભવ. આ બધા જ અનુભવો પરના સંગે જ પામ્યો પણ આત્માની અસંગ દશાનો અનુભવ થયો નથી.

વાસ્તવમાં આત્મા અસંગ જ છે પણ જીવ સ્વ-સ્વરૂપમાં ઠરે તો જ એ દશાનો અનુભવ કરી શકે. કવિવર બનારસીદાસ આત્માની અસંગ દશાનું વર્ણન કરતાં કહે છે –



**જબહી તેં ચેતન વિભાવસોં ઉલટિ આપુ,**
**સમૈ પાઈ અપનૌ સુભાઉ ગહિ લીનૌ હૈ,**
**તબહી તેં જો જો લેને જોગ સો સો સબ લીનૌ,**
**જો જો ત્યાગ જોગ સો સો સબ છાંડિ દીનૌ હૈ.**
**લેબેકૌ ન રહી ઠૌર ત્યાગિવેકૌ નાંહિ ઔર,**
**બાકી કહા ઉબરયૌ જુ કારજુ નવીનૌ હૈ.**
**સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ,**
**મન ત્યાગિ બુદ્ધિ ત્યાગિ આપા સુદ્ધ કિનૌ હૈ.**

જ્યારથી આત્માએ વિભાવ પરિણતિને છોડી, નિજ સ્વભાવને ગ્રહણ કરી લીધો છે, ત્યારથી ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરી લીધું અને છોડવા યોગ્ય છોડી દીધું છે. હવે ગ્રહણ કરવાનું કંઈ બાકી નથી રહ્યું અને છોડવાનું પણ નથી રહ્યું, તેમજ કોઈ નવું કાર્ય કરવા જેવું પણ નથી રહ્યું. સર્વ પરિગ્રહ, શરીર અને વચનના તરંગોનો ત્યાગ કરી દીધો, વિકલ્પો તજી દીધા, બુદ્ધિને છોડી દીધી અને આત્માને શુદ્ધ કરી લીધો. આ છે અસંગ દશા. આત્માનું મૌલિક સ્વરૂપ આ જ છે. જીવ અંતર્મુખ થાય તો આ સ્વરૂપની અનુભૂતિ કરી શકે છે.

ગુરુદેવ કહે છે, હે શિષ્ય! આમ આત્મા અસંગ સ્વરૂપ હોવા છતાં અત્યારે તારા અનુભવમાં આવતો નથી તેથી એ નિશ્ચિત થાય છે કે એ અશુદ્ધ છે, સમલ છે, સંગી છે અને તેથી જ કર્મનો કર્તા પણ છે.

શિષ્યનો એક વિકલ્પ હજુ બાકી છે : 'અથવા ઈશ્વરપ્રેરણા' એમ કહી કર્મનો કર્તા જીવ નહીં પણ ઈશ્વર છે એમ કહેવા માંગે છે. ગુરુદેવ તેનું સમાધાન આપે છે :–

**કર્તા ઈશ્વર કોઈ નહીં, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ...૭૭...**

પ્રથમ તો એ વિચારવું ઘટે કે ઈશ્વર કોને કહીએ? જે દર્શનો ઈશ્વરમાં વિશ્વાસ કરે છે તેઓ આ વિશ્વની સર્વોચ્ચ તથા એક, અદ્વિતિય શક્તિ તે ઈશ્વર, એમ માને છે. વળી જેમણે અમાપ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે તે ઈશ્વર.

ઐશ્વર્ય અર્થાત્ ભૌતિક ધનસંપત્તિ નહીં પણ આત્માની જે અલૌકિક, અપરિમિત, આનંદમય દશા એ જ છે ઈશ્વરનું ઐશ્વર્ય. આવી દશા જે પામી ગયા તે પોતાના શુદ્ધ, પરમશુદ્ધ સ્વભાવને પામી ગયા. આવી શક્તિના ધારક ઈશ્વર, પરભાવમાં એક ક્ષણ માટે પણ ન જાય. તેઓ માત્ર પોતાના અખૂટ ઐશ્વર્યનો આનંદ હંમેશાં માણતા હોય.

બંધુઓ! પરમ શુદ્ધ દશા જેઓ પામ્યા છે તેઓ નિરંતર અદ્‌ભૂત પરમાનંદની મસ્તીમાં જ હોય. તેને માણવામાં એટલા તન્મય હોય કે તેમાંથી બહાર નીકળે જ નહીં. સંસારની ભૌતિક સંપત્તિ ધારક Multimillionaire જે સુખને ન માણી શકે તે સુખને ઈશ્વર માણતા હોય. કારણ એ છે કે ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય પણ માનવ બધી સંપત્તિને ભોગવી શકતો નથી. તેની પાસે જેટલું છે તેમાંથી પોતાને ભોગવવાની એક સીમા હોય છે. અંદર બધું જ ભોગવી લેવાની તૃષ્ણા પડી હોવા છતાં સમય, શક્તિ તેને ઓછાં પડે કે એ બધો જ ભોગ ન કરી શકે. પણ આત્માના ઐશ્વર્યને પામનાર વિશુદ્ધ આત્મા બધી જ આત્મસિદ્ધિનો ભોગવટો કરતો હોય, અર્થાત્ તે સમયે-સમયે પોતાના અનંતજ્ઞાનાદિ ગુણોને અનુભવતો હોય. વળી આ અનુભવ એટલો ગહન હોય કે તેમાંથી એ આત્મા બહાર નીકળે જ નહીં.

જ્યારે ઈશ્વરનું સ્વરૂપ આવું છે તો તેઓ પોતાના નિજાનંદની મોજ મૂકીને શા માટે જગતના જીવોના કર્મોના કર્તા થવા જાય? વળી એક ક્ષણ માની લઈએ કે એ આત્મભાવની રમણતામાંથી બહાર નીકળી જીવોને કર્મ કરવાની પ્રેરણા આપે તો પ્રશ્ન એ થાય છે કે તેનામાં આવું કંઈ કરવાની ઈચ્છા કેમ થઈ? એ ત્યાં થાકી ગયો, કંટાળી ગયો અને તેને કંઈ કરવાનું મન થયું-એમ કહીએ તો ઈશ્વર પર કેવો મોટો દોષ આવે?

એક સાધક આત્મા, આત્મસાધનાના પુરુષાર્થમાં છે તે પણ અદમ્ય ઉત્સાહથી વર્ષો સુધી પુરુષાર્થ કર્યા જ કરે છે, થાકતો નથી, કંટાળતો નથી તો જેણે સંપૂર્ણતા પ્રાપ્ત કરી લીધી તે જો પોતાની સ્થિતિથી થાકે કે કંટાળે તો તે સામાન્ય માણસની કક્ષામાં મૂકાઈ જાય. વળી જે કૃતકૃત્ય થઈ ગયો હોય તે જ ઈશ્વર! જેને કંઈ કરવાપણું બાકી છે તે ઈશ્વર નહીં! ઈશ્વર તો



નિષ્કામ હોય.

એક બીજો પ્રશ્ન! ઈશ્વર જીવને કર્મ કરવાની પ્રેરણા આપે તો એકને સારા કર્મની અને બીજાને ખરાબ કર્મની, એક ને પુણ્યની અને બીજાને પાપની, આવી પ્રેરણા શા માટે આપે? જો આમ કરે તો તે પક્ષપાતી ન કહેવાય? સામાન્ય સમજદાર પુરુષ પણ કોઈ પ્રત્યે પક્ષપાત ન કરે, તો અદ્‌ભૂત સામર્થ્ય ધરાવનારો ઈશ્વર, જીવો પ્રત્યે પક્ષપાત કરે? વળી પાપ કરનારો દુ:ખી થાય, તેમાં ઈશ્વરને શું મજા આવતી હશે? ઈશ્વર એવું ઈચ્છે કે પોતાનાથી પ્રેરાઈને કોઈ કર્મ કરે અને દુ:ખી થાય?

વળી ઈશ્વરમાં જગતનું કર્તુત્વ માનીએ કે આ સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે, કારણ કોઈપણ ચીજ બનાવ્યા વગર બનતી નથી. ત્યાં પણ પ્રશ્ન થશે કે ઈશ્વરને કોણે બનાવ્યો? જો એને બનાવનાર કોઈ બીજો ઈશ્વર હોય તો વળી પાછો એ જ પ્રશ્ન! આમ પ્રશ્નનો અંત નહીં આવે! અને ઈશ્વર સ્વયંભૂ અર્થાત્ પોતાની મેળે ઉત્પન્ન થયો તેમ માનીએ, તો સૃષ્ટિ પણ પોતાની મેળે બને તેમાં શું વાંધો? આમ અનેક શંકાઓ જન્મવા માંડશે.

સમગ્ર રીતે જોતાં ઈશ્વરનું કર્તુત્વ કોઈ પણ દૃષ્ટિએ ઘટી શકતું નથી. ઈશ્વરને કર્મનો કર્તા માનવા જતાં તે ઈશ્વર ન રહેતાં, સામાન્ય માનવ બની જાય છે તથા સામાન્ય માનવની એ તાકાત નથી કે કોઈને કર્મની પ્રેરણા આપી શકે.

ગુરુદેવે શિષ્યના મનમાં રહેલ ઈશ્વર કર્તુત્વની માન્યતાનું નિરાકરણ કરી એ સમજાવ્યું કે ઈશ્વર કર્મનો કર્તા નથી. આ વિષયના સર્વ વિકલ્પોનું સમાધાન આપ્યા પછી આત્માની વાસ્તવિક સ્થિતિ શું છે? આત્મા ક્યાં સુધી કર્તા છે અને પછી ક્યારે એ અકર્તા છે, કેમ પોતે જ સામાન્ય માનવી અને પોતે જ ઈશ્વર બને તે અવસરે.....

e

# ચેતન જો નિજ ભાનમાં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ક્રમશઃ જીવને સ્વભાવદશામાં સ્થિર કરે છે. એ સ્વભાવદશા વધતાં-વધતાં એક સમયે એવી સ્થિતિ આવે છે કે જ્યાં જીવનું કર્તુત્વ સમાપ્ત થઈ જાય છે.

આત્મા કર્મનો કર્તા છે કે નહીં? આ પ્રશ્ને શિષ્યના મનમાં અનેક વિકલ્પો ઊભા થયા અને ગુરુદેવે બહુ સચોટ શબ્દોમાં, સરળતાથી એ સર્વ વિકલ્પોનું સમાધાન કર્યું. શિષ્યના પ્રશ્નો વ્યવહારનયને આશ્રિત હતા, તેથી ગુરુદેવે પણ તેના ઉત્તરો વ્યવહારનયથી જ આપ્યા. જીવ સ્વતંત્ર છે. તેનું પરિણમન પણ સ્વતંત્ર છે. આ વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખી હવે ગુરુદેવ નિશ્ચયનયથી આત્માનું અકર્તાપણું બતાવવા માગે છે.

**ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**

**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ...૭૮...**

હે તત્ત્વજિજ્ઞાસુ શિષ્ય! ચેતનની પ્રેરણાથી કર્મ થાય છે એવું મેં કહ્યું હતું પણ તે જ્યાં સુધી ચેતનની બહિર્મુખ વર્તના છે ત્યાં સુધી જ. જો ચેતન પોતાના ભાવમાં, પોતાના ભાનમાં વર્તતો હોય અર્થાત્ નિજના જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ ગુણોમાં રાચતો હોય તો એ પોતાના સ્વભાવનો જ કર્તા છે. સ્વભાવદશામાં સ્થિર હોય તો તેને કર્મબંધ નથી. આરાધક ભાવમાં રહેલ જીવ રાગાદિથી મુક્ત હોય. રાગાદિ છે ત્યાં કર્મબંધ છે, માટે આરાધક જીવને કર્મબંધ ન સંભવે!

આરાધના શું છે? જેને સ્થૂળ દૃષ્ટિએ, ધર્મના રાહે ચાલવું તે આરાધના, એમ કહીએ. તો ધર્મ શું? ક્રિયા-અનુષ્ઠાનો કે વ્રત-પ્રત્યાખ્યાનોને



આપણે ધર્મ કહેતા હોઈએ છીએ. જે વ્યક્તિ એ બધું કરતી હોય તેને ધર્મિષ્ઠ કહેતા હોઈએ છીએ. પોતે પણ પોતાને ધર્મિષ્ઠ તરીકે ઓળખાવતો હોય અને અન્ય એમ માને તેમ પણ ઈચ્છતો હોય. પણ ધર્મિષ્ઠ એટલે કોણ? ધર્મ + ઈષ્ઠ જેને ધર્મ સિવાય બીજું કશું જ પ્રિય નથી તે ધર્મિષ્ઠ. ધર્મ એટલે ઉપરના આચારો નહીં પણ પોતાનો ધર્મ. પોતે એટલે આત્મા. આત્માનો ધર્મ, આત્માનો સ્વભાવ, એ જેને પ્રિય છે તે ધર્મિષ્ઠ. ગીતામાં કહ્યું છે :

**'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः**

આ અત્યંત માર્મિક સૂત્ર છે. આનો સ્થૂળ અર્થ તો માત્ર એટલો જ થાય કે પોતાના ધર્મમાં મૃત્યુ પણ ભલું, પારકો ધર્મ ભયનું કારણ છે.

સંપ્રદાયવાદી માનસ આનો અર્થ એવો કરશે કે આપણો કુળ-પરંપરાનો જે ધર્મ છે, તે ધર્મ ખાતર મરી ફીટવાની તૈયારી જોઈએ અને બીજાના ધર્મો તરફ દૃષ્ટિ કરીએ તો પણ ભય ઉત્પન્ન કરે. બંધુઓ! આ અર્થ તો સંપ્રદાયોમાં પરસ્પર વિદ્વેષ જગાડે. એક જૈન કહેશે, મારો ધર્મ જ સાચો અને અન્ય સર્વ ધર્મો ખોટા. એમ અન્ય સંપ્રદાયને માનનારો પણ એ જ કહેશે. અન્યના ધર્મને ખોટા કહેનારો ક્લેશ વહોરી લેશે. તો ગીતાના આ સૂત્રે તો વેર-ઝેર ઊભાં કર્યાં.

પણ બંધુઓ! સૂત્રને નહીં સમજનાર, ધર્મની વાસ્તવિક વ્યાખ્યા નહીં જાણનાર તથા સંપ્રદાયને ધર્મ માનનાર અજ્ઞાની જીવ જ આવો અર્થ કરે, એ અંતર્મુખ સૂત્રનો! શ્રીકૃષ્ણ એમ નથી કહેતા. સંપ્રદાય એ ધર્મ નથી. કુળ-પરંપરાની માન્યતા એ ધર્મ નથી. આપણા બાપ-દાદાએ જે સંપ્રદાયને માન્યો તે સંપ્રદાય ધર્મ નથી. પણ અહીં સ્વનો અર્થ છે આત્મા. આત્માનો શુદ્ધ સ્વભાવ તે સ્વધર્મ. આ સ્વધર્મમાં જ ઠરવાનું છે, મરવાનું છે. સ્વધર્મમાં મરી ગયા તો નિર્વાણ મળી જશે. તેથી તે શ્રેયસ્કર છે. અર્થાત્ શ્રી કૃષ્ણ કહે છે કે મર્યા પહેલાં સ્વધર્મને પામી લે, પછી મરજે તો ભવોભવની ભ્રમણા મટી જશે.

પરધર્મ અર્થાત્, આત્માથી અતિરિક્ત જે કંઈ છે તે બધું પર અને તેનો સ્વભાવ તે ધર્મ. પર પદાર્થોમાં રચ્યા રહેવું તે પરધર્મ. પર

પદાર્થોમાંથી સુખની આશા રાખવી તે પરધર્મ. જડ પદાર્થોની પ્રીતિ અને ઈન્દ્રિયોની આસક્તિ, આ છે પરધર્મ. તેમજ રાગાદિ ભાવો પણ જડ છે. રાગાદિ કરીએ તો છીએ જ પણ રાગ અને દ્વેષની પ્રીતિ પણ એટલી જ છે. રાગાદિ એ પોતાનો સ્વભાવ હોય તેમ માની તે કરવા જેવા છે, એવી જે માન્યતા છે તે જ ભયાવહ છે. એટલે જ શ્રીકૃષ્ણ કહે છે કે પરધર્મને પોતાના માનીને એ જ કરતો રહ્યો તો તે મહા-અનર્થની ખાણ છે.

આજ સુધી જીવ રખડ્યો. કર્મ કરતો રહ્યો અને ભોગવતો રહ્યો તેનું કારણ પણ એ જ છે કે જીવને જડના ધર્મો એવા રાગાદિ ભાવો બહુ પ્રિય લાગ્યા છે. તેનાથી પર થઈ જીવે કદી વિચાર્યું જ નથી કે મારો ધર્મ આ નથી પણ આનાથી ભિન્ન 'હું આત્મા છું' તો આત્માના ગુણો તે મારો ધર્મ અને તેને પ્રગટ કરવાનો પુરુષાર્થ એ જ ધર્મક્રિયા. આવા સ્વધર્મને સમજનાર નિજભાનમાં સ્થિત થાય છે.

શ્રીમદ્જીએ કહ્યું કે **'ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ.'** આત્મા રાગાદિ ભાવોમાં ન રહેતાં પોતાનામાં જ હોય તો તેનામાં સ્થિરતા હોય. જ્યાં રાગાદિ ભાવોનું કરવાપણું છે ત્યાં અસ્થિરતા છે, ચંચળતા છે. એ ચંચળતા જ આત્મ-પ્રદેશોમાં કંપન પેદા કરે અને કંપનના કારણે જ કર્મ-પરમાણુઓ ગ્રહિત થાય, તે જ કર્મબંધ. જો આત્મામાં સ્થિરતા હોય તો બહારના આકાશ-પ્રદેશોમાં ગમે તેટલા કર્મ-પરમાણુઓ હોય તે આત્મા પર આવી શકતા નથી. કર્મબંધ થતો નથી. એવી સ્થિતિમાં આત્મા માત્ર પોતાના સ્વભાવ એટલે જ્ઞાનાદિભાવોના પર્યાયોમાં જ પરિણત થયા કરતો હોય, નિજ-સ્વભાવની અનુભૂતિમાં જ રત હોય, તેથી તે નિજ સ્વભાવનો કર્તા છે તેમ કહીએ.

વળી **'વર્તે નહીં નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ'** એમ કહીને વ્યવહારનયે આત્મા કર્મનો કર્તા પણ છે એ સિદ્ધ કરે છે. આત્મા જેવો પોતાના સ્વભાવથી બહાર નીકળ્યો કે તરત તેને કર્મ લાગ્યાં જ છે. સ્વભાવથી બહાર નીકળવું એટલે પરભાવમાં જવું. આત્માની જ્ઞાન પરિણતિ ક્યાંક ને ક્યાંક પરિણત થયા કરે છે. જો એ સ્વભાવમાં હોય તો અતિ ઉત્તમ, પણ સ્વભાવમાં ન રહે તો એ પરભાવમાં -જડભાવમાં તો હશે જ.



પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનનો સંગ કરી સમસ્ત જગતમાં ભટકશે.

વાસ્તવમાં જડ મન તો બિચારું ગમે ત્યાં ભટકે. એ કંઈ કરી શકતું નથી. જડને ક્યાં સંવેદન છે? એને ક્યાંય જઈને કંઈ ભોગવી લેવું નથી. મનની સામે ગમે તેટલા પદાર્થો આવે તે ભોગવી શકવાનું નથી. પણ જેને સંવેદન છે એ તો આત્માના જ્ઞાનમાં છે. જ્ઞાન મનને માધ્યમ બનાવીને ચૌદ રાજલોકમાં ભટકે છે, અને પછી બિચારા મનને તિરસ્કાર ખમવો પડે છે. આનંદઘનજી મહારાજે પણ મનને ઠપકાર્યું છે. તેઓ કહે છે –

**રજની, વાસર, વસતિ, ઉજ્જડ, ગયણ, પાયાલે જાય,**
**સાપ ખાયે ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય -હો કુંથુજિન**

આ મન રાત કે દિવસ જોયા વિના, વસ્તી કે નિર્જન પ્રદેશની પરવા કર્યા વિના, ગગન કે પાતાલની પરિસીમાનો ભય સેવ્યા વિના, સર્વત્ર ભટકતું જ રહે છે. ભટકતા આ મનને પોતાને તો કાંઈ મળતું નથી. સાપ કોઈને ડંખ દે તો તેનું મુખ તો ખાલી ને ખાલી જ રહે છે. તેને કાંઈ સ્વાદ મળતો નથી.

બંધુઓ! આનંદઘનજી મહારાજે પણ એ જ વાત કરી. જડ મનને શું મળે? જ્ઞાન પરિણતિ અવળી પરિણમે છે, અને મનની સાથે જ્યાં ત્યાં આથડે. તેથી એને તો વિભાવનું પોષક કોઈ સંવેદન પણ મળે. રાગાદિ ભાવોનું પોષણ થાય. તેમાં વિભાવે પરિણમેલો જીવ સુખ માને પણ જડ મનમાં સંવેદન શક્તિ નથી. તેથી તે ગમે તેટલું ભટકે છતાં તેને કંઈ જ મળતું નથી.

હું તો કહીશ કે જડ મન સમજી જાય અને એ જ્યાં-ત્યાં ભટકતી જ્ઞાન-પરિણતિનો સંગ છોડી દે તો તેને તો જગતનો ઉપાલંભ ના સહેવો પડે! વાસ્તવમાં જડ મન જ્ઞાન પરિણતિને ખેંચીને ક્યાંય લઈ જઈ શકે નહીં. પણ જ્ઞાન જ આત્મામાં ન રહેતાં બહાર નીકળે છે ત્યારે માધ્યમ વિના તો ક્યાંય કોઈ વિષયોને ગ્રહણ કરી શકતું નથી. તેથી તે ઈન્દ્રિયો અને મનને હાથા બનાવી પોતે સ્વચ્છંદે વિહરણ કરે છે.

જ્યારે આવું સ્વચ્છંદે વિહરણ થાય ત્યારે તે કર્મોનો કર્તા બને છે. જે દોષો પોતામાં નથી એ પેદા કરે છે. તેથી ગુરુદેવે કહ્યું કે નિજભાન ગુમાવી,

આત્મા કર્મના દોષોથી દૂષિત થાય છે.

આમ કર્મના કર્તુત્વપદની સિદ્ધિ વ્યવહારનયથી કરી. સાથે-સાથે અન્ય દર્શનોની માન્યતા-આત્મા સર્વથા અબદ્ધ છે અને પ્રકૃતિ બંધ કરે છે, કર્મ અનાયાસે આવ્યા કરે છે, કર્મ કરવાં એ જીવનો સ્વભાવ છે, ઈશ્વરપ્રેરિત કર્મો બંધાય છે, વગેરે-વગેરેનું નિરાકરણ પણ સચોટ તર્ક દ્વારા આપ્યું. તેમજ નિશ્ચયનયે આત્મા જગતમાં કંઈ જ ન કરી શકે, કરવા સમર્થ પણ નથી. જગત જડ, આત્મા ચેતન એક-બીજાનું કશું જ ન કરી શકે. પણ આત્મા ભાન ભૂલી જડ સાથે જડરૂપ પરિણમવા માંડે તો તે કર્મનો કર્તા થાય છે. પણ નિશ્ચયનયે નિજ-સ્વરૂપમાં લીન હોય તો એ સ્વભાવનો જ કર્તા છે બાકી કોઈનોય નહીં.

ગુરુદેવે આપેલા આટલા નિરાકરણથી શિષ્યની શંકાઓ નિર્મૂળ થઈ ગઈ. મનનું સમાધાન થઈ ગયું. આત્માનું કર્તુત્વ ક્યાં સુધી છે તે શ્રદ્ધામાં ઊતરી ગયું તેથી ગુરુદેવ સમક્ષ પોતાની સમજણને સુંદર રીતે રજૂ કરે છે.

**ત્રીજું પદ તે મારો આત્મા જ કર્તા, વ્યવહાર નયને આધીન....**

**વ્યવહારે કર્તા કર્મનો જણાય પણ, નિશ્ચયે સ્વરૂપાધીન... મારી...**

ત્રણ પદની શ્રદ્ધા સંપૂર્ણપણે અંતરમાં જાગ્રત થઈ ચૂકી છે. હવે ચોથા પદ વિષેની શંકાઓ અવસરે....

e

## આત્મ-ચિંતન

''હું... આત્મા... છું''... ''હું... આત્મા... છું''

સમતા... એ મારો સ્વભાવ... મારામાં રાગ નથી... દ્વેષ નથી... માટે વિષમતા પણ નથી... રાગ-દ્વેષ રહિત... મારું શુદ્ધ સ્વરૂપ સમતામય છે... જ્યાં રાગ છે... ત્યાં વિષમતા છે... જ્યાં દ્વેષ છે... ત્યાં પણ વિષમતા છે... રાગ-દ્વેષથી પર થઈ... મારામાં સ્થિર થાઉં... તો સમતાને ધારણ કરી શકું છું... નિજ સ્વરૂપના લક્ષે... નિજાનંદના લક્ષે... મારા સમતા ગુણને પ્રગટ કરું...

ગમે તેવી પરિસ્થિતિમાં... સમતાને ગુમાવું નહીં... પ્રયત્નપૂર્વક સાધેલી સમતા... મારા ગુણને પ્રગટ કરે છે... હું વિષમતા અનુભવું છું... એ મારું અજ્ઞાન છે... જગતનો કોઈપણ પદાર્થ... કોઈપણ વ્યક્તિ... કોઈપણ પરિસ્થિતિ... મને વિષમ બનાવી શકે નહીં... જગતના પદાર્થમાંથી, વ્યક્તિમાંથી... ઈન્દ્રિયના વિષયોમાંથી... રાગ-દ્વેષ ઉઠાવી લઉં. રાગ-દ્વેષથી પર થઈ જાઉં... એ જ મારી સમતા છે...

કર્મક્ષેત્રે કર્મ કરું તો પણ સમતા... ધર્મક્ષેત્રે ધર્મ કરું તો પણ સમતા... સર્વ પરિસ્થિતિમાં સમતા રાખી શકું... એ જ મારી સમતાની સાધના... અનુકૂલ પરિસ્થિતિમાં ફૂલાઈ ન જાઉં... પ્રતિકૂળ પરિસ્થિતિમાં કરમાઈ ન જાઉં... પરિસ્થિતિ નિમિત્ત છે... આ આત્મા ઉપાદાન છે... ગમે તેવું નિમિત્ત ઉપાદાનને કાંઈ ન કરી શકે... આ સમજણ મારી સમતાને... જાગ્રત કરી શકે છે... સમત્વને પામવા... સદૈવ સમતામાં... રહેવા મારું ચિંતન કરું... સ્વના ચિંતન વડે... સ્વને જાણવાની લગની વડે... સ્વને ઓળખવાના પુરુષાર્થ વડે... એ પામી શકાય છે...

તો થોડી ક્ષણો માટે... વધુ એકાગ્ર થઈ... ઊંડાણમાં જઈ... સ્વનું ચિંતન કરીએ...

''હું... આત્મા... છું'' ''હું... આત્મા... છું''

ૐ... ... ... ''શાંતિ'' ''શાંતિ'' ''શાંતિ''